


# વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય











ડો. થોમસ પરમાર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ઇ-બુક શ્રેણી : 32

શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી : 11

# વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય

લેખક

**થૉમસ પરમાર**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના પ્રકાશનો ઓનલાઈન જોવા માટે લિંક
https://gujarativishwakosh.org/ebooks

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન

**Visvanun Shilp-sthapatya**

By Dr. Thomas Parmar

**Published by**

Gujarat Vishvakosh Trust, Usmanpura,

Ahmedabad 380 013

© ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**પ્રકાશક**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશમાર્ગ, ઉસ્માનપુરા,

અમદાવાદ - 380 013. ફોન : 2755 1703

Email : drthakerad1@sancharnet.in, vishvakoshad1@gmail.com

પહેલી આવૃત્તિ 2010

કિંમત રૂ. 200

**મુદ્રક**

**ચંદ્રિકા પ્રિન્ટરી**

મિરઝાપુર રોડ, અમદાવાદ 380001

**મુખ્ય વિક્રેતા**

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ - 380 001

ફોન : 2214 4663, 2214 9660

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

# પ્રકાશકનું નિવેદન

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને ઉપક્રમે જ્ઞાનવિજ્ઞાનની માહિતી આપતા વિશ્વકોશ-ની ગ્રંથશ્રેણીના અને બાળવિશ્વકોશના સુંદર પ્રકાશન ઉપરાંત મહત્વના લોકોપયોગી વિષયો પર પ્રમાણભૂત અને સર્વગ્રાહી માહિતી અલગ પુસ્તકો રૂપે પ્રગટ કરવાની યોજના કરેલ છે. આ સંદર્ભમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અત્યાર સુધીમાં 33 જેટલાં પ્રકાશનો કર્યાં છે. શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી, કર્મયોગી સ્વ. સાંકળચંદ પટેલ જીવનઘડતર ગ્રંથશ્રેણી, ધન્ય ગુર્જરી કેન્દ્ર પ્રકાશન, હરિ ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધનશ્રેણી તથા શ્રી ગંભીરચંદ ઉમેદચંદ વિશ્વવિદ્યા ગ્રંથશ્રેણી જેવી શ્રેણીઓ દ્વારા આ પ્રકારનાં પુસ્તકો પ્રગટ થતાં રહે છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા 'શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ વિશ્વવિદ્યા શ્રેણી'માં 'જનીનવિજ્ઞાન', 'લોકવિદ્યા-પરિચય', 'આપણાં રાષ્ટ્રીય પ્રતીકો', 'લિપિ', 'ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર', 'તરસ્યા મલકનો મેઘ', 'શબ્દનું સખ્ય', 'શહીદ વિનોદ કિના-રીવાલા', 'જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં' તેમજ 'તળની બોલી' જેવાં પુસ્તકો આ શ્રેણીમાં પ્રકાશિત થયાં છે.

આ શ્રેણીના અગિયારમા મણકા રૂપે ડૉ. થૉમસ પરમાર લિખિત પુસ્તક 'વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય' હવે પ્રગટ થઈ રહ્યું છે. કોઈ પણ સ્થળે પ્રવાસમાં જવાનું બને ત્યારે ત્યાંની શિલ્પ-સ્થાપત્યકલા નિહાળીને કૌતુક જાગે, આનંદની અનુભૂતિ થાય તેમજ તેનાં ઇતિહાસ અને અગત્ય વિશે જાણવાની ઉત્કંઠા જાગે. આવા આશયથી ભારત તેમજ નજીકના પૂર્વીય દેશો, ઇજિપ્ત, ગ્રીક, રોમન, બાયઝેન્ટાઇન, રોમનેસ્ક, ગૉથિક, નવ-જાગૃતિ, રીતિવાદી, બરોક, પરદેશમાં ભારતીય શૈલી, ગુજરાત અને મુસ્લિમ ઉપરાંત આધુનિક વિશ્વની શિલ્પકલા અને સ્થાપત્યકલાની ખૂબ સુંદર આકર્ષક રજૂઆત – 156 જેટલાં શ્વેત-શ્યામ ઉપરાંત 40 રંગીન ચિત્રો સમેત – કરી છે. શિલ્પ-સ્થાપત્યકલામાં રુચિ ધરાવનાર સૌ કોઈને આ ગ્રંથ ગમશે એવી આશા છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સમગ્ર પ્રવૃત્તિને શ્રી પ્રવીણચંદ્ર ગંભીરચંદ શાહનો હંમેશાં હૂંફાળો સહયોગ મળ્યો છે. ગુજરાતી વિશ્વકોશ ખંડ 9ના પ્રકાશનમાં, વિશ્વ-કોશભવનના માહિતીકેન્દ્રમાં તેમજ એની ગ્રંથશ્રેણીમાં એમણે નિઃસ્પૃહભાવે આપેલો સહયોગ અવિસ્મરણીય છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં તમામ પ્રકાશનોને વ્યાપક આવકાર મળ્યો છે. આ ગ્રંથને પણ તેવો જ ઉષ્માભર્યો આવકાર મળશે એવી અમને શ્રદ્ધા છે.

20 માર્ચ, 2010 **ધીરુભાઈ ઠાકર**

અમદાવાદ **કુમારપાળ દેસાઈ**

# પ્રસ્તાવના

ગુજરાતી વિશ્વકોશના ગ્રંથ 21 માટે 'શિલ્પકલા' વિશેનો વ્યાપ્તિલેખ લખ્યો ત્યારે આદરણીયશ્રી ધીરુભાઈ ઠાકરસાહેબે તેને વિસ્તૃત કરીને સમગ્ર વિશ્વની શિલ્પકલા વિશે એક પુસ્તક તૈયાર કરવાની મને જવાબદારી સોંપી. તે કામ પૂરું કર્યું તે પછી શ્રી ઠાકરસાહેબે તેની સાથે સ્થાપત્યકલાને પણ જોડી દેવાનું સૂચવ્યું. એ રીતે આ ગ્રંથની પૂર્વભૂમિકા બંધાઈ હતી. આ બંને વિષયોને કેન્દ્રમાં રાખીને એક પુસ્તક લખવાની ઘણાં વર્ષોથી મારી ઇચ્છા હતી તે ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા પૂરી થઈ તેનો મને આનંદ છે.

આ લઘુ ગ્રંથમાં વિશ્વનાં શિલ્પ અને સ્થાપત્યનું આચમન કરાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. તેથી તેમાં કલા અને ટૅકનિકની દૃષ્ટિએ વિશદ ચર્ચા કરી નથી. કેટલાંક શિલ્પ અને સ્થાપત્યનો તાદૃશ ચિતાર જોવા મળે તે હેતુથી દરેક પ્રકરણમાં આકર્ષક ચિત્રો મૂકવા ઉપરાંત કેટલાંક રંગીન ચિત્રો મૂકીને પુસ્તકની સુંદર રજૂઆત કરી છે.

આ ગ્રંથ શાળા-કૉલેજો-ગ્રંથાલયો તેમજ શિલ્પ-સ્થાપત્યના રસિકોને ઉપયોગી થઈ પડશે એવી આશા રાખું છું.

મારા રસના વિષયોનું પુસ્તક પ્રસિદ્ધ કરવા બદલ ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ અને એમાંયે વિશેષ આદરણીયશ્રી ધીરુભાઈ ઠાકરસાહેબનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ પુસ્તક લખવામાં મેં જે જે ગ્રંથોનો ઉપયોગ કર્યો છે તે તે ગ્રંથોના લેખકોનો અને પ્રકાશકોનો પણ આભાર માનું છું.

2 માર્ચ, 2010 **થૉમસ પરમાર**

અમદાવાદ

# અનુક્રમ


| | | |
|---|---|---|
| 1. | શિલ્પ-સ્થાપત્ય વિશે પ્રારંભિક | 10 |
| 2. | ઇજિપ્તની શિલ્પકલા અને સ્થાપત્ય | 19 |
| 3. | નજીકના પૂર્વની પ્રાચીન શિલ્પકલા અને સ્થાપત્ય | 28 |
| 4. | ગ્રીક શિલ્પકલા અને સ્થાપત્ય | 38 |
| 5. | રોમન શિલ્પકલા અને સ્થાપત્ય | 51 |
| 6. | ખ્રિસ્તી તથા બાયઝેન્ટાઈન શિલ્પકલા અને સ્થાપત્ય | 62 |
| 7. | મુસ્લિમ સ્થાપત્ય | 72 |
| 8. | રોમનેસ્ક શિલ્પકલા અને સ્થાપત્ય | 81 |
| 9. | ગૉથિક શિલ્પકલા અને સ્થાપત્ય | 86 |
| 10. | નવજાગૃતિની શિલ્પકલા અને સ્થાપત્ય | 96 |
| 11. | રીતિવાદી શિલ્પકલા અને સ્થાપત્ય | 112 |
| 12. | બરોક શિલ્પકલા અને સ્થાપત્ય | 120 |
| 13. | ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય | 128 |
| 14. | પરદેશોમાં ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય | 154 |
| 15. | ગુજરાતની શિલ્પકલા અને સ્થાપત્ય | 167 |
| 16. | આધુનિક વિશ્વની શિલ્પકલા અને સ્થાપત્ય | 187 |

# વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય

❖

ડૉ. થોમસ પરમાર

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનાં પ્રકાશનો

| | | કિંમત રૂ. |
|---|---|---|
| 1. | ગુજરાતી વિશ્વકોશ ગ્રંથશ્રેણી (ખંડ 1થી 25) | 20,800 |
| 2. | ગાંધીચરિત (તૃતીય આવૃત્તિ) | 120 |
| 3. | કૅન્સર (ચોથી આવૃત્તિ) | 150 |
| 4. | ગુજરાત (તૃતીય આવૃત્તિ) | 400 |
| 5. | ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકો (માહિતીકોશ) (બીજી આવૃત્તિ) | 450 |
| 6. | ભૂકંપ : માહિતી અને ઘટના | 60 |
| 7. | વિરલ વિભૂતિ વિક્રમ સારાભાઈ | 60 |
| 8. | વિશ્વકોશવિમર્શ | 120 |
| 9. | નાટક દેશવિદેશમાં | 130 |
| 10. | મેઘાણીચરિત (બીજી આવૃત્તિ) | 80 |
| 11. | ભારત : પ્રતિભા અને પરિદર્શન | 500 |
| 12. | ગુજરાતી રંગભૂમિ : રિદ્ધિ અને રોનક | 450 |
| 13. | સિદ્ધાન્તસારનું અવલોકન | 70 |
| 14. | લોકશાહી | 60 |
| 15. | જનીનવિજ્ઞાન (Genetics) | 60 |
| 16 | લોકવિદ્યા-પરિચય | 100 |
| 17. | આપણાં રાષ્ટ્રીય પ્રતીકો (બીજી આવૃત્તિ) | 90 |
| 18. | લિપિ | 70 |
| 19. | નાટ્યતાલીમના નેપથ્યે | 120 |
| 20. | ભૂમિતિ : સ્વરૂપ અને પ્રકાર | 80 |

| | | |
|---|---|---|
| 21. | પ્રવાસી પિરામિડનો | 20 |
| 22. | હસ્તપ્રતવિજ્ઞાન | 200 |
| 23. | Gujarat | 650 |
| 24. | તરસ્યા મલકનો મેઘ | 150 |
| 25. | શબ્દનું સખ્ય | 200 |
| 26. | જતીન્દ્ર-વિશેષ | 200 |
| 27. | શહીદ વિનોદ કિનારીવાલા | 80 |
| 28. | અભિનેય નાટકો | 150 |
| 29. | ગુજરાતી ગ્રંથસૂચિ (2006) | 150 |
| 30. | ગુજરાતી ગ્રંથસૂચિ (2007) | 150 |
| 31. | ડાયનોસૉર | 100 |
| 32. | રેલવેની વિકાસગાથા | 100 |
| 33. | જાંબુડિયા રંગનું ફૂલ અને બીજાં | 80 |
| 34. | તળની બોલી | 130 |

# 1
# શિલ્પ-સ્થાપત્ય વિશે પ્રારંભિક

### 1. કલાનો અર્થ-

વિશ્વના તત્વચિંતકોએ જ્યારથી જીવનનાં રહસ્યો વિશે અનુમાન કરવા માંડ્યાં ત્યારથી સૌંદર્ય અને કલા વિશેના ચિંતનની શરૂઆત થઈ છે; પરંતુ સૌંદર્ય અને કલાને સ્વતંત્ર શાસ્ત્ર કે વિજ્ઞાન તરીકે રચવાનો પ્રથમ પ્રયાસ 18મી સદીમાં બોમગાર્ટન (Baumgarten) નામના એક જર્મન વિદ્વાને કર્યો. સંસ્કૃત ભાષાનો 'કલા' શબ્દ 'કલ્' ધાતુ ઉપરથી ઊતરી આવ્યો છે. તે જ રીતે કલા માટે અંગ્રેજી ભાષામાં વપરાતો શબ્દ 'Art' લૅટિન ભાષાના 'Ars' ધાતુ પરથી ઊતરી આવ્યો છે. બંને મૂળ ધાતુઓનો અર્થ, 'જાણકારી', 'કારીગરી' એવો થાય છે. ઈ. પૂ. 600થી ગ્રીક સંસ્કૃતિમાં કલા વિશેની ચર્ચા થવા લાગી. ગ્રીક સોફીવાદીઓએ (Sophists) કલા વિશેના વિચાર કરવામાં મહત્વનો ફાળો આપ્યો છે. સૉક્રેટિસે 'ઉપયોગિતા એ જ કલાનું સૌંદર્ય છે.' તેમ જણાવ્યું; પ્લેટોએ આ મતનો સ્વીકાર કર્યો નથી. 'કલા એટલે અનુકરણ' એ પ્રાચીન વ્યાખ્યાનું પૃથક્કરણ કરીને અનુકરણની અનેક કક્ષાઓ તારવી બતાવી. સત્ય, ઇષ્ટ અને દૈવી તત્વને પ્લેટોએ સૌંદર્ય ગણ્યું છે. પ્લેટોએ કલાકારોને આદર્શ મનુષ્યસમાજના નીચી કોટિનાં અંગ તરીકે ગણાવ્યાં. કલા અને સૌંદર્યનો સીધા વિજ્ઞાન તરીકે સૌપ્રથમ વિચાર એરિસ્ટોટલે કર્યો. જોકે એરિસ્ટોટલના આ વિચારોમાં રૂપપ્રદ કલાઓનો સમાવેશ થતો નથી. એમણે અનુકરણને એક વાસ્તવિક અને યોગ્ય ક્રિયા તરીકે ગણાવી છે. બોમગાર્ટન જણાવે છે કે 'કલાકાર ભલે દુનિયાનું અનુકરણ કરે, કારણ કે આ અનુકરણ કરવાથી એ પોતાની આદર્શ દુનિયાના સર્જનની શ્રેષ્ઠતામાં ઉમેરો કરી શકે છે.' મધ્યકાલ દરમિયાન પણ કલા અને સૌંદર્ય વચ્ચે સંબંધ ન હતો. કલા માત્ર કારીગરી તરીકે જ ઓળખાતી હતી. હથિયારકામ અને ચણતરકામ, કાવ્ય અને ચિત્રકલા કરતાં વધારે ઉપયોગી ગણાતાં હતાં. કલામાં સૌંદર્યનો અંશ હોઈ શકે; પરંતુ કલામાં જ સૌંદર્ય સમાયેલું છે એવી ભાવના ન હતી. નવજાગૃતિકાળમાં કાવ્ય અને ચિત્રકલા આ બંને કલાની યોગ્યતા સ્થાપિત થઈ. લિઓનાર્ડો દ વિન્ચીએ જણાવ્યું કે, 'કલાકાર પણ એક પ્રકારનો ધર્મગુરુ હોવો જોઈએ, કારણ કે કલાનો મુખ્ય હેતુ ઈશ્વર પ્રત્યે પ્રેમભાવના ઉત્પન્ન કરવાનો છે.' ભારતીય પરંપરામાં પણ આવો જ સૂર જોવા મળે છે, Art is the

way to God – કલા ઈશ્વર પ્રત્યે દોરી જતો માર્ગ છે. સત્યમ્, શિવમ્ અને સૌંદર્યની ઉપાસનાને કલાની ઉપાસના ગણી છે.

કલા માનવમનનું ખેડાણ છે. કલાની મદદ વડે માનવજીવન સંસ્કૃતિની ચમક ધારણ કરે છે. માનવજીવનને જો કલાનો સ્પર્શ ન હોય તો તે ગમે તેટલું સમૃદ્ધ હોવા છતાં કૃતાર્થ થઈ શકતું નથી. જીવનને આનંદમય અને રસમય બનાવવા માટે કલાનું ખેડાણ જરૂરી છે. કલાના ખેડાણ દ્વારા મનુષ્ય પ્રકૃતિમાં પડેલાં સૌંદર્યને પામવાનો પ્રયત્ન કરે છે. કલાની સાધના દ્વારા મનુષ્યે જે કંઈ સિદ્ધ કર્યું છે તેનાથી સમગ્ર સૃષ્ટિમાં તે ઊંચા સ્થાને બેઠો છે.

કલાના મુખ્ય બે પ્રકાર પડે છે : (1) સામાન્ય કલાઓ કે ઉપયોગી કલાઓ (applied arts) અને (2) લલિતકલાઓ (fine arts). ઉપયોગી કલાઓ માનવના ભૌતિક જીવન સાથે સંકળાયેલી છે. તેનાથી કલાકાર રોજીરોટી મેળવે છે. સુથારીકામ, દરજીકામ, સોનીકામ, કુંભારની કલા, રસોઈવિદ્યા, રત્નપરીક્ષા વગેરેનો સમાવેશ ઉપયોગી કલામાં થાય છે. માનવના મન સાથે આ કલાઓને સંબંધ નથી. લલિતકલાઓમાં શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, સાહિત્ય અને સંગીતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નૃત્ય અને નાટ્યનો પણ તેમાં સમાવેશ કરવામાં આવે છે. લલિતકલાઓ ભૌતિક સુખ કરતાં મનના આનંદ સાથે વધુ નિસબત ધરાવે છે. શિલ્પ, સ્થાપત્ય અને ચિત્રકલા રૂપપ્રદ કલા છે, કેમ કે તેમાં રૂપ અને આકારને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ ત્રણે કલાઓ આંખ વડે જોઈને માણવાની હોવાથી તે ચાક્ષુષ કલા છે અર્થાત્ દૃશ્યકલા (visual art) છે.

રૂપપ્રદ કલા વિશે સ્પષ્ટતા કરતાં શ્રી માર્કંડ ભટ્ટ જણાવે છે કે, ''રૂપપ્રદ કલા એટલે મુખ્યત્વે દૃષ્ટિથી જ જેનું રહસ્ય અથવા હેતુ ગ્રહી શકાય, જેમાં પથ્થર, માટી, ધાતુ યા રંગ દ્વારા રૂપ આપી શકાય, જેમાં કલાકારની ઇચ્છા પ્રમાણે ફેરફાર કરી અવનવા ઘાટ ઘટાવી શકાય અને રૂપાંતરો કરી શકાય. પરંતુ કલાકારે પોતાના માધ્યમની મર્યાદાઓ સમજવી જોઈએ, કારણ કે રબરની જેમ પથ્થર, ધાતુ યા માટી સ્વેચ્છા મુજબ વાળી શકાતાં નથી. અલબત્ત આ માધ્યમોની મર્યાદાઓ લક્ષમાં રાખીને તેમજ તેમના અનુભવ દ્વારા સિદ્ધહસ્તતા કેળવ્યા પછી કલાકાર માધ્યમને પોતાના સર્જનને અનુકૂળ અને અનુરૂપ બનાવી શકે છે.'' કેટલાક વિદ્વાનો ઉપર્યુક્ત લક્ષણોની દૃષ્ટિએ સંગીત, નૃત્ય અને નાટ્યનો પણ રૂપપ્રદ કલાઓમાં સમાવેશ કરે છે.

## 2. શિલ્પકલા

શિલ્પ શબ્દ માટે અંગ્રેજીમાં sculpture શબ્દ વપરાય છે, જેનો અર્થ ઘાટ આપવાની કલા થાય છે. સર સિડની કૉલ્વિને Encyclopaedia of Artsમાં આપેલી sculptureની વ્યાખ્યા અનુસાર : ''શિલ્પ એ ઘાટ આપવાની કલા છે, જેનું કામ ઘન રૂપમાં કુદરતી પદાર્થો અને મુખ્યત્વે માનવશરીરની અનુકૃતિથી ભાવ વ્યક્ત કરવાનું

અને ઉત્તેજવાનું છે. આ કાર્ય તે પદાર્થનાં ત્રણ પરિમાણો – લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ કે જાડાઈ – માં તેમનાં વાસ્તવિક પ્રમાણો દ્વારા કરે કે ફક્ત બે પરિમાણો લંબાઈ અને પહોળાઈ દ્વારા ને ત્રીજા પરિમાણ ઊંડાઈનો અપચય કરીને કરે.''

શ્રી માર્કંડ ભટ્ટ શિલ્પની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : ''માટી, ધાતુ યા પથ્થરમાં ચારે બાજુએ ઘડેલાં યા કોતરેલાં જુદાં જુદાં પાસાંઓ, ગોળ ઊપસેલા ભાગો કે ખાડાવાળા ભાગો, કાણાં, ખોતરેલી કે ઉપસાવેલી રેખાઓ, સુંવાળાં કે ખરબચડાં ક્ષેત્રો; આ તમામ ભાગોમાં રહેલાં દિશાસૂચનો અને તેમના સંબંધો તેમજ આ સંબંધોથી ઉત્પન્ન થતો આકાર યા આકારો; આ તમામથી બનેલો પદાર્થ એટલે શિલ્પ.''

ભારતીય પરંપરામાં 'શિલ્પ' શબ્દ વેદોમાં વપરાયો છે, ત્યાં એનો અર્થ 'વિવિધતાવાળું' થાય છે. પાછળથી એ શબ્દ 'રૂપ' અને 'રૂપ ઘડવાની ક્રિયા' કે 'કલા'ના અર્થમાં પણ વપરાયો. 'ઐતરેય બ્રાહ્મણ'માં એ શબ્દ મૂર્તિ, દર્પણ, વસ્ત્ર, ઘરેણાં અને રથાદિ ઘાટની કલાઓ માટે પણ વપરાયો. 'કૌશીતકિ બ્રાહ્મણ'માં નૃત્ય, ગીત અને વાદનના અર્થમાં શિલ્પ શબ્દ પ્રયોજાયો. 'તૈત્તિરીય બ્રાહ્મણ'માં કલાત્મક રચનાઓ ઉપરાંત હસ્તકલાના ઉદ્યોગોને પણ સ્થાન આપ્યું. આમ વૈદિક સાહિત્યમાં 'શિલ્પ' શબ્દ ઘાટની તેમજ સ્વર તથા ગતિની કલાઓ માટે વપરાયો છે. 'અમરકોશ'ના જણાવ્યા પ્રમાણે 'કલા વગેરેનું કર્મ (ક્રિયા) તે શિલ્પ'. હેમચંદ્રાચાર્ય શિલ્પમાં કલા અને વિજ્ઞાન બંનેનો સામાન્ય અર્થ સૂચવે છે. ક્યાંક શિલ્પ શબ્દ 'વ્યવસાય'ના અર્થમાં પણ પ્રયોજાયો છે. આમ શિલ્પ શબ્દ કોઈ પણ કલા કે કારીગરી માટે વપરાય છે.

માટી, લાકડું, પથ્થર કે અન્ય સખત પદાર્થમાંથી કાપીને, કોરીને કે સુઘડ કરીને (hewing) કોઈ મનુષ્ય, પ્રાણી, પક્ષી, કોઈ કુદરતી પદાર્થ કે દૈવી સ્વરૂપનો ત્રણ પરિમાણ કે બે પરિમાણ દ્વારા ઘાટ આપવામાં આવે તે શિલ્પ છે. ક્યારેક ધાતુને પિગળાવીને પણ આવો ઘાટ આપવામાં આવે છે. મનુષ્ય તેની મૂળ પ્રકૃતિ પ્રમાણે પથ્થર કોતરનાર છે. (Man is essentially a stone carver.) પથ્થર કોતરવાની કલા માનવજાતનું સૌથી પ્રાચીન કૌશલ્ય છે. આદિમાનવજાતની સૌથી પુરાણી કલાત્મક પ્રવૃત્તિ કઈ હતી – શિલ્પકલા કે ચિત્રકલા ? તેનો ઉત્તર શિલ્પકલા છે. આદિમાનવ માટે ચિત્રકલા વૈભવ (luxury) સમાન હતી જ્યારે શિલ્પકલા તેના જીવન સાથે સંકળાયેલી હતી. માટીનાં વાસણો બનાવવાનું કૌશલ્ય તે શિલ્પકલાના સહારે શીખ્યો. સંરક્ષણ માટે તેમણે બનાવેલા પેબલ્સ (pebbles) ફેંકી શકાય તેવાં અસ્ત્ર (મિસાઇલ્સ) હતાં. આ પ્રકારનાં અસ્ત્ર ઈ. સ. પૂ. 6,00,000 વર્ષ પ્રાચીન આફ્રિકામાંથી મળી આવ્યાં છે. આવા ગોળાકાર ગોળાને આકાર આપવો તેને માટે સરળ હતું. સૌથી પ્રાચીન શિલ્પ માટીમાંથી ઘડેલ જંગલી ભેંસ(clay bison)નું છે. ફ્રાન્સની ટુક દ' ઑડોબર્ટ(Tuc d' Audoubert)ની ગુફામાં આવેલ આ શિલ્પનો સમય મધ્ય મગ્ડાલિનિયન (middle Magdalenian) - ઈ. સ. પૂ. 13,000થી 10,000નો છે.

રચનાની દૃષ્ટિએ શિલ્પો બે પ્રકારના ઘાટ અથવા આકાર ધારણ કરતાં જોવા

મળે છે – પૂર્ણમૂર્ત શિલ્પ (sculpture in round) અને અંશમૂર્ત શિલ્પ (sculpture in relief).

જે શિલ્પ ચારે બાજુથી કોતરેલું હોય અથવા તો એની રચના એ રીતે કરવામાં આવી હોય કે જેનું સન્મુખ દર્શન, પાર્શ્વ દર્શન અને પશ્ચાત્ દર્શન સંપૂર્ણ રીતે નજરે પડતાં હોય એવાં શિલ્પને પૂર્ણમૂર્ત શિલ્પ કહે છે.


કેટલીક વખતે જરૂરી માપના પદાર્થના અભાવને લીધે ચારે બાજુથી જોઈ શકાય એવાં પૂર્ણમૂર્ત શિલ્પો રચી શકાતાં નથી. આથી ફલક કે સપાટીનો આધાર લઈને શિલ્પનું સર્જન કરવામાં આવે છે. આવાં શિલ્પને અંશમૂર્ત શિલ્પ કહેવામાં આવે છે. આને ઉપસાવેલાં શિલ્પો કે ફલક ચિત્રો તરીકે પણ ઓળખવામાં આવે છે. આવાં શિલ્પો સ્વતંત્ર રીતે ઊભાં હોતાં નથી; પરંતુ કોઈ એક ફલક એટલે કે સપાટી ઉપર તેમને ઉપસાવેલાં હોય છે. તેથી આવાં શિલ્પોનું પશ્ચાત્ દર્શન થઈ શકતું નથી. તેનું સન્મુખ દર્શન જ થાય છે. અંશમૂર્ત શિલ્પના પણ ત્રણ પેટા-પ્રકારો પડે છે : (1) જે શિલ્પનો ઉઠાવ ખૂબ જ ઓછો અથવા નહિવત્ કરવામાં આવે તેને અલ્પ મૂર્ત શિલ્પ (low or bas relief) કહે છે. (2) જે શિલ્પનો લગભગ અડધા જેટલો ભાગ ઉપસાવેલો હોય તેને અર્ધમૂર્ત (half relief) શિલ્પ તરીકે ઓળખવામાં આવે છે. (3) જે શિલ્પનો લગભગ પોણો ભાગ ઉપસાવેલો હોય તેને અતિમૂર્ત કે અધિક મૂર્ત (high relief) શિલ્પ કહેવામાં આવે છે. બીજા અને ત્રીજા પ્રકારનાં શિલ્પોમાં ઘેરું તથા ઊંડું કોતરકામ જોવામાં આવે છે. ક્યારેક માત્ર રેખાઓ દ્વારા જ શિલ્પકામ કરવામાં આવેલું જોવા મળે છે. આ પ્રકારનાં શિલ્પોને કર્ષિત રેખાચિત્રો (incised drawing) તરીકે ઓળખવામાં આવે છે.

ધાતુનાં શિલ્પો બનાવવા માટે સૌપ્રથમ શિલ્પ મીણનું બનાવવામાં આવે છે. મીણના આ શિલ્પની ફરતે ભીની માટીનો પિંડ ચોંટાડી દેવામાં આવે છે અને નીચેની બાજુ કાણું રાખવામાં આવે છે. તે સુકાઈ જાય પછી તેને ભઠ્ઠીમાં પકવવામાં આવે છે. આથી પિંડ પક્વ થાય છે અને અંદરનું મીણ ઓગળીને છિદ્ર વાટે બહાર નીકળી જાય છે. મીણના શિલ્પની આકૃતિની છાપ માટીના પિંડમાં અંદરની બાજુએ પડે છે. આ રીતે શિલ્પનો સાંચો તૈયાર થાય છે. તે પછી છિદ્ર દ્વારા પ્રવાહિત ધાતુ તે સાંચામાં રેડવામાં આવે છે. ધાતુ ઠરી ગયા બાદ માટીનો પિંડ તોડીને શિલ્પ બહાર કાઢવામાં આવે છે. તેને ઘસીને લીસું કરવામાં આવે છે. આ રીતે ધાતુશિલ્પ બનાવવાની પદ્ધતિને 'મધુચ્છિષ્ટ વિદ્યા' (cire-perdue or lost-wax) કહેવામાં આવે છે. ધાતુ-શિલ્પો ઘન (નક્કર) અથવા સુષિર (પોલાં) હોય છે.

શિલ્પમાં આકાર અને પ્રમાણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શિલ્પમાંનાં અંગોપાંગો અદ્ભુત અને સુડોળ બનાવવાં જોઈએ. જેથી આ અવયવો વધુ તાદૃશ અને રમ્યતાનો ભાસ કરાવે. શુક્રનીતિસારમાં સાચું જ કહ્યું છે કે લાખોમાં કોઈક જ સ્ત્રી કે પુરુષમાં શારીરિક સૌંદર્ય કે સૌષ્ઠવ સંપૂર્ણ રૂપે વિલસતું હોય છે અને તેથી ભારતીય

કલાકારોએ સૌંદર્યને નિષ્પન્ન કરતાં સ્ત્રી-પુરુષનાં અંગોપાંગોનું સારૂપ્ય પ્રાકૃતિક પદાર્થો, પ્રાણીઓ ને પક્ષીઓનાં અંગોપાંગમાંથી મેળવ્યું છે. પરિણામે ઈંડાં કે પાનના ઘાટે મુખને, ધનુષ્યે કપાળને, લીમડાના પાન કે ધનુષ્યે ભ્રમરને, કમલ, કમલ-પત્ર, મત્સ્ય, ખંજન પક્ષી અને હરણનાં નેત્રોએ નેત્રને, તિલપુષ્પ કે શુકની નાસિકાએ નાકને, બિમ્બફળે ઓષ્ઠને, શંખે ગળાને, સિંહકટી કે ડમરુએ કટીને, હાથીના ગંડસ્થળે સ્કંધને, કેળે સ્ત્રીના ઊરુ વગેરેને પોતાના ઘાટ બક્ષ્યા. તદુપરાંત શારીરિક અંગભંગીઓ, મુદ્રાઓ વગેરેએ મૂર્તિઓને ભાવવાહી સ્વરૂપ બક્ષવામાં પણ અનુપમ ફાળો આપ્યો છે.

પ્રતિમાના પ્રત્યેક અંગેની રચના તેની (પ્રતિમાની) ઊંચાઈ અનુસાર ભારતીય શાસ્ત્રકારોએ સ્પષ્ટ રીતે દર્શાવી છે. રૂપમંડન, વિષ્ણુધર્મોત્તરપુરાણ, દેવતામૂર્તિપ્રકરણ, અગ્નિપુરાણ, મત્સ્યપુરાણ, શુક્રનીતિસાર, સમરાંગણ સૂત્રધાર, માનસાર, કાશ્યપશિ-લ્પ, બૃહત્સંહિતા અને માનસોલ્લાસ જેવા ગ્રંથોમાં પ્રતિમાના અંગપ્રત્યંગોના પ્રમાણની ચર્ચા કરવામાં આવી છે. ભારતનાં પ્રાચીન પ્રમાણોમાં તાલ અને અંગુલ મુખ્ય એકમ (unit) ગણાય છે. તાલ એટલે એક મુખ જેટલી લંબાઈ. અહીં મુખ એટલે કપાળની ઉપર શરૂ થતા વાળની હદથી દાઢીના મધ્યના અંત સુધીનો વિભાગ. તાલનો બારમો ભાગ એટલે અંગુલ અર્થાત્ 1 તાલ = 12 અંગુલ. કપાળની લંબાઈ ચાર અંગુલ, નાકની લંબાઈના ચાર અંગુલ અને નાકની નીચેથી દાઢીના અંત સુધીના ચાર અંગુલમાં મુખના આ ત્રણ ભાગ વહેંચાય છે. એ રીતે હથેળીની લંબાઈ 12 અંગુલ, જંઘાની ઊંચાઈ 24 અંગુલ, કંઠની ઊંચાઈ 4 અંગુલ, કાન 2 અંગુલ પહોળા અને 4 અંગુલ ઊંચા, નેત્ર 3 અંગુલ લાંબાં, માથાનો પરિઘ 36 અંગુલ, ગરદનની પહોળાઈ 8 અંગુલ અને તેનો પરિઘ 24 અંગુલ વગેરે.




ભારતીય પ્રતિમામાં તાલનું પ્રમાણ

ભારતની જેમ યુરોપમાં પણ શિલ્પનાં અંગ-ઉપાંગોનાં પ્રમાણ વિશે વિચાર થયો છે. ઈ. સ. પૂ. પાંચમી સદીમાં ગ્રીસમાં થઈ ગયેલા પૉલિક્લિટસ (Polyclitus) નામના પ્રસિદ્ધ શિલ્પકારે માનવદેહની રચનાનો પ્રથમ અભ્યાસ કર્યો. પૉલિક્લિટસ હથેળીને મુખ્ય પ્રમાણ – મુખ્ય એકમ (unit) ગણીને અંગ-પ્રત્યંગના પ્રમાણનો નિર્દેશ કર્યો છે; જેમ કે પાદ(foot)ની લંબાઈ 3 હથેળી, નીચેના પગની લંબાઈ 6 હથેળી, દૂંટીથી કાન સુધીની લંબાઈ 6 હથેળી હોવાનું જણાવ્યું છે. ઈ. સ. પૂ. 4થા સૈકામાં થઈ ગયેલા લિસિપસ (Lysippus) નામના શિલ્પકારે આ પ્રમાણમાં ફેરફાર કર્યો. ગ્રીક શિલ્પકલામાં શરીરના પ્રમાણ કરતાં મસ્તક નાનું રચવામાં આવ્યું છે. તેની પાછળ પડછંદ શરીર અને ગૌરવની ભાવના વ્યક્ત કરવાનો હેતુ રહેલો છે. યુરોપમાં તે પછી પ્રચલિત માનવદેહ-પ્રમાણ ઉપર્યુક્ત ગ્રીક પ્રમાણને આજદિન સુધી અનુસરે છે. આ પ્રમાણમાં ખોપરીની ટોચથી દાઢીના અંત સુધીના વિભાગને મૂળ એકમ ગણવામાં આવે છે. મનુષ્ય આકારને સાડાસાત અથવા આઠ મસ્તકની લંબાઈવાળો ગણવામાં આવે છે. આ પ્રમાણ અનુસાર માથાની ટોચથી દાઢી સુધીની લંબાઈ 1 મસ્તક, દાઢીથી ડીંટ (nipple) સુધીની લંબાઈ 1 મસ્તક, ડીંટથી નાભિ(navel)ની લંબાઈ 1 મસ્તક, સાથળના મૂળથી ઘૂંટણ સુધીની લંબાઈ 1 મસ્તક, બંને ખભા વચ્ચેની પહોળાઈ 2 મસ્તક, કટીની પહોળાઈ 1 મસ્તક, બે ડીંટ વચ્ચેની પહોળાઈ 1 મસ્તક, ઘૂંટણની પહોળાઈ અર્ધ મસ્તક વગેરે. ભારતીય શિલ્પશાસ્ત્રોનાં પ્રમાણ અને પ્રાચીન ગ્રીક પ્રમાણ વચ્ચે ઘણો તફાવત છે તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

વૈજ્ઞાનિકોએ તેમજ કલારસિકોએ શરીરરચનાશાસ્ત્ર (Anatomy) તેમજ માનવવંશશાસ્ત્ર(Anthropology)ની દૃષ્ટિએ સ્ત્રી-પુરુષના સેંકડો દેહોનો અભ્યાસ કરીને જનસાધારણ પ્રમાણ નક્કી કર્યું છે, પરંતુ આ પ્રમાણ કલા માટે યોગ્ય છે કે નહિ તે ચર્ચાનો વિષય છે. શરીરરચનાશાસ્ત્ર અનુસાર નક્કી કરેલ પ્રમાણમાં મુખ્ય એકમ મસ્તક(Head)ને ગણ્યું છે. ખોપરીની ટોચથી દાઢીના અંત સુધીની લંબાઈ એટલે 1 મસ્તક. આ પ્રમાણે માનવદેહની ઊંચાઈ 71 થી 8 મસ્તક નક્કી કરવામાં આવી છે. સ્ત્રી અને પુરુષના દેહો વચ્ચે રહેલા તફાવતને પણ શિલ્પીએ શિલ્પસર્જન વખતે ધ્યાનમાં રાખવો જોઈએ. જેમ કે પુરુષના મસ્તક કરતાં સ્ત્રીનું મસ્તક પ્રમાણમાં નાનું હોય છે, સ્ત્રીનું ધડ પુરુષના ધડ કરતાં લાંબું હોય છે, સ્ત્રીઓનો પાદ નાનો હોવાથી સ્ત્રીદેહની લંબાઈ 7 પાદ થાય છે અને પુરુષનો પાદ મોટો હોવાથી પુરુષદેહની લંબાઈ 61 પાદ થાય છે. સ્ત્રી અને પુરુષના દેહોની પહોળાઈમાં જ મુખ્ય તફાવત હોય છે. સ્ત્રીઓનો ઉદરપ્રદેશ પુરુષના ઉદરપ્રદેશ કરતાં વિશેષ ગોળાકાર હોય છે, તેમજ સ્ત્રીની જાંઘ પુરુષની જાંઘ કરતાં જાડી હોય છે. મનુષ્યદેહમાં બાળપણથી માંડીને પુખ્તવય સુધીમાં થતા પ્રમાણના ફેરફારોને પણ મૂર્તિકારે લક્ષમાં રાખવા જોઈએ.

બાળકના જન્મ વખતે તેનું માથું શરીરના અન્ય ભાગો કરતાં ખૂબ જ મોટું હોય છે. પુખ્ત વયના મનુષ્યના માથા કરતાં બાળકના માથાની લંબાઈ અર્ધી હોય છે. જન્મ

સમયે બાહુ, ઘૂંટણ અને ઘૂંટી વચ્ચેનો પગ તથા પાદ લગભગ સરખી લંબાઈમાં હોય છે. ધડનું પ્રમાણ જન્મસમયે 3 મસ્તક, 9 વર્ષની વયે 33 મસ્તક, 15 વર્ષની વયે 32 મસ્તક અને 25 વર્ષની વયે 4 મસ્તક હોય છે.

શરીરરચનાશાસ્ત્રની દૃષ્ટિએ મુખના સ્નાયુઓ અને ઇન્દ્રિયો દ્વારા મનુષ્યની લાગણીઓ અને ભાવનાઓ વ્યક્ત થતી હોય છે. જેમ કે, મુખના ભાવોની રજૂઆત કપાળ, ભ્રમર, આંખ, હોઠો, નાક વગેરેમાં થતી વિકૃતિઓ અથવા રૂપાંતરો દ્વારા થાય છે. ભાવનિદર્શન શરીરની સ્થિતિ (pose), મુખની સ્થિતિ તેમજ હાથ-પગની સ્થિતિઓ ઉપર પણ આધારિત છે. તમામ પ્રકારની આનંદપ્રદ લાગણીઓના અનુભવ વખતે ભ્રમરો, પોપચાં, નસકોરાં અને મોઢાના ખૂણાઓ ઉપર વળેલાં હોય છે.

### 3. સ્થાપત્યનો અર્થ અને તેના પ્રકારો

લલિતકલાઓના વર્ગમાં સ્થાપત્યકલાનો પણ સમાવેશ થાય છે. ચિત્રકલા અને શિલ્પકલાની જેમ સ્થાપત્યકલા રૂપપ્રદ કલા (plastic art) છે. કોઈ પણ દેશના સમાજમાં સ્થાપત્યનું અનેરું સ્થાન છે. તે દ્વારા તે દેશનો ઇતિહાસ જાણી શકાય છે. પોતાના સ્થાપત્યકીય વારસા વડે કોઈ પણ દેશ ગૌરવ અનુભવે છે. સ્થાપત્ય એ બધા યુગનું છાપખાનું છે અને તે જે કાળમાં બંધાયું હોય તે કાળના સમાજનો ઇતિહાસ રજૂ કરે છે. સ્થાપત્ય એ સ્થાનનો આત્મા છે. યુરોપમાં સ્થાપત્યનો ઇતિહાસ એ કલાના ઇતિહાસની મહત્વની શાખા તરીકે વિકાસ પામ્યો છે. સ્થાપત્યકીય ઇતિહાસ ઘણો ઉપયોગી નીવડ્યો છે. કારણ કે કોઈ પણ રાજકીય કે ઐતિહાસિક પ્રતિધ્વનિનો અભ્યાસ કરવા માટે સ્થાપત્ય અનિવાર્ય દસ્તાવેજી પ્રમાણ છે.

સ્થાપત્યની વ્યાખ્યા આપતાં સર સિડની કૉલ્વિન જણાવે છે કે, 'સ્થાપત્ય ઘાટ આપવાની કલા છે. એનું કાર્ય ક્રમબદ્ધ અને વિભૂષિત પિંડોનાં સંયોજનથી લાગણી વ્યક્ત કરવાનું અને ઉત્તેજિત કરવાનું છે.' કોઈ પણ મકાનને કે ઇમારતને સ્થાપત્યકલાના નમૂના તરીકે ન ગણાવી શકાય; પરંતુ જે મકાનના ઘાટમાં લાગણી વ્યક્ત કરવાનું અને દર્શકમાં તે ઉત્તેજિત કરવાનું સામર્થ્ય હોય એવાં મકાનોને જ લલિતકલામાં મૂકી શકાય. લાગણીનો સ્પર્શ ધરાવતી ઇમારતને સ્થાપત્ય કહી શકાય. સ્થાપત્યનું કામ નિયત ક્રમમાં પદાર્થોને સપ્રમાણ ગોઠવી કે તેનું સંયોજન અમુક પ્રકારનો ભાવ (emotion) ઉપજાવવાનું છે. સપ્રમાણતા (proportion) એનો પ્રાણ છે. સ્થાપત્યમાં ભાવ વિશે લખતાં શ્રીઅરવિંદ જણાવે છે કે, 'તાજ માત્ર એક શાહી ઇશ્કબાજીનું ઇન્દ્રિયલક્ષી સંસ્મરણ નથી અથવા ચંદ્રમાની તેજસ્વી ખાણોમાંથી ખંડિત કરેલું કોઈ પરીપ્રદેશનું જાદુઈ આકર્ષણ નથી; પરંતુ મૃત્યુ પછી જીવંત પ્રેમનું એક શાશ્વત સ્વપ્ન છે. આત્માની જેમ પ્રેમ હણી શકાતો નથી. (न हन्यते). તેનું સંસ્મરણ તાજમહેલ કરાવે છે. મકબરાઓ મોતથી પર બેહસ્તના સૌંદર્ય અને આનંદ લગી પહોંચી જાય છે. ફતેહપુર સિક્રીની ઇમારતો કોઈ સ્ત્રૈણ વિલાસની અવનતિનાં સ્મારક નથી. અકબરના સમયના માનસને માટેનું એક કઢંગું વર્ણન પણ ઉદાત્તતા, સામર્થ્ય અને સૌંદર્યને આકાર આપે

છે, જે પાર્થિવ કળણમાં ખૂંપી ગયેલા નથી પણ તેમના પર આધિપત્ય દર્શાવે છે.

સ્થાપત્યમાં અક્કડ અને અતડી રેખાઓ(stiff lines)ને બદલે લયયુક્ત રેખાઓ (flowing lines) જેટલી વધારે હશે તેટલું સ્થાપત્ય નયનરમ્ય બનશે. મંદિર, મસ્જિદ અને ચર્ચના સ્થાપત્યમાં લયયુક્ત રેખાઓનું આધિપત્ય હોવાથી તે આકર્ષક લાગે છે.

સંસ્કૃતમાં સ્થાપત્ય માટે 'વાસ્તુ' શબ્દ પ્રયોજ્યો છે. ભારતીય પરંપરામાં વાસ્તુ-બ્રહ્મની કલ્પના કરવામાં આવી છે. શબ્દ-બ્રહ્મની કલ્પનાથી વ્યાકરણ, રસ-બ્રહ્મની કલ્પનાથી કાવ્ય અને નાદ-બ્રહ્મની કલ્પનાથી સંગીત ઉદભવે છે તેમ પાષાણ કે ઈંટ વડે બંધાયેલા મંદિરમાં પુરુષની કલ્પના કરીને વાસ્તુ-બ્રહ્મની કલ્પના કરવામાં આવી છે.

સ્થાપત્યને બે વર્ગમાં વહેંચી શકાય : (1) ધાર્મિક સ્થાપત્ય (religious architecture); જેમ કે સ્તૂપ, ચૈત્ય, વિહાર, મંદિર, મસ્જિદ, ચર્ચ વગેરે. (2) નાગરિક સ્થાપત્ય (civil architecture) કે (secular architecture); જેમ કે મહેલો, કિલ્લાઓ, વિલા, કાર્યાલયનાં મકાનો, હોટલો, હૉસ્પિટલો, રેલવેસ્ટેશનો, પુલ, વાવ, કૂવા, તળાવ, કુંડ વગેરે.

બાંધકામની દૃષ્ટિએ પણ સ્થાપત્યના બે વર્ગ પડે છે : (1) ઇમારતી (structural) : આ પ્રકારનાં સ્થાપત્ય જમીન ઉપર પથ્થર, ઈંટ કે લાકડાં વડે બાંધેલાં કે ચણેલાં હોય છે. (2) શૈલાત્મક (rock-cut) : આ પ્રકારનાં સ્થાપત્ય ખડક કે પર્વતમાં ગુફા સ્વરૂપે અથવા કોઈ મોટી શિલામાંથી કંડારેલાં હોય છે.

સ્થાપત્યકલામાં વિવિધ આકારોનું પ્રાધાન્ય હોય છે. ભૂમિતિની દૃષ્ટિએ સૃષ્ટિની રચનાના તમામ આકારોમાં મૂળભૂત ચાર આકારો ગણાય છે : 1. ગોળાકાર (spherical), 2. ચોરસ (cube), 3. શંકુ આકાર (pyramidal) અને 4. નળાકાર (cylindrical). આ મૂળભૂત આકારો પર તમામ સ્થાપત્ય અને શિલ્પકલાનાં મંડાણ થયાં છે. ગતિ અને સ્થિરતા આ આકારોનાં મુખ્ય બે લક્ષણો છે. સમચોરસ આકાર સ્થિરતાનો ભાસ કરાવે છે. શંકુ આકારમાં બે ઊભી બાજુઓ ઊર્ધ્વગતિ અને આડી બાજુમાં સ્થિરતાનો ભાસ થાય છે. ગોળાકારમાં અસ્થિરતા અને પરિભ્રમણની ગતિ રહેલી છે. ગ્રીકના મહાન ગણિતશાસ્ત્રી પાયથાગોરાસે ગોળાકારને ઘનાકારોમાં સુંદર આકાર તરીકે ગણાવ્યો છે. નળાકારમાં તેની લંબાઈની એક યા બીજી બાજુ તરફ ગતિનો ભાસ થાય છે. ગતિ એટલે આપણી દૃષ્ટિ જે રીતે એ આકારો તરફ ફરે છે અને પરિણામે જે ગતિમયતાનો ભાસ થાય છે તે આકારોમાં રહેલ આકર્ષણ શક્તિ એ તેમનું ત્રીજું લક્ષણ છે. જેમ કે, સીધી રેખા કરતાં ગોળ રેખા પર આપણી દૃષ્ટિ વધુ સમય ટકી રહે છે, ચોરસ કરતાં ગોળ પર દૃષ્ટિ વધુ સમય ટકે છે, ગોળાકાર કરતાં મિશ્ર આકાર પર દૃષ્ટિ એથી પણ વધુ ટકે છે. એક જ પ્રકારના સૂર સાંભળવાનો કંટાળો આવે છે તે જ રીતે એક જ પ્રકારનો આકાર જોવાનો પણ કંટાળો આવે છે. આથી જ કોઈ એક સ્થાપત્યમાં વિવિધ આકાર સર્જવામાં આવે છે. દા.ત. નાગર શૈલીનાં

મંદિરોમાં ગર્ભગૃહ ઉપર મુખ્ય અને ગૌણ શિખરો, મંડપ અને પ્રવેશચોકી પર ઘુંમટો હોય છે. મસ્જિદની છત પર નાના-મોટા ઘુંમટો અને મસ્જિદના પ્રાર્થના ખંડની બંને બાજુના ખૂણે અથવા મુખ્ય પ્રવેશની કમાનની બંને બાજુ મિનારા ઊભા કરવામાં આવે છે. ચર્ચ-સ્થાપત્યમાં પણ આ રીતે વિવિધ ઘાટ જોવા મળે છે. આધુનિક સ્થપતિઓ અને શિલ્પકારોને ઉપર્યુક્ત મૂળભૂત ચાર આકારો અપૂર્ણ જણાતાં 7 નવીન આકારો ગણાવ્યા છે : 1. ગોળાકાર (spherical), 2. શંકુ આકાર (pyramidal), 3. ત્રિપાર્શ્વાકાર (prism), 4. ફલક (plank), 5. પટ્ટી (strip), 6. દંડ (rod) અને 7. સર્પાકાર (spiral).

રૂપપ્રદ કલાનો મુખ્ય ધ્યેય આકારોનાં પરોક્ષ અને પ્રત્યક્ષ તત્વો અને લાક્ષણિકતાઓમાં રહેલાં આકર્ષણ-તત્વોનો સુમેળ સાધી કલાસર્જન કરવું તે છે.

કારીગરી અને શૈલી આ બે શબ્દો રૂપપ્રદ કલામાં ખૂબ જ પ્રચલિત છે. કારીગરી એટલે Technique અને શૈલી એટલે style. (શૈલી માટે school શબ્દ પણ પ્રયોજાય છે.) આ બંને શબ્દો વચ્ચે ખાસ અર્થભેદ નથી. રંગ અને રેખા, માટી યા લાકડું કે પથ્થર જેવાં માધ્યમમાં કલાકાર જે સિદ્ધહસ્તતા કેળવે છે અને જે કારીગરી કે હથોટી વડે પોતાના હેતુને મૂર્ત સ્વરૂપ આપે છે તેને કારીગરી (Technique) કહેવાય છે. કોઈ પણ એક કારીગરી રચાયા પછી કલાકાર એનો ફરી ફરી ઉપયોગ કરે ત્યારે તેને શૈલી યા પદ્ધતિ (style) કહે છે. જેમ જુદી જુદી જાતના ભાત રાંધવાની રીતમાં ફેરફાર હોય છે તેમ એક માધ્યમની પણ અનેક કારીગરીઓ હોય છે; અનેક શૈલીઓ હોય છે. કારીગરી અને શૈલી દ્વારા વ્યક્ત થતા કલાતત્વમાંથી કલાનુભવ થાય છે.

# 2
# ઇજિપ્તની શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા


આફ્રિકાના ઈશાન ખૂણામાં આવેલો મેમ્ફિસથી કેરો સુધીનો પ્રદેશ પ્રાચીનકાળમાં 'મિસર' તરીકે ઓળખાતો. આ પ્રદેશમાં વહેતી નાઇલ નદીને કાંઠે એક સમૃદ્ધ સંસ્કૃતિનો ઉદભવ અને વિકાસ પ્રાચીનકાળમાં થયો હતો. આ સંસ્કૃતિ મિસરની સંસ્કૃતિ અથવા ઇજિપ્તની સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. આ સંસ્કૃતિ ઈ. સ. પૂ. 10,000 વર્ષ પુરાણી ગણાય છે. જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં ઇજિપ્તની સંસ્કૃતિ મહત્વનું સ્થાન ધરાવે છે. ઇજિપ્તની સંસ્કૃતિની સમૃદ્ધિનું મુખ્ય કારણ નાઇલ નદી છે, તેથી આ સંસ્કૃતિને નાઇલ નદીની પુત્રી તરીકે ઓળખવામાં આવે છે. ઇજિપ્ત નાઇલ નદીનું વરદાન છે. ઇજિપ્તના બે વિભાગ પાડવામાં આવે છે : (1) નાઇલ નદી પહાડોમાં થઈને વહે છે તે દક્ષિણનો પ્રદેશ – ઉપલું ઇજિપ્ત અને (2) સપાટ મેદાનમાં વહે છે તે ઉત્તરનો પ્રદેશ – નીચલું ઇજિપ્ત. આ સંસ્કૃતિની પ્રાચીનતા છેક પાષાણયુગ સુધી જાય છે. તેનો ઐતિહાસિક કાળ ઈ. સ. પૂ. 4000થી શરૂ થાય છે. આ ઐતિહાસિક કાળને ત્રણ વિભાગમાં વહેંચી નાંખવામાં આવે છે : (1) પ્રાચીન યુગ અને પિરામિડ યુગ (ઈ. સ. પૂ. લગભગ 3400થી 2475); (2) મધ્યયુગ અથવા સામંતયુગ (ઈ. સ. પૂ. 2475થી 1718) અને (3) સામ્રાજ્ય અથવા નૂતન સામ્રાજ્ય યુગ (ઈ. સ. પૂ. 1580થી ઈ. સ. 1150). ઈ. સ. પૂ. 1718થી 1580ના સમયગાળા દરમિયાન અહીં પરદેશી સત્તા સ્થપાઈ હતી. પ્રાચીન યુગમાં થઈ ગયેલા રાજા મીનીસે ઉત્તર મિસર અને દક્ષિણ મિસરને રાજકીય રીતે એકત્ર કર્યા. મેમ્ફિસને રાજધાનીનું નગર બનાવ્યું. ઈ. સ. પૂ. 10મી સદીથી રાજાશાહી નબળી પડતી ગઈ. ઈ. સ. પૂ. 9મી સદીમાં વિદેશી આક્રમણો શરૂ થયાં. ઈ. સ.ની ત્રીજી સદીમાં રોમનોએ ઇજિપ્ત પર વર્ચસ્ મેળવ્યું. ઇજિપ્તે સંસ્કૃતિના વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી હતી તે પૈકી શિલ્પકલાના ક્ષેત્રમાં પણ તેનું ખેડાણ અમૂલ્ય હતું.

ઇજિપ્તની શિલ્પકલા સ્થાપત્યકલાની જેમ મૃત્યુ પછીના જીવન સાથે સંકળાયેલી હતી. શિલ્પોની બનાવટમાં પથ્થર, લાકડું, માટી અને ધાતુ જેવાં માધ્યમોનો ઉપયોગ થયો છે. મોટે ભાગે ગ્રેનાઇટ, બેસાલ્ટ અને પ્રોફેરી જેવા કઠણ અને ટકાઉ પથ્થરો વાપરવામાં આવ્યા છે. આ પ્રકારના પથ્થરોના ટકાઉપણાને લીધે જ ઇજિપ્તનાં શિલ્પો

આજદિન પર્યંત ટકી રહ્યાં છે. માનવશિલ્પો સન્મુખ દષ્ટિવાળાં કોતરવામાં આવ્યાં છે. અર્થાત્ આ શિલ્પો સામેની તરફ જોતાં હોય તે રીતે કોતરેલાં છે. પુરુષઆકૃતિઓ ખભા પહોળા, કમર પાતળી અને ડાબો પગ સહેજ આગળ લીધો હોય એમ ટટાર ઊભેલી છે. હાથ કમર નીચે જાંઘને સ્પર્શતા હોય છે. નાક સપ્રમાણ, આંખોની ઊંડાઈ સ્વાભાવિક, હોઠ પૂરેપૂરા બહાર ઊપસેલા જાડા હોય છે. દાઢી કાપીને વિશિષ્ટ આકારે લંબાવેલી હોય છે. શરીર પર માત્ર કટિવસ્ત્ર ધારણ કરેલું હોય છે. ઉમરાવનું શરીર ખભાથી ઘૂંટણ સુધી તો ક્યારેક પગ સુધી આછા-પાતળા વસ્ત્રથી ઢંકાયેલું હોય છે. સ્ત્રીઓનાં શિલ્પોમાં ખભા નાજુક અને સાંકડા જણાય છે. માથાના વાળ ખભા અને છાતી સુધી પ્રસરેલા દર્શાવાયા છે. ડાબો પગ હંમેશાં ઊંચો લીધેલો હોય છે. ખભાથી ઘૂંટી સુધી આછું વસ્ત્ર ધારણ કરેલું દેખાય છે. કોણીએથી વાળેલા બંધ મુઠ્ઠીવાળા હાથ સ્તનની નીચેના ભાગને સ્પર્શતા હોય તે રીતે દર્શાવ્યા છે. પુરુષોના પ્રમાણમાં હોઠ નાના જણાય છે. મુખ પર ક્યારેક આછું સ્મિત જણાય છે. અન્યથા માનવઆકૃતિઓના મુખ પર ગંભીર ભાવ જોવા મળે છે.

કોતરણીની દષ્ટિએ આ શિલ્પો પૂર્ણમૂર્ત અને અર્ધમૂર્ત પ્રકારનાં છે. ઇજિપ્તનો મૂર્તિકાર ઊભી કે બેઠી અવસ્થાવાળી માનવઆકૃતિઓ ઘડતો ત્યારે શરીરના મધ્ય ભાગમાંથી પસાર થતી કલ્પિત રેખાને ધ્યાનમાં રાખીને પ્રમાણબદ્ધતાનું ચુસ્ત રીતે પાલન કરતો. આને Egyptian law of frontality કહે છે. આનું સુંદર દષ્ટાંત કેરોના મ્યુઝિયમમાં સુરક્ષિત રેનોફરનું શિલ્પ છે. આ શિલ્પમાં ફરોહ સન્મુખ દર્શને સીધો ટટાર ઊભો છે. તેથી શરીર કેન્દ્રીય રેખાથી બે વિભાગમાં વહેંચાઈ જાય છે. મસ્તક ઊંચું રાખીને તે સીધું જોઈ રહ્યો છે. તેના લટકતા હાથ શરીર સાથે અડેલા છે. ઉન્નત મસ્તક અને સીધા ટટાર ઊભા રહેવાની તેની છટા રાજવંશી ગૌરવને અનુરૂપ છે. રાજા-રાણીઓને ખુશ કરવા તેમની માનવકદની અનેક પ્રતિમાઓનું સર્જન થયું. આવી માનવમૂર્તિઓમાં મુખાકૃતિ અને પગ પાર્શ્વ સ્થિતિમાં દર્શાવાયાં છે જ્યારે નાભિથી ઉપરનો ભાગ અને કીકી સન્મુખ સ્થિતિમાં હોય છે. આ પ્રકારનું આલેખન અહીંનાં શિલ્પોની વિશેષતા છે.

અહીંની વિશાળકાય શિલ્પાકૃતિઓમાં સ્ફિંક્સની મહાકાય મૂર્તિઓ ધ્યાનાકર્ષક છે. પિરામિડના રક્ષક તરીકે મુકાયેલી આ મૂર્તિ ચૂનાના પથ્થરમાંથી કંડારેલી છે. તે 73.46 મી. (240 ફૂટ) લાંબી, 20.12 મી. (66 ફૂટ) ઊંચી છે. દંતકથામય પ્રાણી સ્ફિંક્સ ખૂબ જ પ્રભાવશાળી છે. આ પ્રાણી સૂર્યદેવતા હર્માખીસની મૂર્ત અભિવ્યક્તિ સમાન છે. તે માનવમસ્તક અને સપક્ષ સિંહનું શરીર ધરાવતી મૂર્તિ છે. 3.96 મી. (13 ફૂટ) પહોળું માનવમુખ મિસરના રાજા ખાફ્રેનું હોવાનું મનાય છે. મિસરના પ્રાચીન ગ્રંથોમાં સિંહને પવિત્ર વસ્તુઓના રક્ષક તરીકે વર્ણવવામાં આવ્યો છે તે માન્યતાનો અણસાર આ શિલ્પ કરાવે છે.



સ્ફિંક્સની મહાકાયમૂર્તિ, ગીઝા

રાણી નેફરટીટીનું શિલ્પ વાસ્તવિકતાનો સંપૂર્ણ પરિચય કરાવે છે. બર્લિનના સ્ટેટ મ્યુઝિયમમાં સુરક્ષિત આ શિલ્પ તેના અભિવ્યક્ત સૌંદર્ય માટે નોંધપાત્ર છે. 710.2 મિલીમીટર (28 ઇંચ) ઊંચું આ શિલ્પ 1912-13માં તેલ એલ આમરનામાંથી મળ્યું હતું. પરંપરાગત શિરોવેષ્ટન (head-dress) અને ગળામાં ધારણ કરેલો ભૌમિતિક ભાતવાળો હાર આકર્ષક છે. તેના હોઠ, ભ્રમર અને આંખ રંગેલાં છે. આમાં સ્ત્રીના મુખ પરની સુંદરતા, કોમળતા અને ગ્રીવાની અદા પ્રશંસનીય છે. તેનો સમય ઈ. સ. પૂ. 1375નો છે. કેરોના મ્યુઝિયમમાં સુરક્ષિત ખાફ્રેનું આસનસ્થ શિલ્પ માનવકદનું છે અને તે ડિઓરાઇટ પથ્થરમાં કંડારેલું છે. શિલ્પનો સમય ઈ. સ. પૂ. 2680-2565નો છે. પેપિરસના છોડ અને કમળથી વિભૂષિત આસન પર ખાફ્રે ટટાર બેઠો છે. તેના હાથ જાંઘ પર ટેકવેલા છે. આસનની બંને બાજુ સ્ફિંક્સનાં મુખ કંડારેલાં છે. રાજાની લાંબી દાઢી ખંડિત છે. વ્યક્તિ-શિલ્પ(portraiture)નો આ એક ઉત્તમ નમૂનો છે.



રાણી નેફરટીટી



આસનસ્થ લહિયો

આ જ મ્યુઝિયમમાં રાજા-રાણી – રાહોતેપ અને નેફરટીટી – નાં શિલ્પ છે. સન્મુખ દૃષ્ટિએ રાજા-રાણી બેઠેલાં છે. રાજાનું શરીર ઘાટા રાતા રંગથી અને રાણીનું શરીર પીળા રંગથી રંગેલું છે. ઇજિપ્તના ઉષ્ણ તાપમાનમાં પુરુષની સરખામણીમાં સ્ત્રીઓ મોટે ભાગે ઘરમાં રહેતી. તેથી પુરુષોનાં શરીર કાળાં પડી જતાં તે હકીકત આ રંગો દર્શાવે છે. શેઈક એલ-બેલેડનું શિલ્પ લાકડામાંથી કંડારેલું છે. મુખાકૃતિ ગોળાકાર છે. સન્મુખ સ્થિતિમાં ઊભેલા આ પુરુષનો ડાબો પગ સહેજ આગળ લીધેલો છે. મૂઠ વાળીને લાકડી ધારણ કરતો ડાબો હાથ પણ આગળ લીધેલો છે. બંને હાથ જુદા ઘડીને પાછળથી ધડ સાથે જોડેલા છે. લુવ્રના મ્યુઝિયમ(પૅરિસ)માં સચવાયેલ આસન-સ્થ લહિયાનું શિલ્પ ચૂનાના પથ્થરમાંથી કંડારેલું છે. સક્કારાની એક કબરમાંથી પ્રાપ્ત થયેલું આ શિલ્પ પાંચમા રાજવંશ(ઈ. સ. પૂ. 2565-2420)ના સમયનું છે. પલાંઠી વાળીને ટટાર બેઠેલા લહિયાના ડાબા હાથમાં પેપિરસનો વીંટો છે. જમણા હાથમાં ધારણ કરેલી કલમ હાલ મોજૂદ નથી. માલિકના મોંમાંથી નીકળતા શબ્દોને પેપિરસ પર લખી લેવા માટે આતુરતાથી અને ધ્યાનથી સાંભળતો હોય તે રીતે લહિયાને સજાગ બેઠેલો દર્શાવ્યો છે. લહિયાની ઊંચાઈ માત્ર 0.4572 મી. (દોઢ ફૂટ) હોવા છતાં તેમાં મહામૂર્તિના જેવી ગરિમાનાં દર્શન થાય છે. રાજવંશી કબરોમાંથી ઘણાં વ્યક્તિ-શિલ્પો પ્રાપ્ત થયાં છે. ગીઝેહમાંથી મળેલ રાજકુમારનું મસ્તક ચૂનાના પથ્થરમાંથી ઘડેલું છે. તેનો સમય ઈ. સ. પૂ. લગભગ 2600નો છે અને તે કેરોના મ્યુઝિયમમાં છે. બોસ્ટનના મ્યુઝિયમમાં સુરક્ષિત રાજા મેનકુરે અને તેની રાણીના શિલ્પમાં શરીર પ્રમાણબદ્ધ દર્શાવ્યું છે.




મેનકુરે અને તેની રાણી

ઇજિપ્તનાં મંદિરોની દીવાલ પર કંડારેલાં અર્ધમૂર્ત શિલ્પો ઇજિપ્તના દૈનિક જીવનને રજૂ કરે છે. આ પ્રકારની શિલ્પકલા ત્રીજા રાજવંશ દરમિયાન ઘણી વિકસી હતી. અનાજનું ઉત્પાદન કરતાં, પશુઓ ચરાવતાં, ઘરેણાં અને માટીનાં વાસણો ઘડતાં, રણમાં કે પેપિરસની ઝાડીઓમાં શિકાર કરતાં, બલિને ધારણ કરીને સરઘસાકારે જતા લોકો વગેરે વિષયોને અભિવ્યક્ત કરવામાં આવ્યા છે. આ પ્રકારનાં શિલ્પો આડા થરમાં કંડારેલાં છે. આકૃતિઓ ખૂબ જ ચપટી ઉપસાવેલી છે અને તેની પર રંગકામ કરવામાં આવ્યું છે. એક પટ્ટમાં હેઝીરેને ઊભો દર્શાવ્યો છે. તેનું મુખ અને પગ પાર્શ્વગત સ્થિતિમાં છે જ્યારે આંખો અને ખભા સન્મુખ દર્શને છે. આ અર્ધમૂર્ત શિલ્પ કલાનાં ઉત્તમ લક્ષણો ધરાવે છે. રાજા એમેનહોતેપ ચોથા(જેણે ઇખ્નાહોન નામ પણ ધારણ કર્યું હતું.)ના સમયમાં સૂર્યપૂજાને રાજધર્મનો દરજ્જો મળ્યો હતો. સૂર્યની પૂજા કરતા આ રાજાનું સુંદર અર્ધમૂર્ત શિલ્પ પ્રસિદ્ધ છે. તેની નાની પુત્રીને લાડ કરાવતા આ રાજાનું આ જ વર્ગનું શિલ્પ પણ આકર્ષક છે. સક્કારામાં રાજા ટીની કબરમાં હિપોપૉટેમસના શિકારનું દૃશ્ય કંડારેલું છે. આ રંગીન અર્ધમૂર્ત શિલ્પ લગભગ ઈ. સ. પૂ. 2500ના સમયનું છે. આમાં લૅન્ડસ્કેપનું આલેખન આકર્ષક છે. દૃશ્યની પાર્શ્વભૂમિમાં પેપિરસ વૃક્ષની ઝાડી દર્શાવી છે. દૃશ્યની નીચેના ભાગમાં પાણીનું આલેખન ઝીગઝેગ પેટર્ન વડે કરેલું છે. પાણીમાં માછલીઓ અને એક હિપોપૉટેમસનું આલેખન છે. બે હોડી પૈકી એકમાં હિપોપૉટેમસનો શિકાર કરતા શિકારીઓ છે, જ્યારે પાછળની હોડીમાં ડાબો હાથ આગળ કરીને શિકારને જોઈ રહેલો રાજા ટી એકલો સ્થિર ઊભો છે. આ જ કબરના અન્ય એક અર્ધમૂર્ત શિલ્પમાં તાજા જ જન્મેલા વાછરડાને પોતાના ખભે ઊંચકીને નદીને પાર કરતા એક ભરવાડનું આલેખન છે. પાણીમાં તણાઈ ન જાય તેથી ભરવાડે વાછરડાને ખભા પર ઊંચક્યો છે. ગભરાયેલો વાછરડો પાછળ મોં ફેરવીને તેની માને જોઈ રહ્યો છે અને ગાય પણ પોતાના બચ્ચાને ચિંતાતુર દૃષ્ટિથી જોઈ રહી છે. આ લાગણીસભર એક દૃશ્ય છે. હેરમ હેબની કબર પર થડ ઊંચકીને લઈ જતા મજૂરોનું આલેખન છે. લગભગ ઈ. સ. પૂ. 1345ના સમયનું આ શિલ્પ હાલ મ્યુઝીઓ સિવિકો, બોલાગ્નામાં સુરક્ષિત છે.

## 2. સ્થાપત્ય

ઇજિપ્તના પુરાણા રાજ્ય(old kingdom)ના લગભગ ઈ. સ. પૂ. 4000-2280ના સ્થાપત્યનો અભ્યાસ કરતાં જણાય છે કે આ સમયનું સ્થાપત્ય મહદ્અંશે કબરને લગતું હતું. ઇજિપ્તવાસીઓએ તેમની સમગ્ર શક્તિ, ઇજનેરી વિદ્યા અને કલાત્મક કૌશલ પોતાના મૃત સ્વજનોનાં સલામત સ્થળો–કબરના નિર્માણ–માં વાપર્યાં. તેનાં ઉત્કૃષ્ટ ઉદાહરણ પિરામિડ છે. પિરામિડ રાજકુટુંબના લોકોની કબર છે.



મસ્તબાનો સમૂહ


પ્રાચીન સમયમાં ઇજિપ્તવાસીઓ તેમના મૃત સ્વજનોને ખાડામાં દાટતા અને તેની ઉપર રેત તથા પથ્થરનો ઢગ કરતા. સમય જતાં તેઓ તેની ઉપર પિરામિડ આકારનું નક્કર બાંધકામ કરવા લાગ્યા. આ પ્રકારના પ્રારંભિક સ્થાપત્યને મસ્તબા (Mastaba) કહે છે. કબર અથવા તો દફનખંડની ઉપરનું આ બાંધકામ ઉપરથી સપાટ અને બાજુએથી ઢળતું હોય છે. તેમાં એક ચેમ્બર (serday) હોય છે જેમાં મૃતકનાં એક અથવા અનેક પૂતળાં રાખેલાં હોય છે. બહારથી તેમાં પહોંચવું મુશ્કેલ હતું. પરંતુ ઇજિ-પ્તવાસીઓની માન્યતા પ્રમાણે ‘કા’ (જીવ) નક્કર પદાર્થમાંથી પણ પસાર થઈ શકે છે. મૃતકોનાં પૂતળાં એમાં એટલા માટે મૂકવામાં આવ્યાં હતાં કે મમીવાળું શરીર જો નાશ પામે તો પૂતળાં તેનું સ્થાન લઈ શકે અને તેમાં જીવ પ્રવેશી શકે. મસ્તબામાં દફન સાથે સંકળાયેલ નાનું ચૅપલ (mortuary chape) પણ રાખવામાં આવતું. તેમાં એક નકલી દરવાજો રાખવામાં આવતો, જેમાંથી ‘કા’ પસાર થઈ શકે અને ત્યાં મૂકેલ ભોગના પદાર્થો લઈ શકે. તેની દીવાલો ધાર્મિક વિધિઓ અને લોકોની રોજબરોજની પ્રવૃત્તિ-ઓને લગતાં રંગીન અર્ધતક્ષણો દ્વારા સજાવવામાં આવતી. મસ્તબા માત્ર પિરામિડનું પ્રારંભિક સ્વરૂપ જ ન હતું, પરંતુ પાછળના સમયમાં મોટા પિરામિડની આસપાસ અમીરોના દફનની જગ્યા માટે રહ્યાં. કેટલાક શક્તિશાળી શાસકોએ પગથિયા ઘાટના પિરામિડ માટે મસ્તબાની ઉપર મસ્તબા બનાવ્યા. આ પ્રકારના કેટલાક મસ્તબા મોજૂદ છે. સક્કારા ખાતે આવેલ ઝેસરનો મસ્તબા આ પ્રકારનું ઉદાહરણ છે. બેટ ખલ્લાફ અને ગીઝેહ ખાતે પણ આવા મસ્તબા આવેલા છે.



ગીઝાના પિરામિડો

પિરામિડ એ પ્રાચીન રાજવંશ દરમિયાનની ઇજિપ્શિયન કબરનું લાક્ષણિક સ્વરૂપ છે. સમચોરસ પાયા પાર ઢળતી બાજુવાળા ચાર ત્રિકોણ ટોચ ભાગે એકબીજાને અડે એ પ્રકારે પિરામિડનો આકાર હોય છે. મસ્તબાની જેમ તેમાં પણ એવા જ ભાગ હોય છે; પરંતુ તેમની ગોઠવણીમાં ફેર પડે છે. મસ્તબા સંયોજિત એક જ ઇમારત છે, જ્યારે પિરામિડમાં દફનખંડ સિવાયના બધા ભાગો છુપાવેલા હોય છે. ઉત્તરાભિમુખ પ્રવેશદ્વારમાં થઈને ગૅલરી કે કૉરિડૉર દ્વારા ત્યાં પહોંચાય છે. દફનવિધિ બાદ આ પ્રવેશદ્વાર કાળજીથી ઢાંકી દેવામાં આવે છે. પૂતળાં અને ભોગ માટેનું મંદિર પિરામિ-ડમાં પૂર્વ બાજુએ રાખવામાં આવે છે. ઇજિપ્તમાં લગભગ 30 પિરામિડ છે, પણ તેમાં ગીઝેહના ત્રણ પિરામિડ વધુ ઉલ્લેખનીય છે. નાઇલના પશ્ચિમ કાંઠે મેમ્ફિસથી થોડે દૂર ગીઝેહના સ્થળે પિરામિડોનું રસપ્રદ ક્ષેત્ર આવેલું છે.

ખુફુનો પિરામિડ (ચિયોપ્સનો પિરામિડ) માનવજાતે બાંધેલું સૌથી વિશાળ બાંધકામ છે. તેના સમચોરસ પાયાની દરેક બાજુ 236 મીટર લાંબી છે. સમગ્ર પિરામિડ 53 હેક્ટર્સની જગ્યા રોકે છે. તેની મૂળ ઊંચાઈ લગભગ 147 મીટર હતી. સમગ્ર નક્કર બાંધકામ ચૂનાના પથ્થરની 23,00,000 શિલાઓ વડે બાંધેલું છે. દરેક શિલા લગભગ 2,500 કિગ્રા.(2.5 ટન)ની છે. પૂર્વની ટેકરીઓ પરથી તે લાવવામાં આવતી. લાવતાં પહેલાં ત્યાં જ તેને અણઘડ ઘડવામાં આવતી, તે પછી જ્યારે નાઇલમાં પાણીની સપાટી ઊંચી હોય ત્યારે તેને વહાણમાં પશ્ચિમ બાજુએ લાવવામાં આવતી. ત્યાં શિલાઓને સરખી કરવામાં આવતી તે પછી પિરામિડનું બાંધકામ શરૂ થતું. શિલાઓને ઘાટ આપવા, ખેંચી લાવવા અને ઉપર ચઢાવવા માટે હજારો મજૂરો રોકવામાં આવ્યા હતા. પ્રથમ પગથિયા ઘાટનો પિરામિડ બનાવવામાં આવતો ત્યારબાદ તેના ખૂણા પૂરી દેવામાં આવતા. તેને પૉલિશ કરેલા આરસની શીટ્સથી ઢાંકી દેવાતો. આનાથી પિરામિડની શોભામાં વધારો થતો અને સાથે સાથે પ્રવેશ ઢંકાઈ જતો. આરસની આવી શીટ્સ હાલ જણાતી નથી; પરંતુ તેનું પગેરું મળે છે. ખુફુના પિરામિડમાં ઉત્તરના પ્રવે-શદ્વારથી દાખલ થઈ શકાય છે. મોટી ગૅલરીથી બનતો રસ્તો રાજાના દફનખંડ તરફ દોરી જાય છે. અહીં ફારોહનું મમી સિકમોર વૃક્ષના લાકડામાંથી બનાવેલ કૉફિનમાં રાખવામાં આવ્યું છે. આ કૉફિન ગ્રૅનાઇટ પથ્થરમાંથી બનાવેલ છે. રાજાના દફનખંડની નીચે રાણીનો ખંડ છે.


રાજા ઝોસરનો પિરામિડ, સક્કારા

ખાફ્રાનોના પિરામિડની બાજુઓ 216 મી.ની અને તેની ઊંચાઈ 143 મી.ની છે. સક્કારામાં આવેલો રાજા ઝોસરનો પિરામિડ પગથિયા ઘાટનો છે. પ્રારંભમાં તેનું બાંધકામ મસ્તબા સ્વરૂપનું હતું. પાછળથી તેનું વિસ્તરણ કરીને તેને પિરામિડનું સ્વરૂપ અપાયું. પિરામિડને ફરતો લંબચોરસ કોટ ઉત્તર-દક્ષિણ 547 મી. લાંબો અને પૂર્વ-પશ્ચિમ 278 મી. પહોળો છે. કોટમાં 14 બુરજો હતા.

દરેક પિરામિડની આસપાસ વધારાની અન્ય ઇમારતો હતી. મોટે ભાગે તે બધેથી નાશ પામી છે, પરંતુ ખાફ્રાના પિરામિડની આસપાસની ઇમારતો સારી રીતે સુરક્ષિત છે. દફનનું મંદિર પૂર્વ બાજુએ રાખવામાં આવતું. તેમાં પૂજાવિધિનાં વાસણો સાથે અનાજ, મધ, તેલ, પીણાં અને ભોજન માટેનો સ્ટોરરૂમ રાખવામાં આવતો. મધ્ય રાજ્ય દરમિયાનના ફેરોએ વધારે પિરામિડો બંધાવ્યા નથી. એનો અર્થ એ નથી કે પુનર્જીવનમાંની તેમની શ્રદ્ધા નાશ પામી હતી; પરંતુ તેમને સમજાયું હતું કે પિરામિડો સુરક્ષિત ન હતા. ઇજિપ્તના શાસકોએ હવે નાઇલની પશ્ચિમ બાજુએ નવી રાજધાની થિબ્સથી બહુ દૂર નહીં તેવો પર્વતાળ ટેકરીનો પ્રદેશ પસંદ કર્યો. ત્યાં તેઓ પર્વતોમાં ભૂમિમાર્ગની રચના કરીને ઊંડે શૈલાત્મક કબર બનાવતા. આ પ્રદેશ 'રાજાઓની કબરની ખીણ' (valley of the tombs of the kings) તરીકે ઓળખાય છે. તેમાં મંદિર કબરથી દૂર નહીં પણ નદીકાંઠા બાજુ બાંધવામાં આવતું. જોકે કબર અને મંદિર એક જ રેખામાં બાંધવામાં આવે તેની કાળજી લેવામાં આવતી. ફેરોના જીવનકાળ દર-મિયાન તે દેવોને સમર્પિત હતા, પરંતુ ફેરોના મૃત્યુ પછી તે તેના મૃત્યુવિષયક મંદિર (mortuary) બન્યાં. આનું ઉત્તમ ઉદાહરણ દે'ર-અલ્-બહરીમાં આવેલ રાણી હતશે-પસુત(ઈ. સ. પૂ. લગભગ 1500)નું મંદિર છે. અબુ-સિમ્બેલનું મોટું મંદિર રામસેસે બીજાએ બંધાવ્યું હતું. પર્વતમાંથી કોરી કાઢેલું આ સંપૂર્ણ શૈલાત્મક (rock-cut) મંદિર હતું. તેનો મુખભાગ 30.5 મીટર (100 ફૂટ) ઊંચો છે. રામસેસની ચાર એકાશ્મક પ્રતિમાઓ 18.3 મીટર (60 ફૂટ) ઊંચી છે.

ઇજિપ્તવાસીઓ ઇમારતી (structural) મંદિરો પણ બાંધતા. સ્તંભ (post) અને મોભ (lintel) દ્વારા તેનું બાંધકામ થતું. દેવો માટેનું આ અંતિમ બાંધકામ ગણવામાં આવે છે. તેમાં શ્રદ્ધાળુઓને પ્રવેશ ન હતો. પ્રવેશની સામે દૂર આવેલા ગર્ભગૃહમાં માત્ર પૂજારી અને રાજા જ પ્રવેશી શકતા. આ બધાંમાં સૌથી વધુ પ્રસિદ્ધ અને વિશાળ લકસોર અને કર્નાકનાં મંદિરો છે. આ બંને મંદિરો થિબ્સને અભિમુખ કરતાં નાઇલ નદીના પૂર્વકિનારે આવેલાં છે. કર્નાકનું એમનનું મંદિર મધ્ય રાજ્ય દરમિયાન બંધાવવું શરૂ થયું હતું, પરંતુ તેનું અંતિમ પ્રવેશદ્વાર (pylon) ટોલેમિક કાળનું છે, સંભવતઃ મંદિરનો પાયો નંખાયાનાં 1700 વર્ષ પછીનું. આ પ્રવેશદ્વાર ખૂબ જ વિશાળ છે. તેનું બાંધકામ ક્યારેય પૂર્ણ થઈ શક્યું નહિ. તેની દીવાલો 14.94 મીટર (49 ફૂટ) જાડાઈ ધરાવે છે. આ મંદિરનો વધુ દર્શનીય ભાગ તેનો ભવ્ય હૉલ છે. તે 150 મીટર લાંબો અને 53 મીટર પહોળો છે. તેના 12 મધ્યના મંડપના સ્તંભો 21 મીટર (69 ફૂટ) ઊંચા

અને 3.7 મીટર (12 ફૂટ) જાડા છે. નાના કદના સ્તંભોનો વ્યાસ 2.74 મીટર (9 ફૂટ) છે. મંદિરમાં કુલ 134 સ્તંભો છે. સ્તંભો પર ચિત્રાત્મક લિપિ કોતરેલી છે. મૂળમાં તે સુંદર રીતે અલંકૃત હતા. લકસોરનું મંદિર (થિબ્સ પાસે) કર્નાકના મંદિરથી કેટલીક બાબતોમાં જુદું પડે છે. મોટા પ્રાંગણના સ્તંભોની વચ્ચે રામસેસની વિશાળ પ્રતિમા આવેલી છે. એડફુ(Edfu)માં આવેલું મંદિર નાનું છતાં વધુ સુરક્ષિત સ્થિતિમાં છે. ઇજિપ્તનાં મંદિર-સ્થાપત્યનાં અંગો સમજવા માટે આ ઉત્તમ ઉદાહરણ છે.

ઇજિપ્તનાં મંદિરોની કેટલીક સ્થાપત્યકીય બાબતો જાણવી જરૂરી છે. તેનું ભવ્ય પ્રવેશદ્વાર બે મોટી કાટખૂણાકાર ઢળતી દીવાલોનું બનેલું છે. તેનો પાયો પહોળો હોય છે અને ઉપર જતાં તે સાંકડી થતી જાય છે. શંકુઆકાર અથવા તો બહારથી વળેલા એવા થર વડે તે અંત પામે છે. બંને દીવાલની વચ્ચે પ્રવેશદ્વાર હોય છે. તેની ઉપર પણ શંકુઆકાર થયા હોય છે. ત્રણે બાજુ સ્તંભાવલિ સાથેના મોટા ખુલ્લા ચોક તરફ ખૂલે છે. આનાથી આગળ સામાન્ય પ્રજાજનોને સ્તંભવાળા ખંડમાં પ્રવેશવા દેવામાં આવતા નહિ. હૉલની આગળ અંધારિયો ગર્ભખંડ હોય છે, જ્યાં દેવની પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલી હોય છે. આ ભાગમાં માત્ર પૂજારી અને રાજા જ પ્રવેશી શકતા. ઇજિપ્તવાસીઓ બાંધકામ માટે સ્તંભ અને મોભનો ઉપયોગ કરતા. ખંડની છત બનાવવા માટે અંદરની તરફ ચોરસ કે વર્તુળાકાર સ્તંભોની હાર ગોઠવતા. સ્તંભોના મથાળે વજનદાર પથ્થરના મોભ ગોઠવતા. તેની ઉપર પથ્થરના સ્લેબ્સ ગોઠવવામાં આવતા. આ રીતે છત બનતી. કર્નાકના એમોનનો ભવ્ય ખંડ આ રીતે બનાવવામાં આવ્યો છે. એક બીજી રસપ્રદ બાબત એ છે કે આવા વિશાળ ખંડમાં હવા-ઉજાસનો પ્રબંધ કેવી રીતે કર્યો હશે ! મધ્ય મંડપના સ્તંભોની બે હાર અને છત પાર્શ્વમાર્ગના સ્તંભો અને છત કરતાં ઊંચી રાખવામાં આવતી, જેથી આ બે લેવલ વચ્ચે ઊંચી દીવાલ માટેની ખાલી જગ્યા (space) રહેતી અને તે છિદ્રાળુ પથ્થરની જાળીઓથી બંધ કરી દેવાતી. પથ્થરની જાળીઓમાં થઈને ખંડની અંદર હવા-ઉજાસ આવી શકતાં. હવા-ઉજાસ લાવવાની આ પ્રકારની પદ્ધતિ ગુજરાતની ઘણીખરી મધ્યકાલીન મસ્જિદોમાં વપરાઈ છે. અમદાવાદની જુમ્મા મસ્જિદ અને ચાંપાનેરની જુમ્મા મસ્જિદમાં આ પદ્ધતિ જોવા મળે છે. પ્રશ્ન એ છે કે ગુજરાતના કારીગરોએ આ પદ્ધતિ ઇજિપ્ત પાસેથી અપનાવી હશે ?

ઇજિપ્તનાં સ્થાપત્યમાં વિવિધ પ્રકારના સ્તંભો જોવા મળે છે; જેમ કે ઘંટાકાર (campanile-form), પદ્મ-ગુચ્છાકાર (clustered lotus), સાદા પદ્માકાર (simple lotus), તાડ પર્ણાકાર (plam), હેથોર મસ્તક-અંકિત (hethor headed).

3

# નજીકના પૂર્વની પ્રાચીન શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

પ્રાચીનકાળમાં નજીકના પૂર્વના પ્રદેશમાં જુદી જુદી સંસ્કૃતિઓ પાંગરી હતી. યુફ્રેટીસ અને ટાઇગ્રીસ નદીઓની ખીણનો આ પ્રદેશ મેસોપોટેમિયાના પ્રદેશ તરીકે જાણીતો હતો. આજે તે પ્રદેશ ઇરાકના પ્રદેશ તરીકે ઓળખાય છે. ઇજિપ્તની જેમ અહીં રાજકીય ઐક્ય સ્થપાયું નહિ છતાં અહીં કલાત્મક પરંપરાઓનો ઉદભવ અને વિકાસ થયો હતો. સુમેરિયન લોકો આ સંસ્કૃતિના પ્રણેતા હતા. સુમેરિયનો ઉપરાંત અક્કડ, એસિરિયન, બૅબિલૉનિયન તથા ખાલ્ડિયન પ્રજાએ પણ મેસોપોટેમિયન સંસ્કૃ-તિના વિકાસમાં ફાળો આપ્યો છે. ઈ. સ. પૂ. 3400ની આસપાસ સુમેરિયન સંસ્કૃતિનો વિકાસ થયો હતો. સુમેરની પ્રાગ્-ઐતિહાસિક સંસ્કૃતિને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવે છેઃ (1) અલ-ઉબૈદ (Al-Ubaid), (2) ઉરુક (Uruk) અને (3) જમદેત નાસ્ર (Jemdet Nasr). સુમેરનો લેખિત અથવા દસ્તાવેજી ઇતિહાસ ઈ. સ. પૂ. 2300થી શરૂ થાય છે. અહીંના પ્રભાવશાળી રાજાઓમાં ગિલ્ગામેશ, લુગલઝગીસી, મુડિયા, ઉરનમ્મુ, ડુંગી વગેરે નોંધપાત્ર છે. અક્કડ પ્રજાના રાજા સારગોને સુમેરિયનોને હરાવી ઈ. સ. પૂ. 2750માં પોતાના રાજ્યની સ્થાપના કરી. ત્યારથી અહીં અક્કડ સંસ્કૃતિ વિકસી અને તે 500 વર્ષ સુધી ટકી. ઍમોરાઇટ જાતિના લોકોએ અક્કડ સંસ્કૃતિનો નાશ કર્યો. ઍમોરાઇટ પ્રજાએ વિકસાવેલી સંસ્કૃતિ બેબિલૉન સંસ્કૃતિ તરીકે ઓળખાય છે. તેનો સમય ઈ. સ. પૂ. 2200ની આસપાસનો છે. આ સંસ્કૃતિમાં હમુરાબી નામનો શક્તિશા-ળી રાજા થઈ ગયો. તે કુશળ વહીવટકર્તા પણ હતો. તેણે અનેક વિષયના કાયદાઓનું નિર્માણ કર્યું હતું. આશરે 280 જેટલા કાયદાઓને તેણે એક મોટી શિલા પર સેમેટિક ભાષામાં કોતરાવ્યા હતા. એસિરિયન પ્રજાએ પોતાની સંસ્કૃતિનો વિકાસ ટાઇગ્રીસ નદીના ઉપલા ભાગમાં ઈ. સ. પૂ. 1250ની આસપાસ કર્યો હતો. અશુરનસિરપાલ આ સંસ્કૃતિનો જાણીતો રાજા હતો. ઈ. સ. પૂ. 612ના અરસામાં ખાલ્ડિયન અને મિડ્ઝ જાતિએ ભેગા થઈને એસિરિયન પ્રજા પર આક્રમણ કર્યું અને એ રીતે એસિરિયન સંસ્કૃતિનો અંત આવ્યો. તે પછી ખાલ્ડિયન સંસ્કૃતિ ઉદભવી. બૅબિલૉન આ સંસ્કૃતિનું પાટનગર હતું. આ પ્રજાનો સૌપ્રથમ રાજવી નેબોપોલાસારે હતો. જ્યારે સૌથી તેજસ્વી

પ્રતાપી સેનાપતિ અને કુશળ રાજવી નેબુશટ્રેઝાર હતો. મેસોપોટેમિયાની પૂર્વમાં પર્શિયા (વર્તમાન ઈરાન) આવેલું હતું. ઈ. સ. પૂ. 539માં સાયપ્રસે બૅબિલૉન જીતી લીધું ત્યારે ત્યાં પર્શિયન સામ્રાજ્યની સ્થાપના થઈ હતી. આ વિવિધ સંસ્કૃતિઓમાં શિલ્પકલાનો વિકાસ થયો હતો. આ શિલ્પકલાને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (અ) મેસોપોટેમિ-યાની શિલ્પકલા, (આ) એસિરિયાની શિલ્પકલા અને (ઇ) પર્શિયાની શિલ્પકલા.

(અ) મેસોપોટેમિયા : ગ્રીસનો ઉદભવ થયો તે પહેલાં ઇજિપ્તની જેમ મેસોપોટેમિયા પ્રાચીન જગતનું અગ્રગણ્ય સાંસ્કૃતિક કેન્દ્ર હતું. વર્કા, તેલ અસ્માર, ખાફેજા, તેલ અગ્રાબ, ઉર, તેલ્લો, મારી, ખોરસાબાદ, નિમ્રુદ અને કિયુન્જિક સ્થળેથી શિલ્પના નમૂના મળી આવ્યા છે. કલાની દૃષ્ટિએ તેના ચાર વર્ગ પડે છે : સુમેરિનિયન, અક્કાદિ-નિયન, બૅબિલૉનિયન (અથવા કાલ્ડિનિયન) અને એસેરિનિયન. જોકે આ ચારે વર્ગનાં શિલ્પોમાં કલાવિષયક કોઈ ચોક્કસ ભેદ સહેલાઈથી પારખી શકાતો નથી. ઇજિપ્તની કલાની જેમ મેસોપોટેમિયાની કલા પણ સ્વતંત્ર રીતે વિકસી હતી. આર્મેનિયાથી સીરિયા અને પર્શિયન અખાતથી મેડિટેરિનિયન સુધીના વિસ્તાર પર મેસોપોટેમિયાની કલાએ અસર કરી હતી.

શ્વેત મંદિર (white temple) સંભવતઃ આકાશના દેવ અનુને સમર્પિત કરવામાં આવ્યું હતું. આ મંદિરમાં સ્થાપિત અનુદેવની મૂર્તિ ગુમ થઈ ગઈ છે. ઉરુક(વારકા)માંથી મળેલું આરસનું એક સ્ત્રી-મસ્તક (ઈ. સ. પૂ. 3500 - ઈ. સ. પૂ. 3000; ઇરાક મ્યુઝિયમ, બગદાદ) કોઈ સંપ્રદાયનું શિલ્પ હોવાનું જણાય છે. તેની આંખો અને ભ્રમર મૂળમાં રંગીન પદાર્થથી જડીને બનાવેલી હોવી જોઈએ. હાલ જડતરકામ હયાત ન હોવાથી આંખ અને ભ્રમરની જગ્યાએ ખાડા પડેલા છે. તેના વાળ સોનાની અથવા તાંબાની વિગથી ઢાંકેલા હતા. ધડનો ભાગ સંભવતઃ લાકડાનો બનાવેલો હતો. કલાની દૃષ્ટિએ આ સ્ત્રી-મસ્તક ઊંચી ગુણવત્તા ધરાવે છે. તેના ઊપસી આવેલા ભરાવદાર ગાલ, બિડાયેલા હોઠનો વળાંક, મોટી આંખોની એકાગ્ર સીધી દૃષ્ટિ આકર્ષણ ઉપજાવે છે. તેલ અસ્મા-રના અબુ મંદિરમાંથી 10 શિલ્પો(ઈ. સ. પૂ. લગભગ 2700-2500; ઇરાક મ્યુઝિયમ, બગદાદ અને ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ મ્યુઝિયમ, શિકાગો યુનિવર્સિટી)નો સમૂહ પ્રાપ્ત થયો છે. આ શિલ્પો આરસમાંથી ઘડેલાં છે. તેમાં સૌથી ઊંચું શિલ્પ 30 ઇંચનું છે અને તે વનસ્પતિના દેવ અબુનું છે. ઊંચાઈમાં બીજા ક્રમનું શિલ્પ માતૃદેવીનું છે, અન્ય શિલ્પો ધર્મગુરુઓ અને ભક્તજનોનાં છે. દેવ-દેવીનાં શિલ્પોને આંખના મોટા ડોળાના આલેખન દ્વારા અન્ય શિલ્પોથી જુદાં પાડ્યાં છે. શિલ્પોના હાથ-પગની ગોળાઈ પાઇપ જેવી ભાસે છે. તેમણે પહેરેલા લાંબા સ્કર્ટના વળાંક સંઘેડાઉતાર ગોળાકાર જેવા લાગે છે. આકૃતિઓ વાસ્તવદર્શી કરતાં શૈલીની દૃષ્ટિએ ભૌમિતિક છતાં ભાવાત્મક લાગે છે.



અબુ મંદિરનાં 10 શિલ્પો

તેલ અસ્મારનાં અન્ય સમકાલીન શિલ્પો ઉર(Ur)ની કબરોમાંથી મળી આવ્યાં છે. હાર્પની સૂરપેટી પર જડતર કરેલ શિલ્પની એક સુંદર પટ્ટી (ઈ. સ. પૂ. લગભગ 2600; યુનિવર્સિટી મ્યુઝિયમ, ફિલાડેલ્ફિયા) ઉરમાંથી મળી આવી છે. આ ઊભી પટ્ટીમાં ચાર પ્રસંગો વિભાજિત કરીને આલેખાયા છે. સૌથી ઉપરના વિભાગમાં એક યોદ્ધાને માન-વમુખ ધરાવતા બે વૃષભને આલિંગતો દર્શાવ્યો છે. આ અહીંનાં શિલ્પોનો પ્રિય વિષય છે. બીજા બે વિભાગમાં પશુઓને મનુષ્યની જેમ કામ કરતાં આલેખ્યાં છે. એમાં વરુ અને સિંહ ખાદ્યસામગ્રી અને પેય પદાર્થ લઈ જતાં દર્શાવ્યાં છે જ્યારે બીજા વિભાગમાં ગર્દભ, રીંછ અને હરણને વાદ્ય વગાડતાં દર્શાવ્યાં છે. સૌથી નીચેના વિભાગમાં વીંછીની દેહાકૃતિ ધરાવતા પુરુષ(નર-વૃશ્ચિક)ને તથા એક બકરાને એક મોટા પાત્રમાંથી કાપડના વીંટા કાઢીને લઈ જતા આલેખ્યા છે. કોઈ પ્રાચીન પશુ-બોધકથા(fable)નો વિષય આ પટ્ટીમાં રજૂ થયો હોવાનું જણાય છે.

ઝાડનો ટેકો લઈ ઊભા રહેલા અને ફૂલ-પાંદડાંની વચ્ચેથી ડોકું કાઢી ઝાંખતા બકરાનું એક શિલ્પ (ઈ. સ. પૂ. લગભગ 2600; યુનિવર્સિટી મ્યુઝિયમ, ફિલાડેલ્ફિયા) ઉરમાંથી મળી આવ્યું છે. આ શિલ્પની બનાવટમાં લાકડું, સોનું અને નીલમ વાપરવામાં આવ્યાં છે. બકરાના આલેખનમાં જીવંતતા જણાય છે. તેનાં મોં પર અદભુત શક્તિ જોવા મળે છે. આ શિલ્પ પવિત્ર દેવ તમુઝની રજૂઆત કરતું હોવાની શક્યતા છે. પાશવી શક્તિમાં દેવનું આરોપણ કરવાનો પ્રયત્ન જણાય છે.

એક અક્કાડિયન શાસકના મસ્તકનું ધાતુશિલ્પ નિનેવેહમાંથી પ્રાપ્ત થયું છે. તે 305 મિલિમીટર(12 ઇંચ) ઊંચું છે અને હાલ બગદાદના ઇરાક મ્યુઝિયમમાં સચવા-યેલું છે. તેનો સમય ઈ. સ. પૂ. લગભગ 2300-2200નો છે. તેની દાઢીના વાળની વળ ચઢાવેલી લટો કલાત્મક છે.

પૅરિસના લુવ્ર મ્યુઝિયમમાં કબરની એક તકતી (stele) (1.83 મી. 155 મિ-લિમીટર, ઈ. સ. પૂ. લગભગ 2300-2200) સચવાયેલી છે. તેમાં સારગોનના પૌત્ર નરમસીનું, પોતાના વિજયી સૈન્ય સાથેનું અર્ધમૂર્ત શિલ્પ કંડારેલું છે. પર્વત બાજુનાં વૃક્ષોની મધ્યેથી સૈન્ય પસાર થઈ રહ્યું છે. વિજયોન્મત્ત નરમસીન એકલો ઊભો છે. સામેની બાજુએ શત્રુના સૈનિકો ઘવાયેલા પડ્યા છે. તેણે મસ્તક પર દેવો પહેરે તેવો શિંગડાંવાળો મુગટ ધારણ કર્યો છે.



આચારસંહિતા સાથે હમુરાબી

લેગાસ(આધુનિક તેલ્લોહ)માંથી ત્યાંના રાજા ગુડિઆના શિલ્પનું મસ્તક મળી આવ્યું છે (ઈ. સ. પૂ. લગભગ 2150, ફાઇન આર્ટ્સ મ્યુઝિયમ, બોસ્ટન). ગુડિઆએ પોતાનાં શિલ્પો લેગાસના મંદિરમાં મુકાવ્યાં હતાં; જેમાંથી 20 જેટલાં મળી આવ્યાં છે. સ્થાપત્યકીય નકશો (plan) ખોળામાં લઈને બેઠેલા આ રાજાનું અન્ય એક શિલ્પ જાણીતું છે (737 મિલિમીટર (29 ઇંચ) ઊંચું, ઈ. સ. પૂ. લગભગ 2130, લુવ્ર, પૅરિસ). શિલ્પનું મસ્તક ગુમ થયેલું છે.

હમુરાબી નામનો એક પ્રતિભાશાળી રાજા બૅબિલોનમાં થઈ ગયો. તેણે ઘડેલા કાયદા માટે તે જગપ્રસિદ્ધ છે. અધિક મૂર્તશિલ્પ(high relief)માં તેને રજૂ કરતી 2.44 મી. (7 ફૂટ) ઊંચી ગ્રૅનાઇટ પથ્થરની એક તકતીમાં તેને રજૂ કર્યો છે (ઈ. સ. પૂ. લગભગ 1760, લુવ્ર, પૅરિસ). આ શિલ્પમાં હમુરાબીને કાયદો આપનાર દેવ શેમેશ અને સૂર્યદેવ સાથે આલેખ્યો છે. તેણે ગોળ નાની પાઘડી ધારણ કરી છે. પોતે ઘડેલા કાયદા વિશે દેવતાને અહેવાલ આપી રહ્યો હોય તેવી મુદ્રામાં તેણે જમણો હાથ ઊંચો કરેલો છે.

મેસોપોટેમિયાના દેવોનાં શિલ્પો દ્વારા ધર્મવિષયક માહિતી ઓછી મળે છે. સૂર્ય,


ચંદ્ર, તારા, ચક્ર વગેરેને સજીવ સ્વરૂપ આપવામાં આવ્યું છે. લાંબી દાઢી, વિશાળ આંખો અને શિંગડાં નરદેવોનું સૂચન કરે છે. વૃષભ અને સિંહ અનુક્રમે જુસ્સા (force) અને અશુભ(evil)નું સૂચન કરે છે.

(આ) એસિરિયા : એસિરિયાનો પ્રદેશ બૅબિલૉનની ઉત્તરે લગભગ 480 કિમી. દૂર આવેલો છે. ટાઇગ્રીસ નદીને મળતી નાની નાની નદીઓના કિનારે આ સંસ્કૃતિ વિકસી હતી. અસુર, અરબેલા, કાલાખ અને નીનેવેહ – આ ચાર નગરો આ સંસ્કૃતિનાં મહત્વનાં કેન્દ્રો હતાં. એસિરિયાની શિલ્પકલામાં અર્ધમૂર્ત શિલ્પો વધુ પ્રચલિત હતાં. ત્રણ બાજુએ ઘડેલાં અર્થાત્ પૂર્ણમૂર્ત શિલ્પો પણ ક્વચિત્ જોવા મળે છે. બોગાઝકોયના સિંહદ્વાર (ઈ. સ. પૂ. લગભગ 1400) પરના સિંહોનાં શિલ્પો આ પ્રકારનાં છે. નગરમાં પ્રવેશ કરનારને રાજાની શક્તિનો પ્રભાવ પાડવા માટે આવાં શિલ્પો મૂકવામાં આવ્યાં હતાં.



સિંહોનો શિકાર કરતો અશુરનસિરપાલ


અશુરનસિરપાલ દ્વારા હમનુ શહેરના વિનાશના પ્રસંગને રજૂ કરતું શિલ્પાંકન (ઈ. સ. પૂ. 650) નીનેવેહ(વર્તમાન કિયુન્જિક)માંથી મળી આવ્યું છે. (બ્રિટિશ મ્યુઝિયમ, લંડન). આખોયે પ્રસંગ ત્રણ વિભાગમાં વિભક્ત છે. સૌથી ઉપરના ભાગમાં સૈનિકો શસ્ત્રો વડે કિલ્લો તોડી રહ્યા છે. કિલ્લો તૂટતાં ઈંટો અને લાકડાંનો ઢગલો નીચે પડ્યો છે. બુરજની ઉપરના ભાગે આગ ચાંપેલી દેખાય છે. મધ્યના ભાગમાં નગરમાં લૂંટ કરીને જતા સૈનિકો અને સૌથી નીચેના ભાગમાં સૈનિકો છાવણીમાં ભોજન અને મદિરા સાથે આરામ કરતા દર્શાવાયા છે. નિર્મુદ(કલહ)માંથી પ્રાપ્ત શિલ્પાંકન(ઈ. સ. પૂ. લગભગ 850; બ્રિટિશ મ્યુઝિયમ, લંડન)માં અશુરનસિરપાલને સિંહને હણતો દર્શાવ્યો છે. દશ્યની ડાબી બાજુએ શસ્ત્રોથી સજ્જ સૈનિકો છે. તેમની બાજુમાંથી રાજાના રથ પર ત્રાટકતા સિંહનું આલેખન છે. રાજાને સિંહ પર તીર તાકતો દર્શાવ્યો છે. ઘાયલ સિંહનો ક્રોધ કલાકારે અદ્ભુત રીતે દર્શાવ્યો છે. 'મૃત્યુ પામતી સિંહણ'નું ચૂનાના પથ્થરમાંથી કંડારેલું શિલ્પ વાસ્તવદર્શી અને લયબદ્ધ જણાય છે (ઈ. સ. પૂ. લગભગ 650; બ્રિટિશ મ્યુઝિયમ, લંડન). કમર અને ખભાના ભાગે તીરથી ઘવાયેલ સિંહણ પાછળના શરીરે લગભગ ઢીલી પડી ગઈ છે. ઘાના દર્દથી ત્રાડ પાડતી સિંહણનું મૃત્યુ નજીક આવી રહ્યું હોવાનું સ્પષ્ટ જણાય છે. નિર્મુદમાં આવેલા અશુરનસિરપાલના



મૃત્યુ પામતી સિંહણ

મહેલના એક અર્ધમૂર્ત શિલ્પમાં એક સપક્ષ દેવની ડ્રેગન સાથેની રજૂઆત છે. બંને હાથમાં ધારણ કરેલા ત્રિશૂળ જેવા શસ્ત્રથી દેવ ડ્રેગન પર વાર કરી રહ્યા છે. ડ્રેગન આગળના પગના પંજા ઊંચા કરીને અને પાછળ મોં ફેરવીને ક્રોધથી દેવની સામે ઘુરકિયાં કરી રહ્યો છે. માનવ-મસ્તક ધરાવતા એક સપક્ષ વૃષભનું શિલ્પ પોરસાબાદમાંથી મળી આવ્યું છે. એસિરિયાનાં અર્ધમૂર્ત શિલ્પો આછાં અને ચપટાં છે. તેમાં ઊંડાઈ જણાતી નથી. ઇજિપ્તનાં અર્ધમૂર્ત શિલ્પો કરતાં તેમાં અભિનય (action) વધુ જોવા મળે છે.

(ઇ) પર્શિયા : મેસોપોટેમિયાની પૂર્વમાં પર્શિયા (વર્તમાન ઈરાન) આવેલું હતું. પ્રાચીનકાળમાં આ પ્રદેશ 'પારસ' તરીકે ઓળખાતો. સમય જતાં તે પર્શિયા નામે ઓળખાવા લાગ્યો. ઈરાનના સાંસ્કૃતિક ઇતિહાસના મૂળમાં મીડ પ્રજા હતી. મીડ લોકો સમરકંદ અને બુખારાની ભૂમિમાં થઈને દક્ષિણમાં ઈરાન સુધી પહોંચ્યા હતા. તેમની બીજી ટોળી મીડિયામાં જઈને વસી. ઉત્તરમાં વસેલા મીડિયનો કહેવાયા અને દક્ષિણમાં વસેલા ઈરાનીઓ કહેવાયા. બંને શાખાઓએ પોતપોતાની આગવી શાસનવ્યવસ્થા કરી હતી. મીડિયનોએ એકબટાના અને ઈરાનીઓએ પ્રથમ સુસામાં અને ત્યારબાદ પર્સિપોલિસને રાજધાની બનાવી હતી. સમય જતાં એકીમિનિસ અને ત્યારબાદ સાઇરસ નામના રાજાઓએ બંને પ્રજાને એક કરી મહાન સામ્રાજ્યનું નિર્માણ કર્યું. અહીં સાઇરસ (ઈ. સ. પૂ. 558થી ઈ. સ. પૂ. 528), કેમ્બિસિસ (ઈ. સ. પૂ. 528થી ઈ. સ. પૂ. 521), દરાયસ (ઈ. સ. પૂર્વે 521થી ઈ. સ. પૂ. 486), ઝર્કસીસ (ઈ. સ. પૂ. 486થી ઈ. સ. પૂ. 465) વગેરે જાણીતા રાજાઓ થઈ ગયા. ઝર્કસીસના મૃત્યુ પછી ઈ. સ. પૂ. 330માં મહાન સિકંદરે ઈરાન જીતી લીધું. ઝર્કસીસના મૃત્યુ પછી થોડા જ સમયમાં ઈરાની સામ્રાજ્યની પડતી થઈ હતી.



નર-હરણ (stag)

પર્શિયન કલા ગ્રીક કલાની સમકાલીન હતી. તેમ છતાં તે ગ્રીક કલાની અસરથી અતડી રહી. તેની પ્રારંભિક કલા વિશે જાણવા મળતું નથી. મેસોપોટેમિયન વૃષભનું પ્રતીક અહીં સ્તંભ પરની શિરાવટી (capital) માટે ઉપયોગમાં લેવાયું. પર્શિયાના પશ્ચિ-મમાં આવેલા લુરિસ્તાનના ખોદકામમાંથી ધાતુની બનાવટની કેટલીક ચીજ-વસ્તુઓ મળી આવી છે; જેમ કે અલંકારો, કવચ, રથ અને ધાર્મિક વસ્તુઓ. અહીંના ધાતુકામની વિશેષતા એ છે કે તેમાં પશુઓનાં સુશોભનો(motifs)નો વધુ ઉપયોગ થયો છે. આ સુશોભનો અમૂર્ત કે કલ્પનામય પ્રકારનાં છે. એક દંડના શીર્ષ પર વર્તુળાકાર શિંગ-ડાંવાળા બે બકરા(i'bex)નાં શિલ્પ છે (બ્રિટિશ મ્યુઝિયમ). કોસ્ત્રોમ્સ્કાયમાંથી પ્રાપ્ત એક નર-હરણ(stag)નું શિલ્પ (ઈ. સ. પૂ. 9-7મી સદી; હર્મિટેજ મ્યુઝિયમ, લેનિનગ્રાડ) આકર્ષક છે. આ સિથિયન નમૂનો સંભવતઃ મધ્ય એશિયાટિક સ્રોતનો સ્વતંત્ર ઈરાની પરંપરાને પ્રતિબિંબિત કરે છે. સિથિયનો ઈરાનમાં આવીને સ્થાયી થયા હશે ત્યારે તેઓ ધાતુનાં શિલ્પો ઢાળવાની કલા શીખ્યા હશે. રાજા દરાયસે પર્સિપોલિસ નગરમાં ઊભા કરાવેલા સ્તંભોની શિરાવટી પર બેઠેલા વૃષભોનાં શિલ્પો છે. શિરાવટીનો આકાર ઘંટાકાર છે. આવી શિરાવટી આને કેન્દ્રમાં રાખીને Persipolitan bell shaped તરીકે ઓળખાય છે. ભારતમાં સમ્રાટ અશોકે ઊભા કરાવેલા સ્તંભો પરની શિરાવટીઓ પણ આ જ આકારની છે. આ જ નગરમાં દરાયસના ઓડિયન્સ હૉલ(મુલાકાત માટેનો ખંડ)ની સીડી પર અર્ધમૂર્ત શિલ્પો કંડારેલાં છે. આ પૈકીના એક શિલ્પમાં દરાયસ અને ઝર્કસીસ લોકોને મુલાકાત આપતા દર્શાવ્યા છે. મેસોપોટેમિયન કલાપરંપરાનો શુદ્ધ પડઘો અહીં જોવા મળે છે. આ દશ્યમાં આલેખિત પાત્રોએ ગૂંથેલાં વસ્ત્રો ધારણ કર્યાં છે. આ વસ્ત્રોની નીચે ઢંકાયેલા હાથ અને ખભા કલાકારે અદભુત રીતે દર્શાવ્યા છે. પર્સિપોલિસથી થોડે દૂર અકામેનિડ રાજાઓના દફનસ્થળ નક્શ-ઇ-રુસ્તમમાં પર્વત પર કંડારેલા એક શિલ્પમાં રાજા દરાયસે રોમન સમ્રાટ વેલેરિયન પર વિજય મેળવ્યો તે યાદગાર પ્રસંગ કંડારેલો છે.

સાતમી સદીની મધ્યમાં આરબોએ પર્શિયાનો પ્રદેશ જીતી લીધો એ સાથે પર્શિ-યન કલાનો વિકાસ થંભી ગયો; પરંતુ એ કલાનાં કેટલાંક તત્વોએ ઇસ્લામિક કલામાં સ્થાન લઈ લીધું હતું.

## 2. સ્થાપત્ય

(અ) મેસોપોટેમિયા : મેસોપોટેમિયાના સૌથી પ્રાચીન સ્થાપત્યના અવશેષો એરીડુમાંથી પ્રાપ્ત થયા છે. અહીંનું મંદિર નં. 16 મેસોપોટેમિયાના મંદિર-સ્થાપત્યનાં લક્ષણો દર્શાવે છે. વર્કાના અવશેષોનો સમય ઈ. સ. પૂ. લગભગ 2900--2340નો છે. તેના 9 કિમી.ના ઘેરાવામાં અનેક મંદિરો અને જાહેર ઇમારતો બાંધેલાં હતાં. નગરના ઇન્ના અને અનુ બે વિસ્તારો અનુક્રમે માતૃદેવી અને આકાશદેવ સાથે સંકળાયેલા હતા. સ્તંભવાળું મંદિર જે Pillar temple તરીકે ઓળખાય છે, તે તેના વિશાળ સ્તંભો માટે પ્રસિદ્ધ છે. તેના સ્તંભોનો વ્યાસ 2.6 મી. (8 ફૂટ 9 ઇંચ) છે. મુક્ત રીતે ઊભેલા સ્તંભો(free standing pillars)નો સૌથી પ્રાચીનતમ આ નમૂનો છે. અનુમાં આવેલ શ્વેત મંદિર સારી રીતે સુરક્ષિત છે. પ્રાગૈતિહાસિક મેસોપોટેમિયામાં પ્લૅટફૉર્મ પર બાંધેલ આ મંદિરમાં ઝીગુરતનો ઉદભવ જણાય છે. તેનું પ્લૅટફૉર્મ ચારે બાજુએ ઢળતું છે. તે પૈકી ત્રણ પ્લૅટફૉર્મ પર ચપટાં (flat) બટ્રેસિસ છે. ઉરનો ઝીગુરત પાયાએથી 62 મી. 43 મી. વિસ્તારનો છે અને 21 મી. ઊંચો છે. તેની ટોચ પર સામાન્ય મંદિર છે. ઝીગુરતના હાર્દ ભાગમાં કાચી ઈંટોનું બાંધકામ છે. અને તેને ફરતી પાકી ઈંટોનું બાંધકામ લગભગ 2.4 મી. (8 ફૂટ) જાડાઈનું છે. બગદાદની ઉત્તર-પૂર્વમાં ખાફાજેના સ્થળે ઓવલ મંદિર આવેલું છે. ચઢતા ક્રમની ત્રણ અગાશીઓ છે. આ મંદિરની પાસે ચંદ્રદેવ-શનિનું મંદિર છે. ઉરમાં રાજકુટુંબનું સ્મશાન આવેલું છે. સુમેરિયન ઇજનેરી કૌશલ્યને તે સુંદર રીતે રજૂ કરે છે. બાંધકામમાં જ્યારે ઈંટોનો વપરાશ વધી રહ્યો હતો ત્યારે આ સ્મશાનમાં આવેલી કબરો પથ્થરમાં બાંધેલી છે. મારીમાં આવેલ રાજમહેલ ત્રીજી સહસ્રાબ્દી દરમિયાન બંધાયો હતો. તેમાં શાહી રહેઠાણ, સ્વાગત કેન્દ્ર, કાર્યાલય, નાગરિક સેવાની શાળા, ક્વાર્ટર્સ અને અનેક સંગ્રહ-ખંડો આવેલાં હતાં. કેટલાક ઓરડાઓમાંથી હજારો ફાચર કે શંકુ ઘાટ(cuneiform)ની ટૅબ્લેટ્સ આવેલી છે, જે ખરેખર તો તે વખતના દફતરો (archives) છે. બૅબિલૉનમાં કેસ્સાઇટ શાસનની ચોથી સદી (ઈ. સ. પૂ. 1595-1171) કલાની બાબતમાં બહુ જાણીતી ન હતી. હાલના બગદાદથી 32 કિમી. દૂર નવી રાજધાની કુરિગઝલુમાં રાજમહેલનું નિર્માણ થયું. એલમ રાજ્યની રાજધાની સુસામાં ઈ. સ. પૂ. 13મી સદીમાં ચોગા-ઝાનબિલ(Tchoga-Zanbil)ના ઝીગુરતનું બાંધકામ થયું.

(આ) એસિરિયા : એસિરિયામાં ઝીગુરત સાથેનાં અને ઝીગુરત વિનાનાં મંદિરો બંધાયાં. ઉત્તર એસિરિયન કાળ (ઈ. સ. પૂ. 911-612) દરમિયાન મોટી સંખ્યામાં મંદિરો હતાં અને મહત્વનાં હતાં. તેલ રિમાહ ખાતે થયેલા ઉત્ખનનમાંથી ઈંટેરી નળાકાર ઘુંમટ (barrel vault) પ્રાપ્ત થાય છે. આશુરનું નગર એસિરિયા રાજ્યનું પ્રાચીન ધાર્મિક અને રાષ્ટ્રીય કેન્દ્ર હતું. તે ટાઇગ્રીસ નદીના કાંઠે પર્વત પર બાંધ્યું હતું અને સંરક્ષણ-દીવાલથી આવૃત હતું (ઈ. સ. પૂ. 2000). ઈ. સ. પૂ. 9મી સદીમાં તેની બહાર બીજી સંરક્ષણ-દીવાલ બાંધવામાં આવી. પ્રથમ મંદિર પ્રેમ અને યુદ્ધની દેવી ઇસ્થરનું બાંધવામાં આવ્યું. રાષ્ટ્રીય દેવ આશુરના ઝીગુરત મંદિરનો જીર્ણોદ્ધાર


તિકુલ્તી-ગિનુર્તા 1લાએ (ઈ. સ. પૂ. 1244-1208) કરાવ્યો. તેલ રિમાહમાં એસિરિયાના શક્તિશાળી રાજા શમ્શી-અદાદ 1લાએ ઈ. સ. પૂ. બીજી સહસ્રાબ્દીમાંના પ્રારંભમાં મંદિર બંધાવ્યું. બીજી પેઢીએ અહીં રાજમહેલ પણ બંધાવ્યો. આ મહેલનો પ્લાન મારીના મહેલને સમાંતર છે. બહાર એક અન્ય નગર પણ વિકસાવવામાં આવ્યું હતું. નિર્મુદ નગરનો જીર્ણોદ્ધાર અને વિસ્તરણ અશુરનસિરપાલ બીજાએ (ઈ. સ. પૂ. 883-859) કર્યો. તેણે તેના રાજ્યની રાજધાની બનાવી. રાજગઢીમાં આવેલ આ નગરનો વિસ્તાર 550 મી. 320 મી. હતો. ઉત્તર-પશ્ચિમમાં આવેલ રાજમહેલ તેનું નિવાસસ્થાન હતું. આ મહેલનો પ્લાન તે પછીના એસિરિયાના મહેલોના પ્લાનની પરંપરા બની ગઈ. તેમાં પ્રથમ જ વાર યુદ્ધ, ઉપસાવેલી આકૃતિઓ અને ઘરેલુ દશ્યના શિલાપટ્ટનો અલંકરણ તરીકે ઉપયોગ થયો. શાલ્મનેસર ત્રીજાએ (ઈ. સ. પૂ. 859-824) નિર્મુદનો કિલ્લો રાજગઢીની બહાર બંધાવ્યો. મોસૂલથી 40 કિમી. દૂર ઇમગુર-ઇનલિલ(બલવત) માં અશુરનસિરપાલ બીજાએ અને તેના પુત્ર શાલમેનેસર ત્રીજાએ મહેલ અને મંદિર સાથેની ગ્રામીણ વસાહતો સ્થાપી. નિર્મુદનું એઝિદાનું મંદિર

ઈ. સ. પૂ. 9મી સદીમાં બંધાવ્યું હતું. તેમાં લખાણના દેવ નબુ અને તેની પત્નીનાં ગર્ભગૃહો છે. ખોર્સાબાદ શહેરમાં રાજા સારગોન બીજાએ (ઈ. સ. પૂ. 722-705) બંધાવેલ એસિરિયાની મહત્વની ઇમારતો આવેલી છે. સારગોનનો મહેલ 23 એકરનો વિસ્તાર ધરાવે છે. તેના મુખ્ય પ્રવેશની બંને બાજુ બે મોટા ટાવર છે અને પાંખોવાળા વૃષભ(3.8 મી. ઊંચા)નાં ભવ્ય શિલ્પો રક્ષક તરીકે મૂક્યાં છે. મહેલની દીવાલો લગભગ 6 મી. જાડી હતી અને અંદરની બાજુએ ચિત્રિત સુશોભનના ત્રણ થર હતા. સારગોન-ના પુત્ર સેન્નાચેરિબે (ઈ. સ. પૂ. 705-681) પોતાના રાજ્યની રાજધાની તરીકે નિનેવેહ નગરને વિકસાવ્યું. રાજ્યકાલના શરૂઆતનાં બે વર્ષ તેણે આ નગરની દીવાલ, રાજગઢી અને મહેલના નિર્માણ માટે વિતાવ્યાં. આ મહેલનું વર્ણન કરતા લાંબા શિલાલેખો 19મી સદીમાં થયેલા ઉત્ખનનમાંથી મળી આવ્યા છે.

(ઇ) પર્શિયા : પશ્ચિમ ઈરાનમાં ગોડિનટેપે, બાબા જાન અને નુશ-ઇ-જાન મુકામે થયેલા ઉત્ખનનમાંથી મહાન સાયપ્રસની અગાઉના મિડિઆ અને ઈરાનના ઈ. સ. પૂ. 8મી અને 7મી સદીના સ્થાપત્યના અવશેષો હાથ લાગ્યા છે. ગોલ્ડન ટેપેમાંથી રાજગઢી અને મહેલના અવશેષો પ્રાપ્ત થયા છે. હમદાન પાસેના નુશ-ઇ-જાનના ખોદકામમાંથી ઈ. સ. પૂ. 700-550ના સમયની કેટલીક ઇમારતો પ્રાપ્ત થઈ છે. આ ઇમારતો કાચી ઈંટો વડે બાંધેલી છે. તેમાંના એક મકાનમાંથી અગ્નિ માટેની વેદી મળી આવી છે. કિલ્લા જેવું જણાતું એક સ્થાપત્ય પણ નજરે પડે છે. ત્યાંના મહેલો અને કબરો જોતાં જણાય છે કે તેનાં સ્થાપત્યકીય લક્ષણો પ્રાચીન સભ્યતામાંથી ઊતરી આવ્યાં હોય. પસારગા-દેમાંથી પણ ઇમારતો મળી આવી છે. અહીંની ઇમારતો ચાર સંકુલમાં વિભક્ત છે. આ સર્વમાં રાજા સાયપ્રસની કબર ઉલ્લેખનીય છે. ચૂનાના પથ્થર વડે નિર્મિત આ કબરનો વિસ્તાર 3.2 મીટર 2.3 મીટર છે. છ પગથિયાં ધરાવતા પ્લૅટફૉર્મ પર તે આવેલી છે. પ્રાચીન 'ગેબલ્ડ હાઉસ' (Gabled House) સાથે તેની ડિઝાઇન મળતી આવે છે.

સુસામાંથી રાજા ડેરિયસ પ્રથમ(ઈ. પૂ. 522–486)ના સમયની રાજગઢી અને મહેલ મળી આવ્યાં છે. મહેલના બાંધકામ માટેની વિવિધ સામગ્રી ક્યાંથી લાવવામાં આવી હતી તેની રસપ્રદ વિગતો ત્યાંના શિલાલેખમાં દર્શાવવામાં આવી છે. દેવદારની જાતનું લાકડું (cedar) લેબેનોનમાંથી, ટીકનું લાકડું ઝાગ્રોસ પર્વતમાંથી લાવવામાં આવ્યું હતું. ઈંટો બૅબિલૉનિયન પદ્ધતિ પ્રમાણે બનાવવામાં આવી હતી. કારીગરીમાં એસિરિયા, બૅબિલૉન, ઇજિપ્ત અને ગ્રીસની પરંપરા જોવા મળે છે.;

પર્સિપોલિસના ભવ્ય મહેલનું બાંધકામ રાજા ડેરિયસ પ્રથમે ઈ. સ. પૂ. 518માં શરૂ કર્યું હતું. મોટા ભાગનું બાંધકામ ઝર્કસીસ પ્રથમ(ઈ. સ. પૂ. 486–465)ના સમયમાં થયું અને રાજા અર્તાઝર્કસ પ્રથમના સમયમાં ઈ. સ. પૂ. 460માં પૂરું થયું. મહેલની વિવિધ ઇમારતો પથ્થરના મોટા પ્લૅટફૉર્મ (460 મીટર 275 મીટર) પર આવેલી છે. ઉત્તર-પશ્ચિમ બાજુની સીડીનાં પગથિયાં 6.7 મીટર પહોળાં હતાં જ્યાંથી ઘોડાઓને પણ પસાર થવું સરળ હતું. દક્ષિણે ત્રીજા દ્વારની નજીક આવેલું પ્રેક્ષકગૃહ 76.2 મીટર વિસ્તારનું સમચોરસ હતું અને તેમાં 36 સ્તંભો હતા. રાજા ડેરિયસનો મહેલ પણ ઉલ્લેખનીય છે. રાજા ઝર્કસીસનો મહેલ પણ આવેલો છે. તેમાં આવેલી 'એલ' (L) આકારની ઇમારત સ્ત્રીઓના નિવાસ માટે (હરેમ) છે. સો સ્તંભોવાળો



ડેરિયસના હૉલનું પ્રેક્ષકગૃહ

ખંડ (hall of the hundred columns) તેણે બંધાવવો શરૂ કર્યો હતો. ગાદી માટેનો આ ખંડ (Throne Hall) 68.6 ચોમી. વિસ્તારનો હતો. તેની ઈંટેરી દીવાલ 3.4 મીટર જાડી હતી. હૉલને બે પ્રવેશદ્વાર અને સાત બારીઓ હતાં. પર્સિપોલિસની આ સર્વ ઇમારતો સુંદર શિલ્પોથી અલંકૃત હતી.

# 4
# ગ્રીક શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

યુરોપના અગ્નિ છેડે આવેલો ગ્રીસનો દ્વીપકલ્પ કોઈ લટકતા હારના પેન્ડન્ટ જેવો લાગે છે. ગ્રીસની પ્રજાએ ક્રીટ, મિસર અને ફિનિશિયા સાથે સાંસ્કૃતિક સંબંધો રાખ્યા હતા. ગ્રીસની સંસ્કૃતિનું ઉદભવસ્થાન એજિયન સંસ્કૃતિ અથવા ક્રીટની સંસ્કૃતિ હતું. ગ્રીસની પૂર્વમાં એજિયન સમુદ્ર આવેલો છે અને ત્યાં અનેક નાના-મોટા ટાપુઓ આવેલા છે, જે એજિયન ટાપુઓ તરીકે ઓળખાય છે. આ બધામાં સૌથી મોટો ટાપુ ક્રીટનો છે. આ કારણથી એજિયન સંસ્કૃતિ ક્રીટની સંસ્કૃતિ તરીકે પણ ઓળખાય છે. ઈ. સ. પૂ. 3600ના અરસામાં આ સંસ્કૃતિનાં મંડાણ થયાં હશે. ક્રીટની રાજધાની નોસોર હતી. આ સંસ્કૃતિના રાજાઓ મિનોસના ઉપનામથી પોતાને ઓળખાવતા. આ સંસ્કૃતિ એશિયા, આફ્રિકા અને યુરોપને જોડનાર કડીરૂપ છે. આ સંસ્કૃતિનો આર્યોની ટોળીઓએ ઈ. સ. પૂ. 1200 પછીથી નાશ કર્યો; પરંતુ આર્યોએ તેના વારસાને સાચવીને ગ્રીસને આપ્યો. ગ્રીસના રહેવાસીઓ તેમને હેલેનિક તરીકે અને પોતાના દેશને હેલાસ તરીકે ઓળખાવે છે. તેમનામાં જુદી જુદી પ્રજાઓનું સંમિશ્રણ છે. રોમનોએ તેમને ગ્રીક તરીકે ઓળખાવ્યા. આજથી અઢી હજાર વર્ષ પહેલાં એમણે જે સંસ્કૃતિનું સર્જન કર્યું તે આજે પણ યુરોપના ભવ્ય વારસા તરીકે પ્રસિદ્ધ છે. યુરોપની સંસ્કૃતિની જનેતા ગ્રીક સંસ્કૃતિ છે. વિખ્યાત ઇતિહાસકાર વીલ ડુરાં કહે છે કે, ‘યંત્ર સિવાય આપણી સંસ્કૃતિમાં બિનધાર્મિક એવું કોઈ તત્વ નથી કે જે ગ્રીસમાંથી ઊતરી આવેલું ન હોય.’ સાહિત્ય, તત્વજ્ઞાન અને કલાના ક્ષેત્રે ગ્રીસે જે પ્રદાન કર્યું છે તે માટે જગત કાયમ માટે ગ્રીસનું ઋણી રહેશે. સૌંદર્યની કદર કરવામાં અને સુંદર કલાકૃતિઓ સર્જવામાં ગ્રીક લોકો માનવજાતના ગુરુ છે.

ગ્રીક અથવા હેલેનિક કલા ગ્રીસ દ્વીપકલ્પમાં એજિયન સમુદ્ર અને એશિયા માઇ-નોરના કાંઠાના ટાપુઓ પર વિકસી હતી. અહીંના સંસ્થાનવાસીઓ ગ્રીક કલાને દક્ષિણ-માં ઇટાલી, સિસિલી; ઉત્તરમાં આફ્રિકા અને દક્ષિણમાં ફ્રાન્સ તથા સ્પેન તેમજ બાલ્કન અને ક્રિમિયા સુધી લઈ ગયા. મહાન ઍલેક્ઝાન્ડર અને તેના ઉત્તરાધિકારીઓએ તેનો પ્રસાર સીરિયા, ઇજિપ્ત, મેસોપોટેમિયા, ઈરાન અને ભારત સુધી કર્યો. ગ્રીક કલામાં

શારીરિક સૌષ્ઠવ અને પ્રમાણસરતા પર ભાર મૂકવામાં આવ્યો. આ કલા મોટે ભાગે ધર્માવલંબી હતી અને મંદિરો સાથે સંકળાયેલી હતી. શિલ્પમાં શરીરની પૂર્ણતા પર વધુ ધ્યાન આપવામાં આવતું હોવાથી શિલ્પીઓએ શરીરરચનાશાસ્ત્ર(anatomy)નો અભ્યાસ કરવો પડતો. આથી ગ્રીક શિલ્પોમાં માનવદેહની પૂર્ણ સુંદરતાનો આદર્શ જોવા મળે છે. જગતની શિલ્પકલામાં ગ્રીક પ્રજાએ જ પ્રથમ વાર વાસ્તવિકતા પર ભાર મૂક્યો હતો. મિસરથી અલગ પડીને ગ્રીકોએ તેમનાં દેવ-દેવીઓને પાંખો વિનાનાં અથવા પશુના મસ્તક વિનાનાં અર્થાત્ પૂર્ણ માનવીય રૂપે શિલ્પમાં અભિવ્યક્ત કર્યાં. ગ્રીક કલાના કેન્દ્રમાં માનવી જ છે. ગ્રીક શિલ્પકલામાં વિષયનું વૈવિધ્ય જણાય છે. તેમાં ધાર્મિક, બિનધાર્મિક અને ઘરેલુ વિષયો જોવા મળે છે. જોકે મહદ્અંશે ધાર્મિક વિષય છે. શિલ્પના માધ્યમ તરીકે શરૂઆતમાં કાષ્ઠ અને તે પછી ચૂનાનો પથ્થર તેમજ ટૂફા(poros)નો ઉપયોગ થયો છે. ગ્રીક શિલ્પકલાની પ્રશંસા કરતાં હર્ડર (Herder) જણાવે છે કે, 'ગ્રીક શિલ્પકલામાં માનવતાનું સંપૂર્ણ કાલાતીત રૂપાંકન (Embodiment) નીરખી શકાય છે.'

ગ્રીક શિલ્પકલાના ઐતિહાસિક વિકાસના ત્રણ તબક્કા પડે છે – પ્રારંભિક (આર્કેઇક), પ્રશિષ્ટ અને હેલેનિસ્ટિક. પ્રારંભિક તબક્કાનાં પુરુષ-શિલ્પો મિસરની રચનાશૈલીથી પ્રભાવિત છે. આ પ્રકારનાં શિલ્પોમાં સ્કંધ ભાગ પહોળો, કમર પાતળી અને ડાબો પગ સહેજ આગળ લીધેલો દર્શાવ્યાં છે. આ પુરુષઆકૃતિઓ નિર્વસ્ત્ર અને ટટાર ઊભેલી હોય છે. તેમના હાથ કમરની નીચે જાંઘને સ્પર્શે તે રીતે લટકતા હોય છે. નારીઆકૃતિઓએ વસ્ત્રો પરિધાન કરેલાં છે અને તે અક્કડ રીતે ઊભી હોય છે. ઇજિપ્તની જેમ અહીં પણ સ્ત્રીઓએ કોણીમાંથી વાળેલો હાથ સ્તનથી નીચે છાતી સાથે જોડાયેલો જણાય છે. પુરુષોના ચહેરા પર એક વિશિષ્ટ પ્રકારનું સ્મિત ફરકતું દેખાય છે. કલાવિદો તેને 'આર્કેઇક સ્મિત' તરીકે ઓળખાવે છે. આ પહેલા તબક્કામાં શૈલી અને વિચારની દૃષ્ટિએ બે ધારા – ડૉરિક અને આયોનિક – જોવા મળે છે. આ બંને ધારાઓ એકબીજીથી વિરુદ્ધ છે. ડૉરિકમાં પૌરુષ અને સામર્થ્ય છે તો આયોનિકમાં નારીરૂપ અને ઋજુતા છે. આ તબક્કાનાં શિલ્પોમાં નગ્ન યુવાપુરુષોનાં 'કુરોઈ' (kroisos) નામે ઓળખાતાં અને આધેડ સ્ત્રીઓના 'કોરે' (kore) કહેવાતાં શિલ્પો તથા 'સારથિ'(રથનું શિલ્પ હયાત નથી)નું શિલ્પ પ્રસિદ્ધ છે. પ્રશિષ્ટ તબક્કામાં કોરિન્થિયન ધારા ધીરે ધીરે દેખાય છે. ઈ. સ. પૂ. પાંચમી સદીના પૂર્વાર્ધથી શિલ્પકલા આર્કેઇક પરંપરાગત મર્યાદામાંથી મુક્ત થઈ. હેલેનિસ્ટિક તબક્કામાં કોરિન્થિયન ધારાનો પ્રભાવ વધે છે. આ ધારા તેની અલંકારપ્રચુરતા માટે જાણીતી છે. ઈ. સ. પૂ. ત્રીજી સદીથી ખ્રિસ્તી યુગના આરંભ લગીનો સમય મિશ્ર ગ્રીક અથવા હેલેનિસ્ટિક તરીકે ઓળખાય છે. ઍલેક્ઝાન્ડરે એશિયાના વિસ્તારમાં સ્થાપેલા સામ્રાજ્ય સાથે તેનો પ્રારંભ થયો. તેમાં ગ્રીક કલાની શૈલીઓનું પૂર્વની કલાશૈલીઓ સાથે સંમિશ્રણ થયું.



એક સ્ત્રી-શિલ્પ



ઊભેલો યુવાન



એક રથવાહક


સામોસ ટાપુ પરથી મળેલું દેવી હેરાનું શિલ્પ પૅરિસના લુવ્રમાં આવેલું છે. ઈ. સ. પૂ. 550માં બંધાયેલા મંદિરમાં તે હતું. હેરા દેવોની રાણી મનાય છે. સ્તંભ-સ્વરૂપે કંડારેલ આ શિલ્પમાં હેરા સન્મુખ દર્શને છે અને ડાબો હાથ છાતી સાથે ટેકવેલો છે. જમણો હાથ લટકતો શરીરને અડેલો છે. મસ્તકનો ભાગ ગુમ થયેલો છે. દેવીએ ધારણ કરેલાં વસ્ત્ર પર કરચલીઓનું આલેખન આકર્ષક છે. એક સ્ત્રીશિલ્પ (લુવ્ર, પૅરિસ; ઈ. સ. પૂ. લગભગ 650) અને એક ઊભેલા યુવાનનું શિલ્પ (ઈ. સ. પૂ. લગભગ 600; મેટ્રોપૉલિટન મ્યુઝિયમ ઑવ્ આર્ટ, ન્યૂયૉર્ક) ઇજિપ્તની શિલ્પશૈલીને મળતાં આવે છે. આ શિલ્પો અનુક્રમે કુરોઈ અને કોરે પ્રકારનાં છે. કુરોઈ હંમેશાં નિર્વસ્ત્ર પુરુષ હોય છે અને કોરે એ વસ્ત્રો પહેરેલ સ્ત્રી હોય છે. આવા નિર્વસ્ત્ર યુવાનોનાં શિલ્પોને કેટલાક વિદ્વાનો એપોલોનાં હોવાનું માને છે; પરંતુ તેમાં એપોલો દેવની ચોક્કસ ઓળખ જોવા મળતી નથી. સીધાં ટટાર ઊભાં રહેલાં આ શિલ્પો ઇજિપ્તનાં શિલ્પોમાં જોવા મળતી સીધા ઊભા રહેવાની ભંગીને મળતાં આવે છે. નિતંબની સરખામણીમાં ખભા ઘણા વિશાળ છે. કોરેનાં શિલ્પો એથેન્સ નગરમાં મૂકવામાં આવતાં. પર્શિયનોએ જ્યારે એથેન્સનો નાશ કર્યો ત્યારે આવાં શિલ્પો તોડી પાડવામાં આવ્યાં હતાં અને દીવાલોની પાછળ દાટી દેવાયાં હતાં. શોધખોળ દરમિયાન તે મળી આવ્યાં હતાં. તેમની ઊભા

રહેવાની સ્થિતિ અક્કડ છે, પરંતુ સામોસની હેરા કરતાં તેમાં જીવંતપણું જણાય છે. સામાન્ય રીતે તેમનો જમણો હાથ આગળ ધરેલો હોય છે અને તે અલગ પથ્થરમાંથી બનાવીને ધડ સાથે સાલવીને જોડેલો હોય છે.

એક રથવાહકનું ધાતુશિલ્પ (ઈ. સ. પૂ. લગભગ 470, ડેલ્ફી મ્યુઝિયમ) ડેલ્ફી-માંથી પ્રાપ્ત થયું છે. તે પૂર્વ શિષ્ટયુગનું છે. રથદોડની સ્પર્ધાના વિજયની સ્મૃતિમાં કદાચ આ દેખાવડા અને ખાનદાન કુટુંબના યુવકનું શિલ્પ ઘડવામાં આવ્યું છે. જમણી તરફ સહેજ ઝૂકીને આ યુવક અક્કડ રીતે ઊભો છે. તેણે ઊભી સળવાળો ઝભ્ભો પહેર્યો છે. કમરે પટ્ટો બાંધેલો છે. ઘોડાની લગામ તેના જમણા હાથમાં ધારણ કરી છે. ડાબો હાથ ગુમ થયેલો છે. માથાના વાળ પટ્ટી વડે ચુસ્ત રીતે જકડી રાખવામાં આવ્યા છે. ઊભી સળવાળો ઝભ્ભો વાંસળી ઘાટના સ્તંભ(fluted column)ની યાદ અપાવે છે. પરંપરાગત વસ્ત્રો ધારણ કરેલ આ શિલ્પ જીવંત શરીરની અસર નિપજાવે છે.

લાંબો ભાલો ધારણ કરેલા ઘોડેસવાર અથવા ડોરિફોરસ(Doryphoros)નું ધાતુશિલ્પ પોલિક્લેઇટોસ નામના શિલ્પીએ ઘડ્યું હતું. હાલ તેની આરસમાંની નકલ જ મળે છે. આ શિલ્પમાં અક્કડતા અને પરંપરાગત વિગતોનો અભાવ છે, છતાં તેમાં જીવંતતા જણાય છે. ચક્ર ફેંકતા યુવાન(discobolos)નું ધાતુશિલ્પ માયરોન (Myron) નામના શિલ્પીની કૃતિ છે. તે ગુમ થયું હોવાથી તેની આરસની પ્રતિકૃતિઓ મળે છે. શરીરની સપ્રમાણતા જાળવીને વિશિષ્ટ રીતે આ રમતવીર ઊભો છે. ચક્ર ધારણ કરેલો જમણો હાથ પાછળ લઈને ઊંચો કર્યો છે. ડાબો હાથ જમણા પગના ઘૂંટણ પર ટેકવીને સમગ્ર શરીરને અંગ્રેજીના 'એસ' (S) આકારે (ભારતીય ત્રિભંગીમાં) ઝુકાવ્યું છે. પાંચમી સદીની ગ્રીક શિલ્પકલાનો આ આદર્શ નમૂનો રોમના મ્યુઝિયમમાં પ્રદર્શિત છે.

ગ્રીક શિલ્પકલામાં કેટલાક આંતરરાષ્ટ્રીય બનાવોને પણ અભિવ્યક્ત કરવામાં આવ્યા છે. એટ્ટેલસ પહેલાએ ઈ. સ. પૂ. લગભગ 240 – ઈ. સ. પૂ. 200 દરમિયાન ગૉલ (Gaul) લોકો પર વિજય મેળવ્યો હતો. ગૉલ લોકો કાલ્ટિક (Caltic) જાતિના હતા. આ વિજયની સ્મૃતિમાં ઘડાયેલું 'મરણાસન્ન ગૉલ' (Dying Gaul) નામનું ધાતુશિલ્પ (ઈ. સ. પૂ. લગભગ 230-220, મ્યુઝિયો ડેલે ટર્મે, રોમ) ઘડવામાં આવ્યું હતું અને તે એટ્ટેલસને અર્પણ કરવામાં આવ્યું હતું. આ શિલ્પ ઘડનાર શિલ્પીએ ગૉલ પ્રજાનો પૂર્ણ અભ્યાસ કર્યો હોવાનું જણાઈ આવે છે. મૃત્યુ પામતા ગૉલની મુખાકૃતિ અને માથાના વાળ બરાબર ગૉલ પુરુષને મળતાં આવે છે. ગૉલ પુરુષ ગળે ધાતુની હાંસડી પહેરે છે તે પણ શિલ્પીએ અહીં દર્શાવી છે. ગ્રીક શિલ્પી જાતિગત, શારીરિક અને સાંસ્કૃતિક લક્ષણોને ધ્યાનમાં રાખીને શિલ્પનું સર્જન કરતો. આ જ શિલ્પને એજિનાના મંદિરના પૂર્વના પેડિમેન્ટ પર આલેખિત મૃત્યુ પામતા યોદ્ધાના શિલ્પની (ગ્લિપ્ટોથેક, મ્યુનિક; ઈ. સ. પૂ. 490) સાથે સરખાવવા જેવું છે. અહીં મૃત્યુ પામતો યોદ્ધો ગ્રીક દર્શાવ્યો છે.




ચક્ર ફેંકતો યુવાન

ગ્રીક મંદિરોની સન્મુખે ઉપરના ભાગે ત્રિકોણાકાર પેડિમેન્ટ્સ (pediments) ગોઠવવામાં આવતાં. પેડિમેન્ટ્સમાં શિલ્પો કોતરવાની મોટી સમસ્યા હતી. પેડિમેન્ટ્સ ત્રિકોણાકાર હોવાથી તેના મધ્ય ભાગમાં વધુ ઊંચાઈવાળાં અને પડખેના ભાગે ઓછી ઊંચાઈવાળાં શિલ્પો ઘડવાં પડતાં. ઈ. સ. પૂ. પાંચમી સદીમાં આ ક્ષેત્રે ગ્રીકોની સફળ-તાનાં ઉચ્ચ શિખર જોવા મળે છે. તેનો પ્રારંભિક ઉત્તમ પ્રયોગ એક્રોપોલિસના એથેનાના મંદિરમાં થયો હતો. તેના પેડિમેન્ટમાં ત્રણ શરીરધારી અને ગૂંચળાકાર પૂંછડીવાળા રાક્ષસનાં શિલ્પો ખૂણામાં કંડારેલાં છે. એઈજીના ટાપુ પરના આફાઈઆના મંદિરનાં પેડિમેન્ટનાં શિલ્પોમાં થોડી પ્રગતિ જોવા મળે છે. પૂર્વના પેડિમેન્ટમાં સંભવતઃ ટ્રોજનના યુદ્ધનું દૃશ્ય કંડારેલું છે. મધ્યમાં ઊભેલી દેવી એથેનાએ જમણા હાથમાં



મૃત્યુ પામતો ગૉલ



મૃત્યુ પામતો યોદ્ધો

ભાલો ધારણ કર્યો છે જ્યારે ડાબો હાથ આગળ લંબાવેલો છે. તેની બંને બાજુએ તલવાર અને ઢાલ પકડીને ઊભેલા યોદ્ધાઓ છે. ખૂણામાં ઘાયલ સૈનિકો દર્શાવ્યા છે. ઓલિમ્પિયામાં આવેલ ઝિયસના મંદિરના પેડિમેન્ટ્સની શિલ્પાકૃતિઓ ઘણી પ્રગતિસૂચક અને કલાત્મક સિદ્ધિઓ દર્શાવતી જણાય છે. લેપિથ્સ અને કોન્ટોરસ (અર્ધમાનવ અને અર્ધપશુ શરીરવાળા પૌરાણિક રાક્ષસો) વચ્ચેના યુદ્ધને પશ્ચિમના પે-ડિમેન્ટ પર આલેખ્યું છે. મધ્યમાં કેન્દ્રસ્થાને એપોલો દેવ શાંત અને ભવ્ય રીતે ઊભા છે.

ફિડિયાસ માત્ર શિષ્ટ યુગનો જ નહિ પરંતુ બધા જ યુગનો મહાન શિલ્પી હતો. પેરિક્લિસે પાર્થેનોનને શિલ્પાંકનથી અલંકૃત કરવા માટે તેને નીમ્યો હતો. તેણે આ કામ શરૂ કર્યું તે પહેલાં પણ તે તેની બે શિલ્પકૃતિઓથી નામાંકિત થયો હતો. એમાંનું એક એથેના પ્રોમાકોસ(યુદ્ધમાં આગળ રહી લડતી એથેના)નું ધાતુશિલ્પ અને બીજું એથેના લેમ્નિઆનું છે. આ બંને શિલ્પોની મૂળ કૃતિ ન હોવાથી તેની આરસની પ્રતિકૃતિ જળવાઈ રહી છે. ફિડિયાસે પાર્થેનોનને શિલ્પમય અલંકરણોથી સજાવવા પોતાની પૂરેપૂરી પ્રતિભાને કામે લગાડી લીધી. તેની શિલ્પાકૃતિઓ પૂર્વ અને પશ્ચિમના પેડિમેન્ટ્સ અને મેટોપ્સ (metops) પર જોવા મળે છે. સૌથી પહેલાં તેણે વર મેટોપ્સ-નું કામ ઈ. સ. પૂ. 447માં પૂરું કર્યું. આમાં પૌરાણિક યુદ્ધોના પ્રસંગોને રજૂ કરવામાં આવ્યા. આવું એક સર્વોત્તમ શિલ્પ કેન્ટોરૌસ અને લેપિથ્સ વચ્ચેના યુદ્ધનું છે (લુવ્ર, પૅરિસ). ગર્ભગૃહની ઉપર 90 સેમી. ઊંચો અને 160 સેમી. લાંબો શિલ્પનો પટ્ટ (લુવ્ર, પૅરિસ) છે. એથેન્સ નગરની રક્ષક દેવીના માનમાં દર ચાર વર્ષે એક મોટો ઉત્સવ ઊજવાતો અને તે સાત દિવસ સુધી ચાલતો. આ મહોત્સવ વખતે નગરયાત્રા પણ નીકળતી. આ મહોત્સવમાં ભાગ લેતી યુવતીઓનાં શિલ્પનો એક પટ્ટ (લુવ્ર, પૅરિસ) જાણીતો છે. પૂર્વના પેડિમેન્ટમાં એથેના દેવીના જન્મનો પ્રસંગ આલેખવામાં આવ્યો છે. ગ્રીક પુરાણકથા પ્રમાણે એથેના તેના પિતા ઝિયસના કપાળમાંથી પ્રગટ થતી હોવાનો ઉલ્લેખ છે. પશ્ચિમના પેડિમેન્ટ પર એટ્ટિકાની ભૂમિ માટે એથેના અને પોઝિડોન વચ્ચે થયેલા સંઘર્ષનો પ્રસંગ કેન્દ્રમાં આલેખવામાં આવ્યો છે. એથેનાએ હાથમાં ભાલો અને

પોઝિડોને ત્રિશૂળ ધારણ કર્યું છે. પેડિમેન્ટ્સનાં બધાં જ શિલ્પોનું સર્જન ફિડિયાસે નહિ કર્યું હોય. તેમ છતાં તેના સર્જનમાં તેણે માર્ગદર્શન પૂરું પાડ્યું હશે. ફિડિયાસની ઉત્તમ કૃતિ એથેના પાર્થેનોસ છે. હાથીદાંત અને સોનામાંથી બનાવેલી આ કૃતિ ગર્ભગૃહમાં છે.

ફિડિયાસનો સમકાલીન જાણીતો શિલ્પી પોલિક્લેટિયસ હતો. તે આર્ગોસની ડોરિયન શૈલીનો કલાકાર હતો. તેણે ધાતુશિલ્પો બનાવેલાં છે. રોમન શૈલીમાં નકલ પામેલી તેની ત્રણ કૃતિઓ જાણીતી છે – ભાલો-ધારક યુવક (ડોરિફોરસ), માથે ફીત વડે વાળ બાંધતો યુવક (ડાયાડ્યુમેનોસ) અને ઘાયલ એમેઝોન. આર્કેઇક સમયની અક્કડતા આ શિલ્પોમાં જોવા મળતી નથી. શરીરરચના (anatomy) પર વધુ ધ્યાન અપાયું છે. શરીરનાં અંગોનાં પ્રમાણ, જેને કેનન (canon) કહે છે તેને આ શિલ્પો સંપૂર્ણ અનુસરે છે. જેમ કે હથેળીની પહોળાઈ આંગળીની પહોળાઈથી ચારગણી, ખભાની પહોળાઈ માથાની પહોળાઈથી ચારગણી, પગ(foot)ની લંબાઈ હથેળીની પહોળાઈ-થી ચારગણી અને આકૃતિની ઊંચાઈ માથાની ઊંચાઈથી સાતગણી હોવી જોઈએ. ભાલાધારક યુવકના શિલ્પમાં આ પ્રમાણ જોવા મળે છે.

ઈ. સ. પૂ. ચોથી સદીના ગ્રીકના જાણીતા શિલ્પીઓમાં સ્કોપાસ, પ્રેક્સિટેલેસ અને લિસિપ્પસની ગણના થાય છે. સ્કોપાસ વિશે ખૂબ જ ઓછું જાણવા મળે છે. હેલિકાર્નેસ્સોસના મોઝેલિય પર તેણે શિલ્પકામ કર્યું હતું. પ્રેક્સિટેલેસ એથેન્સનો હતો. તેની 50 શિલ્પકૃતિઓની નોંધ પ્રાચીન લેખકોએ લીધી છે. બાળક સ્વરૂપના ડાયોનિ-સસ સાથે હર્મિસનું શિલ્પ તેની જાણીતી કૃતિ છે. તે 1877માં ઓલિમ્પિયામાંથી મળી આવ્યું હતું. હર્મિસે બાળ-ડાયોનિસસ(મદ્યના દેવ)ને ડાબા હાથે ધારણ કરેલ છે. લિસિ-પ્પસ ઈ. સ. પૂ. ચોથી સદીના ઉત્તરાર્ધનો મહાન શિલ્પી હતો. મહાન ઍલેક્ઝાન્ડરના દરબારમાં તેણે કામ કર્યું હતું. એપોક્સિઓમેનોસ તેનું પ્રસિદ્ધ શિલ્પ છે. પોલિક્લેટિયસ દ્વારા પ્રસ્થાપિત પ્રમાણ આ શિલ્પમાં જણાતું નથી. તે દૃષ્ટિએ અગાઉનાં શિલ્પોથી આ શિલ્પ જુદું પડે છે. પોલિક્લેટિયસના પ્રમાણાનુસાર મસ્તક નું પ્રમાણ ધરાવતું હોવું જોઈએ તેને બદલે અહીં 7નું પ્રમાણ છે.

મહાન ઍલેક્ઝાન્ડરના મૃત્યુ પછી તેનું મહાન સામ્રાજ્ય નાનાં રાજ્યોમાં વિભક્ત થઈ ગયું અને તે રાજ્યોની રાજધાનીનાં નગરો – પેર્ગામોન, એન્ટિઓક, સેલ્યુસિયા અને ઍલેક્ઝાન્ડ્રિયા – કલાનાં કેન્દ્રો બન્યાં. ગ્રીસના કલાકારોએ પુરાણાં નગરો છોડીને આ નવાં નગરો તરફ સ્થળાંતર કર્યું અને ત્યાંના નવા વાતાવરણમાં ગ્રીક કલાનો નવા સ્વરૂપે વિકાસ થયો.

## 2. સ્થાપત્ય

ગ્રીકોએ સાદા પરંતુ ભવ્ય સ્થાપત્યોનું નિર્માણ કર્યું. તેમની બાંધકામની પદ્ધતિ સરળ પરંતુ યુક્તિપૂર્વકની જણાય છે. સ્થાપત્યમાં પ્રમાણ (proportions) પર વધુ ભાર મૂક્યો. તેમની પાસે બાંધકામ માટેની સામગ્રી પુષ્કળ પ્રમાણમાં હતી. અસંખ્ય


જંગલોએ લાકડું અને પર્વતોએ પાષાણ પૂરાં પાડ્યાં. એથેન્સની પૂર્વમાં આવેલ હિમેટ્ટ-સે (Hymettus) ભૂરાશ પડતો શ્વેત આરસ અને નગરની ઉત્તરે આવેલ પેન્ટેલિકોસ (Pentelikos) પર્વતે ચળકતો (glittering) શ્વેત આરસ પૂરો પાડ્યો. એજિયન સમુ-દ્રમાં આવેલ પારોસ ટાપુ પર તો આરસનો મોટો જથ્થો હતો. અન્ય સામગ્રી જેવી કે હાથીદાંત, ધાતુ વિશેષ કરીને તાંબું બહારથી આયાત કરવામાં આવતાં.

ગ્રીકોએ બાંધકામની ખૂબ જ સરળ પદ્ધતિ અપનાવી હતી. સ્તંભ અને મોભ પર આધારિત આ પદ્ધતિ મોભાળી રચના [trabeated (beam) system] તરીકે ઓળખાતી. ટેકા અને સુશોભન માટે વપરાતા સ્તંભોનું વિશેષ મહત્વ હતું. ઇજિપ્ત-વાસીઓ સ્તંભોનો ઉપયોગ ઇમારતની અંદરના ભાગે કરતા, જ્યારે ગ્રીકોએ તેનો ઉપયોગ ઇમારતની બહારના ભાગે કર્યો, જેથી ઇમારતની ભવ્ય અસર ઊઠી આવતી.

ગ્રીક સ્થાપત્યના અભ્યાસમાં ઑર્ડર (order) શબ્દ સમજવો જરૂરી છે. સમતલ ઉપરી બાંધકામ(super structure)ને ટેકવતા સ્તંભોના આયોજનને ઑર્ડર કહે છે. ગ્રીકોએ મુખ્યત્વે બે ઑર્ડર – ડૉરિક (Doric) અને આયોનિક (Ionic) – વિકસાવ્યા હતા, જે ક્રમશઃ ડૉરિયન્સ (Dorians) અને આયોનિયન્સ (Ionians) પરથી નામાંકિત થયેલા છે. સામાન્યતઃ ત્રીજા ગ્રીક ઑર્ડર તરીકે કોરિન્થિયન(Corinthian)નો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. સ્તંભની શિરાવટી(capital)ના સંદર્ભમાં જોઈએ તો આ સાચું છે તેમ છતાં તે આયોનિક ઑર્ડરને વધુ મળતો આવે છે. દરેક ઑર્ડર તેની શિરાવટી દ્વારા સહેલાઈથી ઓળખી શકાય છે. સૌપ્રથમ ડૉરિક ઑર્ડર વિકાસ પામ્યો. મુખ્યત્વે એટ્ટિકા અને દક્ષિણ ઇટાલીમાં આવેલી ગ્રીક વસાહતોમાં તેની શરૂઆત થઈ. આ પ્ર-કારના ઑર્ડરમાં મંદિરો નાનાં થતાં જતાં. ત્રેવડી પીઠિકા (platform) પર બાંધવામાં આવતાં. સૌથી ઉપરની પીઠિકાને સ્ટાયલોબેટ (stylobate) કહે છે. ડૉરિક ઑર્ડરમાં બીજા વધારાના કોઈ પણ પાયા (base) વિના સ્તંભો સીધા જ સ્ટાયલોબેટ પર ઊભા કરવામાં આવતા. સ્તંભદંડ(shaft)નો વ્યાસ ઉપર જતાં ઘટતો (tapering) જતો. તેની મધ્યનો ભાગ સહેજ ઊપસેલો (bulge) રહેતો; તે ભાગને એન્ટેસિસ (entasis) કહે છે. સામાન્ય રીતે સ્તંભ વાંસળી-આકારના (fluted) હોય છે. તેમાં નીચેથી ઉપર સુધી 16 કે 20 છછરી ઘીસી (grooves or channels) પાડેલી હોય છે. ઘીસીઓનો ઉપરનો અંતભાગ અણીદાર હોય છે, તે એરિસ (arris) તરીકે ઓળખાય છે. તેની ઉપર કેટલાક આડા થર પછી શિરાવટી મૂકેલી હોય છે. શિરાવટી બે ભાગની (1) એચિનસ (echinus) અને અબેકસ(abacus)ની બનેલી હોય છે. શિરાવટીની ઉપર મોભ મૂકીને ઉપરી-ચણતર કરવામાં આવે છે. તેમાં ઊભી ત્રણ ત્રણ ઘીસીઓ(triglyn) ની વચ્ચે ચોરસ શિલ્પ-પટ્ટ (metope) હોય છે. ઉપરી ચણતર (entablature) પર કોર્નિસ(cornice)ની અને તેને કોણાકારે ઢળતા રેકિંગ કોર્નિસ(raking cornice or cymatium)ની રચના કરવામાં આવે છે. કોર્નિસ અને રેકિંગ કોર્નિસ વડે રચાતો ત્રિ-કોણાકાર ભાગ પેડિમેન્ટ(pediment or tympanum or tympanon)થી ભરી દેવામાં

આવે છે. પેડિમેન્ટમાં મોટે ભાગે શિલ્પમય અલંકરણો કંડારેલાં હોય છે. શિલ્પો લાલ અથવા ભૂરા રંગે રંગેલાં હોય છે. શિલ્પોને લીલા, પીળા, કાળા અને ક્યારેક સોનેરી રંગનો આછો સ્પર્શ કરેલો હોય છે. રંગ કર્યા વિનાનો ભાગ મીણ (wax) વડે ઘસી કાઢવામાં આવતો.

સામાન્ય રીતે આયોનિક ઑર્ડર ડૉરિક કરતાં સહેજ વધારે પ્રમાણબદ્ધ, વધુ લાલિત્યમય અને આકર્ષક તેમજ સુંદર કોતરણીયુક્ત સુશોભન ધરાવે છે. સ્તંભદંડને ત્રેવડી પીઠિકા હોય છે. સ્તંભદંડ સીધો જ સ્ટાયલોબેટ ઊભો રહેતો નથી; પરંતુ દરેક સ્તંભને શંકુઘાટનો પાયો હોય છે. સ્તંભદંડમાં 24 ઘીસી હોય છે. ડૉરિકની જેમ આ ઘીસીઓ ઉપરના ભાગે ધારદાર હોતી નથી. બે બે ઘીસીઓ વચ્ચે સાંકડી પટ્ટી (fillet) હોય છે. આયોનિક ઑર્ડરમાં તેની શિરાવટી મહત્વનો ભાગ છે. તેનો એચિનસવાળો ભાગ બીડ-રીલ (bead and reel), અંડ (egg) અને ડાર્ટ(dart)ના થરો વડે અલંકૃત હોય છે. શિરાવટીના બંને છેડે વીંટા આકાર(scroll)નાં સુશોભનો હોય છે, જે વૉલ્યુટ્સ તરીકે ઓળખાય છે. તેનો આર્કાઇટ્રેવનો ભાગ ત્રણ સાદા મોભ(beam)નો બનેલો હોય છે. સૌથી ઉપરના મોભ પર શિલ્પનો થર (frieze) હોય છે. ક્યારેક તે ભાગ અર્ધશિલ્પો વડે અલંકૃત કરવામાં આવે છે. ઉપરની રેકિંગ કોર્નિસ ડૉરિક કરતાં વધુ સુશોભિત હોય છે.





ડૉરિક અને આયોનિક ઑર્ડર



કોરિન્થિયન કેપિટલ

રોમનોએ કોરિન્થિયન ઑર્ડરનો વધુ વિકાસ અને ઉપયોગ કર્યો. ગ્રીકો સાદાઈમાં માનનારા હોવાથી તેમણે આ ઑર્ડરનો વધુ ઉપયોગ કર્યો નથી. પાછળના સમયમાં વિકસિત આ ઑર્ડરનો વધુ ઉપયોગ કોરિન્થ શહેરના નગરજનોએ કર્યો હતો. અહીં ઉપરી-ચણતર આયોનિક જેવું જ રહ્યું; પરંતુ તેના પાયા અને સ્તંભદંડમાં સહેજ તફાવત જણાય છે. શિરાવટીએ નવું જ સ્વરૂપ ધારણ કર્યું. શિરાવટી એકન્થસ(acunthus)નાં પર્ણોના એક અથવા બે થરો વડે સુશોભિત કરાતી.

ગ્રીકોએ મંદિરો, ઑપન ઍર થિયેટર, સ્ટેડિયમ, હિપ્પોડ્રોમ્સ, પેલેસ્ટ્રા, જિમ્નેસિયમ, કબર-સ્થાપત્ય વગેરેનું નિર્માણ કર્યું હતું.



પોઝેડોનનું મંદિર

ગ્રીક મંદિર-સ્થાપત્યનો સહુથી પ્રાચીન નમૂનો ઓલિમ્પિયા મુકામે આવેલ હેરિયમ (Heraeum) અર્થાત્ હેરા દેવીના મંદિરનો છે. તે લગભગ ઈ. સ. પૂ. 620માં બાંધવામાં આવ્યું હતું. મૂળમાં તે લાકડાંનું બાંધેલું હતું. ડૉરિક ઑર્ડરનો પણ તે સૌથી પ્રાચીન નમૂનો છે. દક્ષિણ ઇટાલીમાંની ગ્રીક વસાહત પાએસ્ટમ(paestum)માં હેરાનું

મંદિર અને ડિમેટરનું મંદિર હયાત છે. આ બંને મંદિરો ડૉરિક ઑર્ડરને અનુસરે છે. હેરાનું મંદિર પોઝેડોન મંદિર અથવા બસિલિકા તરીકે પણ ઓળખાતું હતું. કોરિન્થનું એપોલોનું મંદિર પ્રારંભિક ડૉરિક ઑર્ડરનું એક વધારે ઉદાહરણ છે. તેનો સમય ઈ. સ. પૂ. 540નો છે. ઓલિમ્પિયામાં આવેલ એફાઈઆ મંદિર (ઈ. સ. પૂ. લગભગ 490) અને ઝિયસનું મંદિર (ઈ. સ. પૂ. લગભગ 460) ઉલ્લેખનીય છે.

પર્શિયન યુદ્ધ દરમિયાન ગ્રીક સ્થાપત્યનો વિકાસ થંભી ગયો. ઈ. સ. પૂ. 480માં પર્શિયનોએ એથેન્સ જીતી લીધું અને ભસ્મીભૂત કર્યું; પરંતુ ગ્રીકોએ તેમને હરાવ્યા બાદ ગ્રીક કલાએ તેના સુવર્ણયુગમાં પ્રવેશ કર્યો. પેરિક્લિસનો સમય (ઈ. સ. પૂ. 461-429) સુવર્ણયુગ ગણાય છે. પેરિક્લિસે પર્શિયનોએ નાશ કરેલા નગરનાં મહત્વનાં મંદિરોનું એક્રોપોલિસ(ટેકરી પરનું નગર)માં પુનઃનિર્માણ કરાવ્યું. એક્રોપોલિસ એટલે ઉપરનું નગર. એથેન્સની રાજગઢી(citadel)નો ઉપરનો કિલ્લેબંધ ભાગ હતો. તે છૂટીછવાઈ ઊંચી ટેકરીઓ પર આવેલું હતું. સૌથી ટોચે એથેનાનું મંદિર પોરોસ (poros) પ્રકાર-ના પથ્થરોનું બનેલું હતું. તેની લંબાઈ લગભગ 30.5 મીટર હતી. પર્શિયન આક્રમણ દરમિયાન તે નાશ પામ્યું. ગ્રીકોએ મૂળમાં તે હતું તેનાથી પણ સુંદર રીતે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ સમય સુધી ગ્રીક સ્થાપત્યનો વિકાસ મંદ હતો; પરંતુ તે પછી તેના વિકાસની ગતિ ઝડપી બની અને સ્થાપત્યે ઉચ્ચ પૂર્ણતા પ્રાપ્ત કરી. થોડા જ સમયમાં સુંદર ઇમારતો નિર્માણ પામી. એથેનાના મંદિરે પાર્થેનોનનું સ્થાન લીધું. પાર્થેનોન અથવા એથેનાનું મંદિર ડૉરિક ઑર્ડરના વિકાસની



પ્રૉપિલિયા અને એથેના નિકેનું મંદિર

પરાકાષ્ઠા છે. પેરિક્લિસે તેના આયોજન માટે ઇક્ટિનોસ અને કૅલ્લિક્રેટ્સ નામના સ્થપતિઓ પર આધાર રાખ્યો હતો. જોકે કલાત્મક સૂચનો ગ્રીકના મહાન શિલ્પી ફિડિયાસે પૂરાં પાડ્યાં હતાં. ઈ. સ. પૂ. 447 – ઈ. સ. પૂ. 438ના દસ વર્ષના ગાળા દર-મિયાન તેનું બાંધકામ શ્વેત આરસમાં થયું. તે મૂળ જગ્યાએ ન બાંધતાં ટેકરીની દક્ષિણ બાજુએ બાંધ્યું છે. 69 મી. 50 સેમી. 30 મી. 80 સેમી.નો વિસ્તાર ધરાવતું મંદિર

અધિષ્ઠાન(stylobate)ના ભાગે ઊભું છે. તેમાં સોનું અને હાથીદાંતથી બનેલી એથેનાની મૂર્તિ છે. તેનાં બંને ગર્ભગૃહોની સામે સ્તંભોની હાર (prostyle) છે. ગર્ભગૃહોની સામે દીવાલો પર શિલ્પોનો થર છે. ગ્રીકોએ જ્યારે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો ત્યારે તેનો ચર્ચ તરીકે ઉપયોગ થવા લાગ્યો. 1456માં તુર્કોના આક્રમણ પછી તેનું મસ્જિદમાં રૂપાંતર કરવામાં આવ્યું. 1687ના યુદ્ધ દરમિયાન લગભગ તેનો નાશ થયો કારણ કે તેમાં ગન-પાઉડર સંઘરવામાં આવતો હતો. 1801માં તુર્કી સરકારની મંજૂરીથી લૉર્ડ એલ્જિને તેમાં બચી ગયેલાં શિલ્પો બ્રિટિશ મ્યુઝિયમમાં ખસેડ્યાં. ગ્રીક સ્થાપત્યના કલાત્મક રત્ન સમાન આ ઇમારત આજે પણ બિસમાર હાલતમાં ઊભી છે.

પોઝેડોનનું મંદિર સંભવતઃ દેવી હેરાને સમર્પિત હતું. ઈ. સ. પૂ. 475માં તેનું બાંધકામ શરૂ થયું હતું અને પંદર વર્ષ સુધી ચાલ્યું હતું.

નિકે(Nike)નું મંદિર જે એથેના નિકે તરીકે પણ ઓળખાય છે તે એક્રોપોલિસના સુવર્ણકાળનું છે. ઈ. સ. પૂ. 426ની આસપાસ આયોનિક ઑર્ડરમાં કૅલ્લિક્રેટ્સે બાંધ્યું હતું. Nikeનો અર્થ પાંખવિહોણી જીત (wingless victory) થાય છે. પર્શિયન યુદ્ધની સ્મૃતિમાં આ નાનું મંદિર બાંધવામાં આવ્યું હતું. 1637માં તુર્કોએ તેનો નાશ કર્યો. તેના પથ્થરોનો ઉપયોગ એક્રોપોલિસ પર તોપખાનું બાંધવામાં કરવામાં આવ્યો. 1836માં તેનો પણ નાશ થયો અને પુરાવિદો તેના પ્રાપ્ત અવશેષોને આધારે તેને ફરીથી બાંધી શક્યા.



પાર્થેનોન

એક્રોપોલિસ પર આવેલી અન્ય ઇમારતોમાં સીધો પ્રવેશમાર્ગ – પ્રૉપિલિયા (Propylaea) નોંધપાત્ર છે. તે ઈ. સ. પૂ. 437–432 દરમિયાન નેસિક્લિસ (Mnesicles) દ્વારા બાંધવામાં આવ્યો હતો. તેની સ્તંભાવલિ સુંદર છે. તેના સૌથી નીચા અને ઊંચા છેડેની પ્રવેશચોકીઓમાં ડૉરિક ઑર્ડર છે, જ્યારે તેની અંદરનો માર્ગ આયોનિક સ્તંભો વડે વિસ્તૃત કરાયો છે.

સ્તોઆ (stoa) વિશિષ્ટ ઇમારત હતી. પાછળની બાજુએ દીવાલ અને આગળના ભાગે સ્તંભાવલિયુક્ત એક લાંબી ઇમારતને સ્તોઆ કહે છે. તે વ્યાયામ કે મનોરંજન

માટેનું છતયુક્ત બાંધકામ (promenade) છે. જોકે સભાના સ્થળ તરીકે પણ તેનો ઉપયોગ થતો. તેની દીવાલો ચિત્રો વડે સુશોભિત હતી. તત્વચિંતક ઝેનો (Zeno) અહીં તેના શિષ્યોને વ્યાખ્યાન આપતો તેથી તેઓ સ્ટોઇક (Stoice) તરીકે ઓળખાયા હતા.

ગ્રીકોએ ખુલ્લી રંગભૂમિ(open air theatre)ની શોધ કરી. તેના મુખ્ય ત્રણ ભાગ હતા. ઑડિટૉરિયમનો પ્લાન અર્ધવૃત્તાકાર કરતાં મોટો હતો. તેમાં બેઠક માટેના ચઢતા થર પર્વતાળ ભાગમાં વળાંક આકારે (curves) ઘડી કાઢવામાં આવતા. તેની નીચે વૃત્તાકાર ઑરકેસ્ટ્રાનો ભાગ હતો. ત્યાં કલાકારો અને વાદ્યવૃંદ (chorus) તેમની કલા અજમાવતા. મધ્યમાં ડાયોનિસસ માટેની વેદી (altar) હતી. પાછળના સમયમાં ઑરકેસ્ટ્રાની પાછળ સ્કેને (skene) નામની ઇમારત ઉમેરી. તેમાંથી પ્રોસ્કેનિયમ(proscenium)નો ભાગ કરવામાં આવ્યો, જેનો ઉપયોગ ભજવણી માટે થવા લાગ્યો. એપિડૉરસ ખાતે આવેલ થિયેટરનો સમય ઈ. સ. પૂ. 350નો છે.



એપિડૉરસમાં આવેલું થિયેટર

કુસ્તીબાજોની સ્પર્ધા માટે સ્ટેડિયા (એ. વ. સ્ટેડિયમ), ઘોડેસવારની સ્પર્ધા માટે હિપ્પોડ્રોમ્સ (hippodromes) બાંધવામાં આવ્યા. લાંબા લંબગોળાકાર મેદાનની ફરતે બેસવા માટેના થર કરવામાં આવતા. આવા મેદાનમાં રથ-સ્પર્ધા યોજવામાં આવતી. પેલેસ્ટ્રા (palaestra) મુક્કાબાજીનું સ્થળ અને જિમ્નેસિયમ(વ્યક્તિગત શારીરિક કસરત કે સ્નાન માટેનું સ્થળ)નાં બાંધકામ એ ગ્રીક સંસ્કૃતિની વિશેષતા પ્રગટ કરે છે. રહેણાકનાં મકાનો પણ આગવું લક્ષણ ધરાવે છે. મધ્યમાં બગીચો, તેને ફરતી સ્તંભાવલિ રાખવામાં આવતી. સ્તંભાવલિ ઘરના વિવિધ ઓરડા સાથે જોડાયેલી હતી. પ્રાચીન સમયની ગ્રીક કબરો શિલ્પ વડે અલંકૃત સ્મૃતિ-તકતીઓ ધરાવતી હતી. સ્મારકીય કબરો ભાગ્યે જ હતી. આવી થોડી કબરો એશિયા માઇનોરમાં હતી. આ બધાંમાં કેરોમાં આવેલ હેલિકાર્નેસોસનો મકબરો ઉલ્લેખનીય છે. રાજા મોસોલોસ માટે તેની વિધવા આર્ટેમિસિયાએ ઈ. સ. પૂ. 354માં તે બાંધ્યો હતો.

5

# રોમન શિલ્પકલા અને સ્થાપત્ય

1. શિલ્પકલા

ગ્રીસને પશ્ચિમની સંસ્કૃતિની માતા ગણવામાં આવે છે તો કાયદા દ્વારા વ્યવસ્થા ઊભી કરનાર રોમને પિતા માનવામાં આવે છે. રોમની સંસ્કૃતિ તેના કાયદા અને વ્યવસ્થા માટે પંકાયેલી છે. ગ્રીસે એક સુવિકસિત સંસ્કૃતિને જન્મ આપ્યો તો રોમે તેનું રક્ષણ કર્યું અને દૂરના દેશો સુધી તેને ફેલાવી. ગ્રીસની સંસ્કૃતિની જેમ રોમન સંસ્કૃતિ ચિંતનપ્રધાન, સૌંદર્યપ્રધાન કે મૌલિક ન હતી; પરંતુ સંસ્કૃતિના સંવાહક તરીકે કાર્ય કરનારી હતી. રોમનો ઇતિહાસ એટલે ઇટાલીનો ઇતિહાસ અને ઇટાલી એટલે સૌંદર્ય અને સ્વર્ગની ભૂમિ. મહાકવિ વર્જિલ તેના સૌંદર્યના વખાણ કરતાં કહે છે કે, અહીં હંમેશાં વસંતઋતુ છે. ઇટાલીની પ્રજા સ્વિસ, લૅટિન, એટ્રુસ્કન, ગ્રીક અને ફિનિશિયન જાતિઓની બનેલી છે. રોમનો ઇતિહાસ દંતકથાઓથી ભરપૂર છે. દંતકથા પ્રમાણે ઈ. સ. પૂ. 752માં રોમ્યુલસ અને રેમસ નામના બે ભાઈઓએ રોમની સ્થાપના કરી હતી. શરૂઆતમાં રોમમાં રાજાશાહી હતી. ત્યારબાદ ઉમરાવશાહી અને લોકશાહી અનુક્રમે વિકાસ પામી હતી. રોમે એક નાના રાજ્યમાંથી મહાન સામ્રાજ્યનું નિર્માણ કર્યું હતું. જુલિયસ સીઝર, ઑગસ્ટસ, ટાઇબેરિયસ, કેલીગુલા, ક્લોડિયસ, નીરો, કૉન્સ્ટન્ટાઇન વગેરે જાણીતા રાજાઓ આ સંસ્કૃતિમાં થઈ ગયા.

એટ્રુસ્કન પ્રજાને સમજ્યા વિના રોમની સંસ્કૃતિને સમજી શકાય નહિ. ગ્રીક લોકો આ પ્રજાને ટીર્સીનોઈ કે ટીર્કીનોઈ તરીકે ઓળખે છે. રોમન સભ્યતાના ઘડતરમાં એટ્રુ-સ્કન પ્રજાનો મોટો ફાળો હતો. એ જ રીતે એટ્રુસ્કન કલાએ રોમની કલા પર અસર કરી હતી. એટ્રુસ્કન કલાનો સમય ઈ. સ. પૂ. 8000નો છે. પ્રાચીન એટ્રુસ્કન પ્રજા મધ્ય ઇટાલીમાં અથવા ઇટ્રુરિયામાં સ્થાયી થઈ હતી. અને લગભગ સમગ્ર ઇટાલી પર આધિપત્ય ધરાવતી હતી. એમ મનાય છે કે તેઓ એશિયા માઇનોરમાંથી આવ્યા હતા. કેટલાક તેમને ઉત્તરમાંથી આવેલા હોવાનું માને છે તો કેટલાક વિદ્વાનો તેમને ઇટાલીના મૂળ રહેવાસી હોવાનું માને છે. રોમનો દ્વારા તેઓ પરાજિત થયા હોવા છતાં રોમની સંસ્કૃતિમાં ભળી શક્યા ન હતા. તેમણે તેમની એક આગવી કલા વિકસાવી હતી, જે એટ્રુસ્કન કલા તરીકે ઓળખાય છે. તેમણે તેમની કલામાં સ્થાનિક કલાનાં તત્વો ચુસ્ત રીતે જાળવી રાખ્યાં હતાં. તેમ છતાં તેમાં ગ્રીક કલાની સ્પષ્ટ અસર જણાય છે. એક


રીતે કહીએ તો એટ્રુસ્કન લોકો શિલ્પ માટે માટી, ધાતુ અને પથ્થરનો ઉપયોગ કરતા. વુલ્કા નામનો જાણીતો એટ્રુસ્કન શિલ્પી ઈ. સ. પૂ. છઠ્ઠી સદીમાં વેઈ(Veii)માં થઈ ગયો.

એટ્રુસ્કન શૈલીનું જાણીતું શિલ્પ વેઈમાંથી પ્રાપ્ત એપોલોનું છે (ઈ. સ. પૂ. 510). તેનું વિશાળ શરીર પારદર્શક વસ્ત્રોમાંથી છતું થાય છે. પગ માંસલયુક્ત છે. બંને ખંડિત હાથ સાલવીને ચોંટાડેલા હોવાનું સ્પષ્ટ દેખાય છે. એટ્રુસ્કનો પર્વતો કાપીને ગુફાઓ કોતરી દફન માટેના ખંડો (burial chamber) બનાવતા અને તેના સ્તંભો તેમજ કબરોની આસપાસ અર્ધમૂર્ત શિલ્પો કંડારતા. ચૂનાકામ (stucco) દ્વારા આ શિલ્પો કરેલાં છે. કેર્વેટેરીમાં આવા દફનખંડો આવેલા છે. તેમાં સુંદર અર્ધમૂર્ત શિલ્પો છે. આ જ સ્થળેથી પલંગ પર બેઠેલાં પતિ-પત્નીનું માટીમાંથી બનાવેલું શિલ્પ (terracota) (ઈ. સ. પૂ. 520) મળી આવ્યું છે. આ જ પ્રકારનું એક બીજું જાણીતું



પલંગ પર બેઠેલાં પતિ-પત્ની

શિલ્પ 'મૃત્યુની દેવી અને યુવાન'(ઈ. સ. પૂ. ચોથી સદી; આર્કિયોલૉજિકલ મ્યુ-ઝિયમ, ફ્લોરેન્સ)નું છે. શિલ્પમાં જણાતી સ્ત્રી યુવાનની પત્ની નથી. તેની પાંખો તે મૃત્યુ-દેવી હોવાનું સૂચવે છે. તેણે ડાબા હાથમાં વીંટો (scroll) ધારણ કર્યો છે જેમાં યુવાનનું ભવિષ્ય લખાયેલું છે. યુવાનનો નિર્દેશ કરતો હાથ જાણે એમ કહેતો હોય કે, 'હવે મારો સમય આવી ગયો છે. મને મારું ભવિષ્ય જોવા દો.' માદા વરુ(She Wolf)ના એક ધાતુશિલ્પ (ઈ. સ. પૂ. 500; કેપિટોલાઇન મ્યુઝિયમ, રોમ)માં માદા-વરુને ધાવતાં બે મનુષ્ય-બાળકો રોમના સ્થાપક રોમ્યુલસ અને રેમસનું આલેખન છે. ફ્લોરેન્સના આર્કિયોલૉજિકલ મ્યુઝિયમમાં સુરક્ષિત એક છોકરાના પાષાણ- શિલ્પ(ઈ. સ. પૂ. ત્રીજી સદી)માં કપાળ પર ઢળેલા તેના માથાના વાળનું આલેખન ખૂબ જ આકર્ષક છે.



માદા વરુનું ધાતુશિલ્પ

શાહી રોમન કલાનો સમય ઈ. સ. પૂ. 313 – સમ્રાટ ઑગસ્ટસથી સમ્રાટ કૉન્સ્ટ-ન્ટાઇન સુધીનો છે. લોકશાહી યુગમાં પણ રોમન કલાનું અસ્તિત્વ હતું. ત્રણ સદી પછી સમ્રાટ કૉન્સ્ટન્ટાઇનના સમયમાં ખ્રિસ્તી ધર્મને રાજધર્મનું સ્થાન મળ્યું. આથી રોમન કલામાં ખ્રિસ્તી ધર્મના વિષયો પ્રવેશ્યા. રોમન કલા ઉત્તર અને પશ્ચિમમાં સ્કૉટલૅન્ડ અને સ્પેન તથા દક્ષિણ અને પૂર્વમાં ઉત્તર આફ્રિકા અને સીરિયા સુધી જઈ પહોંચી. રોમન કલા વાસ્તવમાં એટ્રુસ્કન કલા પર આધારિત હતી. શિષ્ટ ગ્રીક શિલ્પોની અનુકૃતિઓ કરવાની પ્રવૃત્તિમાંથી જ રોમન શિલ્પકલાની શરૂઆત થઈ હતી. બીજા શબ્દોમાં કહીએ તો રોમન શિલ્પકલા ગ્રીક હેલેનિસ્ટિક પરંપરાનું વિસ્તરણ ગણાય. આ દૃષ્ટિએ જોઈએ તો પ્રશ્ન થાય કે રોમન શૈલી જેવું કંઈ છે ? Is there such a thing as a Roman style ? રાજકીય પ્રભાવ પાડવા માટે અશ્વારૂઢ વીરપુરુષો અને સમ્રાટોનાં શિલ્પો જાહેર સ્થળોએ મુકાતાં. ચોક, બગીચા કે ફુવારા પાસે આવા વીર, સમ્રાટો કે સુંદરીઓની મૂર્તિઓ મુકાતી. રોમનો દરેક નાગરિક પોતાના ઘરમાં સમ્રાટની પ્રતિમા રાખવાની ઇચ્છા રાખતો. વિદ્વાનો અને નાટ્યકારોનાં શિલ્પો જાહેર ગ્રંથાલયોમાં અને માર્કેટની જગ્યાએ મૂકવામાં આવતાં. રોમનો ધનિક વર્ગ પોતાની માલિકીનાં ગ્રીક શિલ્પો હોવા માટે ગૌરવ અનુભવતો; પરંતુ ગ્રીક શિલ્પોની મૂળ કૃતિ ભાગ્યે જ મળતી. આથી રોમના શિલ્પીઓ તેની અનુકૃતિ કરતા. રોમનોની સિદ્ધિ વ્યક્તિઓની મુખાકૃતિઓ, બાળકો અને સ્ત્રીઓનાં શિલ્પોની બનાવટમાં અને ઇમારતો પરનાં અર્ધમૂર્ત શિલ્પોમાં છે. ઐતિહાસિક પ્રસંગો કે યુદ્ધના વિજયની સ્મૃતિ માટે તે કંડારવામાં આવતાં. રોમના સમ્રાટોને તેમના આવા ભવ્ય પ્રસંગો કોતરાવવાનો ખૂબ શોખ હતો. રોમના આરા પાકિસની વેદી (altar) પર આનો સુંદર નમૂનો જોવા મળે છે. ઑગસ્ટસે શાંતિની સ્થાપના કરી હતી તેના માનમાં તે કંડારવામાં આવેલ છે. સમ્રાટને ધર્મગુરુ જેવો ઊંચો તેના કુટુંબીજનો અને અધિકારીઓ સાથે સરઘસમાં દર્શાવ્યો છે.



ટ્રેજનના સ્તંભનો નીચેનો ભાગ

ટ્રેજનના સ્તંભ પરના વીંટાકારે કંડારેલાં શિલ્પો લશ્કરી ઇતિહાસનો પ્રાચીન દસ્તાવેજ છે. તેનું નિર્માણ ઈ. સ. 106-113 દરમિયાન થયું હતું. વીંટાની પહોળાઈ 1.67 મીટર અને લંબાઈ 224 મીટર છે. તેમાં 2500 સૈનિકો કંડારેલા છે અને સમ્રાટને 70થી પણ વધુ વખત રજૂ કર્યો છે. સ્તંભની ટોચ પર સમ્રાટનું શિલ્પ હતું (જે મધ્યકાળમાં નાશ પામ્યું). ટ્રેજનના ડેસિયન પરના આક્રમણની યાદ આ શિલ્પો અપાવે છે. માર્કસ ઑરેલિયસના સ્તંભ પર પણ શિલ્પો કંડારેલાં છે.

વાસ્તવવાદ અંગેની રોમનોની દૃષ્ટિ વ્યક્તિશિલ્પોમાં જોવા મળે છે. ગ્રીકોના આદર્શવાદ અને સર્વસામાન્યતાની વિરુદ્ધમાં તેમણે શરીર કદરૂપું હોય, તો પણ શારીરિક લક્ષણને પૂર્ણ રૂપે રજૂ કરવાનો આગ્રહ રાખ્યો. પોતાના પૂર્વજોનાં મીણથી બનાવેલાં મહોરાં (masks) રાખવાના રિવાજે આ વાસ્તવિક વલણ વિકસાવવામાં મદદ કરી. બોસ્ટનના ફાઇન આર્ટ્સ મ્યુઝિયમમાં સુરક્ષિત એક અજાણ્યા રોમનનું શિલ્પ આનું ઉદાહરણ છે. સુઘટિત માથું, રોમન નાક, દાઢીની નીચેની લચી પડેલી ચામડી વગેરે તેના વ્યક્તિત્વને ઉપસાવે છે. સ્ત્રીઓનાં વ્યક્તિ-શિલ્પોમાં પ્રકૃતિવાદ અને અંગત ચારિત્ર્ય ઓછું જોવા મળે છે. આમ છતાં આ વર્ગના કેટલાક સુંદર નમૂના છે. તે પૈકી વેટિકનના ચિઆરા મોન્ટીના સંગ્રહમાં સચવાયેલ નાની છોકરીનું શિલ્પ છે. તેના વિસ્ફારિત નયનો આશ્ચર્યભાવ પ્રગટાવે છે. તેના માથાના કલાત્મક કૃત્રિમ વાળની ઉપર નાની અંબોડી છે.



ઑગસ્ટસ


સમ્રાટ ઑગસ્ટસ(ઈ. સ. પૂ. 27–ઈ. સ. 14)ના સમયમાં રોમન વ્યક્તિ-શિલ્પોની કલાએ પ્રગતિનાં ઉચ્ચ શિખરો સર કર્યાં હતાં. પ્રિમાયોર્ટામાંથી પ્રાપ્ત ઑગસ્ટસનું આરસનું શિલ્પ (ઈ. સ. પૂ. લગભગ 20; વેટિકન મ્યુઝિયમ, રોમ) આનો સુંદર નમૂનો છે. પ્રથમ નજરે આ શિલ્પ દેવનું કે માનવનું છે તે નક્કી થઈ શકતું નથી. આમ થવું એ સ્વાભાવિક છે, કારણ કે રાજાના દૈવીપણાની માન્યતા ઇજિપ્ત અને નજીકના પૂર્વના દેશોમાંથી ગ્રીસમાં ચોથી સદીમાં પ્રવેશી હતી. સમય જતાં જુલિયસ સીઝર અને અન્ય રોમન સમ્રાટોએ રાજાની પૂજાને પ્રોત્સાહિત કરી હતી. વેટિકનના મ્યુઝિયમમાં સુરક્ષિત સમ્રાટ ઑગસ્ટસનું શિલ્પ જુદા જ પ્રકારનું છે. સમ્રાટ આરામદાયક સ્થિતિમાં ઊભો છે. રાજદંડ ધારણ કરેલા ડાબા હાથ પર લશ્કરી ઝભ્ભો લટકે છે. તે જે દિશામાં જોઈ રહ્યો છે તે દિશામાં જમણો હાથ લંબાવ્યો છે. બાળકોનાં શિલ્પસર્જનની રોમનો પાસે વિશિષ્ટ આવડત હતી. બાળકોની સુંવાળી કોમળ ત્વચા અને બાળસહજ લક્ષણો રોમનોએ કુશળતાપૂર્વક રજૂ કર્યાં છે. બોસ્ટનના મ્યુઝિયમમાં સચવાયેલ એક બાળકનું અર્ધશિલ્પ (bust) આનો સુંદર નમૂનો છે. રોમના થેર્માએ મ્યુઝિયમમાં આવેલું સમ્રાટ વેસ્પાસિયનના શિલ્પમાં તેને ઊંડી તીક્ષ્ણ દૃષ્ટિ, સખત રીતે બીડેલા હોઠ અને અક્કડ દાઢી ધરાવતા સૈનિક જેવો દર્શાવ્યો છે. બર્લિનના મ્યુઝિયમમાં આવેલ સમ્રાટ કારાકલ્લાના શિલ્પમાં જીવંતતા જણાય છે. મોં પરની રેખાઓ, ઊંડી આંખો, ચઢાવેલાં ભવાં લુચ્ચાઈ, દયાહીન પાશવતા અને ઠંડી ક્રૂરતાને છતી કરે છે.



ધી આરા પાકિસ

રોમન અધિકારી લ' એરિંગેટર (L' Arringatore)નું ધાતુશિલ્પ (ઈ. સ. પૂ. 1લી સદીના પ્રારંભનું આર્કિયોલૉજિકલ મ્યુઝિયમ, ફ્લોરેન્સ) દક્ષિણ એટ્રુસ્કનના પ્રાંતમાંથી મળી આવ્યું છે. શિલ્પ પર એટ્રુસ્કન લિપિમાં અધિકારીનું નામ - ઔલુસ મેટેલુસ કોતરેલું છે. આ શિલ્પમાં ઉત્તરકાલીન એટ્રુસ્કન પરંપરાની હેલેનિસ્ટિક અસર ખૂબ ઓછી જણાય છે. આ શિલ્પના નિર્માણની અર્ધી સદી પછી એક રોમન પેટ્રિશિયનનું આરસનું શિલ્પ (કેપિટોલિન મ્યુઝિયમ, રોમ) તૈયાર થયું હતું. આ રોમને તેના હાથમાં તેના પૂર્વજો સંભવતઃ તેના પિતા અને દાદાનાં અર્ધકાય શિલ્પો (bust) ધારણ કર્યાં છે.

આરા પાકિસ (Ara Pacis = શાંતિ માટેની વેદી) પર રાજસવારીનું આલેખન અર્ધમૂર્તમાં છે. યુદ્ધમાં વિજયી ઑગસ્ટસ સાથે દરબારીઓ છે. સવારીમાં ત્રણ બાળકોનાં શિલ્પ આકર્ષક છે. રોમનો પહેરે તેવા ઝભ્ભા (togs) તેમણે નાની સાઇઝના પહેર્યા છે. પ્રસંગની ગંભીરતા આ બાળકોને જણાતી નથી. કેન્દ્રમાં રહેલ બાળક



રાજસવારી

તેની આગળના પુરુષનો ઝભ્ભો ખેંચી રહ્યો છે. તેથી સહેજ મોટો બાળક સ્મિત સાથે તેને તેમ ન કરવાનું સૂચવે છે. ટીટસની કમાન(ઈ. સ. 81, રોમ)ની ઉપર પણ વિજયી સરઘસ અર્ધમૂર્તમાં કંડારેલું છે. સાત પાંખિયાંવાળા મીણબત્તીના સ્ટેન્ડ(menorah)ને યુદ્ધની ટ્રૉફી તરીકે જેરૂસલેમના મંદિરમાંથી સરઘસાકારે લઈ જવાતી દર્શાવી છે. આ જ કમાન પર ટીટસના વિજયનો પ્રસંગ પણ કંડારેલો છે. આરા પાકિસ પર પૃથ્વીમાતા(Tellus)ના ખોળામાં બેઠેલાં બાળકો નાના કામદેવ (cupid) જેવાં લાગે છે. દેવીની બંને બાજુએ અનુક્રમે પાણી અને હવાને મનુષ્યદેહે સજીવ દર્શાવ્યાં છે. અહીં પૃથ્વીમાતાનું આલેખન પાર્થેનોનના પેડિમેન્ટમાંના પૃથ્વીમાતાની પરંપરાને મળતું આવે છે. ગ્રીક તત્વજ્ઞાનમાં ઊંડો રસ ધરાવનાર સમ્રાટ માર્કુસ ઑરેલિયસનું અશ્વારોહી ધાતુશિલ્પ (રોમ) આદમકદનું છે. અશ્વારોહી પ્રકારનાં શિલ્પોમાં તે નોંધપાત્ર છે. સમગ્ર મધ્યકાલ દરમિયાન તે લોકોનું દર્શનીય રહ્યું હતું. અશ્વારોહી સમ્રાટને વિશ્વવિજેતા તરીકે રજૂ કર્યો છે. સમ્રાટ કૉન્સ્ટન્ટાઇનનું અર્ધકદનું શિલ્પ (bust) (ઈ. સ.ની ચોથી સદીના પ્રારંભનું) રોમના કેપિટોલિન મ્યુઝિયમમાં સુરક્ષિત છે. આ જ મ્યુઝિયમમાં આરામદાયક આસન પર હળવાશથી નિરાંતે બેઠેલ સ્ત્રીનું શિલ્પ પણ ધ્યાનાકર્ષક છે.



અશ્વારૂઢ માર્કુસ ઑરેલિયસ

ચોથી સદીથી રોમીય કલા બગડવા લાગી. જંગલી લોકો(barbarians)ના રોમ પરના આક્રમણને લીધે રોમીય કલાનો નાશ થયો. એ પછી રોમન સામ્રાજ્યમાં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર થતાં ખ્રિસ્તી દેવળોનાં બાંધકામ માટે રોમન મંદિરો દૂર કરવામાં આવ્યાં. ચૌદમી સદીના ધરતીકંપમાં પણ રોમન કલાના ઘણા નમૂના નાશ પામ્યા. રોમના સમ્રાટો અને સેનેટરો બેસીને વિશ્વની સમસ્યાઓનું નિરાકરણ કરતા હતા તે સ્થળોના અવશેષોમાં હવે પશુઓ ચરવા લાગ્યાં.

## 2. સ્થાપત્ય

રોમન સ્થાપત્યમાં રોમન સામ્રાજ્યના વૈભવ અને ઠાઠમાઠનાં દર્શન થાય છે. વિશાળ મંદિરો, માર્ગો, સ્નાનાગાર, એમ્ફી થિયેટર, કબરો, વિજયસ્તંભો વગેરેનો સમાવેશ રોમન સ્થાપત્યમાં થાય છે. રોમન સ્થાપત્યનો ફેલાવો સમગ્ર યુરોપમાં થયો અને યુરોપના સ્થાપત્યનો તે મુખ્ય આધાર બન્યું. આઠમી સદીમાં અનેક મોટાં મંદિરો બંધાયાં. આ સમયની સ્થાપત્યશૈલીમાંથી 'રોમનેસ્ક' નામે ઉત્તરકાલીન રોમન સ્થાપત્યશૈલીનું પુનરુત્થાન થયું.

ઈ. સ. 1075થી ઈ. સ. 1175 દરમિયાન રોમન સ્થાપત્ય તેની ચરમ સીમાએ પહોંચ્યું હતું. રિપબ્લિક યુગ દરમિયાન રોમના સામ્રાજ્યમાં બાંધકામની પ્રવૃત્તિ મંદ પડી ગઈ અને તેની પર એટ્રુસ્કન અને ગ્રીસની સ્થાપત્યશૈલીની અસર પડી. ઑગસ્ટસનો સમય રોમન સ્થાપત્યનો સુવર્ણકાળ ગણાય છે. ઑગસ્ટસ કહેતો, 'મને વારસામાં ઈંટો વડે બાંધેલું રોમ મળ્યું છે, પણ હું આરસમાં બાંધેલા રોમને મૂકતો જઈશ.' સમગ્ર રોમન સામ્રાજ્યમાં ખૂબ જ મોટી સંખ્યામાં સ્થાપત્યનું નિર્માણ થયું તે રાજ્યમાં પ્રવર્તતી શાંતિ, સુરક્ષા, વેપારધંધાથી વધતી જતી સંપત્તિ, નાગરિકોના કલ્યાણ માટે શાસકોની ચિંતા, શાસકોની સુવિધાઓ અને ભવ્યતા પ્રત્યેની તેમની અભિરુચિનું પરિણામ છે. બાંધકામની સામગ્રી માટે ઇટાલી ઘણું જ સમૃદ્ધ હતું. રોમની નજીક તિવોલી પાસેથી ટ્રેવેર્ટિન નામનો સખત પથ્થર અને કરારમાંથી ચમકતો આરસ રોમમાં લાવવામાં આવતો. ઈંટો બનાવવા માટેની માટી પણ ત્યાં સારી જાતની હતી. કૉંક્રીટ માટે તેઓ પોઝોલની ચોખ્ખી રેતીદાર માટીનો અને જ્વાળામુખીય લાવાનો ઉપયોગ કરતા હતા. રોમનોએ બાંધકામમાં ત્રણ ગ્રીક ઑર્ડર – ડૉરિક, આયોનિક અને કોરિન્થિયન–ને સ્થાન આપ્યું હતું. મોટી સભાઓ ભરવાના હૉલ માટે વિશાળ અવકાશવાળી અને ટેકા વિનાની ઇમારતની જરૂરિયાત જણાઈ. આવી ઇમારતની છતના બાંધકામમાં રોમનોએ નવી જ પદ્ધતિ અપનાવી. વૂસાર્સ તરીકે ઓળખાતા ફાચરિયા ઘાટના પથ્થરોને એકબીજાની નજીક ગોઠવીને થતી કમાનની વિશિષ્ટ પદ્ધતિ તેમણે અપનાવી હતી. વૂસાર્સ ગોઠવ્યા પછી છેલ્લે સૌથી ઉપર મુખ્ય પથ્થર મૂકવામાં આવતો. તેનાથી બધાં જ વૂસાર્સ એકબીજાની સાથે દબાણને લીધે જકડાઈને રહેતા. વૂસાર્સ બાજુમાંથી ખસી ન પડે તે માટે બટ્રેસિસ ઊભો કર્યો. કમાનદાર છત એ રોમન સ્થાપત્યની વિશેષતા છે. જાડી દીવાલોની ઉપર ક્રમબદ્ધ કમાનોની શ્રેણી ગોઠવીને આવી નળાકાર કમાનદાર છત બનાવવામાં આવતી. કમાનદાર છતવાળા સ્થાપત્યમાં બારી નીચેના ભાગે હોવાથી અંદરની બાજુએ પૂરતો પ્રકાશ આવી શકતો નહિ. આ ખામી દૂર કરવા ગ્રોઇન કે હોર્સ વોલ્ટનો ઉદભવ થયો. નળાકાર કમાનદાર બે છત એકબીજીને કાટખૂણે છેદીને આ પ્રકારની છત બનાવવામાં આવે છે. આ પ્રકારની છત ધરાવતી ઇમારત સુંદર લાગે છે.

રોમનોએ તેમની પરંપરા પ્રમાણેનાં મંદિરો બાંધ્યાં હતાં. એટ્રુસ્કન લોકોની જેમ તેઓ કાટખૂણા આકારે મંદિરો બાંધતાં. મંદિરો ઊંચા અધિષ્ઠાન પર બાંધવામાં

આવતાં. આ મંદિરો સ્તંભરહિત બનાવાતાં. તેનાં ગર્ભગૃહો ત્રણ વિભાગમાં વિભાજિત હતાં. મંદિરના મુખ ભાગે પોર્ટિકો (પ્રવેશચોકી) બનાવવામાં આવતો. મંદિર સ્તંભરહિત બનાવાતું; પરંતુ પોર્ટિકોના ભાગમાં સ્તંભ રાખવામાં આવતા. મંદિરોમાં પડાળી હોતી નથી. રોમમાં આવેલું ફૉર્ચ્યુના વિરિલિસનું મંદિર આનું ઉત્તમ ઉદાહરણ છે. ફ્રાન્સમાં નીમેસનું મેઇસનકારેનું મંદિર પણ આ પ્રકારનું છે. સામાન્ય રીતે રોમમાં વર્તુળાકારે મંદિરો બંધાતાં. આવાં વર્તુળાકારે મંદિરના ગર્ભગૃહને ફરતી સ્તંભોની હારમાળા હોય છે. રોમમાં વેસ્ટાનાનું મંદિર આ પ્રકારનું છે. વર્તુળાકાર મંદિરોમાં પેન્થિયન ભવ્ય હોય છે. પ્રાચીન રોમની તે સૌથી વધુ સુરક્ષિત ઇમારત છે. ઈ. સ.ની પ્રથમ સદીની શરૂઆ-તમાં સમ્રાટ હેડ્રિયને તેનું બાંધકામ કરાવ્યું હતું. 433 મીટર ઘેરાવો ધરાવતો તેનો ભવ્ય ઘુમ્મટ ઊંચી દીવાલો પર ટેકવેલો છે. મંદિરની છત અને પેડિમેન્ટ્સના ભાગો અસલમાં તામ્રશિલ્પોથી અલંકૃત હતા. દીવાલમાંના ગવાક્ષો એકાંતરે ગોળ અને ચોરસ છે. દરેક ગવાક્ષની સન્મુખે કોરિન્થિયન શૈલીના સ્તંભોની જોડ હોય છે. ચાપાકાર ઘુમ્મટ થરો વડે અલંકૃત હતો. મૂળમાં તે ગુલાબાકાર ઘાટના અલંકરણથી શોભાયમાન હતો. ઓક-પુલુસ (= આંખ) તરીકે ઓળખાતા ઘુમ્મટની ટોચનો ખુલ્લો વર્તુળાકાર ભાગ 8.5 મીટર વ્યાસ ધરાવે છે. અહીંથી અંદરના ભાગમાં પ્રકાશ આવે છે.

રોમનો વ્યાપારી, વાણિજ્યિક અને ન્યાયિક કાર્ય માટે બસિલિકા પ્રકારની મોટી ઇમારતો બાંધતા. આનો લંબચોરસ ખંડ સ્તંભોની હાર વડે વિભાજિત થતાં મધ્યમાં મંડપની રચના થતી. ટ્રિબ્યૂનલ નામના ચાપાકાર ભાગમાં મૅજિસ્ટ્રેટ બેસતા. શરૂઆ-તના બસિલિકામાં છત લાકડાની બનાવવામાં આવતી અને તે આગ અથવા તો સડાને લીધે નાશ પામી છે. હાલ અવશેષ રૂપે ઊભેલું જૂલિયાનું બસિલિકા આ પ્રકારના સ્થાપત્યનું સારું ઉદાહરણ છે. આગથી સુરક્ષિત રહે તેવી છત સૌપ્રથમ કૉન્સ્ટન્ટાઇન-ની બસિલિકામાં જોવા મળે છે. અવશેષ રૂપે ઊભેલી આ ઇમારતમાં તેનો મંડપ અને પાર્શ્વમાર્ગના ભાગો જળવાઈ રહ્યા છે.



કૉન્સ્ટન્ટાઇનની બસિલિકા

રોમનો ભવ્ય થેરેમા એટલે કે સ્નાનાગાર પણ બાંધતા. તેના બાંધકામમાં ગ્રીક પલાસેસ્ટ્રા અને રોમન બેલ્નિયાનું મિશ્રણ હતું. લોકો વિનામૂલ્યે તેનો છૂટથી ઉપયોગ કરતા. આ ઇમારત કમાનાકાર લાંબી દીર્ઘાથી સંલગ્ન વૃત્તાકાર ખંડોની બનેલી હતી. તેમાં સ્નાનખંડો, ખુલ્લા સ્વિમિંગ પુલ, ગરમ પાણીના કુંડ, કસરત અને રમત માટેની જગ્યા, ચૉક, બગીચા, મનોરંજન માટેના ખંડો, ગ્રંથાલયો, ક્યારેક સ્ટેડિયમ વગેરે વિભાગોનો સમાવેશ થતો. રોમમાં કેરેકેલાનું થેરેમા (ઈ. સ. 211) અને ડાયોક્લેશિયનનું થેરેમા (ઈ. સ. 305) આ વર્ગના સ્થાપત્યના ઉલ્લેખનીય નમૂના છે.

રોમનોએ ગ્રીકોની જેમ થિયેટર અને એમ્ફી થિયેટર બાંધવાની કલા પણ હસ્તગત કરી હતી. રોમનોએ પર્વતાળ જગ્યામાં બનાવવાને બદલે ખુલ્લામાં કૉંક્રીટની ઊંચી દીવાલો અને પગથિયાં સહિતનાં થિયેટર બનાવ્યાં હતાં. ગ્રીક થિયેટરમાં ગ્રાઉન્ડ ફ્લૉર કે ઑરકેસ્ટ્રાનો ભાગ કોરસ માટે વપરાતો હતો. રોમન થિયેટરમાં તે ઑડિટૉરિયમનો ભાગ બન્યો. કૉલોસિયમ અથવા ફ્લેવિયન એમ્ફી થિયેટર આ વર્ગના સ્થાપત્યનો આદર્શ દાખલો છે. ભગ્નાવસ્થામાં હોવા છતાં રોમનાં સ્મારકોમાં તે સીમાચિહ્ન સમાન છે. રોમના સૌથી સખત અને શ્રેષ્ઠ એવા ટ્રેવટોઇન પથ્થરો વડે બાંધેલી આ ઇમારત અંડાકાર ઘાટની છે. તેનો ઘેરાવો 537 મીટર છે. તેને ફરતી દીવાલ 46 મીટર ઊંચી છે. અંદરની બાજુએ બેઠકના થર સૌથી ઉપરની ગૅલરી સુધી ચઢતા જાય છે. મોર્ગાની રચનાને લીધે આ સોપાનશ્રેણીમાં જુદા જુદા ગાળા પડે છે. બહારની દીવાલ ચાર મજલાઓમાં વિભક્ત છે. મજલાઓમાં ડૉરિક, ટુસ્કન, આયોનિક અને કોરિન્થિયન જેવી વિવિધ બાંધકામની પદ્ધતિઓ વપરાઈ છે.



કૉન્સ્ટન્ટાઇનની કમાન

રોમન સર્કસ એ રેસકોર્સ હતું. આવું જાણીતું સર્કસ મેક્સિમસનું હતું. લંબગોળા-કાર આ સર્કસ 550 મીટર લાંબું અને 183 મીટર પહોળું હતું.

વિજેતાઓની સ્મૃતિમાં ઑગસ્ટસે રોમમાં અને અન્ય પ્રાંતોમાં 17 વિજયી કમાનોનું બાંધકામ કરાવ્યું હતું. આ પ્રકારની કમાનો એ નગરદ્વારો હતાં. તે એક અથવા ત્રણ કમાનાકાર પ્રવેશ ધરાવે છે. છતની ઉપરના ભાગે આવેલા 'એટિક'માં વિજયની સ્મૃતિમાં શિલ્પસમૂહ કંડારેલો હોય છે. જેરૂસલેમમાં ટાઇટસની, સેપ્ટિસિયસ સેવેરુસની અને કોલોસિયસ પાસેની કૉન્સ્ટન્ટાઇનની કમાનો જાણીતી છે. પ્રથમની કમાનમાં એક અને બીજી બે કમાનમાં ત્રણ પ્રવેશમાર્ગ આવેલા છે.

યુદ્ધના વિજેતાઓને સન્માનવા માટે ઊભા કરેલા વિજયસ્તંભોમાં ટ્રેજન અને માર્કુસ ઑરેલિયસના વિજયસ્તંભો આજે પણ રોમમાં ઊભા છે. આવા સ્તંભોમાં યુદ્ધના વિવિધ પ્રસંગોનાં શિલ્પો વિવિધ થરોમાં કંડારેલાં છે. ઈ. સ. 114માં નિર્મિત ટ્રેજનના સ્તંભમાં શિલ્પના થરની કુલ લંબાઈ 224 મીટર છે અને તેમાંના 2,500 સૈનિકોનાં શિલ્પ ટ્રેજનના ડાસન્ન પરના આક્રમણની યાદ કરાવે છે. રોમના મહેલોમાં નીસેનો મહેલ – ડૉમસ ઑરેઆ (= સુવર્ણગૃહ) ઉલ્લેખનીય છે.

અસ્થિપાત્ર અથવા શબને દફનાવવા માટે રોમનોએ કબર-સ્થાપત્યને ક્ષેત્રે પણ પ્રગતિ કરી હતી. કબરો નગરની બહાર માર્ગની બાજુએ બનાવવામાં આવતી અને ચિત્રકામ વડે તેને અલંકૃત કરવામાં આવતી. રોમના ઓલ્ડ આપિઆન માર્ગે કબરો આવેલી છે. સેસિલિયા મેટેલ્લા, ઑગસ્ટસ અને હાર્ડિયનની કબરો જાણીતી છે.

રોમનોએ બાંધેલા પુલોમાં ફ્રાન્સના નીમેસમાં પૉન્ટ ડુ ગારનો પુલ મહત્વનો છે. કેપિટોલ હિલની તળેટીમાં આવેલું ફોરમ રોમનું હાર્દ હતું. શરૂઆતમાં દુકાનોની શ્રેણી ધરાવતું આ સાદા બજારનું સ્થળ હતું. પાછળથી નાગરિક જીવનના કેન્દ્ર તરીકે તેનો વિકાસ થયો. તેને ફરતી મહત્વની જાહેર ઇમારતો હતી. વક્તાઓ માટેના મંચ પણ ત્યાં આવેલા હતા. રોમના સમ્રાટોએ તેની બાજુમાં શાહી ફોરમની સ્થાપના કરી હતી. તેમાં ટ્રોજનનું ફોરમ સૌથી મોટું હતું.

આમ, રોમનોએ સ્થાપત્યના ક્ષેત્રે અભિનવ પ્રગતિ કરી હતી. તેમણે અનેક પ્રકા-રનાં સ્થાપત્યનો વિકાસ કર્યો હતો.

# 6

# ખ્રિસ્તી તથા બાયઝેન્ટાઈન શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. પ્રારંભિક ખ્રિસ્તી શિલ્પકલા

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત હતા. શરૂઆતનાં વર્ષોમાં રોમનો દ્વારા ખ્રિસ્તીઓને ત્રાસ અને જુલમ આપવામાં આવ્યા. ઈ. સ. 111માં સમ્રાટ ટ્રેજનના સમયથી ખ્રિસ્તીઓ પર ખુલ્લેઆમ ત્રાસ ગુજારવાનું શરૂ થયું હતું. ઈ. સ. 314માં સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને મિલાનના સ્થળેથી સર્વ ધર્મો પ્રત્યે સહિષ્ણુ નીતિ અપનાવવાની જાહેરાત કરી. ખ્રિસ્તી ધર્મને તેણે માન્યતા આપી. તેણે પોતે પણ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો ત્યારથી ખ્રિસ્તી ધર્મનો ફેલાવો વધુ પ્રમાણમાં થયો. પાંચમી શતાબ્દીમાં સમ્રાટ વેલેન્ટીનિયને પોપ લીઓ મહાનને ખ્રિસ્તી ધર્મજગતના સર્વેસર્વા બનાવ્યા. આયર્લૅન્ડ અને ફ્રાન્સે ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. છઠ્ઠી શતાબ્દીમાં પોપ ગ્રેગરીના પ્રયાસોથી અને ખ્રિસ્તી ધર્મપ્રચારકોના પ્રયાસોથી ઇંગ્લૅન્ડમાં પણ ખ્રિસ્તી ધર્મનો ખૂબ વિકાસ થયો. દશમી શતાબ્દી સુધીમાં યુરોપમાં ખ્રિસ્તી ધર્મનું પ્રભુત્વ સ્થપાઈ ચૂક્યું હતું. ખ્રિસ્તી ધર્મને કેન્દ્રમાં રાખીને એક વિશિષ્ટ શિલ્પ-સ્થાપત્યશૈલીનું નિર્માણ થયું.

પ્રારંભિક ખ્રિસ્તી કલા ઉત્તર રોમન કલાના સમયની છે. મહદ્અંશે તે ઈ. સ. 200-700નો સમયગાળો ધરાવે છે. તે વખતે રોમના સામ્રાજ્યના પતનની શરૂઆત થઈ ગઈ હતી. પ્રારંભિક ખ્રિસ્તી કલા ચર્ચના ઇતિહાસનું પ્રતિબિંબ પાડે છે. શૈલીની દૃષ્ટિએ તે ગ્રીસો-રોમન રહી છતાં તેમાં નવી પરંપરાની શોધને લીધે નવું સ્વરૂપ જણાય છે. શરૂઆતમાં તે પ્રતીકાત્મક રહી, પણ ક્રમશઃ તેમાં વ્યક્તિઓની આકૃતિઓએ સ્થાન લીધું અને તેનો વિકાસ થયો. પ્રારંભિક શિલ્પો રોમનોએ નહિ પણ નવા ખ્રિસ્તીઓએ પોતાની આવડત અને સૂઝ પ્રમાણે સર્જ્યાં હતાં. આ શિલ્પશૈલીમાં બે ધારાઓ જણાય છે – એકમાં ઈસુની અને ઈસુના જીવનની આકૃતિઓ છે જ્યારે બીજી ધારામાં માત્ર પ્રતીકો છે. ક્રૉસ, ક્રૉસાકાર લંગર, મોર, કબૂતર, તાડ વૃક્ષ, લૅટિન ભાષાના પ્રથમ અને અંતિમ મૂળાક્ષરો (આલ્ફા અને ઓમીગા) વગેરે પ્રતીકો જણાય છે. મુખ્યત્વે દફનપેટીઓ પર આ પ્રતીકો કોતરેલાં છે. સમય જતાં મનુષ્યાકૃતિઓ અને પ્રતીકોનો સમન્વય થયો અને તે ખ્રિસ્તી કલાનું મહત્વનું લક્ષણ બન્યું. આના લીધે, તે રોમન કલાની વાસ્તવદર્શિતાથી જુદી પડી. સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને ખ્રિસ્તી ધર્મને રોમન સામ્રાજ્યનો રાજધર્મ બનાવવાનો નિર્ણય લીધો, તેની ખ્રિસ્તી કલા પર મોટી અસર પડી.

પ્રારંભિક ખ્રિસ્તી શિલ્પકલામાં ઓલ્ડ ટેસ્ટામેન્ટના પ્રસંગો અને ન્યૂ ટેસ્ટામેન્ટમાંથી ઈસુના જીવનના મહત્વના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા. ઈશ્વરના દૂતે મૅરીને તારણહા-ર(ઈસુ)ની માતા થવાના સમાચાર જણાવ્યા તે પ્રસંગ (annunciation), આ સમાચાર મૅરી પોતાની પિતરાઈ બહેન એલિઝાબેથને કહેવા જાય છે તે પ્રસંગ (visitation), ઈસુના જન્મનો પ્રસંગ (nativity), ક્રૉસ પર ઈસુનું મૃત્યુ (crucification), મૃત ઈસુનું સજીવ થવું તે પ્રસંગ (resurrection), ઈસુનું સ્વર્ગારોહણ વગેરે પ્રસંગો ન્યૂ ટેસ્ટામે-ન્ટમાંના છે.




હાથીદાંત પરનું શિલ્પ,
વિક્ટૉરિયા આલ્બર્ટ મ્યુઝિયમ




ધી આર્કાએન્જલ માઇકલ

ખ્રિસ્તીઓ મૃતકોને પથ્થરની પેટી(sarcophagi)માં મૂકીને દાટતા. પથ્થરની આ પેટીને શિલ્પાંકન વડે અલંકૃત કરવામાં આવતી. તેના વિષયો પર્વતમાં ખોદીને બનાવેલ કબર(catacomb)નાં ભીંતચિત્રોના જ હતા. શરૂઆતમાં પેટીના ખૂણાઓના ભાગે અને મધ્યભાગે કોતરવામાં આવતું. ચોથી સદીમાં અર્ધમૂર્ત શિલ્પના થર વડે સુશોભિત કરવાનું શરૂ થયું. ત્યાર બાદ એક પર બીજો થર કરવાનું શરૂ થયું. વેટિકન ગ્રોટ્ટોસ-માં જુનિયસ આસ્સુસની અલંકૃત પેટી છે. જુનિયસનું મૃત્યુ ઈ. સ. 359માં થયું હતું. આ પેટી પર શિલ્પના દસ થર છે. શિલ્પના વિષયો ઓલ્ડ અને ન્યૂ ટેસ્ટામેન્ટમાંથી લેવામાં આવ્યા છે. સ્તંભોના આલેખન દ્વારા શિલ્પોને વિભાજિત કરેલાં છે. ઉપરના ભાગમાં અબ્રહામનું બલિદાન, સેન્ટ પીટરનો કેદવાસ, સેન્ટ પીટર અને સેન્ટ પૉલની

મધ્યે વિશ્વના શાસક તરીકે ઊભેલા ઈસુ વગેરે પ્રસંગો છે. નીચેની હરોળમાં જોબની યાતનાઓ અને પતન, જેરૂસલેમમાં ઈસુનો પ્રવેશ, સિંહોની બોડમાં ડેનિયલ, શહાદત માટે દોરીને લઈ જવાતા સેન્ટ પૉલ વગેરે પ્રસંગો કોતરેલા છે. આ બધાં શિલ્પો અર્ધમૂર્ત પ્રકારનાં છે. બ્રિટિશ મ્યુઝિયમ(લંડન, પ્રારંભિક છઠ્ઠી સદી)માં સુરક્ષિત હાથીદાંત પર કોતરેલ 'ગવાક્ષિત દૂત મિખાઇલ'નું શિલ્પ આકર્ષક છે. પાંખાળા દૂતના આલેખનમાં ગ્રીસો-રોમન કલાની વિજયની દેવીની છાંટ વરતાય છે. તે જ રીતે પ્રિસ્ટેસ બચ્ચુસનું હાથીદાંત પરનું શિલ્પ પણ આકર્ષક છે. આ બધાં શિલ્પો અર્ધમૂર્ત પ્રકારનાં છે. પૂર્ણ-મૂર્ત પ્રકારનાં શિલ્પો મળે છે પણ તે પ્રમાણમાં ઓછાં છે. વેટિકન મ્યુઝિયમમાં આવેલું 'ભલા ભરવાડ' તરીકેનું ઈસુનું એક પૂર્ણમૂર્ત શિલ્પ છે. ઈસુએ ખભા પર ઘેટું બેસાડેલું છે. ઈસુનું પ્રારંભિક શિલ્પાંકન આ રીતે કરવામાં આવતું. આ શિલ્પ પુરાણા ગ્રીસના દેવ ઓરિસ્ટિયસની ઘેટું ઊંચકેલી કૃતિની યાદ અપાવે છે. ન્યૂ ટેસ્ટામેન્ટમાં પોતાનાં સો ઘેટાંમાંથી ખોવાયેલા એક ઘેટાથી ચિંતિત ભરવાડનું રૂપક ઈસુ માટે વપરાયું છે. તેની પ્રતીતિ આ 'ભલા ભરવાડ'ના શિલ્પમાં થાય છે. એટલું જ નહિ, ઈશ્વરની સરખામણી પણ આ ભરવાડ સાથે કરી હોવાનું જણાય છે.

## 1.1 બાયઝેન્ટાઇન શિલ્પકલા

ઈ. સ. પૂ. 657માં ગ્રીક વસાહતીઓએ બાયઝેન્ટિયમ નગર વસાવ્યું હતું. બો-સ્ફરસની ખાડી પાસે થ્રેસના કાંઠે એટલે કે યુરોપના સૌથી અંતભાગે તે આવેલું હતું. વેપારની દૃષ્ટિએ બાયઝેન્ટિયમ મહત્વનું નગર હોવા છતાં માનવજીવન માટેની પ્રતિકૂળ આબોહવાને લીધે લગભગ હજારેક વર્ષ સુધી મહાનગર તરીકે વિકાસ થઈ શક્યો નહિ. ઈ. સ. 330માં સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને પૂર્વના રોમન સામ્રાજ્યના પાટનગર તરીકે બાયઝેન્ટિયમને પસંદ કર્યું અને તે કૉન્સ્ટન્ટિનોપલ નામે પ્રસિદ્ધ થયું. ચોથી સદી દર-મિયાન રોમન સામ્રાજ્યના પૂર્વ અને પશ્ચિમ એવા બે વિભાગો વહીવટી દૃષ્ટિએ આપ્યા હતા. ઈ. સ.ની પાંચમી સદી સુધી પૂર્વનું સામ્રાજ્ય રોમન સામ્રાજ્ય તરીકે જ ઓળખાતું હતું. સમ્રાટ જસ્ટિનિયનના સમયથી તેમાંથી રોમન પરંપરા દૂર થતી ગઈ. આથી તેને કયા નામે ઓળખવું તે પ્રશ્ન ઊભો થયો. ઇતિહાસવિદોએ તેને બાયઝેન્ટિયમ સામ્રાજ્ય તરીકે ઓળખાવ્યું. પાછળથી તે બાયઝેન્ટાઇન સામ્રાજ્ય તરીકે પ્રસિદ્ધ થયું. બાયઝેન્ટા-ઇન સામ્રાજ્યે પોતાની એક આગવી સભ્યતાનું નિર્માણ કર્યું હતું.

મધ્યકાલીન યુરોપની કલામાં બાયઝેન્ટાઇન કલાનું નોંધપાત્ર પ્રદાન છે. બાય-ઝેન્ટાઇન કલા પૂર્વના રોમન સામ્રાજ્ય સાથે સંકળાયેલી હતી. સમ્રાટ જસ્ટિનિયનનો શાસનકાળ (527-565) આ કલાનો પ્રથમ સુવર્ણયુગ ગણાય છે. આ સમય દરમિયાન નિર્માણ પામેલાં દેવળોમાં આ શૈલીનાં શિલ્પો પ્રદર્શિત છે. હાગિયા સોફિયા આ સમયનું સર્વોત્તમ દેવળ છે (જે પાછળથી મસ્જિદમાં પરિવર્તિત થયું હતું). સમ્રાટ બાસિલ 1લાના સમયથી આ કલાનો બીજો સુવર્ણયુગ શરૂ થયો અને તે ચોથા ધર્મયુદ્ધ (ક્રુસેડ) 1204 સુધી ચાલ્યો. આ સમય દરમિયાન કલાપ્રવૃત્તિ કૉન્સ્ટન્ટિનોપલથી ગ્રીસ, બાલ્કન પ્રદેશ

અને છેલ્લે રશિયા તરફ ફંટાઈ. ઇટાલીમાં રેવેન્ના, જીનોવા અને વેનિસ બાયઝેન્ટાઇન કલાનાં સમૃદ્ધ કેન્દ્રો હતાં. વેનિસનું સેન્ટ માર્કનું દેવળ આ યુગની ઇટાલો-બાયઝેન્ટાઇન કલાનું અગ્રગણ્ય દેવળ હતું.

બાયઝેન્ટાઇન કલામાં ગ્રીક, રોમન, આરામાઇક અને ઈરાની કલાનાં તત્વોની અસર છે. બાયઝેન્ટાઇન કલા ધાર્મિક કલા હતી તેથી તે ખ્રિસ્તી ધર્મ પર આધારિત હતી. કલા મૂર્તિપૂજાની પોષક હોવાની માન્યતા ખ્રિસ્તી ધર્મમાં હોવાથી કલા માત્ર પ્રત્યે શંકા સેવવામાં આવતી. શરીર શેતાનનું સાધન હોવાની માન્યતાને લીધે શિલ્પમાંથી શારીરિક સુદઢતાના આદર્શને દૂર કરવામાં આવ્યો. આના પરિણામે શિલ્પમાંથી શરીરશાસ્ત્ર(anatomy)નો પ્રભાવ ઓસરતો ગયો. ઈસુનું આલેખન એપોલો જેવું થઈ શકતું નહિ. ઈસુની પ્રતિમાના આલેખનમાં વાસ્તવિકતા કરતાં તારણહાર (savior) તરીકેના દૈવીભાવ પર વધુ ભાર મૂકવામાં આવતો. મૂર્તિપૂજા બાબતે જે તોડફોડ થઈ તે દરમિયાન મોટા ભાગનાં બાયઝેન્ટાઇન શિલ્પો નાશ પામ્યાં. એનાં મૂળ જસ્ટિ-નિયનનાં મૃત્યુ પછી ખ્રિસ્તી ધર્મમાં મૂર્તિપૂજકો અને મૂર્તિભંજકો વચ્ચે લગભગ એક સદી સુધી ચાલેલા વિવાદમાં છે. ઈ. સ. 726ના શાહી ફરમાન પ્રમાણે ધાર્મિક આકૃતિઓનાં સર્જન પર મનાઈ ફરમાવવામાં આવી; પરંતુ કેટલાક સાધુઓ આ ફરમાનના વિરોધી હતા. તેથી આકૃતિ-પરક અને આકૃતિ-વિરોધી એવા અનુયાયીઓના બે પક્ષો પડ્યા. તે પછી ઑર્થોડોક્સ અને કૅથલિક નામે બે સંપ્રદાયો છૂટા પડ્યા. પેગન સાંસ્કૃતિક અસર નીચે ખ્રિસ્તી ધર્મમાં મૂર્તિપૂજા સહજ રીતે વિકસી હતી. નવમીથી અગિયારમી સદીના મેસેડોનિયન વંશના શાસન દરમિયાન આકૃતિપ્રધાન કલાનો પુનર્જન્મ થયો. સમય જતાં સ્થાપત્યમાં સુશોભન તરીકે શિલ્પને બદલે મોઝેઇક કલાએ સ્થાન લીધું. આથી શિલ્પની સરખામણીએ મોઝેઇક કલા અહીં વધુ વિકસી. શિલ્પકૃતિઓ લગભગ અદૃશ્ય થવા માંડી. પૂર્ણમૂર્ત શિલ્પોને બદલે અર્ધમૂર્ત શિલ્પો અને કોતરણીની કલા જળવાઈ રહી. હાથીદાંત અને સુવર્ણમાં અર્ધમૂર્ત શિલ્પકલા ટકી રહી. જોકે હાથીદાંતના કોતરકામમાં પાંચમી-છઠ્ઠી સદી દરમિયાન ગ્રીક અસર નીચે અર્ધમૂર્ત શિલ્પો સપાટ–ચપટાં જોવા મળે છે. રેવેન્ના મુકામે બિશપ મૅક્સિમિયનના સિંહાસન પરનાં અર્ધમૂર્ત શિલ્પો આનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

હાથીદાંત પર કોતરેલા શિલ્પનાં બે ઉદાહરણો નોંધપાત્ર છે. મુસાફરી દરમિયાન સાથે લઈ જઈ શકાય તેવી વેદી (portable altar) પરનાં અર્ધમૂર્ત શિલ્પો છે. મિજાગરાથી જોડેલી લાકડાની ત્રણ તકતીઓ(triptych)ની તે બનેલી છે. આમાં મધ્યની તકતીની ઉપરના ભાગે કેન્દ્રમાં ઈસુ આસન પર બિરાજમાન છે. તેમની બંને બાજુએ અનુક્રમે સેન્ટ જ્હોન બૅપ્ટિસ્ટ અને પવિત્ર મૅરી ઊભાં છે. આ દૃશ્યની નીચે ઈસુના પાંચ શિષ્યો(apostles)નાં આલેખન છે. દસમી સદીની આ કૃતિ લુવ્રમાં સચવાયેલી છે. બીજો નમૂનો લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં સુરક્ષિત છે. આ કૃતિ પણ દસમી સદીની છે અને તે લગ્નમાં ભેટ આપવાની હાથીદાંતમાંથી બનાવેલી પેટી

છે. આ પેટી પર ગ્રીક પૌરાણિક કથામાંથી લેવાયેલ ઇફિજેનીઆના બલિદાનનો પ્રસંગ સુંદર રીતે કંડારેલો છે.

ઈ. સ. 1453માં ઓટ્ટોમન તુર્કોએ કૉન્સ્ટન્ટિનોપલ જીતી લીધું. એ પછી બાયઝેન્ટાઇન કલાનો અંત આવ્યો.


## 2. પ્રારંભિક ખ્રિસ્તી સ્થાપત્ય

પ્રારંભમાં રોમનો દ્વારા ખ્રિસ્તીઓ પર થતા જુલમોને કારણે ખ્રિસ્તીઓ સ્થાપત્યનો વિકાસ કરી શક્યા નહિ. ઈસુના અંતિમ ભોજન(last supper)ની સ્મૃતિમાં કરવામાં આવતી સભાઓ છૂપી રીતે ખાનગી ઘરોમાં અથવા શૈલોત્કીર્ણ કબરો(catacombs) માં યોજવામાં આવતી. ચોથી સદીમાં તેમને જાહેરમાં પૂજાની પરવાનગી આપવામાં આવી ત્યારે તેમણે તેમની ધાર્મિક જરૂરિયાતોને અનુરૂપ ઇમારતો બાંધવાનું શરૂ કર્યું. સ્વાભાવિક રીતે તેમણે આદર્શ તરીકે રોમન સ્વરૂપને અપનાવ્યું. પ્રાર્થના માટેનું ખ્રિસ્તીઓનું મકાન દેવળ (church) તરીકે ઓળખાયું. રોમનોના ન્યાયિક અને વાણિજ્યવિષયક હૉલ – બસિલિકા (basilica) ખ્રિસ્તીઓની સામૂહિક પ્રાર્થના માટેના અનુકૂળ આદર્શો જણાયા. પ્રારંભિક દેવળો જે તે સમયે બસિલિકા તરીકે ઓળખાતા તે રોમન પ્રોટોટાઇપની જેમ જ લાંબા અને લંબચોરસ હતા. પૂર્વના છેડે ચાપાકાર ભાગ (apse) હતો. પશ્ચિમના સાંકડા છેડે પ્રવેશ હતો. પ્રવેશચોકી પશ્ચિમમાં હતી. ચર્ચની અંદરના પાર્શ્વમાર્ગ(aisles)ની સંખ્યા પ્રમાણે પ્રવેશ ત્રણ કે પાંચ રાખવામાં આવતા. અંદરનો ભાગ સમાંતર સ્તંભાવલિઓની હારના આધારે વિભાજિત થઈ જતો. મધ્યમંડપ (nave) ની પડખે એક અથવા બે પાર્શ્વમાર્ગ રાખવામાં આવતા. મધ્યમંડપનો ભાગ પાર્શ્વમાર્ગના ભાગ કરતાં ઊંચો કરવામાં આવતો. સ્તંભોની હાર એકબીજાની નજીક રહેતી. સ્તંભોના મથાળે મોભ મૂકીને એકબીજા સાથે સાંકળવામાં આવતા. તેની ઉપર ક્લેરે સ્ટોરી (clere story = કમાનો સહિતની દીવાલ) ગોઠવવામાં આવતી. તેમાં મૂકવામાં આવેલી બારીઓ દ્વારા મધ્યમંડપમાં હવાપ્રકાશ આવતાં. પ્રવેશની બરાબર સામેની દીવાલ આગળ ઓલ્ટાર(વેદી)ની રચના કરવામાં આવતી. તે ટેબલઆકારે પથ્થરની બનાવવામાં આવતી. વેદી પર પવિત્ર બલિદાન (holy sacrifice) અર્પણ કરવામાં આવતું. ઓલ્ટારને ધ્યાનાકર્ષક બનાવવા માટે તેને ભોંયતળિયાથી એક પગથિયા જેટલી ઊંચી રચવામાં આવતી. તેની ઉપર સિબોરિયમ (ciborium) રાખવામાં આવતું અને તેની નીચે ધર્મને ખાતર શહીદ થનારની કબર કરવામાં આવતી. ઓલ્ટારની પાછળની દીવાલ મધ્યમાં અર્ધવર્તુળાકાર (ચાપાકાર) રાખવામાં આવતી અને તેની બહારની બાજુએ ઉપર અર્ધ-ઘુંમટ કે અર્ધવર્તુળાકાર છતથી ઢાંકી દેવાતી. ચાપાકાર ભાગની મધ્યમાં બિશપ માટેનું આસન (cathedra) રાખવામાં આવતું. તેની બંને બાજુ અન્ય ધર્મગુરુઓ માટેનાં આસન ગોઠવાતાં. તેને બેમા (bema) કે પ્રેસ્બિટેરિયમ કે (presbyterium) કહે છે. પાછળના સમયમાં મધ્ય મંડપ અને ચાપાકાર ભાગની વચ્ચેના ભાગે

પડખે બંને બાજુ નાની ઓરડીઓનું બાંધકામ કરવામાં આવ્યું, તેને ટ્રાન્સેપ્ટ (transept) કહે છે. આના લીધે ચર્ચનું ગ્રાઉન્ડ-પ્લાન ક્રુસાકારે થયું. ટ્રાન્સેપ્ટના બંને છેડે સ્પર્શે તે રીતે એક મોટી કમાન ઊભી કરવામાં આવી, તેને ટ્રાયમ્ફલ આર્ચ (triumphal arch) કહે છે. ચર્ચની છત લાકડાંની રાખવામાં આવતી. માત્ર પાર્શ્વમાર્ગ પરની છતનું ચણતર કરવામાં આવતું.

વિધિઓની જરૂરિયાતને લક્ષ્યમાં રાખીને બીજાં બે પ્રકારનાં નવાં બાંધકામો – કેમ્પેનિલ (campanile) અને બૅપ્ટિસ્ટરી(baptistery)ની શરૂઆત થઈ. પ્રાર્થના અને વિધિના સમયે ચર્ચમાં ઘંટ વગાડવામાં આવે છે. ઘંટ માટેના વિશિષ્ટ ટાવરને કેમ્પેનિલ કહે છે. બૅપ્ટિઝમ સંસ્કાર માટે બૅપ્ટિસ્ટરીનો ઉપયોગ થતો. તે વર્તુળાકાર અથવા અષ્ટકોણાકાર હતી અને ક્યારેક તેને ઘુંમટ વડે અથવા તો માત્ર લાકડાની છત વડે ઢાંકવામાં આવતી. તેના ભોંયતળિયે આરસની પગથિયાંયુક્ત વિશાળ કૂંડી (basin) રાખવામાં આવતી. પછીના સમયમાં બૅપ્ટિસ્ટરીનું સ્થાન બૅપ્ટિસ્માલ ફોન્ટે (baptismal font = સ્તંભ ઉપર ગોઠવેલ કૂંડી) લીધું.

પ્રારંભિક ખ્રિસ્તી બસિલિકાનું સૌપ્રથમ ઉદાહરણ રોમમાં આવેલ સેન્ટ પીટરની બસિલિકાનું છે. તેનું બાંધકામ ઈ. સ. 333 પછીના ટૂંકા સમયમાં સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને કરાવ્યું હતું. પંદરમી સદી સુધી ઊભેલી આ ઇમારતને વર્તમાન ઇમારતનો માર્ગ કરવા દૂર કરવામાં આવી હતી. ઈસુના પટ્ટશિષ્ય – પીટરની સ્મૃતિમાં તેનું નિર્માણ થયું હતું. તેના પ્રાંગણને ફરતી સ્તંભાવલિ હતી અને કેન્દ્રમાં ખુલ્લામાં ફુવારો હતો. ચર્ચને પાંચ પ્રવેશદ્વાર હતાં. મધ્ય મંડપની બંને બાજુ બે બે પાર્શ્વમાર્ગો હતા. ઓલ્ટાર અને મધ્ય મંડપની વચ્ચે ઊભી રહેલી કમાન મોઝેક વડે વિભૂષિત હતી. સેન્ટ પીટર અને ઈસુની સાથે સમ્રાટ કૉન્સ્ટન્ટાઇનને રજૂ કર્યો છે. સમ્રાટ ઈસુને ચર્ચની પ્રતિકૃતિ ભેટ આપતો દર્શાવ્યો છે. ચાપાકાર ભાગની ભીંતના મોઝેકમાં ઈસુને સેન્ટ પીટર અને સેન્ટ પૉલ સાથે દર્શાવ્યા છે. ઓલ્ટારની નીચે સેન્ટ પીટરનાં અસ્થિ દફનાવવામાં આવ્યાં છે. દેવળથી અલગ બે બૅપ્ટિસ્ટરી હતી.



સેન્ટ એપોલ્લિનેર ઇન ક્લાસ, રેવેન્ના


રોમમાં આવેલ સેન્ટ જ્હૉન લેટેરનની બસિલિકાનો પાયો સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને નાંખ્યો હતો. આ ચર્ચ તેણે પોપ સિલ્વેસ્ટર 1લાને આપ્યું હતું. રોમના બિશપ અર્થાત્ પોપનું તે કેથીડ્રલ છે. પાછળના સમયમાં તેમાં અનેક સુધારાવધારા થયા છે, તેથી મૂળ બાંધકામ ખૂબ જ ઓછું જોવા મળે છે. માત્ર તેનો મધ્ય મંડપ, પાર્શ્વમાર્ગો અને પ્રવેશ પાસેના બે સ્તંભો તેના મૂળ સ્વરૂપે છે. રોમ શહેરના કોટની બહાર આવેલ સેન્ટ પૉલની બસિલિકાનું બાંધકામ સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને ચોથી સદીના ઉત્તરાર્ધમાં સેન્ટ પૉલની કબર પર કરાવ્યું હતું. સેન્ટ પીટરની બસિલિકાને તે ઘણું મળતું આવે છે. 1823માં આગમાં તેનો નાશ થયો ત્યાં સુધી રોમની ઉત્તમ બસિલિકાઓમાં તેની ગણના થતી હતી. તેના પુનઃનિર્માણ માટે વિશ્વભરમાંથી ફાળો એકત્ર કરવામાં આવ્યો હતો. તેનો પ્લાન અને પુરાણા દેવળની ભવ્યતા શક્યતઃ યથાવત્ રાખવામાં આવ્યાં હતાં. તેનાં મોઝેક ઘણાં સુંદર છે. રોમમાં આવેલ સેન્ટ મૅરી મેજરની બસિલિકાના નિર્માણ પાછળ ઉનાળાના સમયમાં થયેલ હિમવર્ષાના ચમત્કારની વાત સંકળાયેલી છે. હિમવર્ષા દ્વારા સૂચિત ચર્ચનો પ્લાન દર્શાવ્યો હોવાની લોકોની શ્રદ્ધા છે. પુરાણા મુખભાગના મોઝેકનાં ચિત્રોમાં આ ચમત્કારની કથા રજૂ કરવામાં આવી છે. સાન્ટા મારિયાનું ચર્ચ બહારથી ખૂબ જ સાદું છે. અંદરના ભાગમાં આવેલ કોયર અને બે પુલપિટ્સ (pulpits = બાઇબલ મૂકવાની સ્તંભ સાથેની જગ્યા) વગેરેમાં વિકાસ જણાય છે. સ્તંભોનાં કદ અને ડિઝાઇનમાં વૈવિધ્ય જણાય છે. સેન્ટ ક્લેમેન્ટના ચર્ચનો પ્લાન પણ સાદો છે. રેવે-ન્નામાં આવેલ સેન્ટ એપોલ્લિનેર, નુઓવો અને રેવેન્ના નજીક આવેલ સેન્ટ એપોલ્લિનેર ઇન ક્લાસ બંને એકબીજાને ઘણાં મળતાં આવે છે.

## 2.2 બાયઝેન્ટાઇન સ્થાપત્ય

બાયઝેન્ટાઇન સ્થાપત્ય પર મુખ્યત્વે ધાર્મિક અથવા ચર્ચની કલાનું આધિપત્ય હતું. જોકે નાગરિક સ્થાપત્યના નમૂના પણ મળે છે. બાયઝેન્ટાઇન સ્થાપત્યનું મુખ્ય લક્ષણ એ છે કે સમચોરસ કે અષ્ટકોણીય તલમાન ધરાવતા પાયા ઉપર અર્ધવૃત્તાકાર ઘુંમટ રચવામાં આવતો. ઘુંમટ આકાશ કે સ્વર્ગને અભિવ્યક્ત કરે છે. રોમન સ્થાપત્યમાં અર્ધવૃત્તાકાર ઘુંમટ સીધો જ વૃત્તાકાર દીવાલ પર ઊભો કરવામાં આવતો. આ રીતે ઘુંમટ બાંધવાનું મુશ્કેલ ન હતું; પરંતુ અહીં સમચોરસ પાયા (base) પર અર્ધવૃત્તાકાર ઘુંમટ બાંધવાના મુશ્કેલ કામને સરળ બનાવવામાં આવ્યું. સમચોરસ પ્લાનમાં ચારે બાજુ ચાર દીવાલ ચણવામાં આવતી અથવા ચારે ખૂણે ચાર સ્તંભો ઊભા કરવામાં આવતા. સમચોરસ પ્લાનની ઉપર અર્ધવૃત્તાકાર ઘુંમટ ઊભો રહી શકે તે માટે ચારે બાજુ ઉપર વળાંક(curved)વાળા ત્રિકોણ એટલે કે પેન્ડેન્ટિવ (pendentive) બાંધવામાં આવતા. સમચોરસના દરેક ખૂણેથી પેન્ડેન્ટિવ ઊભો કરવામાં આવતો. આવા ચાર પેન્ડેન્ટિવ ઘુંમટને ધારણ કરતા. દરેક પેન્ડેન્ટિવનો ઉપરનો ભાગ અર્ધવૃત્તાકાર રહેતો. તેમની ઉપર વૃત્તાકાર પાયો (base) કે કાંઠલો (drum) રચીને ઘુંમટ બાંધવામાં આવતો. આમ બાયઝેન્ટાઇન સ્થાપત્યમાં ક્રમશઃ સમચોરસ અને તે પછી અર્ધવૃત્તાકાર ઘુંમટની

રચના કરવામાં આવતી. પ્રથમ સુવર્ણયુગ દરમિયાન ઘુંમટની નીચેના ભાગે છેદેલી (pierced) બારીઓ રચવામાં આવતી. જ્યારે બીજા સુવર્ણયુગ દરમિયાન કાંઠલામાં છેદેલી બારીઓ રચવામાં આવતી. આવી બારીઓ દ્વારા અંદરના ભાગમાં પ્રકાશ દાખલ થતો.

બાયઝેન્ટાઇન સ્થાપત્યમાં એકાશ્મક (monolithic) સ્તંભો વાપરવામાં આવતા. સ્તંભોની શિરાવટીમાં આયોનિક, કોરિન્થિયન અને મિશ્ર ઑર્ડર જોવા મળે છે. સમય જતાં તેમાંથી શિરાવટીની આગવી શૈલી – ઘનાકાર શૈલી(cubical style)નો વિકાસ થયો. આ પ્રકારની શિરાવટીમાં નીચેનો ભાગ સાંકડો અને ઉપરનો ભાગ પહોળો તેમજ અંદરની તરફ ઢોળાવ(slope)વાળો રહેતો. આ શિરાવટીની ઉપર આ જ ઘાટની બીજી શિરાવટીનો બ્લૉક મૂકવામાં આવતો. તેને ડોસ્સેરેટ (dosseret) કહે છે. બારણાં અને બારીઓ અર્ધવૃત્તાકાર કમાન ઘાટનાં હતાં. કમાનોની હાર (arcades) ગૅલરીને ટેકવતી. સામાન્ય રીતે દીવાલો ઈંટેરી હતી. ક્યારેક તેને સુશોભિત આરસના પટ્ટ કે મોઝેક વડે આચ્છાદિત કરવામાં આવતી.



હાગિયા સોફિયાનો પ્લાન



હાગિયા સોફિયાના સ્તંભની શિરાવટી

હાગિયા સોફિયાનું ચર્ચ (કૉન્સ્ટન્ટિનોપલ, વર્તમાન ઇસ્તંબૂલ), સેંટ માર્કનું ચર્ચ બાયઝેન્ટાઇન સ્થાપત્યની નોંધપાત્ર ઇમારતો છે. હાગિયા સોફિયા બાયઝેન્ટાઇન ચર્ચમાં સૌથી મોટું ચર્ચ છે. અગાઉનાં તેનાં બે મૂળ સ્વરૂપો આગમાં નાશ પામ્યાં હતાં. પ્રથમ સ્વરૂપમાં કાષ્ઠની છત ધરાવતા બસિલિકાનું આયોજન સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને કર્યું હતું. વર્તમાન હાગિયા સોફિયાનું બાંધકામ 532માં સમ્રાટ જસ્ટિનિયનના માર્ગદર્શન હેઠળ થયું હતું. એન્થેમિયસ અને ઈસદોર નામના બે સ્થપતિઓએ તેનો પ્લાન કર્યો હતો. બાંધકામ પૂરું થતાં છ વર્ષ થયાં હતાં અને તેના બાંધકામમાં 10 હજાર કામ કરનારા હતા. વારંવારના ધરતીકંપને લીધે તેનો અનેક વાર જીર્ણોદ્ધાર થયો છે.



હાગિયા સોફિયા ચર્ચ

1453માં તુર્કોએ કૉન્સ્ટન્ટિનોપલ જીતી લીધું ત્યારે તેની અંદરના મોઝેક વર્ક(જડતરકામ)ને ઘણું નુકસાન પહોંચ્યું હતું. તેના ચાર ખૂણે ચાર મિનારા ઉમેરવામાં આવ્યા અને તેને મસ્જિદમાં ફેરવવામાં આવ્યું. 1929થી તેનો ઉપયોગ બાયઝેન્ટાઇન મ્યુઝિયમ તરીકે થવા લાગ્યો. તેનો વિસ્તાર 76 76 મીટરનો છે. બસિલિકાના આયો-જનને કેન્દ્રમાં રાખીને તેમાં મધ્ય મંડપ (nave) અને તેની બંને બાજુએ બે મજલાના પાર્શ્વમાર્ગ (aisles) છે. મધ્ય મંડપની બંને બાજુ ચાપાકાર (apse) ભાગ છે. તેની છતરચના (roofing) વિશેષતા ધરાવે છે. મધ્ય મંડપ પર ઘુંમટ છે. મુખ્ય ઘુંમટની ચારે બાજુએ એકસરખા કદના ઓછી ઊંચાઈવાળા ચાર ઘુંમટો છે. સૌથી મોટો એટલે કે મધ્યનો ઘુંમટ 55 મીટર ઊંચાઈએ છે. તેનો વ્યાસ 32.5 મીટરનો છે. ઘુંમટના પાયા-(base)માં 40 બારીઓ છે. પાછળના સમયમાં ઘુંમટમાં ડ્રમ(drum)નું ઉમેરણ કરવામાં આવ્યું હોવાથી તે સપાટ (flat) દેખાય છે. તેની આંતરિક ભવ્યતા તેની બાહ્ય ભવ્યતા કરતાં ચઢિયાતી છે. તેમાં પ્રવેશનારને તેની વિશાળતા (spaciousness) અને ઊંચાઈની પ્રતીતિ થાય છે. તેના રંગીન જડતરકામની સમૃદ્ધિ દર્શકના ચિત્ત પર ઊંડી અસર નિપજાવે છે.



સેંટ બાસિલનું કેથીડ્રલ

વેનિસમાં આવેલું સેંટ માર્કનું દેવળ બીજા સુવર્ણકાળ દરમિયાન બંધાયું હતું. તેનું બાંધકામ 1063માં શરૂ થયું હતું તેનું ગ્રાઉન્ડ પ્લાન ગ્રીક–ક્રૉસાકારે છે. તેની અંદરનો વિશાળ ભાગ તેના જડતરકામ માટે પ્રસિદ્ધ છે. આ કાલ દરમિયાન બાયઝેન્ટાઇન સ્થાપત્યનો રશિયામાં પણ પ્રસાર થયો હતો. મૉસ્કોમાં ક્રેમલિનની નજીક આવેલ સેંટ બાસિલનું કેથીડ્રલ આનું ઉત્તમ ઉદાહરણ છે. તેના ઘુંમટ ટાવરની જેમ ઊંચા લીધા છે. પૂર્વના દેશોની પાઘડીના જેવો ઘાટ આ ઘુંમટો ધરાવે છે.



ચર્ચિસ ઑવ્ ધ મોનેસ્ટરી ઑવ્ લુકાસ, ગ્રીસ

નવમી સદીમાં સેંટ માર્કનાં અસ્થિઓ ઍલેક્ઝાન્ડ્રિયાથી વેનિસ લાવવામાં આવ્યાં હતાં અને ત્યાંની બસિલિકામાં રાખવામાં આવ્યાં હતાં. દસમી સદીના ઉત્તરાર્ધમાં તે આગમાં ભસ્મીભૂત થઈ ગયું. તેનું પુનર્નિર્માણ 1042થી 1085 દરમિયાન થયું. કૉન્સ્ટન્ટિનોપલના પ્રખ્યાત એપોસલ્સ ચર્ચને ધ્યાનમાં રાખીને તે બાંધવામાં આવ્યું. તેની છત પર કાંઠલા (drum) વિનાના પાંચ ઘુંમટો આવેલા છે. ઓલ્ટારની પાછળની દીવાલમાં ત્રણ ચાપાકાર ભાગ (apse) છે. મંડપને પાછળના સમયમાં બધી બાજુએથી વિસ્તારવામાં આવ્યો હતો. અંદરના ભાગમાં કીમતી રંગીન આરસ અને કાચના મોઝેકનાં સુશોભનો છે. તેમાં માનવ(આદમ)નું સર્જન અને પતન, ઈસુના ચમત્કારો અને સંતોની અનુશ્રુતિઓના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા છે. બહારના ભાગમાં થયેલા વધારામાં બાયઝેન્ટાઇન કલા જણાતી નથી. મુખભાગનો ઉપરનો ભાગ ઉત્તરકાલીન ગૉથિક શૈલીમાં ઉમેરાયો છે. મધ્યના પ્રવેશની ઉપર રાખવામાં આવેલા ધાતુના ઘોડાનાં શિલ્પો નીચેની વિજયી કમાનમાંથી લાવવામાં આવ્યાં છે. ફોકિસમાં આવેલ હોઝિયસ લુકાસ(સેન્ટ લ્યુક)નાં મોનેસ્ટરીનાં ચર્ચ ઉલ્લેખનીય છે. દ્વિતીય સુવર્ણયુગ દરમિયાન બાયઝેન્ટાઇન સ્થાપત્યનો રશિયામાં પ્રસાર થયો. ત્યાં બંધાયેલ દેવળોમાં મહદ્અંશે લાકડાંનો ઉપયોગ થયો છે. મૉસ્કોમાં ક્રેમલિનની નજીક આવેલ સેંટ બાસિલનું કેથીડ્રલ બાયઝેન્ટાઇન શૈલીનું છે. ગ્રીસમાં આવેલ 'ચર્ચિસ ઑવ્ ધ મોનેસ્ટરી ઑવ્ લુકાસ' 11મી સદીમાં બંધાયેલ છે. તે બાયઝેન્ટાઇન સ્થાપત્યકલાનો સુંદર નમૂનો છે.


# 7
# મુસ્લિમ સ્થાપત્ય

ઈ. સ.ની છઠ્ઠી સદીના અંતમાં મહમ્મદ પયગંબર સાહેબ (સ.અ.વ.) દ્વારા અરબસ્તાનની ભૂમિમાં ઇસ્લામ ધર્મની સ્થાપના થઈ. પશ્ચિમ એશિયાના પ્રદેશમાં એકેશ્વરવાદના સિદ્ધાંત પર સ્થપાયેલા યહૂદી અને ખ્રિસ્તી ધર્મ પછી ઐતિહાસિક ક્રમમાં ઇસ્લામનું સ્થાન છે. મુસ્લિમોનું પ્રાર્થના કરવાનું સ્થળ મસ્જિદ (જ્યાં સિજદો અર્થાત્ પ્રાર્થના કરવામાં આવે છે તે સ્થળ) તરીકે ઓળખાય છે અને નામાંકિત વ્યક્તિનું શબ દફનાવીને તેની પર કરવામાં આવેલ બાંધકામ મકબરા તરીકે ઓળખાય છે. જ્યાં ઇસ્લામ ધર્મનું શિક્ષણ આપવામાં આવે છે તેને મદરેસા કહેવામાં આવે છે. ઇસ્લામી જગતમાં આ ત્રણ પ્રકારનાં સ્થાપત્યનો વિકાસ વિશેષ જોવા મળે છે. પશ્ચિમ એશિયા ઉપરાંત જગતના અન્ય દેશોમાં પણ સમય જતાં ઇસ્લામનો પ્રસાર થયો હતો; જેમ કે, યુરોપીય તુર્કી, બલ્ગેરિયા, ગ્રીસ, દક્ષિણ યુગોસ્લાવિયા (15મી અને 16મી સદીમાં), સિસિલિ (8મીથી 10મી સદી), દક્ષિણ અને મધ્ય સ્પેન (8મીથી 16મી સદી), સાયપ્રસ (16મીથી 20મી સદી), ઉત્તર આફ્રિકા (15મી સદી અને આગળ), એશિયાઈ તુર્કી (11મી-12મી સદી અને આગળ), સીરિયા, પૅલેસ્ટાઇન, ગલ્ફનાં રાજ્યો, ઇરાક, ઈરાન, અફઘાનિસ્તાન અને દક્ષિણ રશિયા (8મી સદી અને આગળ), ભારત (12મી સદી અને આગળ), પૂર્વ આફ્રિકા (14મી સદી અને આગળ), ઇન્ડોનેશિયા (17મી સદી અને આગળ) – આ સર્વ પ્રદેશોમાં ઇસ્લામી સ્થાપત્ય રચાયું છે. બાંધકામની બાબતમાં આરબોએ કોઈ એક વિશેષ સ્થાપત્યશૈલી વિકસાવી ન હતી. તેથી ઇસ્લામ ધર્મ જે તે પ્રદેશમાં પ્રસાર પામ્યો તે પ્રદેશના ઇસ્લામી સ્થાપત્ય પર ત્યાંની સ્થાનિક શૈલીનો પ્રભાવ જોવા મળે છે. જે પ્રદેશોમાં ઇસ્લામ ધર્મ ગયો તે પ્રદેશોમાં સ્થાપત્યકલાએ પ્રગતિની કૂચ કરી હતી એટલે ત્યાંના સ્થાપત્યકીય વિકાસનો લાભ ઇસ્લામી સ્થાપત્યને મળ્યો. ઇસ્લામ ધર્મનો ઉદભવ પશ્ચિમ એશિયા જેવા સૂકી-ગરમ આબોહવા ધરાવતા પ્રદેશોમાં થયો હતો. તેથી તેની આબોહવાને કેન્દ્રમાં રાખીને બાંધકામની પદ્ધતિ અપનાવવામાં આવી. તેથી દિવસે સૂર્યપ્રકાશ સામે ઠંડક અને છાયો આપે તેવા ઢાંકેલા (shaded) પ્રાંગણવાળા અને રાત્રે પુનઃ ગરમીનો ઝડપી નિકાલ થઈ શકે અને પકડી રાખી શકાય તેવા ભારે (heavy) બાંધકામને લક્ષ્યમાં રાખવામાં આવ્યું. ઇસ્લામનો વિવિધ આબોહવા ધરાવતા દેશોમાં પ્રચાર થયો છતાં પશ્ચિમ એશિયાની આબોહવાને અનુકૂળ હોય તેવું બાંધકામનું સ્વરૂપ રહ્યું. બાંધકામમાં કાચી ઈંટોનો


વપરાશ વધુ જોવા મળતો નથી. માટી વડે બાંધેલું બાંધકામ પણ જોવા મળતું નથી. માટીની ઈંટોની સ્થિરતા માટે ચૂનો કે જિપ્સમનું પ્લાસ્ટર કરવામાં આવતું. મુસ્લિમ સ્થાપત્ય કમાન-આધારિત (arcuate masonry) રચના પર ટકેલું ને વિકસેલું જણાય છે. બાંધકામમાં અણિયાળી (pointed) અને ઘોડાની નાળ આકારની કમાનો વપરાઈ છે. આ બંને પ્રકારની કમાનોનાં મૂળ પૂર્વ-મુસ્લિમ યુગ દરમિયાન પૂર્વના બાયઝેન્ટિયમ અને સાસાની સામ્રાજ્યના સ્થાપત્યમાં જોવા મળે છે. ઇસ્લામ ધર્મમાં મૂર્તિપૂજાને સ્થાન ન હોવાથી સ્થાપત્યમાં મનુષ્ય, પશુ કે પક્ષીની આકૃતિઓ મૂકવામાં આવતી નથી. તેને બદલે ભૌમિતિક કે ફૂલ-વેલની ભાત અને સુલેખન-કલા વડે તે સ્થાપત્યને સજાવવામાં આવેલું જોવા મળે છે.

ઇસ્લામની શરૂઆતમાં મહમ્મદ પયગમ્બર સાહેબનું ઘર મસ્જિદ તરીકે વપરાતું હતું. તે પછી મસ્જિદ-સ્થાપત્યનો વિકાસ થયો. મસ્જિદમાં મુખ્ય પ્રાર્થનાખંડ મક્કાની દિશા તરફ (ભારતની મસ્જિદોમાં પશ્ચિમ તરફ) રાખવામાં આવતો. આ ખંડને લિવાન (તેનું મૂળ અઇવાન છે.) કહે છે. ભારતમાં તેની પશ્ચિમની દીવાલમાં એક મહેરાબ અર્થાત્ ગવાક્ષની રચના હોય છે. લિવાનના કદ પ્રમાણે તે ક્યારેક એક, ત્રણ કે પાંચની સંખ્યામાં હોય છે. મુખ્ય અથવા કેન્દ્રના મહેરાબની ઉત્તર બાજુએ અડોઅડ મિમ્બર હોય છે. સાત કે આઠ પગથિયાં સાથેની વ્યાસપીઠ જેવી તેની રચના હોય છે. મહે-રાબની સન્મુખે મોં રાખીને ઊભા રહી નમાઝ પઢવાની હોય છે. લિવાનનો મુખભાગ કમાનોની હાર વડે બનેલો હોય છે. ત્રણ કે પાંચ કમાન હોય તો ક્યારેક કેન્દ્રની મુખ્ય કમાનને અન્ય કમાનો કરતાં ઊંચી લીધી હોય છે. તેથી મુખભાગમાં પગથિયાં જેવો ચઢતો-ઊતરતો ઘાટ નિષ્પન્ન થાય છે. નમાઝ માટે અઝાન પોકારવા માટે લિવાનના મુખભાગના બંને છેડે અથવા મુખ્ય કમાનની બંને બાજુએ મિનારાની રચના હોય છે. લિવાનની છત ઘુંમટોથી આચ્છાદિત હોય છે. કેન્દ્રનો મુખ્ય ઘુંમટ અન્ય ઘુંમટો કરતાં મોટો અને વિશાળ હોય છે.

ઉમય્યાદ અને અબ્બાસિદ ખલીફાઓના શાસન નીચે મુસ્લિમ સ્થાપત્યનો વિકાસ થયો. મહમ્મદ સાહેબના મૃત્યુનાં છ વર્ષ બાદ સ્થપાયેલ કુફા શહેરની મસ્જિદ 638માં બંધાઈ હતી. તેનું બાંધકામ પ્રાથમિક સ્વરૂપનું છે. તેમાં મહેરાબ નથી. કૂટની અલ્-વાલિદની મસ્જિદ 703માં બંધાઈ હતી. જેરૂસલેમના ટેમ્પલ માઉન્ટ પરની



કુફાની મસ્જિદ, મક્કા



ડૉમ ઑવ્ રૉક મસ્જિદ, જેરૂસલેમ

અલ્-અક્સા મસ્જિદનું પુનર્નિર્માણ આશરે 711માં ખલીફા અલ-વાલિદના સમયમાં થયું હતું. જેરૂસલેમની ડૉમ ઑવ્ રૉક મસ્જિદનું બાંધકામ ઈ. સ. 688માં શરૂ થયું હતું. પયગમ્બરની મસ્જિદ અને કાબાની મસ્જિદની જેમ આ પણ મહત્વની મસ્જિદ છે. ડૉમ ઑવ્ ચેઇન મોરિયા પર્વત પર તે આવેલી છે. આ સ્થળેથી પયગમ્બર સાહેબે એક રાત્રે ઇસ્લામના મૂળભૂત સિદ્ધાંતો (revelation) મેળવવા સ્વર્ગની મુસાફરી કરી હતી એવું મનાય છે. કાષ્ઠ-નિર્મિત તેનો ઘુંમટ પથ્થરની કમાનોની હાર પર ટેકવેલો છે. કમાન-શ્રેણીને ફરતા પાર્શ્વમાર્ગો ગોઠવેલા છે. અંદરનો ભાગ કાચના જડતરકામ વડે અલંકૃત છે. તેનો ઘુંમટ ઉત્તર સીરિયાના સેન્ટ સિમોનના ચર્ચના ઘુંમટ સાથે મળતો આવે છે. ઘુંમટનું અનેક વાર સમારકામ થયું છે. 1967માં હળવા વજનવાળા નવા ઘુંમટે જૂના ઘુંમટનું સ્થાન લીધું. મુસ્લિમ સ્થાપત્યમાં સૌથી પ્રાચીન હયાત મહેરાબ આ મસ્જિદનો છે. મદીનાની પયગમ્બર સાહેબની મસ્જિદ



પયગંબર સાહેબની મસ્જિદ, મદીના

707માં વિસ્તૃત કરીને પુનઃ બાંધવામાં આવી હતી. મસ્જિદમાં એક મિનારો

વધારવામાં આવ્યો. ઇસ્લામમાં સૌપ્રથમ મિનારા સંભવતઃ દમાસ્કસની મોટી મસ્જિદ(ઈ. સ. 706–15)ના છે. દમાસ્કસના મુખ્ય ચર્ચના કમ્પાઉન્ડમાં મસ્જિદ બાંધવામાં આવી. ચર્ચની દક્ષિણના પ્રવેશ પથ્થરો વડે પૂરીને બંધ કરી દીધા. આમાંના એક પ્રવેશનું મહેરાબમાં પરિવર્તન કરવામાં આવ્યું. ઉત્તરની બાજુએ મધ્યમાં વધારાનો મિનારો ઊભો કરવામાં આવ્યો. સીરિયા અને પૅલેસ્ટાઇનની મસ્જિદનો પ્લાન દમાસ્કસની આ મસ્જિદને અનુસરે છે. એલેપ્પો, અમ્માન, હેમા, મરાત, એન-નુમાન, ડેરા, દીયાર્બકીર અને બોસ્રાની મસ્જિદો આને મળતી આવે છે. સીરિયાના બોસ્રાની અલ્-ખ્રિદ્ર અને અલ્-ફાતમાની મસ્જિદો 8મી સદીની છે. નાના કદની આ મસ્જિદોને ચોરસ ઘાટના અને ઉપર જતાં સાંકડા થતા જતા (tapering) મિનારા છે. બોસ્રાની ઉમર મસ્જિદ ઉમ્મયાદ કાલની જ છે અને દમાસ્કસની મસ્જિદના પ્લાન પ્રમાણે બાંધેલી છે. છેલ્લા ઉમ્મયાદ ખલીફા મરવાન (Marwan) બીજાએ ઉત્તર સીરિયામાં યુફ્રેટિસના કાંઠે હર્રા-નમાં એક મસ્જિદ બંધાવી હતી.

ઉમ્મયાદ કાલ દરમિયાન મસ્જિદોના બાંધકામ ઉપરાંત સ્નાનગૃહો અને મહેલોનું પણ બાંધકામ કરવામાં આવ્યું હતું. સ્નાનગૃહો હમામ તરીકે ઓળખાય છે. અસ--સરાખ(શક્યતઃ 720–30)નું હમામ આ કાલનાં હયાત હમામોમાં ખૂબ જ નોંધપાત્ર છે. તેના અર્ધ-ઘુંમટો કૉન્સ્ટન્ટિનોપલના હગિયા સોફિયાની છત-નિર્માણની પદ્ધતિ-ની પ્રતિકૃતિ જેવા લાગે છે. આ હમામ જે ટેકરી પર આવેલું છે ત્યાં એક રોમન કિલ્લાના અવશેષો હતા. આ કિલ્લાને ઉમ્મયાદ રાજ-વસાહતમાં પરિવર્તિત કરવામાં આવ્યો હતો. આ વસાહત કસ્ર-અલ્-હલ્લબાત તરીકે જાણીતી છે. અલ્-મીન્યનો મહેલ (આઠમી સદી) બે મજલાનો છે. તેના મુખ્ય પ્રવેશની બાજુમાં મસ્જિદ આવેલી છે. સીરિયામાં ઉમ્મયાદ જીવનશૈલીને રજૂ કરતી બે ઇમારતો કસ્ર અલ્-હેઅર અલ્-સર્કી (728-29) અને કસ્ર અલ્-હેઅર અલ્-ગર્બી આવેલી છે. અલ્-ગર્બી તેના વિશાળ પ્રવેશ અને ચૂનાકામ(stucco)માં કરેલી ભૌમિતિક ભાતની ભવ્ય કોતરણીને લીધે પ્રસિદ્ધ છે. અલ્-સર્કીમાં વટેમાર્ગુઓ માટેની સરાઈ (ધર્મશાળા) પર વર્તુળાકાર ઊંચાં ટાવર છે. આ કાલનો ખૂબ જ સુશોભિત મહેલ પૅલેસ્ટાઇનમાં આવેલો ખિર્બત અલ્-મફજર (સંભવતઃ 743-48) છે. ખલીફા અવ-વલીદ બીજાએ તેનું બાંધકામ કરાવ્યું હોવાની શક્યતા છે.




મોટી મસ્જિદ, દમાસ્કસ

અબ્બાસિદ ખલીફાઓના સમયમાં ઇસ્લામનાં બે ધરીકેન્દ્રો – સીરિયા અને પૅલેસ્ટાઇનનું સ્થાન ઇરાકે લીધું. અબ્બાસિદ ખલીફા અલ્-મનસૂરે નવા નગર બગદાદની સ્થાપના કરી. તે શાંતિનું આલય પણ કહેવાય છે. આ નવી રાજધાની વર્તુળ નગર તરીકે જાણીતી થઈ. તેનો વ્યાસ 2,750 મીટર(9,000 ફૂટ)નો હતો. ચાર મુખ્ય દિશાઓમાં તેના પ્રવેશ આવેલા હતા. 18 મીટર (59 ફૂટ) ઊંચી દીવાલવાળા કિલ્લાથી તે આવૃત હતું. તેના કેન્દ્રમાં ખલીફાનો અને અન્ય લોકોનો મહેલ તેમજ મસ્જિદ આવેલાં હતાં. તામ્રજડિત તેનો ઊંચો ઘુંમટ રાજધાનીના પ્રતીકરૂપ હતો. વર્તમાન ઇરાકના ઉખૈદીરમાં મહેલો અને નાના કિલ્લાઓના અવશેષો આવેલા છે. મિનાર મુજદેહ અને વટેમાર્ગુઓ માટેની સરાઈ – ખાન અત'શાન ત્યાંની બે જાણીતી ઇમારતો યુફ્રેટિસથી કુફા શહેરના રસ્તા પર આવેલી છે. ટાઇગ્રિસ પૂર્વ કિનારે આવેલા સમર્રા (ઇરાકમાં) નગરની સ્થાપના ખલીફા અલ્'મુ'તસીમે કરી હતી. ત્રણ તબક્કામાં તેનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું; પરંતુ 892માં અબ્બાસિદ ખલીફાઓએ જ્યારે પોતાના દરબારનું સ્થળાંતર બગદાદમાં કર્યું ત્યારે આ શહેરને ત્યજી દેવામાં આવ્યું. 10મી સદી અને તેની પછીના મુસ્લિમ સ્થાપત્યની ઉત્ક્રાંતિ જાણવા માટે સમર્રાના અવશેષો ખૂબ જ મહત્વના છે. સૌપ્રથમ મુસ્લિમ કબરનું બાંધકામ સમર્રામાં થયું હતું. ત્યાંનો બુલ્કવારા મહેલ તેના આરસકામ, ચૂનાકામ અને રંગીન પ્લાસ્ટરકામ માટે જાણીતો છે. સમર્રાની મોટી મસ્જિદ અથવા મલવિયા (848 અને તેની પછી) ખલીફા અલ્-મુતવક્કીએ બંધાવી હોવાનું મનાય છે. તેણે તેની બાજુમાં અબુ દુલાબની મસ્જિદ પણ બંધાવી હતી. મુસ્લિમ ઇતિહાસમાં પ્રથમ જાણીતો મકબરો સમર્રાનો કુબાત-અસ-સુલૈબિયા (863) છે. ઘુંમટ વડે આચ્છાદિત એક સમચોરસ ખંડ અને તેને ફરતા અષ્ટકોણીય પ્રદક્ષિણાપથ વડે તે બનેલો છે. અસલ ઘુંમટ કે પ્રદક્ષિણાપથની છત અસ્તિત્વમાં નથી. આ ઇમારતનું પુનઃ બાંધકામ કરવામાં આવ્યું છે. કુબાતનું મહત્વ તેણે મકબરાના બાંધકામનો દાખલો પૂરો પાડ્યો એ છે. મકબરાના બાંધકામનો ખ્યાલ ઇજિપ્ત, પર્શિયા, દક્ષિણ-મધ્ય એશિયા અને ભારતમાં પણ ફેલાયો. કુબાતની ઉત્તરે કિલ્લા જેવું જણાતું બાંધકામ – કસ્ર અલ્-આસિક આવેલું છે. તેનું ઉપરી-બાંધકામ (super structure) નાશ પામ્યું છે. સીરિયામાં રક્ક મુકામે બગદાદ દરવાજો આવેલો છે (10મી કે 11મી સદી).

ઉત્તર-અબ્બાસિદ કાલ દરમિયાન ઉત્તર સીરિયામાં અર્ધ-સ્વતંત્ર (ખંડિયા) સેલ્જુક સુલતાનોની બાંધકામની એક વિશિષ્ટ સેલ્જુક અને ઝેન્ગિદ શૈલી અસ્તિત્વમાં આવી. સમર્રામાં ઇમામદુરની મસ્જિદ અને કબર આ શૈલીનો નોંધપાત્ર નમૂનો છે. હાલમાં મસ્જિદ નાશ પામી છે. મોસુલમાં ઇમામ યાહ્યાની કબર પણ ઉલ્લેખનીય છે. બીજી અનેક સેલ્જુક કબરો પર્શિયા, તૂર્કી અને ઇરાકમાં આવેલી છે. બગદાદમાં સિત્ત ઝુબેઇદાની કબરના બાંધકામ પર ઇમામદુરની કબરની ભારોભાર અસર છે. મદરેસા (વિદ્યાલય) જેવી નવી ઇમારતો બાંધવાની શરૂઆત થઈ. દમાસ્કસની મદરેસા અલ્-નૂરિયા અલ-કુબ્રા આ પ્રકારના પ્રારંભિક સ્થાપત્યનું જાણીતું ઉદાહરણ છે. તેનું વિકસિત સ્વરૂપ અલેપ્પોની અલ્-ફિદૌસ મદરેસામાં જોવા મળે છે.

ઇજિપ્ત, પૂર્વ અને મધ્ય ઉત્તર આફ્રિકામાં ઇસ્લામના પ્રસાર સાથે ઇસ્લામી સ્થાપત્યની શરૂઆત થઈ. સ્થાપત્યકીય વિકાસ અને તેની મધ્યકાલીન ઇમારતોના ભવ્ય વારસાને કારણે જાણીતાં ઐતિહાસિક નગરોમાં ઇજિપ્તનું કૅરો શહેર ઘણું જ સુંદર હતું. ફુસ્તાત(પ્રાચીન કૅરો)ની અમ્ર મસ્જિદ મદીનાની પયગમ્બર સાહેબની મસ્જિદની ડિઝાઇન પ્રમાણે બની હતી. તેનો થોડો ભાગ જ બચવા પામ્યો છે. તેનું પ્રથમ પુનર્નિર્માણ ખલીફા અલ્ વલિદના સમયમાં આઠમી સદીના પ્રારંભમાં થયું હતું. તે વખતે તેમાં મિનારા ઉમેરવામાં આવ્યા હતા. ઇસ્લામી સ્થાપત્યમાં હેતુપૂર્વક બંધાયેલા આ મિનારા સૌપ્રથમ હતા. તુનિસિયામાં કૈરૌનની મોટી મસ્જિદ (836) સૂબા યઝીદ બિન હકીમના સમયમાં પુનર્નિર્માણ પામી હતી. નવમી સદીના પુનર્નિર્માણમાં આઠમી સદીનું તેનું મૂળ બાંધકામ ઢંકાઈ ગયું છે. તેમાં ઘોડા-નાળ આકારની સહેજ અણિયાળી કમાનો છે. ઘુંમટ કમાનો પર આધારિત છે. તેના પ્રાર્થના-ખંડનો પ્લાન T આકારનો છે. ઉપર જતાં સાંકડા થતા જતા તેના ભવ્ય મિનારા ચોરસ ઘાટના છે. અહીંની ઝયતુન મસ્જિદ પણ આ મસ્જિદના જેવી બનાવાઈ છે. તેનો પ્લાન પણ T આકારને અનુસરે છે. સ્ફાકસની મસ્જિદ 849માં બંધાઈ હતી. તેના મૂળ સ્વરૂપમાં ચોરસ મિનારા કેન્દ્રમાં હતા અને પ્રાર્થનાખંડમાં છ પાર્શ્વમાર્ગો હતા. ઇબ્ન તુલુનની મસ્જિદ (876–79) અહમદ ઇબ્ન તુલુને બંધાવી હતી. ઈંટો વડે બાંધેલી આ મસ્જિદને ચૂનાનું પ્લાસ્ટર કરેલું છે. ચૂનામાં કોતરણીવાળા થર ઉપસાવેલા છે. અલ્-અઝહરની મસ્જિદ (970-1131) લાંબા સમય સુધી મુસ્લિમ વિદ્યાનું કેન્દ્ર રહી હતી. અધ્યાત્મવિદ્યાની યુનિવર્સિટીનું તે ઘર ગણાતી હતી. કૅરોની અલ્-હકીમની મસ્જિદનો પ્લાન અલ્-અઝહરની મસ્જિદના પ્લાન જેવો છે. અલ્-હલિહ તલાઈ (1160) અને અલ્-અકમાર (1225) નામની મસ્જિદો ઉલ્લેખનીય છે. બંનેના ઘુંમટો વાંસળી ઘાટના (fluted) છે. બાયબર્સની મસ્જિદનું બાંધકામ લગભગ 1260માં શરૂ થયું હતું. કૅરોની સુલતાન કલુનની કબર અને મદરેસા 1283–85માં બંધાયાં હતાં. કલુનની મદરેસાની બાજુમાં અન-નસિર મોહમ્મદની મદરેસા આવેલી છે. તેનું બાંધકામ સુલતાન કેતબુગે 1295માં શરૂ કરાવ્યું હતું અને 1303માં તે પૂરું થયું હતું. અન-નસિર મોહમ્મદની મસ્જિદ(1318–34)ના મિનારાના ટાઇલ--મોઝેકમાં વિદેશી અસર જણાય છે. એમિર્સ સલાર અને સંજર અલ્-જવાલિની કબરો બેવડા ઘુંમટો (twin-domes) છે. વળી અહીં મિનારાની સંપૂર્ણ ઉત્ક્રાંતિ જોઈ શકાય છે. સુલતાન હસનની મસ્જિદ અને મદરેસાનું બાંધકામ 1356થી 1363 દરમિયાન થયું હતું. મસ્જિદના ઘુંમટ અને મિનારાનું પુનઃ બાંધકામ થયું છે. સુલતાન ફરજે બંધાવેલો બેવડા ઘુંમટવાળો મકબરો ખનાકહ અને બર્કુકની કબર તરીકે ઓળખાય છે. કૅરોની મૌદીયે મસ્જિદ (1415–21) સુલતાન મુઅય્યાદ શેખે બંધાવી હતી. તેના ભવ્ય દરવાજા સુલતાન હસનની મસ્જિદમાંથી લાવવામાં આવ્યા છે. સુલતાન ઇનલે 1453માં કબર અને મદરેસા બંધાવ્યાં હતાં. સુલતાન કેતબયના સમય દરમિયાન કૅરોમાં ઘણી સુંદર ઇમારતો બંધાઈ. તેના નામની બે સરાઈઓ



સુલતાન હસનની મદરેસા

અલ્-અઝહર (1477) અને બીજી બાબ અન-નસ્ર (1481) મુકામે આવેલી છે. તેના દ્વારા જામે-મસ્જિદ 1475માં બાંધવામાં આવી હતી. કૈતબયની મદરેસા કૅરોના સ્થાપત્યકીય વિકાસની અંતિમ સિદ્ધિ ગણવામાં આવે છે. તે પૂર્ણ સ્વરૂપે હયાત છે. તેનો ઘુંમટ બહારથી અલંકૃત છે. કિવજમસ અલ્-ઇશાકીની મસ્જિદ એક ટાપુ પર આવેલી છે અને તે સામે કિનારે આવેલી મદરેસા સાથે એક પુલ વડે જોડાયેલી છે. મમલુક વંશના છેલ્લા સુલતાન કન્સુહ અલ્-ઘુઆરી(1505–15)એ બંધાવેલી મસ્જિદ અને કબર ઉલ્લેખનીય છે.

સ્પેન અને પશ્ચિમ ઉત્તર આફ્રિકા – મહગ્રેબમાં પણ મુસ્લિમ સ્થાપત્યનો વિકાસ થયો હતો. સ્પેનમાં પ્રારંભિક ઉમ્મયાદ કાલની જાણીતી ઇમારત કોર્ડોબા(785)ની મસ્જિદ છે. તેના બાંધકામમાં ત્રણ વાર ઉમેરણો થયાં – 848 (અબ્દ અર્-રહમાન બીજો), 961 અને 968 (અલ્-હકીમ) અને 987 (અલ્-મનસૂર). આને લીધે સમર્રાની મલવિયા અને અબૂ દુલાફની મસ્જિદ જેટલું તેનું કદ થયું અને તેનો પ્રાર્થના-ખંડ વિશાળ થયો. પશ્ચિમ મહગ્રેબમાં આવેલું ફેઝ મુસ્લિમ પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. ત્યાં કારાવીટન મસ્જિદ સમૂહ માટે બાંધવામાં આવી હતી. તે આધ્યાત્મિક યુનિવર્સિટીનું કેન્દ્ર હતી. મધ્ય સ્પેનમાં ટૉલેડોની બાબ માર્દુનની મસ્જિદ 960માં બાંધવામાં આવી. તેને 4 ખંડો અને 9 ઘુંમટો છે. સ્પેનમાં 1031માં ઉમ્મયાદ સત્તાનો અંત આવ્યો અને અલ્મોરાવિદ વંશની સત્તા શરૂ થઈ. તેમના આધિપત્ય નીચે ત્યાંના સ્થાનિક રાજવંશ – હુડિડસના સમયમાં ટૉલેડોમાં અલ્-જેફેરિયા, ઝારાગોઝાનો મહેલ (1050) બાંધવામાં

આવ્યો. ટેમસેનના સ્થળે આવેલી મસ્જિદનો કેન્દ્રમાં આવેલો મિનારો સમચોરસ ઘાટનો છે. અલ્મોરાવિદના શાસકોએ અન્ડાલુસિયા અને ઉત્તર આફ્રિકામાં પણ બાંધકામો કરાવ્યાં હતાં, જેમાં ટીનમલ મુકામે આવેલી જામે-મસ્જિદ અને મર્રાકેશની કુત્તુબિય્યા મસ્જિદ ઉલ્લેખનીય છે. સેવિલેની મોટી મસ્જિદ અને રબાતની સુલતાન હસનની મસ્જિદ પણ નોંધપાત્ર ઇમારતો છે.



કોર્ડોબાની મસ્જિદ, સ્પેન

દામઘનમાં આવેલી તારીક-હન મસ્જિદ પર્શિયાની સૌથી જૂની મુસ્લિમ ઇમારત છે. તેના પ્રાંગણનો પ્લાન અરેબિયન પ્રકારનો છે. મહેરાબનો અભાવ તેની પ્રાચીનતા સૂચવે છે. બોખારામાં ઇસ્માઇલ સમાનિદની કબર ઘુંમટ વડે આચ્છાદિત એક મકબરો છે. ઈંટો વડે તેમાં સુશોભન કરવામાં આવ્યું છે. આ માટે ચોક્કસ આકારે ઈંટો બનાવીને અને કાપીને સુશોભનની ભાતો ઉપજાવી છે. ઉત્તર પર્શિયામાં 11મી સદીના પ્રારંભમાં મોટી સંખ્યામાં કબર-ટાવરો બાંધવામાં આવ્યાં. તેમાં સર્વથી નોંધપાત્ર કાબુસ ઇબ્ન બશ્મીગીરે (1006–07) કાસ્પિયન સમુદ્રકાંઠે ઉત્તર દમઘાન પાસે ગુરગનમાં બાંધેલો ગુનબાદ-ઇ-કાબુસ છે. તે 50 મી. (170 ફૂટ) ઊંચો છે. ઉપરથી શંકુ આકારે છે. બલ્ખ પ્રદેશમાં પર્શિયન શૈલીમાં અનેક મસ્જિદો અસ્તિત્વમાં આવી. તેમાંની ગુનબાદ મસ્જિદ નોંધપાત્ર છે. યઝદ પાસે ફરજની મસ્જિદ ઈંટો વડે બાંધેલી સાદી કમાનશ્રેણી ધરાવે છે. ઇસ્પહાનની મોટી મસ્જિદ (11મી સદી) પૂર્વ-મુસ્લિમ કાલનું ધાર્મિક સ્થળ છે અને 7મી સદીથી મસ્જિદ તરીકે ઉપયોગમાં લેવાય છે. એશિયામાં સેલ્જુક કાલની કેટલીક છૂટીછવાઈ સરાઈઓ આવેલી છે. મધ્ય એશિયાથી ઉત્તર પર્શિયાના રસ્તે આવેલી આવી એક સરાઈ રિબાત-ઇ-શરાફની છે. દક્ષિણ અફઘાનિસ્તાનમાં લશ્કરી બજાર મુકામે ગઝનવિદ મહેલ આવેલો છે. સેલ્જુક સુલતાનોએ એશિયાનાં અનેક

સ્થળોએ નોંધપાત્ર ટાવરો (મિનારા) ઊભા કરાવ્યા હતા. ગઝનીની બહરામશાહની મસ્જિદથી તેનો પ્રારંભ થાય છે. મધ્ય અફઘાનિસ્તાનમાં જામમાં ઘુરીદનો મિનારો છૂટો ઊભો છે. લગભગ 60 મી. (200 ફૂટ) ઊંચો આ મિનારો અષ્ટકોણીય પીઠ પર ઊભો છે. ઉપર જતાં તે સાંકડો થતો જાય છે. તેની નીચેનો ભાગ એકાંતરે સુલેખનકલા અને ભૌમિતિક ભાત વડે સુશોભિત છે. બોખારાની કલ્યાન મસ્જિદનો મિનારો 46 મી. (150 ફૂટ) ઊંચો છે. સુલતાન સંજરે મર્વ(મારી)માં પોતાની કબર બંધાવી (1157). તેનો ઘુંમટ 37 મી. (120 ફૂટ) ઊંચો છે. પર્શિયાની પ્રારંભિક મદરેસાઓમાં કઝવિનની હયદરિયાની મદરેસા (12મી સદી) ઉલ્લેખનીય છે. એશિયા માઇનોર સેલ્જુક શૈલીની ઇમારતો – મદરેસા, સરાઈઓ, મસ્જિદો, મકબરાઓનો સમૃદ્ધ વારસો ધરાવે છે. મદરેસાઓમાં સિવાસની ગૉક મદરેસા (1271), એર્ઝેરુમની ચિફ્તે મિનારે મદરેસા (1271-76) અને કોન્યાની ઇન્જેમિનારે મદરેસા (1260-65) મુખ્ય છે. દીવરીગીની એક ઇમારત(1229)માં મસ્જિદ અને હૉસ્પિટલ બંને સંયુક્ત રીતે જોવા મળે છે. આ એક અપવાદરૂપ ઇમારત છે. મસ્જિદ ઉપર 25 ઘુંમટો આવેલા છે. બેટમેન સુ નદી ઉપર 1147માં 18 મી. (60 ફૂટ) ઊંચી અને 30 મી. (100 ફૂટ) લંબાઈ ધરાવતી કમાન પર આધારિત એક પુલ બાંધવામાં આવ્યો. સેલ્જુક તુર્કોએ પોતાનું રાજકીય આધિપત્ય 13મી સદીની શરૂઆતમાં ભારતમાં સ્થાપ્યું હતું. ત્યારથી આ પ્રદેશમાં ઉત્તરોત્તર મુસ્લિમ સ્થાપત્યનો વિકાસ થતો રહ્યો, જેની રૂપરેખા ભારતીય શિલ્પ-સ્થાપત્યના પ્રકરણમાં આપવામાં આવી છે.

# 8
# રોમનેસ્ક શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

મધ્યકાલીન યુરોપીય કલાની અંતર્ગત રોમનેસ્ક કલા હતી. મોટે ભાગે 10મી અને 11મી સદી દરમિયાન તેનો વિકાસ થયો; પરંતુ તેનો પ્રારંભ કેરોલિન્જિયન (Carolingian) કાળ દરમિયાન શાર્લ મેગ્ને(Charle Magne)ના સમયમાં – આઠમી સદીના અંતમાં અને નવમી સદીની શરૂઆતમાં થયો હતો. રોમનેસ્ક(Romanesque) નો શાબ્દિક અર્થ 'રોમન રીતભાત' થાય છે. કેરોલિન્જિયન કાળમાં રોમનેસ્ક કલાનાં મૂળ રહેલાં છે. ચાર્લ મેગ્નેના સમય (768-814) દરમિયાન શાંતિ અને કાયદાનું શાસન હતું. વિશેષ કરીને સ્પેન અને મધ્ય યુરોપ તરફથી થતા હુમલાને તે ખાળી શક્યો હતો. તે જર્મનની ફ્રાન્ક જાતિનો હોવા છતાં રોમન સંસ્કૃતિનો ચાહક હતો. ફ્રાન્સ નવી સંસ્કૃતિનું કેન્દ્ર બન્યું. કેટલાક વિદ્વાનો રોમનેસ્ક કલાની સ્પષ્ટતા આ રીતે કરે છે : 13મીથી 15મી સદીમાં ગૉથિક શૈલી હતી અને ગૉથિક શૈલીમાં જે સમાવિષ્ટ ન હોય તે રોમનેસ્ક કલા. કેટલાક વિદ્વાનો ચાર્લ મેગ્નેના સમય પહેલાંની કલાને પ્રાગ્-રોમનેસ્ક (pre-Romanesque) અને કેરોલિન્જિયન અને ઓટોનિયન(Ottonian)ના કાળની કલાને આદ્ય અથવા પ્રારંભિક રોમનેસ્ક કલા (proto or early Romanesque) તરીકે ઓળખાવે છે અર્થાત્ આશરે 1050થી 1200 વચ્ચેની મધ્યકાલીન કલા. તત્કાલીન બોલાતી રોમન્સ ભાષાઓ પરથી ઈ. સ. 1823માં એમ. ડી. ઝર્વિલે આ કલાને 'રોમનેસ્ક કલા'નું નામ આપ્યું. ફ્રાન્સ, સ્પેન, ઇંગ્લૅન્ડમાં આ કલાનો વિસ્તૃત વિકાસ થયો. ઇટાલીમાં તે 'નીઓલાટિન' તરીકે ઓળખાઈ, જ્યારે જર્મનીની રહાનિશ શૈલી કેરોલિન્જિયન અને ઓટોનિયન શૈલીની નીપજ હતી.

ખ્રિસ્તી સાધુઓને રહેવાના મોનેસ્ટરીએ (Monastery = વિહાર) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પોષવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. રોમનેસ્ક શિલ્પીઓએ આ મોનેસ્ટરીમાંથી પ્રેરણા લીધી હતી. મહાન શિલ્પસ્મારકો બનાવવાની શરૂઆત થઈ તે પહેલાં ત્યાં હસ્તપ્રતોમાં ચિત્રકામ, હાથીદાંતની કોતરણી, ધાતુકામ વગેરે કલાઓ વિકસી હતી. આ બધી કલામાં શિષ્ટ, બાયઝેન્ટાઇન અને બાર્બેરિયન કલાનું મિશ્રણ

હતું. રોમનેસ્ક શિલ્પો મોટે ભાગે સ્થાપત્ય પરના સુશોભન સ્વરૂપનાં હોવાથી અર્ધમૂર્ત પ્રકારનાં છે. પુસ્તકો છાપવાની શરૂઆત થઈ ન હતી ત્યારે ધાર્મિક કથાઓ પથ્થરમાં શિલ્પાંકિત કરવામાં આવતી. શિલ્પીઓ પોતાના વિચારો વ્યક્ત કરવા માટે રૂઢિગત પ્રતીકો વાપરતા. વિવિધ સંતોને એકબીજાથી જુદા તારવવા માટે વિશિષ્ટ પ્રતીકો પ્રયોજાતાં. વાઇકિંગ, ગૉથ, સિથિયન અને વાંડાલ જેવી આરણ્યક જાતિઓની સંસ્કૃતિની શિલ્પકલાની અસર રોમનેસ્ક કલા પર વરતાય છે.

મોટે ભાગે દેવળના પ્રવેશદ્વાર પર શિલ્પો કંડારવામાં આવતાં. ફ્રાન્સના પ્રોવેન્સ અને બર્ગન્ડીમાં આનાં સુંદર ઉદાહરણો જોવા મળે છે. પ્રોવેન્સમાં અર્લેસના સેન્ટ ટ્રોફાઇમ(Trophime)ના દેવળમાં 'અંતિમ ન્યાય'(last judgement)નું શિલ્પ કંડારેલું છે. બર્ગન્ડીના આઉતુન(Autun)ના સેન્ટ લાઝારેના દેવળના પેડિમેન્ટ પર પણ 'લાસ્ટ જજમેન્ટ'નું શિલ્પાંકન છે. મધ્યમાં દેવદૂત અને શેતાન આત્માઓને (મનુષ્યાકારે) ત્રાજવામાં મૂકીને તેમનાં કર્મોને તોલતા દર્શાવ્યા છે. નરકની સજામાંથી બચી ગયેલા આત્માઓ બાળક સ્વરૂપ દેવદૂતનાં વસ્ત્રો પકડીને રક્ષણ લઈ રહ્યા છે, જ્યારે સજા પામેલાઓને શેતાન નરકની અગ્નિમાં ફેંકી રહ્યો છે. નીચેના ભાગમાં મૃત્યુ પામેલાને ન્યાયના દિવસે સજીવ થયેલા દર્શાવ્યા છે. પોતાની જાતને નિર્વસ્ત્ર જોઈને કેટલાકે શરમથી પોતાનું મોં હાથ વડે ઢાંકી દીધું છે. અહીં આલેખિત શેતાનનું શિલ્પ રોમનેસ્ક કલાની વિશેષતા દર્શાવે છે. પક્ષીના જેવા પગ, જાંઘ અને પૂંછડી રૂંવાદાર, અણિયાળા કાન, જંગલી પશુ જેવું મોં દ્વારા શેતાનને પશુ-પક્ષી-માનવના મિશ્ર સ્વરૂપે રજૂ કર્યો છે.

બર્ગન્ડીમાં આઉતુનથી નજીક વીઝીલેમો સ્ટે-મેડેલીન (Ste-Madeleine)ની ટિમ્પનમ(tympanum = બારણાની કમાન અને ઓતરંગ વચ્ચેની જગ્યા પરનું કોતરકામ) માં 'પ્રેષિતોનું કાર્ય'(The Mission of the Apostles)નું શિલ્પ સુંદર રીતે કોતરેલું છે. મધ્યમાં આસન પર બિરાજમાન ઈસુના હાથમાંથી પવિત્ર આત્મા(Holy Spirit) નાં કિરણો નીકળીને પ્રેષિતો પર પડતાં દર્શાવ્યાં છે. દરેક પ્રેષિતના હાથમાં ખ્રિસ્તી ધર્મના પ્રસારના કાર્ય(mission)ના પ્રતીક તરીકે પવિત્ર ગ્રંથ (scripture) ધારણ કરેલ છે. મધ્યના આ દૃશ્યની ફરતા ભાગમાં અસંસ્કારી (heathen) જગતના આલેખનથી ભરી દીધો છે.

મોઇસ્સાક(Moissac)ના સેન્ટ પિયરે(Pierre)ના દેવળના પેડિમેન્ટ પર જન્મેલા ઈસુનું અભિવાદન (Adoration of the creator)નું શિલ્પ છે. તેમાં હસ્તપ્રતોનાં ચિત્રો, હાથીદાંતની કોતરણી અને ધાતુકામની કલાની અસર જણાય છે. મેડોનાના કેથીડ્રલના મુખભાગ પર 'આદમની ઉત્પત્તિ અને પતન'(creation and fall of man)ને લગતી બાઇબલની કથા રજૂ કરવામાં આવી છે. પર્મા કેથીડ્રલની વ્યાસપીઠ (pulpit) પર મૃત



મિશન ઑવ્ એપોસલ્સનું શિલ્પ

ઈસુને ક્રૉસ પરથી ઉતારવાનો પ્રસંગ (the descent from the cross) કંડારેલો છે. પિઝાના કેથીડ્રલના બારણા પર 24 પૅનલ છે. તે પૈકી એકમાં ઈસુના જન્મ(nativity) ના દશ્યને રજૂ કરતું ધાતુશિલ્પ છે. મોસાનના સેન્ટ બાર્થેલેમીના દેવળના બેપ્ટિઝમ માટેના પાણીના પાત્ર (font) પરનું શિલ્પકામ આકર્ષક છે. તેને બાર વૃષભ (oxen) પર માત્ર ટેકવાયેલું દર્શાવ્યું છે. બાર વૃષભ ઈસુના બાર શિષ્યોના પ્રતીક તરીકે છે. બાઇબલમાં જેરૂસલેમના મંદિરમાંના સોલોમનના પાત્રના વર્ણનને અનુરૂપ આ પાત્ર બનાવેલું છે. વેરોનાના સાન ઝેનોના બારણાં પર આદમ, ઈવ અને તેમના પુત્રો – કેઇન અને એબેલનાં શિલ્પ છે. આદમ અને ઈવ ખેતર ખેડી રહ્યાં છે. ઈવના ખભા પર હળ જોતરેલું છે. સ્થાપત્યના સ્તંભો(jamb)ને શિલ્પ વડે સુંદર રીતે અલંકૃત કરવામાં આવતા. શાર્ટરેસ(Chartres)ના રૉયલ પોર્ટલના સ્તંભો આ દૃષ્ટિએ આકર્ષક છે. પૅરિસના નોત્ર-દામ(Notre-Dame)ના પશ્ચિમના મુખભાગના ટિમ્પેનમ પર વર્જીન મૅરીને લગતું શિલ્પ છે. રેઈમ્સ કેથીડ્રલના બે સ્તંભો પર અનુક્રમે મૅરી અને એલિઝાબેથનાં શિલ્પો છે. Visitation-મુલાકાતનો પ્રસંગ રજૂ થયો છે. અન્ય એક સ્તંભ પર સ્મિત વેરતા દેવદૂતનું આકર્ષક શિલ્પ છે. અર્ધમૂર્ત શિલ્પો કંડારતા રોમનેસ્ક શિલ્પીઓ ફલકનો તસુ ભાગ પણ ખાલી રાખતા નહિ. સંપૂર્ણ ફલક શિલ્પથી ભરી દેતા. આનો ઉત્તમ નમૂનો ફ્રોન્ટાઇન્સના સેન્ટ જેનિસમાં જોવા મળે છે. ક્રાઇસ્ટ, દેવદૂતો અને પ્રેષિતોનું શિલ્પ આ પ્રકારનું છે. આતુનના સેન્ટ લાઝરેમાં ઈશ્વરે ખાવાની મનાઈ કરેલા ફળ સાથે ઈવનું શિલ્પ આવેલું છે. ઈવના આલેખન દ્વારા સ્પષ્ટ થાય છે કે શિલ્પીને શરીરશાસ્ત્રનું જ્ઞાન હતું.

## 2. સ્થાપત્ય

રોમનેસ્ક કલાનો ઉદભવ કેરોલિન્જિયન યુગ દરમિયાન સમ્રાટ શાર્લમૅનના સમય(768-814)માં થયો હતો. લગભગ એક હજાર વર્ષ પછી સમગ્ર રોમન સા-મ્રાજ્યમાં ઇટાલી, જર્મની, સ્પેન, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સમાં બાંધકામની પ્રવૃત્તિ મોટા પાયે શરૂ થઈ હતી. વિશેષતઃ ફ્રાન્સમાં આનો પ્રારંભ થયો હતો. અગિયારમી-બારમી સદી દરમિયાનના યુરોપની સ્થાપત્ય શૈલી રોમનેસ્ક શૈલી તરીકે ઓળખાય છે. રોમનેસ્ક સ્થપતિઓ મોટે ભાગે પ્રારંભિક ખ્રિસ્તી બસિલિકાના લંબાકાર પ્લાનને અનુસરતા હતા. રોમનેસ્ક દેવળોમાં ચાપાકાર ભાગ(apse)ને વધુ લાંબો બનાવવામાં આવ્યો. આનાથી ધર્મગુરુઓને વિધિ માટે વધુ જગ્યા પ્રાપ્ત થઈ. ચાપાકાર ભાગના વિસ્તરણને કારણે દેવળનો પ્લાન ક્રૉસાકાર - લૅટિન ક્રૉસના આકાર જેવો બન્યો. એપ્સને ફરતો પ્રદક્ષિણા પથ અને તેને સંલગ્ન નાનાં દેવળો (chepels) બહારની દીવાલમાં બાંધવામાં આવ્યાં. આ વિભાગ શો તરીકે ઓળખાય છે. ફ્રાન્સમાં સેન્ટ માર્ટિન ઑવ્ ટૉઅર્સના દેવળમાં આ પ્રકારની રચના જોવા મળે છે. બાંધકામમાં જુદી જુદી ખાણના પથ્થરોના વપરાશને કારણે સ્થાપત્યમાં વૈવિધ્ય જણાય છે. મકાનોની છત શરૂઆતમાં લાકડા-માંથી બનાવાતી. ચણતરી છત માટે બૅરલ (barrel) કે ટનેલ (tunnel), ગ્રૉઇન (groin) કે ક્રૉસ (cross) છતની પદ્ધતિ વાપરવામાં આવી. બાયઝેન્ટાઇન કલાની અસર હેઠળ ક્યાંક ઘુંમટનો પ્રયોગ પણ કર્યો છે. છતના આંતર અને બાહ્ય દબાણ સામે ટકી રહેવા દીવાલો પ્રમાણમાં વધુ જાડી અને બારીઓ નાના કદની રાખતા. દેવળના મધ્ય મંડપ સાંકડા અને વોલ્ટ નીચા રાખવામાં આવતા.



સેન્ટ એમ્બ્રોજિયોનું દેવળ, મિલાન

ઇટાલીમાં મિલાનના સેન્ટ એમ્બ્રોજિયોના દેવળમાં ગૉથિક અસર જોવા મળે છે. આ દેવળ લૉમ્બાર્ડ લોકોએ બંધાવ્યું હતું. પ્રારંભિક ખ્રિસ્તી બસિલિકાના જેવો પ્લાન તે ધરાવે છે. રોમનેસ્ક સ્થાપત્યનું નોંધપાત્ર લક્ષણ એ છે કે તેમાં વર્તુળાકાર કમાનનો વધુ પડતો ઉપયોગ થયો છે. કેન્દ્રવર્તી કમાનાકાર દરવાજા, જોડિયા બારી, ચક્રાકાર બારીઓ, પોલાણ વિનાની કમાનોની શ્રેણી વગેરેનો ઉપયોગ પણ રોમનેસ્ક સ્થાપત્યમાં જોવા મળે છે. દરવાજાની સન્મુખે નિર્ગમિત પ્રવેશચોકી - મુખભાગની રચના કરવામાં આવતી. મુખભાગના આગળના બે સ્તંભોની નીચેનો ભાગ છલાંગ મારવાને ઉત્સુક હોય તે રીતે બેઠેલા સિંહોનાં શિલ્પોથી સુશોભિત હોય છે. સ્તંભની ઉપર છત ટેકવેલી હોય છે. આવો મુખભાગ ‘લૉમ્બાર્ડ પોર્ચ’ તરીકે ઓળખાય છે. પીસામાં ઇટાલિયન રોમનેસ્ક સ્થાપત્યનો રસપ્રદ સમૂહ આવેલો છે. ત્યાંના કેથીડ્રલના મુખભાગમાં ઢળતા મિનારાના આઠ મજલા પોલાણ વિનાની કમાન શ્રેણી વડે અલંકૃત છે. ફ્લૉરેન્સના સેન મિનિયાટોના દેવળના મુખભાગમાં શ્વેત અને શ્યામ આરસનું જડતરકામ સુંદર છે.

જર્મનીમાં રહાઇન ખીણના પ્રદેશમાં સમ્રાટ શાર્લમૅન અને તે પછીના સમયમાં પણ બાંધકામની પ્રવૃત્તિ મોટે પાયે થઈ હતી. રોમનેસ્ક સ્થાપત્યની કલાના સમય દરમિયાન પણ અહીં કેરોલિન્જિયન અથવા આદ્ય રોમનેસ્ક પરંપરા વિલંબિત થતી જણાય છે. અહીંનાં દેવળોમાં મધ્ય મંડપ લાંબો રાખવામાં આવતો અને તેના બંને છેડે ચાપાકાર ભાગ (એપ્સ) રચવામાં આવતો. હિલ્ડેશેમનું સેન્ટ માઇકલનું દેવળ પ્રારંભિક રોમનેસ્ક કલાનું ઉમદા ઉદાહરણ છે. મેઇન્ઝ, વૉમર્સ, સ્પેઇર, બેમ્બર્જ વગેરે સ્થળનાં કેથીડ્રલ પણ આ શૈલીના નોંધપાત્ર દાખલા છે. ફ્રાન્સમાં વિશેષ કરીને પ્રૉવિન્સમાં આ શૈલીમાં નિર્મિત અનેક ઇમારતો આવેલી છે. એર્લેસમાં સેન્ટ ટ્રોફાઇમનું દેવળ ઉલ્લેખનીય છે. પેરિગુએક્સનું સેન્ટ ફ્રન્ટનું દેવળ ગ્રીક ક્રૉસાકારનો પ્લાન ધરાવે છે. તેની છત પર પાંચ ઘુંમટ આવેલા છે. તે વેનિસના સેન્ટ માર્કસના દેવળની નકલ સમાન લાગે છે. બર્ગન્ડીમાં કલની અને સિટેઑક્સના સ્થળે સંન્યાસીઓના મઠ સાથે સંકળાયેલાં દેવળો આવેલાં છે. કલનીનું ઍબે ચર્ચ ફ્રાન્સની ક્રાંતિ દરમિયાન સંપૂર્ણ નાશ પામ્યું હતું. તે સમયનું આ સૌથી મોટું દેવળ હતું. તે 196 મીટર લાંબું હતું. ઉત્તર ફ્રાન્સમાં નૉર્મન્ડીમાં મુખભાગે બે ટાવર અને મંડપના ક્રૉસાકાર ભાગે દીવાલ માટેના ટાવર ધરાવતી મજબૂત ઇમારતો બાંધવામાં આવી હતી. નૉર્મન લોકોએ ઇંગ્લૅન્ડ પાસેથી શૈલી અપનાવી હતી. દુર્હમ કેથીડ્રલ આ શૈલીનો નોંધપાત્ર નમૂનો છે. નોર્મનો પર લૉમ્બાર્ડ લોકોની સ્થાપત્યશૈલીનો પ્રભાવ પડ્યો છે. બર્ગન્ડીમાં કાસેનના ઍબે-યોઝ-ઓમ (ઍટ એટીએન) અને ઍબે-ઓ-ફર્મ(સેન્ટ ટ્રિનિટી)નાં દેવળો આ પ્રકારના સ્થાપત્યનાં વિકસિત ઉદાહરણો છે.

9

# ગૉથિક શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

મધ્યકાલીન ખ્રિસ્તી કલાના આદર્શો અને કલાત્મક સ્વરૂપોના વિકાસની પરાકાષ્ઠા એટલે ગૉથિક કલા. પુનરુત્થાન (Renaissance) કાળમાં તે અગાઉની 'બર્બર' (આરણ્યક) કહેવાતી ગૉથ સંસ્કૃતિ માટે નિંદાત્મક રૂપે 'ગૉથિક' શબ્દ વપરાયો. મુખ્યત્વે ફ્રાન્સ, જર્મની અને ઇંગ્લૅન્ડમાં ગૉથિક કલાનો પ્રસાર થયો. જોકે ફ્રાન્સ ગૉથિક કલાનું પારણું હતું. ઈ. સ. 1200–1275ના સમય દરમિયાન આ કલાનો ઉદભવ થયો. એક સૈકા બાદ સમગ્ર યુરોપમાં તેનો પ્રસાર થયો. 16મી સદીના મધ્ય અને તે પછી પણ તે જળવાઈ રહી હતી. ઉત્તર રેનેસાં કલાના વિવેચકોએ તેને 'ગૉથિક કલા' એવું નામ આપ્યું. 13મીથી 14મી સદીમાં તેને opus modernum અર્થાત્ આધુનિક શૈલી તરીકે ઓળખાવી. ગૉથિક કલાના વિકાસમાં આર્થિક, સામાજિક ધાર્મિક અને બૌદ્ધિક પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો. મધ્યકાળમાં ખ્રિસ્તી મઠોએ ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણનાં કેન્દ્રો તરીકેની ભૂમિકા ભજવી હતી. એમાંથી જ સમય જતાં વિશ્વવિદ્યાલયોનાં મૂળ નંખાયાં. વૈચારિક ચર્ચા-વિચારણાનું કેન્દ્ર રોમને બદલે પૅરિસ થયું. વિશ્વવિદ્યાલયોની સ્થાપના થતાં તે ચિંતનનાં કેન્દ્ર બન્યાં. આને લીધે નવો બૌદ્ધિક વર્ગ ઊભો થયો. ખ્રિસ્તી મઠોને બદલે હવે અહીં ચિંતન થવા લાગ્યું. કલાપ્રવૃત્તિની પહેલ મઠાધિપતિઓને બદલે ધર્મગુરુઓ કરવા લાગ્યા. તેથી કેથીડ્રલ સાંસ્કૃતિક પ્રવાહોનું કેન્દ્ર બન્યું. આર્થિક પરિબળોએ ગૉથિક કલાના વિકાસમાં અસરકારક ભાગ ભજવ્યો. નગરો, વેપાર અને ઉદ્યોગોનો વિકાસ થવાથી આર્થિક સમૃદ્ધિ આવી. વેપારીઓ સંગઠનોમાં એકત્ર થવા લાગ્યા અને તેમાંથી વેપારી શ્રેણીઓ (guilds) ઉદભવી. લૂંટારા અને ચાંચિયાઓની સામે શ્રેણીઓ રક્ષણ આપી શકી. ફ્રાયર્સ નામનો નવો સાધુ વર્ગ અસ્તિત્વમાં આવ્યો. ઈસુની માતા મૅરી ખ્રિસ્તી સ્ત્રીત્વનો આદર્શ મનાયો. મૅરીના નામે ઘણાં દેવળો (Notre Dame) બંધાયાં. આ બધાંને લીધે કલાને પોષણ મળ્યું.

ગૉથિક કાળ દરમિયાન ફ્રાન્સમાં કેથીડ્રલનાં શિલ્પમય અલંકરણો મુખ્યત્વે મુખભાગની ઉપર કમાનાકાર ભાગમાં કરવામાં આવતાં. અલંકરણમાં મૂકવામાં આવતી પ્રતિમાઓના કદમાં ઘણો મોટો તફાવત રહેતો. પ્રવેશની દ્વારશાખાઓ પર પણ શિલ્પો

મૂકવામાં આવતાં. તે ઘણાં મોટા કદનાં હતાં અને અર્ધમૂર્ત પ્રકારનાં હતાં. પ્રવેશના સ્તંભો(jambs)ને અડોઅડ આ પ્રકારનાં શિલ્પો મૂકવાની પ્રથા હતી. શાર્ટ્રેસ(Chartres)ના કેથીડ્રલના પશ્ચિમના ત્રણ દરવાજા (portals) પર ગૉથિક શૈલીના સૌથી પ્રાચીન શિલ્પો જોવા મળે છે. તેનું બાંધકામ ઈ. સ. 1145–1170 દરમિયાન થયું હતું. રોમનેસ્ક શૈલીના દરવાજા કરતાં આ દરવાજાનું શિલ્પકામ અસરકારક જણાય છે. તેના ત્રણે દરવાજાની દ્વારશાખાનાં સ્તંભ-શિલ્પો (jamb statues) આકર્ષક છે. આ શિલ્પો સ્તંભના ટેકાઓથી અળગાં છે. આ સ્તંભ-શિલ્પોમાં બાઇબલમાંના પયગમ્બરો (prophets), રાજાઓ અને રાણીઓ રજૂ થયાં છે. મધ્યના દરવાજાની ઉપર ઈસુને વિશ્વના ન્યાયાધીશ અને શાસક તરીકે દર્શાવ્યા છે. જમણી બાજુના ટીમ્પેનમ પર ઈસુનો જન્મ, મંદિરમાં અર્પણ, મૅરીના ખોળામાં બાળ ઈસુનાં શિલ્પો કંડારેલાં છે. જ્યારે ડાબી બાજુના ટીમ્પેનમ પર ઈસુનું સ્વર્ગારોહણ સ્વર્ગમાં બિરાજમાન ઈસુની રજૂઆત છે અને તેની ફ્રેમમાં રાશિઓ, બાર મહિનાના કામ(labour)નું આલેખન છે. પશ્ચિમનો આ મુખભાગ જેરૂસલેમના પ્રવેશના પ્રતીક તરીકે છે. આ કેથીડ્રલમાં સેન્ટ થિયૉડોરનું એક સુંદર શિલ્પ છે. સૈનિકનાં વસ્ત્રોમાં સજ્જ સેન્ટ થિયૉડોરના મુખ પર આધ્યાત્મિક અભિવ્યક્તિ જોવા મળે છે.



વર્જિન(મૅરી)નું મૃત્યુ

મૃત્યુ પામતાં મૅરીનું એક અસરકારક શિલ્પ (આશરે 1220) સ્ટ્રેસબર્ગના કેથીડ્રલના દરવાજા દક્ષિણના ટીમ્પેનમ પર કંડારેલું છે. બાયઝેન્ટિયમના બીજા તબક્કાના સુવર્ણયુગની ખ્રિસ્તી કલામાં જણાતી કરુણા અહીં જોવા મળે છે. રેઇમ્સના કેથીડ્રલના શિલ્પમય સુશોભન ગૉથિક કલાનું સર્વોચ્ચ શિખર છે. અહીંના શિલ્પ-સ્તંભો પર ઈસુની માતા થવાનો સંદેશો (annunciation) અને આ સમાચાર મૅરી એલિઝાબેથને

જણાવવા તેની મુલાકાતે જાય છે તે પ્રસંગ (visitation) કંડારેલો છે. આ શિલ્પોમાં પ્રસંગોની વર્ણનાત્મક રજૂઆત છે. ઉત્તરના પ્રવેશની સેન્ટ પૉલની પ્રતિમા ઉત્તમ છે. સેન્ટ પૉલના મુખ પર ઈશ્વર પ્રત્યેના પ્રેમનો આધ્યાત્મિક આનંદ દૃષ્ટિગોચર થાય છે. અહીં બાળ ઈસુ દૈવી તરીકે નહિ પણ માનવબાળ તરીકે રજૂ થયા છે. તેઓ માતાના માથા પરની વેઇલ (Veil) પકડી રહ્યા છે. નોત્રદામનું 'ધ વર્જીન ઑવ્ પૅરિસ' (પૅરિસનાં મૅરી) (પ્રારંભિક 14મી સદી)નું શિલ્પ ઉલ્લેખનીય છે. એમીએન્સ કેથીડ્રલમાં ત્રણ રાશિઓ (સિંહ, કન્યા અને તુલા) અને ત્રણ મહિના(જૂન, જુલાઈ અને ઑગસ્ટ)નાં દૈનિક શ્રમ-કાર્યોનું આલેખન છે. ઘણાં કેથીડ્રલના પ્રવેશને જુદા પાડતા ભાગ ટ્રીમેયુ (trymeau) પર ઈસુની પ્રતિમાઓ મૂકવામાં આવતી. આવું સુંદર અને લોકપ્રિય શિલ્પ 'બો દયુ' (Beau Dieu) અર્થાત્ 'સુંદર ભગવાન'નું છે. આ શિલ્પ પણ એમિયન્સના કેથીડ્રલમાં આવેલું છે. ઈસુના ભાવશિલ્પમાં સજીવતાનાં દર્શન થાય છે. એક હાથમાં તેમણે ગ્રંથ ધારણ કર્યો છે અને બીજો હાથ આશીર્વાદ આપતો દર્શાવ્યો છે. પગ નીચે સિંહ અને ડ્રેગનને કચડતા ઊભા છે. સિંહ અને ડ્રેગનને શેતાનની શક્તિના પ્રતીક તરીકે રજૂ કર્યા છે. ઈસુએ પોતાની દિવ્યતાથી શેતાનની આ શક્તિઓને કચડી નાંખી છે. આ જ કેથીડ્રલનું 'લા વીએર્જી ડોરેય' અર્થાત્ સુવર્ણમય વર્જીન(મૅરી)નું શિલ્પ નોંધનીય છે. બાળ ઈસુને હાથમાં તેડીને ઊભેલાં મૅરીના મુખ પરના પ્રેમાળ સ્મિતમાં માતૃત્વની નાજુકાઈનું પ્રતિબિંબ પડે છે. 14મી સદીના કેથીડ્રલોમાં મોટે ભાગે મૅરી અને બાળ ઈસુના આ પ્રકારનાં શિલ્પો જોવા મળે છે.

પંદરમી સદીમાં ડચમેન ક્લાઉસ સ્લુટર ઉત્તર ગૉથિક કલાનો અગ્રગણ્ય શિલ્પી હતો. તેનાં શિલ્પો ડીજોન નજીકના ઍબે ઑવ્ ચામ્પ્મોલમાં જોવા મળે છે. અહીં મોઝીઝ અને પાંચ પયગમ્બર(prophets)નું સુંદર શિલ્પ છે. પંદરમી સદીના અંતમાં અને સોળમી સદીના પૂર્વાર્ધમાં ફ્રેન્ચ શિલ્પીઓએ ક્લાઉસ સ્લુટરની શૈલીના ભાવનાવાદ (emotionalism) અને વાસ્તવવાદ(realism)ને તિલાંજલિ આપી.

ગૉથિક કલાનો પ્રસાર ઇંગ્લૅન્ડ, જર્મની, ઑસ્ટ્રિયા અને ઇટાલીમાં પણ થયો હતો. કમનસીબે મોટા ભાગનાં ઇંગ્લિશ ગૉથિક શિલ્પો ધર્મસુધારણા(reformation) ની મૂર્તિભંજક પ્રવૃત્તિ વખતે નાશ પામ્યાં. ઇંગ્લિશ ગૉથિક શિલ્પો મોટે ભાગે કબર પર જોવા મળે છે. ઑક્સફર્ડશાયરના ડોર્ચેસ્ટર ઍબેમાં એક યોદ્ધાની કબર ઉલ્લેખનીય છે. ગ્રીક શિલ્પકલાના 'મરણાસન્ન ગોલ'ના શિલ્પની તે યાદ કરાવે છે. પવિત્ર ભૂમિ જેરૂસલેમની મુક્તિ માટે ખેલાયેલા ધર્મયુદ્ધ(crusade)માં જોડાયેલ કોઈ ખ્રિસ્તી સૈનિક તે હોવો જોઈએ. 'અલાબસ્ટર્સ શૈલીમાં આવાં અનેક કબરશિલ્પો તૈયાર થયાં. નૅશનલ ગૅલરી ઑવ્ આર્ટનું પવિત્ર ત્રૈક્ય(holy trinity)નું શિલ્પ અલાબસ્ટર શૈલીમાં ઘડાયેલું છે. વિલિયમ ટોરેસે ઘડેલું રાણી એલિઆનોરનું ધાતુશિલ્પ વેસ્ટ મિન્સ્ટર ઍબેમાં સચવાયેલું છે. એલી કેથીડ્રલનાં કાષ્ઠશિલ્પો પણ આ શૈલીમાં ઘડાયેલાં છે. વેલ્સ કેથીડ્રલના મુખભાગ પર 255 જેટલાં શિલ્પો સચવાયેલાં છે.



જુડાસનું (ઈસુને) ચુંબન

જર્મનીમાં તેરમી સદીમાં શિલ્પના ક્ષેત્રે બે વર્ગ હતા : (1) સેક્સન (saxon) – આ વર્ગનાં શિલ્પો બામ્બર્ગ અને નૌમ્બર્ગના કેથીડ્રલમાં આવેલાં છે. (2) રહેનિશ (Rhenish) – આ વર્ગનાં શિલ્પો સ્ટ્રેસબર્ગના કેથીડ્રલમાં આવેલાં છે. નૌમ્બર્ગ માસ્ટર જર્મનીની ગૉથિક કલાનો મહાન કલાકાર હતો. તેનાં ઉત્કૃષ્ટ શિલ્પો નૌમ્બર્ગના કેથી-ડ્રલ(1250-60)માં છે. ઈસુનું ક્રૉસારોહણ (crucification), જુડાસનું (ઈસુને) ચુંબન (The kiss of Judas), એક્કેહાર્ડ અને ઉતા (Ekkehard and Uta) વગેરે ત્યાંનાં ઉલ્લેખનીય શિલ્પો છે. ક્રૉસારોહણના શિલ્પમાં શિલ્પી પવિત્ર વિષયને શારીરિક અને ભાવનાત્મક રીતે પૃથ્વી પર લાવી શક્યો છે. ઈસુના શરીરનાં વજન અને કદ પર ભાર મૂકીને ઈસુની પીડાને માનવીય વાસ્તવિકતાની નજીક કલાકાર લાવી શક્યો છે. ઈસુનો શિષ્ય જુડાસ ઈસુના દુશ્મનો સાથે ભળી ગયો હતો. ચાંદીના ત્રીસ સિક્કા લઈને તેણે આ કાવતરું યોજ્યું હતું. ચુંબન દ્વારા ઈસુને ઓળખી આપવાની નિશાની આપી હતી. એ રીતે ઈસુ દુશ્મનોના હાથમાં પકડાઈ જાય છે, ત્યારે ઈસુના પટ્ટશિષ્ય પીટર ટોળામાંના એકનો કાન પોતાની તલવાર વડે કાપી નાખે છે. આ આખોયે પ્રસંગ 'ધી કિસ ઑવ્ જુડાસ'માં સૂક્ષ્મ રીતે કંડારેલો છે. એક્કેહાર્ડ અને ઉતા અનુક્રમે પુરુષ અને સ્ત્રીનાં ઊભાં શિલ્પો છે. તેરમી સદીના અંતમાં જર્મનીના ખ્રિસ્તી ધર્મના વિષયોમાં એક નવો વિષય ઉમેરાયો – Andachtsbild – જેનું ઇટાલિયન Piety અર્થાત્ કરુણા થાય છે. (તેનું મૂળ લૅટિનના Pietas છે તે પરથી Pity અને Piety અંગ્રેજીમાં ઊતરી આવ્યા.) મૃત ઈસુને ખોળામાં લઈને તેમની માતા મૅરી વિલાપ કરે છે તે પિએટા અર્થાત્ કરુણા તરીકે ખ્રિસ્તી જગતમાં પ્રસિદ્ધ છે. ઈસુની પીડાના પ્રસંગોમાં આ પ્રસંગ નોંધાયેલો જણાતો નથી. આ કરુણ પ્રસંગ ક્યાં અને ક્યારે શોધાયો એ વિશે ચોક્કસ જાણવા મળતું નથી. જર્મની-

ના બોન(Bonn)ના મ્યુઝિયમમાં 'પિએટા'નું રંગકામ કરેલું એક કાષ્ઠશિલ્પ (પ્રારંભિક 14મી સદી) સંઘરાયેલું છે. એડમ ક્રાફ્ટ(Adam Krafft)નું 'સ્ટેશન ઑવ્ ક્રૉસ'(ઈસુની પીડાના ચૌદ સ્થાન)નું શિલ્પ અસરકારક છે.




ઈસુનો જન્મપ્રસંગ (nativity)

ઇટાલીની ભૂમિ પર ગૉથિક શૈલીનાં શિલ્પોનું સર્જન સંભવતઃ છેક દક્ષિણના ભાગમાં – આપુલિયા અને સિસિલીમાં – થયું હતું. આ પ્રદેશ પર જર્મન સમ્રાટ ફ્રેડરિક બીજાનું આધિપત્ય હતું. તેણે પોતાના દરબારમાં સ્થાનિક કલાકારોની સાથે જર્મની અને ફ્રેન્ચ કલાકારોને રોક્યા હતા. નિકોલા પિસાનો (Nicola Pisano – 1205–1278) જાણીતો શિલ્પી હતો. પીઝાના કેથીડ્રલની બૅપ્ટિસ્ટરી પર તેણે આકર્ષક શિલ્પો કંડારેલાં છે. તેમાં ઈસુના જન્મપ્રસંગ(nativity)નું શિલ્પ સુંદર રીતે કંડારેલું છે. નેટિવિટી ઉપરાંત મૅરીની એલિઝાબેથ સાથેની મુલાકાત, ભરવાડો દ્વારા બાળ ઈસુનું અભિવાદન વગેરે પ્રસંગો પણ કંડારેલા છે. અર્ધી સદી બાદ નિકોલાના પુત્ર જીઓવાન્ની પિસાનો(Giovanni Pisano)એ પીઝાના કેથીડ્રલની વ્યાસપીઠ (pulpit) પરનાં શિલ્પોનું કામ કર્યું. અહીં પણ 'નેટિવિટી'નો પ્રસંગ કંડારેલો છે. એક જ કેથીડ્રલમાં પિતા અને પુત્રએ એક જ પ્રસંગને કેન્દ્રમાં રાખીને શિલ્પકામ કર્યું છે. કલાજગતનું આ આશ્ચર્ય છે. પ્રેટો કેથીડ્રલનું મેડોનાનું આરસનું શિલ્પ જીઓવાન્નીની કૃતિ છે. ઓરવિએટો કેથીડ્રલમાં લોરેન્ઝો મઈટની શિલ્પીએ શિલ્પો ઘડ્યાં છે. આ કેથીડ્રલના મુખભાગ પરનું 'લાસ્ટ જજમેન્ટ'નું શિલ્પ સરાહનીય છે. ઇટાલીનો ગૉથિક શૈલીનો ઉત્તમ શિલ્પી કદાચ એન્ડ્રીઆ પિસાનો (Andrea Pisano – 1270-1348) હતો. ફ્લોરેન્સની બૅપ્ટિસ્ટરીના ધાતુના દરવાજા પરનાં અર્ધમૂર્ત શિલ્પો તેણે કરેલાં છે. તેમાં સેંટ જ્હૉન બૅપ્ટિસ્ટની જીવનકથા રજૂ કરવામાં આવી છે.

## 2. સ્થાપત્ય


1137થી 1144 દરમિયાન પૅરિસ શહેરની બહાર આવેલ સેંટ ડેનિસના રૉયલ ઍબે ચર્ચ(શેવર્ટ-Chevert)નું ઍબોટ સુગર દ્વારા પુનર્નિર્માણ કરવામાં આવ્યું ત્યારે ગૉથિક સ્થાપત્યશૈલીનો જન્મ થયો હતો. 1144માં લુઈ આઠમો, તેની રાણી, ઉમરાવો અને ધર્મગુરુઓની હાજરીમાં તેનો પ્રતિષ્ઠા-મહોત્સવ ઊજવાયો. પ્રથમ વાર જ ગૉથિક સ્થાપત્યનાં લક્ષણો આ પુનર્નિર્માણમાં જોવા મળ્યાં. બારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન થયેલી સ્થાપત્ય-નિર્માણની પ્રવૃત્તિ પ્રારંભિક ગૉથિકનો તબક્કો (1140-1194) છે. આ દરમિયાનની પ્રસિદ્ધ ઇમારત પૅરિસનું નોત્રદામ છે. તેરમી સદીનું સ્થાપત્ય શિષ્ટ તબક્કાનું છે જે ઉચ્ચતમ ગૉથિક (1194-1248) સ્થાપત્ય તરીકે ઓળખાય છે. આ તબક્કાની મહત્વની ઇમારત કેથીડ્રલ ઑવ્ શાર્ટ્સ છે. તેમાં આવેલ મૅરીની પ્રસિદ્ધ પ્રતિમાને લીધે તે ઘણા પ્રાચીન સમયથી તીર્થયાત્રાનું સ્થળ હતું. 1134-1170 દરમિયાન તેની સન્મુખે બે ટાવર ઊભા કરવામાં આવ્યા હતા. પ્રારંભિક બાંધકામ આક્રમણ અથવા આગને કારણે નાશ પામ્યું હતું. તેના પુનર્નિર્માણમાં ગરીબ અને શ્રીમંત, રાજકુમાર અને સામાન્ય નાગરિક એમ સૌ કોઈએ પોતાના પવિત્ર ચર્ચના બાંધકામમાં માત્ર દાન જ નહિ પરંતુ શારીરિક શ્રમનું પણ પ્રદાન કર્યું હતું. 1220માં તેનું બાંધકામ પૂરું થયું. લૅટિન ક્રૉસ આકાર તેનો પ્લાન છે, જેમાં પહોળાઈ કરતાં લંબાઈ વધારે હોય છે. મધ્યમંડપમાં માત્ર એક જ પાર્શ્વમાર્ગ છે, જ્યારે ક્વાયર(choir)ની બંને બાજુ પાર્શ્વમાર્ગ છે. પૂર્વાભિમુખ આ ચર્ચનો મુખ્ય પ્રવેશ પશ્ચિમે છે અને તેમાં ત્રણ દ્વાર



પૅરિસનું નોત્રદામ (પશ્ચિમ દિશાએથી)

(portals) છે. તેમાં અણિયાળી કમાન – આર્ક બ્રીસે(arc-brise)નો ઉપયોગ ઘુંમટ (vault), બારણાં અને બારીઓમાં કરવામાં આવ્યો છે. વળીઓ આધારિત ઘુંમટ (ribbed vault) ગૉથિક સ્થાપત્યનું વિશેષ લક્ષણ છે. તેમાં જોડિયા સ્તંભો (clustered columns) અને ફ્લાઇંગ બટ્રેસિસ (flying buttreses)નો ઉપયોગ થયો છે. શાર્ટ્સમાં રંગીન કાચ જડેલી વિશાળ બારીઓ બે અણિયાળી કમાનાંકિત બારીઓની ઉપર મૂકવામાં આવી છે, જેમાં થઈને પ્રકાશનો પ્રવાહ ચર્ચની અંદર પ્રવેશે છે. મુખભાગમાં આવેલા બે ટાવર છૂટા હતા, પરંતુ ગૉથિક બાંધકામ દરમિયાન આગ પછી જોડી દેવામાં આવ્યા. દક્ષિણનો ટાવર પથ્થરનો અને ઉત્તરનો લાકડાનો હતો. પરંતુ 1506માં વીજળીના પ્રપાતને લીધે ઉત્તરના ટાવરનો નાશ થયો તેથી તેનું ઉત્તરાર્ધ ગૉથિક શૈલીમાં ફરીથી બાંધકામ કરવામાં આવ્યું. દક્ષિણનો ટાવર ઘણો સાદો છે.

શાર્ટ્સ કેથીડ્રલનાં તત્વોનો વિકાસ ઉચ્ચ ગૉથિક કાળની બીજી બે પ્રસિદ્ધ ઇમારતો–કેથીડ્રલ ઑવ્ રેઇમ્સ અને કેથીડ્રલ ઑવ્ એમિએન્સ–માં થયો. કેથીડ્રલ ઑવ્ એઇમ્સ ફ્રાન્સના રાજાઓના રાજ્યાભિષેકનું ચર્ચ હતું. 1210માં આગમાં નાશ પામેલ રેઇમ્સના કેથીડ્રલનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. અઢી સદી સુધી પુનર્નિર્માણનું કામ ચાલ્યું. તેનો પ્લાન લગભગ શાર્ટ્રેસને મળતો આવે છે. સિવાય કે તેનો પૂર્વનો ભાગ રાજ્યાભિષેક વિધિ માટે વિસ્તારવામાં આવ્યો હતો. કેથીડ્રલનો પશ્ચિમનો ભાગ તેની



શાર્ટ્રેસ કેથીડ્રલ

શિલ્પસમૃદ્ધિને લીધે ભવ્ય છે. તેમાં લગભગ 530 જેટલાં શિલ્પો છે. દ્વારની ઉપરના પેડિમેન્ટને બદલે ત્યાં પ્રકાશબારી (rose window) છે. બીજા સમતલ ભાગમાં 12 મી. વ્યાસની આવી રોઝ વિન્ડો છે. તેની દરેક બાજુએ બેવડી બારીઓ (twin windows) છે. એમિએન્સના કેથીડ્રલના મધ્ય મંડપના ઊર્ધ્વમાન(elevation)માં આયોજનની સંવાદિતા જણાય છે. તેની ઊંચાઈ 41.5 મી છે – શાર્ટ્રેસ અને રેઇમ્સના

કેથીડ્રલ કરતાં વધુ. 13મી અને 14મી સદીનો તબક્કો શુદ્ધ ગૉથિક (refined Gothic) શૈલીનો છે. આ કાળની ઉત્તમ કૃતિ પૅરિસમાં આવેલ સેન્ટે ચૅપલ છે. સીન નદીથી બનેલ દ્વીપ પર આવેલ આ ચૅપલ રાજકુટુંબ માટેનું હતું. સેન્ટ લૂઈ નવમો પવિત્ર ભૂમિ જેરૂ-સલેમની યાત્રાએ ગયો ત્યારે ત્યાંથી ઈસુના કાંટાળા મુગટમાંનો એક કાંટો લાવ્યો હતો. તેને પ્રદર્શિત કરવા માટે આ ચૅપલ 1244થી 1247 દરમિયાન તેના દ્વારા બાંધવામાં આવ્યું હતું. બે મજલાની આ નાનકડી ઇમારતના ઉપરના મજલે માત્ર મધ્ય મંડપ છે – પાર્શ્વમાર્ગો નથી. રાજાના ખાનગી ઉપયોગ માટે તે વપરાતો. તેને લીધે તેને પડખે ફ્લાઇંગ બટ્રેસિસ નથી. દીવાલોમાં 4.5 મી. પહોળી અને 15 મી. ઊંચી વિશાળ સ્ટેઇન્ડ--ગ્લાસ વિન્ડો આવેલી છે. કેથીડ્રલ ઑવ્ બીયુવેઇસ(Beauvais)નો 48 મી. ઘુંમટ તેના બાંધકામનાં થોડાં વર્ષ પછી 1272માં પડી ગયો હતો અને ફરીથી બાંધવો પડ્યો હતો. ફ્રાન્સમાં કેન્દ્રીય સરકારની સ્થાપના થતાં સમગ્ર દેશમાં કેથીડ્રલોનું નિર્માણ થયું હતું.



રેઇમ્સના કેથીડ્રલનો પશ્ચિમ ભાગ

ઉત્તર ગૉથિકનો સમય 14મી સદીનો ઉત્તરાર્ધ અને 15મી સદીનો છે. આ તબક્કાને ફ્લેમબોયેન્ટ (flamboyant) તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે લોખંડના જાળીકામ(tracery)માં અગ્નિની જ્વાળાની આકૃતિનું આધિપત્ય છે. આ કાળ દરમિયાન પથ્થર પરની કોતરણીની કલા પૂર્ણતાએ પહોંચેલી જણાય છે. ગૉથિક કલા કેથીડ્રલો ઉપરાંત કિલ્લાઓ અને રાજપ્રાસાદોમાં પણ પ્રવેશી. કાઉસી(Coucy)નો કિલ્લો 1230માં બાંધવામાં આવ્યો હતો; પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તેનો નાશ થયો હતો.

ફ્રાન્સ પછી ઇંગ્લૅન્ડમાં ગૉથિક સ્થાપત્યકલાનો પ્રસાર થયો. ઇંગ્લૅન્ડના મોટાભાગનાં ગૉથિક કેથીડ્રલો શરૂઆતમાં મઠ સાથે સંકળાયેલાં મોનેસ્ટિક ચર્ચ હતાં. સેલિસબરી(Salisbury)નું કેથીડ્રલ ઇંગ્લૅન્ડની સુંદર ગૉથિક ઇમારત છે. ફ્રાન્સના એમિઅન્સ કેથીડ્રલનું સમકાલીન આ કેથીડ્રલનું બાંધકામ 1220માં શરૂ થયું અને 40 વર્ષમાં પૂરું થયું. તેની લંબાઈ 146 મી. છે. પૂર્વનો અંતભાગ સમચોરસ છે અને ત્યાં પ્રદક્ષિણાપથ કે ચૅપલ્સ નથી, માત્ર બારીઓ છે. તેના ઘુંમટ નીચા છે. મધ્ય મંડપની ઉપર ટાવર છે. તેની બારીઓમાંથી દેવળની અંદર પ્રકાશ આવે છે. અહીંના કેથીડ્રલોની બારીઓનું આયોજન ધ્યાનાર્હ છે. વિન્ડસરના સેન્ટ જ્યૉર્જના ચર્ચની બારીઓ આ દૃષ્ટિએ ઉલ્લેખનીય છે.

જર્મન ગૉથિક સ્થાપત્યનો સમય 1220-1530નો છે. આ કાળની પ્રથમ ઇમારત શક્યતઃ કૉલ્ન (Cologne – Koln)નું કેથીડ્રલ હતું. એમિઅન્સ અને બીયુવેઇસના કેથીડ્રલના નમૂનારૂપ તે બનાવેલું છે. જર્મન ગૉથિકમાં ફ્રાન્સના નમૂનાઓનું માત્ર અનુકરણ જ નથી પરંતુ તેણે સ્વતંત્ર પ્રદાન પણ કર્યું છે અને તે હૉલ ચર્ચ (hall-church) છે. આ પ્રકારના ચર્ચમાં પાર્શ્વમાર્ગવાળા ભાગની ઊંચાઈ મધ્ય મંડપ જેટલી રાખવામાં આવતી. આને કારણે બાંધકામની પદ્ધતિમાં કેટલાક ફેરફાર કરવા પડ્યા. ચર્ચની અંદરનો ભાગ હૉલ જેવો થયો. બહારની દીવાલમાં ફ્લાઇંગ બટ્રેસિસની જરૂર ન હતી. પશ્ચિમના ભાગે માત્ર એક જ ટાવર એ જર્મન ગૉથિકનું અન્ય ખાસ લક્ષણ હતું. સેન્ટ એલિઝાબેથનું ચર્ચ (માર્બર્ગ), ફ્રેઇબર્ગ અને ઉલ્મના કેથીડ્રલ, સેન્ટ સ્ટેફનનું કેથીડ્રલ (વિયેના, ઑસ્ટ્રિયા) જર્મન ગૉથિક સ્થાપત્યનાં ઉદાહરણો છે. જર્મન ગૉથિકમાં દુર્ગો, નગરદ્વારો, ટાઉનહૉલ્સ, વેપારીગૃહો અને રહેવાનાં મકાનો જેવા નાગરિક સ્થાપત્યનો પણ વિકાસ થયો હતો.

નેધરલૅન્ડના પ્રદેશમાં બેલ્જિયમ અને હોલૅન્ડ સમાવિષ્ટ હતા. બેલ્જિયમમાં ગૉથિક કલા ફ્રાન્સમાંથી અને હોલૅન્ડમાં જર્મનીમાંથી પ્રવેશી. હોલૅન્ડ કરતાં બેલ્જિયમમાં સ્થાપત્યકીય પ્રવૃત્તિનો ઘણો વિકાસ થયો. બ્રુસેલ્સમાં આવેલ સેન્ટ ગુડુલે (1225) ચર્ચ પ્રથમ ગૉથિક ઇમારત છે. એન્ટવર્પના વિશાળ કેથીડ્રલ(1352–1422)માં સાત પાર્શ્વમાર્ગો છે. મેલિયન્સમાં આવેલ સેન્ટ રોમ્બા(Rombaut)ના કેથીડ્રલને પશ્ચિમમાં એક સુંદર ટાવર છે પરંતુ તે અધૂરો છે. યપ્રેસ(Ypres)નો ક્લોધ હૉલ (1200-1304) અંશતઃ પ્રથમ વિશ્વયુદ્ધમાં નાશ પામ્યો હતો. લૂવેઇન(Lauvain)ના ટાઉનહૉલ-(1448)ની કોતરણી આકર્ષક છે.

મધ્ય અને દક્ષિણ ઇટાલીના ભાગમાં ખૂબ જ ઓછો હિમ વરસતો તેથી અહીંના સ્થાપત્યમાં ઊંચી અને અણિયાળી છતની જરૂર ન હતી તેથી છત સપાટ બનાવવામાં આવી છે. ગરમ આબોહવાને લીધે દીવાલો જાડી અને બારીઓ નાના કદની બનાવવામાં આવતી જેથી અંદર ઠંડક રહે. ઘંટનો ટાવર (campanile) ચર્ચથી અલાયદો બનાવાતો તેથી ફ્રેન્ચ ગૉથિકની જેમ મુખભાગમાં બે ટાવર રચવામાં આવતા ન હતા. પશ્ચિમનો મુખભાગ પણ જુદા જ પ્રકારનો હતો. મુખભાગે અલંકૃત પટ્ટ જેવું સ્વરૂપ ધારણ કર્યું.

તેમાં રોઝ વિન્ડો અવશ્ય રહેતી. ફ્લાઇંગ બટ્રેસિસનો અભાવ છે. વિશાળ દીવાલો ભીંતચિત્રો કે મોઝેઇક વર્કથી સુશોભિત કરવામાં આવતી. આસિસિનું સાન ફ્રાન્સિસ્કોનું ચર્ચ ઇટાલીનું પ્રથમ ગૉથિક શૈલીનું ફ્રાન્સિસ્કન ચર્ચ છે. બે માળના આ ચર્ચની દીવાલો પર સેન્ટ ફ્રાન્સિસના જીવનને લગતાં ચિત્રો આલેખવામાં આવ્યાં છે.



મિલાનનું કેથીડ્રલ

ઓર્વિએટોના કેથીડ્રલના મુખભાગ પરના મોઝેઇક આકર્ષક છે. ફ્લોરેન્સના સેન્ટ મારિઆ દેઈ ફિઓરી કેથીડ્રલના ઇટાલીના લોકો સામાન્ય રીતે ઇલ ડ્યુમો (il Duomo) તરીકે ઓળખે છે. તેનું બાંધકામ 1296માં શરૂ થયું હતું. તેનો ઘુંમટ રેનેસાં કાળનો છે. તેના ઘંટનો આકર્ષક ટાવર ઇટાલિયન ગૉથિક શૈલીનાં ઉત્તમ લક્ષણો ધરાવે છે. (ફ્લોરેન્સના કેથીડ્રલનું બાંધકામ 1296માં આર્નોલ્ફો દી કામ્બિઓ દ્વારા શરૂ થયું હતું. અને તેનો ઘુંમટ 1420-36 દરમિયાન ફિલિપ્પો બ્રુનેલ્લેસ્કી દ્વારા તૈયાર થયો હતો. મિલાનનું કેથીડ્રલ 1390માં બંધાયું હતું.) નાગરિક સ્થાપત્યમાં જાહેર સભાગૃહો જે પેલેઝો પબ્લિકો (palazzo publico) તરીકે ઓળખાય છે તેનો વિકાસ થયો. ફ્લૉરેન્સમાં આવેલ આવું સભાગૃહ પેલેઝો વેરિય્હઓ તરીકે પ્રસિદ્ધ છે. ઇટાલિયનો ખુલ્લાં સભાગૃહો(loggias)ના શોખીન હતા. આ પ્રકારના સ્થાપત્યનો નમૂનો ફ્લૉરેન્સમાં આવેલો છે. તે લોગ્ગિયા દેઈ લેન્ઝી તરીકે પ્રસિદ્ધ છે.

સ્પેનમાં ગૉથિક સ્થાપત્ય મોટે ભાગે ફ્રાન્સની અસર નીચે વિકાસ પામ્યું; પરંતુ તેની પર સ્થાનિક moorish અસર વધુ છે. અહીંનાં પ્રસિદ્ધ કેથીડ્રલોમાં ગ્રેનેડા, ટોલેડો અને વેલેન્સિયાના ઉલ્લેખનીય છે. તેમાં સેવિલેનું કેથીડ્રલ સૌથી મોટું છે.

10

# નવજાગૃતિની શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

મધ્યયુગના અંત અને અર્વાચીનયુગની શરૂઆત એટલે કે 14મીથી 17મી સદી દરમિયાન યુરોપમાં જે બૌદ્ધિક ચળવળ થઈ તેને નગજાગૃતિ કે પુનરુત્થાન (Renaissance) કહેવામાં આવે છે. આ કાળ દરમિયાન યુરોપનો બૌદ્ધિક પુનરુદ્ધાર સાહિત્ય, કલા અને વિજ્ઞાનના ક્ષેત્રે વિશેષ જણાય છે. મધ્યકાલીન યુરોપની કલા પર ધર્મનું આધિપત્ય હતું. દેવળ-સંસ્થા (church) તરફથી કલાના સર્જનમાં કેટલીક મર્યાદાઓ મૂકવામાં આવી હતી. કલાના ક્ષેત્રે બાયઝેન્ટાઇન પરંપરાનું જે આધિપત્ય હતું તેની સામે નવજાગૃતિના મુખ્ય કેન્દ્ર ઇટાલીની કલામાં પુનરુદ્ધાર થયો, કલા ધર્મબંધનમાંથી મુક્ત થઈ. માનવતાવાદ પર ભાર મૂકવામાં આવ્યો. કલામાં વપરાતાં પ્રતીકોએ વિદાય લીધી. ધાર્મિક પ્રસંગોને બદલે રોજિંદા જીવનની ઘટનાઓને કલામાં સ્થાન મળ્યું. કલાકાર વ્યક્તિગત અભિવ્યક્તિ તરફ વળ્યો. કલાકારની સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થયો. નવજાગૃતિની કલાનું મુખ્ય કેન્દ્ર ઇટાલી રહ્યું અને સમય જતાં કલાનું તે વહેણ સમગ્ર યુરોપમાં ફેલાયું. ઇટાલી ઉપરાંત પશ્ચિમ અને મધ્ય યુરોપના જર્મની, ફ્લેન્ડર્સ (હાલના બેલ્જિયમ વિસ્તારનો પ્રદેશ), હોલૅન્ડ અને ત્યારબાદ સોળમી સદીમાં ફ્રાન્સ, ઇંગ્લૅન્ડ અને સ્પેનમાં આ કલાનો પ્રસાર થયો. ઐતિહાસિક વિકાસની દૃષ્ટિએ નવજાગૃતિકાળની કલાને ત્રણ તબક્કાઓમાં વહેંચી શકાય : (1) પ્રારંભિક અથવા આદ્ય પુનરુત્થાન કાળ (ઈ. સ. 1300–1400), (2) પૂર્વનો અથવા મધ્યનો પુનરુત્થાન કાળ (ઈ. સ. 1400–1500) અને (3) અંતિમ અથવા ઉચ્ચ પુનરુત્થાન કાળ (ઈ. સ. 1500–1520). પાછળથી આ કલાએ નવી દિશાઓમાં વિકાસ સાધ્યો જે રીતિવાદ (mannerism) કહેવાય છે.

ફ્લૉરેન્સ પૂર્વ રેનેસાં કલાનું જાણીતું કેન્દ્ર હતું. 15મી સદીના પૂર્વાર્ધમાં અહીં શિલ્પકલાનો ઉત્તમ વિકાસ થયો. આ કાળનો પ્રથમ શિલ્પી નન્ની-દી-બેન્કો(Nanni di Banco)ને ગણાવી શકાય. તેણે 1410-1414 દરમિયાન ઑર સાન મિશેલ(Or San Michele)ના ચર્ચના એક ગવાક્ષમાં કંડારેલ ચાર સંતોનું શિલ્પ ક્વૉટ્રો કૉરનેટી (Quattro Coronati) ઉલ્લેખનીય છે. આરસમાં ઘડેલ આ શિલ્પ લગભગ મનુષ્ય

કદનું છે. આ શિલ્પ ઘડ્યું ત્યારે નન્ની તેની વીસીમાં જ હતો. એની બીજી કૃતિ ફ્લૉરેન્સના કેથીડ્રલમાં કંડારેલ 'ઍસમ્પ્શન ઑવ્ ધ વર્જિન' (મૅરીનું સ્વર્ગારોહણ) છે.



બૅપ્ટિસ્ટરીનાં દ્વાર : ફ્લૉરેન્સ

ફ્લૉરેન્સના મહત્વના બે શિલ્પીઓ લોરેન્ઝો ગિબર્તી (1378-1455) અને દૉનાતેલો (1382-1466) હતા. ગૉથિક પરંપરાની અસરમાંથી મુક્ત થતાં એમને થોડો સમય લાગ્યો. લોરેન્ઝો ગિબર્તીએ (Lorenzo Ghiberti) ગૉથિક શૈલીની સ્વાભાવિક દૃશ્યચિત્રણા અને થોડી લંબાયેલ માનવઆકૃતિ જેવાં તત્વોને અપનાવ્યાં છતાં પોતાની આગવી ઓળખ ઉપસાવી. ફ્લૉરેન્સની બૅપ્ટિસ્ટરીનાં દ્વાર પરનાં વૃત્તાંતાત્મક અર્ધમૂર્ત શિલ્પો એનાં ઉત્તમ ઉદાહરણો છે. માઇકલૅન્જેલોએ તેને 'સ્વર્ગના દરવાજા' કહીને તેની તારીફ કરી છે. ગિબર્તી પછી કોઈ કલાકાર આના જેવાં ઉત્તમ અર્ધમૂર્ત શિલ્પોનું કામ કરી શક્યો નથી. દરેક દરવાજાના ખૂણાના ભાગે એનું પોતાનું સ્વમુખ શિલ્પ (portrait) અધિકમૂર્તમાં કંડારેલું છે. સર્જકની અંગત ઓળખનો નવજાગૃતિ કાળનો આ પ્રથમ નમૂનો છે. શરૂઆતમાં ગિબર્તી વ્યવસાયે સુવર્ણકાર હોવાથી એમનાં અર્ધમૂર્ત શિલ્પો પર સોનાનો ઢોળ ચઢાવીને બારણાંને ખૂબ જ આકર્ષક રીતે અલંકૃત કર્યાં હતાં. દરવાજાની ઊભી પટ્ટીમાં મોઝીઝની કથા રજૂ કરી છે. તેમની બીજી મહત્વની કૃતિઓ 'સેન્ટ જ્હૉન બૅપ્ટિસ્ટ' અને 'સેન્ટ મેથ્યુ' ઑર સાન મિશેલ ચર્ચમાં આવેલી છે. જીવનનાં છેલ્લાં વર્ષોમાં ગિબર્તીએ 'કૉમેન્તરી' નામનો ગ્રંથ લખ્યો. તેના બીજા ખંડમાં તેમની આત્મકથા પણ છે. કોઈ કલાકારની સચવાઈ રહેલી આત્મકથાનો આ પ્રથમ નમૂનો છે.

દૉનાતેલો ગિબર્તીની કાર્યશાળામાં શિષ્ય તરીકે જોડાયો હતો. સંતોનાં શિલ્પો ઘડવામાં તેની કલા સિદ્ધહસ્ત હતી. રોમનાં પ્રાચીન શિષ્ટ શિલ્પોનો તેણે અભ્યાસ

કર્યો હતો. ભુલાઈ ગયેલા પેગન જગતના વિષયોનો ઉપયોગ કરનાર તે પ્રથમ શિલ્પી હતો. ગિબર્તીએ નિસર્ગતત્વોને મહત્વ આપ્યું જ્યારે દૉનાતેલોએ માનવશરીરને મહત્વ આપ્યું. તેનાં માનવપાત્રો સ્નાયુબદ્ધ છે. સ્નાયુબદ્ધતાના અતિ આગ્રહને લીધે ક્યારેક પાત્ર પીડા અનુભવી રહ્યું હોય તેમ જણાય છે. જોકે રોમન શિલ્પના અભ્યાસથી તેની કૃતિઓમાં મોટું પરિવર્તન આવ્યું. સ્મારક-શિલ્પો, લાકડાકામ, ટેરાકોટા સર્વમાં તેની નિપુણતા હતી. મોટા ભાગની તેની કૃતિઓ ચર્ચ, ગિલ્ડ્સ અથવા કૉમ્યુનલ ગવર્નમેન્ટ માટે ઘડેલી છે. તેની જાણીતી કૃતિઓ નીચે પ્રમાણે છે :

સેન્ટ જ્યૉર્જનું આરસનું શિલ્પ (ઊંચાઈ 6'.10'', 1415-17) ફ્લૉરેન્સના ઑર સાન મિશેલમાં આવેલું છે. (નૅશનલ મ્યુઝિયમમાં બ્રોન્ઝનું છે.) ખ્રિસ્તી યોદ્ધાના આ આલેખનની પ્રેરણા સંભવતઃ બાયઝેન્ટાઇન અભિવ્યક્તિમાંથી લેવામાં આવી છે. જોકે મસ્તક પર ગ્રીક અસર જણાય છે. રોમન સરદારની અસર તથા ટટ્ટાર શરીરની છટા સાથે જમીન પર ટેકવેલ કેડ સુધી ઊંચી ઢાલ બે પગ વચ્ચે ધારણ કરીને ઊભેલા સેન્ટ જ્યૉર્જ સંતને બદલે રોમન સરદાર જેવા લાગે છે. જાણે પથ્થરમાં જીવન પાંગરતું હોય તેવું વાસ્તવિક તે જણાય છે.



સેન્ટ જ્યૉર્જનું શિલ્પ



પયગંબર

યુવાન ડેવિડનું ધાતુશિલ્પ (1440-1442) ફ્લૉરેન્સના નૅશનલ મ્યુઝિયમમાં સુરક્ષિત છે. પ્રથમ તે આરસમાં કંડારવામાં આવ્યું હતું. પરંતુ મેડિચી કુટુંબ માટે તે ધાતુમાં બનાવવામાં આવ્યું. શરીર નિર્વસ્ત્ર છે. સત્તર વરસના સુડોળ શરીર ધરાવતા તરુણના હાથમાં તલવાર આપી, મસ્તક પર ચૌદમી સદીની ફૅશન પ્રમાણેની હૅટ પહેરાવી ક્લાસિકલ ગ્રીક-રોમન શરીર અને મધ્યયુગના પોશાકના મિશ્રણથી દૉનાતેલોએ આ એક અનોખું શિલ્પ સર્જ્યું છે.

ફ્લૉરેન્સના કેથીડ્રલ(1334-1357)ના ઘંટ માટેના મિનાર(campanile)ના અર્ધા ઉપરાંતના ગવાક્ષ (niches) ખાલી હતા. દૉનાતેલોએ 1416-1435 દરમિયાન તે શિલ્પોથી ભરી દીધા. તેમાંનું સૌથી અસરકારક શિલ્પ અણઓળખ્યા એક પયગંબર(prophet) નું છે. તેમનું તખલ્લુસ ઝુક્કોને (Zuccone) છે. 1423-25 દરમિયાન તૈયાર કરવામાં આવેલું આ શિલ્પ 6'.5'' ઊંચું છે. મૂળ કૃતિ ફ્લૉરેન્સના કેથીડ્રલના મ્યુઝિયમમાં છે. પરંપરાગત શૈલી અનુસાર ઘડાતા પયગંબરના શિલ્પમાં દાઢી અને હાથમાં વીંટો (scroll) ધારણ કરેલ હોય છે. જેનો અહીં સ્પષ્ટ અભાવ જણાય છે. આથી દૉનાતેલો પયગંબરના આલેખનમાં પરંપરાગત શૈલીને અનુસર્યો નથી એમ કહી શકાય. રોમન વ્યક્તિશિલ્પોની જેમ પયગંબરના મસ્તકે મુંડન છે, જે બેહૂદું છતાં ઉમદા લાગે છે. આ શિલ્પમાં પ્રથમ જ વાર દૉનાતેલોની સહી જોવા મળે છે.

નાટ્યાત્મક અભિવ્યક્તિમાંથી પૂર્ણ મુક્તિ 1450-53માં ઘડાયેલ અશ્વારૂઢ 'ગાત્તા મેલાતા'ને ગણી શકાય. આ શિલ્પ પાદુઆમાં સેન્ટ એન્ટોનિયોની બસિલિકાના ચોકમાં આવેલું છે. યુરોપીય કલાવિદોના મતે માનવીય ગૌરવની પ્રખર અભિવ્યક્તિ હોવા ઉપરાંત ચૌદમી સદીના યુરોપનાં પાશવી બળો સામે બૌદ્ધિક શક્તિના વિજયનું એ પ્રતીક છે. ગાત્તામેલાતા (Gattamelata) એ ઈરાસ્મો-દિ-નાર્ની (Erasmo di Narni) નામના સેનાપતિનું તખલ્લુસ છે. નવ ફૂટ ઊંચું આ ભવ્ય ધાતુશિલ્પ ઊંચી લંબગોળાકાર પીઠ પર ગોઠવેલું છે. શિલ્પીની વ્યક્તિ-આલેખનની ઊંડી સૂઝ છતી થાય છે. હુકમનો આદેશ, રાજનૈતિક શઠતા, શંકાશીલ આંખો આ સર્વ શિલ્પમાં જોતાં જણાય છે કે એણે ખુલ્લા સામસામેના યુદ્ધને બદલે યુક્તિપૂર્વક ચાલ ખેલીને વિજય મેળવ્યા હશે.

સેન્ટ માર્કનું આરસનું શિલ્પ ફ્લૉરેન્સના (7'.9'', 1411-1413) ઑર સાન મિશેલમાં આવેલું છે.

દૉનાતેલોએ લગભગ પૂર્ણમૂર્ત શિલ્પ ઉપરાંત અર્ધમૂર્ત શિલ્પોની પણ રચના કરી હતી. 'ફિસ્ટ ઑવ્ હેરોદ' (લગભગ 1425)નું અર્ધશિલ્પ સિએનાના એસ. જીઓવાનીમાં આવેલું છે. 23'' સમચોરસમાં કંડારેલ આ ધાતુશિલ્પ પર ઢોળ ચઢાવેલો છે. દૃશ્યમાં ડાબી બાજુ હેરોદની સમક્ષ અધિકારી થાળીમાં સેન્ટ જ્હૉન બૅપ્ટિસ્ટનું મસ્તક ધરી રહ્યો છે. જમણી તરફ નૃત્યાંગના શાલોમી અને નૃત્ય જોનારા છે. વચ્ચેના ભાગમાં અવકાશ છે. પાછળ કમાનકારી બારીઓ છે. ચિત્ર-અવકાશ(picture space) ની પદ્ધતિનો આ સંભવતઃ સૌથી જૂનો પ્રયોગ જણાય છે.





મૅરી મેગ્દાલેનનું કાષ્ઠશિલ્પ ગીત ગાતા અને વાદ્યો વગાડતા વિદ્યાર્થીઓ

પાદુઆના સાન એન્ટોનિયોના ચર્ચની ઊંચી ઓલ્ટાર પર 'વાત કરતા બાળકનો ચમત્કાર'ને લગતું અર્ધશિલ્પ દૉનાતેલોએ 1446-50 દરમિયાન રચ્યું છે. તેનાં કાષ્ઠ-શિલ્પોમાં મૅરી મેગ્દાલેનનું શિલ્પ અસરકારક છે. આ શિલ્પની રચના તેણે 1454-55 દરમિયાન કરી હતી. 6'.2'' ઊંચું આ શિલ્પ ફ્લૉરેન્સની બેપ્ટિસ્ટ્રીમાં આવેલું છે. ગૉથિક શૈલીમાં ઘડાયેલ બોન્ન પિએટા સાથે તે મળતું આવે છે.

દૉનાતેલો સાચા અર્થમાં માઇકલૅન્જેલોનો પુરોગામી ગણાય છે.

જેકોપો દેલા ક્વાર્ચિયા (Jacopo Della Quercia, 1374-1438) ઇટાલીનો શિલ્પી હતો. તેણે ગિબર્તીની જેમ ગૉથિકથી પૂર્વ રેનેસાંની શૈલી બદલી હતી. તેનું 'ક્રિએશન ઑવ્ ઈવ' (ઈવનું સર્જન, ઈ. લગભગ 1430, 341'' 271'') નામનું મા-ર્બલનું જાણીતું અર્ધમૂર્તશિલ્પ બોલોગ્નાના સાન પેટ્રોનિયોમાં આવેલું છે. આદમ અને ઈવ નિર્વસ્ત્ર દર્શાવ્યાં છે જ્યારે ઈશ્વર કોણાકારે કરચલીઓ પડે એ રીતે વસ્ત્રો ધારણ કર્યાં છે. આદમને ક્લાસિકલ યુગના રમતવીર જેવી heroic beauty દર્શાવ્યો છે. તેનું બીજું ઉલ્લેખનીય શિલ્પ 'મેડોના વિથ સેન્ટ્સ' (1425) છે. સિયેનાના સાન માર્ટિનોમાં તે આવેલું છે.

દૉનાતેલો પછીનો બીજો પ્રસિદ્ધ શિલ્પી લ્યુકા દેલા રૉબિયા (Luca Della Robbia, 1400-1482) હતો. 1411માં તેને ફ્લૉરેન્સના કેથીડ્રલના ગાયકવૃંદની

ગૅલરીને આરસનાં શિલ્પો વડે અલંકૃત કરવાનું કામ સોંપવામાં આવ્યું. તેની રચનામાં દસ અર્ધમૂર્ત શિલ્પો છે. ગીત ગાતા અને વાદ્યો વગાડતા વિદ્યાર્થીઓ(કોઈ ગ્રંથમાં 'દેવદૂત' તરીકે ઓળખાવ્યા છે.)નાં આલેખન તેમાં જોવા મળે છે. 1435માં કંડારવામાં આવેલું આ શિલ્પ લગભગ 38'' 24''નું માપ ધરાવે છે. આ કૃતિથી તે પ્રસિદ્ધ થયો. 'મેડોના ઍન્ડ એન્જલ્સ' નામનું શિલ્પ (લગભગ 1460) અર્ધવૃત્તાકારમાં રચ્યું છે. (63'' 871''). ટેરાકોટા પ્રકારના આ શિલ્પ પર ઢોળ ચઢાવેલો છે. તે ફ્લૉરેન્સના નૅશનલ મ્યુઝિયમમાં છે. ફિલાડેલ્ફિયાના મ્યુઝિયમ ઑવ્ આર્ટમાં 'વર્જિન એડોરિંગ ધ ઇન્ફન્ટ જિસસ' નામનું ટેરાકોટા ઢોળ ચઢાવેલું છે. આ બધાં અર્ધમૂર્ત શિલ્પો છે. 'વર્જિન ઍન્ડ ચાઇલ્ડ' (1450-1460) નામનું શિલ્પ પૂર્ણમૂર્ત પ્રકારનું છે. તે ફ્લૉરેન્સના નૅશનલ મ્યુઝિયમમાં આવેલું છે. તૈલી રંગો ચઢાવેલું આ ટેરાકોટા છે.

લ્યુકાનું કામ તેના ભત્રીજા એન્ડ્ર્યુ દેલા રૉબિયા અને તેના સંતાન જીઓવન્નીએ આગળ ધપાવ્યું. એન્ટોનિયો રૉસેલીની(1427-1478)એ સાન્તા ક્રૉસેમાં આવેલ લિ-ઓનાર્દો બ્રુનીની કબરની ડિઝાઇન કરી હતી. ડેસિડેરિયો દ સેટ્ટિગ્નાનો (Desiderio da Settignano) દૉનાતેલોનો જાણીતો શિષ્ય હતો. તેણે આરસમાં જ શિલ્પકામ કર્યું છે. મોટે ભાગે તેણે સ્ત્રીઓ અને બાળકોનાં વ્યક્તિ-શિલ્પો રચ્યાં છે. 'લાફિંગ ચાઇલ્ડ' (1450-60, કુન્સ્થિસ્ટોરિસ્ચેસ મ્યુઝિયમ, વિયેના) નામનું તેનું અર્ધમૂર્ત શિલ્પ અને 'યંગ ક્રાઇસ્ટ વિથ જ્હૉન' (નૅશનલ ગૅલરી ઑવ્ આર્ટ) નામનું પૂર્ણમૂર્ત શિલ્પ ઉલ્લે-ખનીય છે. મિનો દ ફિએસોલે (1430?–1484) રૉસેલીનીનો મુખ્ય શિષ્ય હતો. તે રેખાંકન કે મૉડલ વિના સીધો જ આરસમાં શિલ્પકામ કરતો. અર્ધા કદનાં (bust) વ્યક્તિશિલ્પોનાં નિર્માણ માટે તેનું નામ જાણીતું છે.

એન્ટોનિયો પોલ્લૈયુલો (Antonio Pallaiulo, 1432-1498) અને એન્ડ્રિયા દેલ વેરોકિયો (Andrea del Verrocchio, 1435-1488) બંને ચિત્રકાર અને શિલ્પી હતા. વેરોકિયોનું પ્રસિદ્ધ શિલ્પ અશ્વારૂઢ કોલિઓનીનું ધાતુશિલ્પ છે. જનરલ કોલિઓની પેંગડામાં બરાબર પગ ભરાવીને ઘોડા પર અક્કડ ઢબે બેઠા છે. લગભગ 13 ફૂટ ઊંચું આ શિલ્પ લગભગ 1483-88 દરમિયાન રચવામાં આવ્યું હતું. હાલ તે વેનિસમાં છે. તેનું બીજું નોંધપાત્ર શિલ્પ 'પુટ્ટો વિથ ડોલ્ફિન' નામનું છે. ફ્લૉરેન્સમાં પ્લાગ્મે વેકિયોના પ્રાંગણમાં આવેલું આ ધાતુશિલ્પ લગભગ 27'' (પીઠ વિના) ઊંચું છે. Puttoનો અર્થ થાય છે સપક્ષ નગ્ન બાળક. આ શિલ્પમાં આ બાળકને ડોલ્ફિન માછલીને બે હાથથી ધારણ કરેલ દર્શાવ્યું છે. મેડિચીના એક વીલા પાસે મૂકવા માટે તે બનાવ્યું હતું. આ શિલ્પની રચના 1470માં થઈ હતી. વેરોકિયોએ લોરેન્ઝો દી મેડિચીનું અર્ધકદનું એક ટેરાકોટા બનાવ્યું હતું. જે હાલ નૅશનલ ગૅલરી ઑવ્ આર્ટ(ક્રેસ કલેક્શન)માં સચવાયેલું છે. સિક્સ્ટસ ચોથાની કબર પરનાં અર્ધશિલ્પોનું કામ એન્ટોનિયો પોલ્લૈયુલોનું છે.





અશ્વારૂઢ કોલિઓની ડેવિડ

તુલિયો લૉમ્બાર્ડો(Tullio Lombardo, 1455-1532)નું ધ્યાનાકર્ષક શિલ્પ આદમનું છે. આરસના આ શિલ્પની રચના ઈ. લગભગ 1405માં કરવામાં આવી હતી. અહીં મસ્તક એન્ટિનોસનું અને ધડ એપોલોનું બનાવવામાં આવ્યું છે. હાલ આ શિલ્પ ન્યૂયૉર્કના મેટ્રોપૉલિટન મ્યુઝિયમમાં સચવાયેલું છે.

માઇકલૅન્જેલો(1475-1564)નો જન્મ બુઓનારોત્તી પરિવારમાં કાપ્રેસમાં થયો હતો. કાપ્રેસથી ફ્લૉરેન્સમાં વસવાટ કર્યો હતો. કુટુંબની વિરુદ્ધ કિશોર વયથી જ તેણે ડોમેનિકો ઘીરલન્દાઈઆ પાસે ચિત્રકલાની તાલીમ લેવા માંડી; પરંતુ તેને વિશેષતઃ શિલ્પકલામાં રસ હોવાથી ચિત્રશાળા છોડી પોતાના પુરોગામી દૉનાતેલોના શિષ્ય બેર્તોલ્દો પાસે શિલ્પકલા શીખવા ગયો. માઇકલૅન્જેલોએ ચિત્રકલા અને શિલ્પકલામાં પ્રદાન કર્યું છે. ફ્લૉરેન્સના શ્રેષ્ઠી અને કલાના આશ્રયદાતા મેડિચી પરિવારના વડા લોરેન્ઝો મેડિચીએ તેને પોતાના મહેલમાં શરૂ કરેલી શિલ્પકાર્યશાળામાં આમંત્ર્યો, ત્યારથી તેની કીર્તિ ફેલાવા માંડી. તેનાં ચિત્રો અને શિલ્પોમાં માનવઆકૃતિઓની પૂર્ણતા જોવા મળે છે. 'ડેવિડ'નું શિલ્પ (1501-04, 18'') હાલ અકાદમી ફ્લૉરેન્સમાં છે. ડેવિડની આકૃતિ સંપૂર્ણ નગ્ન છે. ડાબા પગની પાની જમીનથી સહેજ ઊંચી રાખીને કોઈ રમતવીરની કે કુસ્તીબાજની અદાથી સહેજ ત્રાંસો તે ઊભો છે. દૉનાતેલોના સેન્ટ જ્યૉર્જની જેમ એન્જેલોનો ડેવિડ જગતને જોતો જણાય છે. એન્જેલો થોડો સમય રોમમાં રહ્યો હતો, ત્યારે ત્યાંનાં ગ્રીક શિલ્પોમાં જણાતી સ્નાયુઓની મોહકતા કે તેનાં સૌંદર્ય તેના ધ્યાનમાં આવ્યાં હતાં તેથી આ તત્વ પાછળથી તેનાં શિલ્પોની એક વિશેષતા બની ગઈ. છતાં

ડેવિડના શિલ્પને પરંપરાગત પ્રાચીન શિલ્પ ન કહી શકાય. સર્વાંગસંપૂર્ણ માનવદેહને કંડારવામાં માનવશરીરરચનાનો પૂર્ણ અભ્યાસ અને એક કુશળ શિલ્પીની આવડત અહીં જોવા મળે છે.



પિએટાનું શિલ્પ

તેનું બહુ જાણીતું શિલ્પ 'પિએટા'(Pieta)નું (1409) છે. તે રોમના સેન્ટ પીટરની બસિલિકામાં સચવાયેલું છે. ક્રૉસ પર મૃત્યુ પામેલા ઈસુના મૃતદેહને એમની માતા મૅરી ખોળામાં લઈને બેઠાં છે. લિયોનાર્દો દ વિન્ચીના ત્રિકોણાકાર જેવા પિરામિડ સંયોજનનો એન્જેલોએ પ્રથમ વાર શિલ્પમાં પ્રયોગ કર્યો છે. પરંપરાગત અભિવ્યક્તિની વિરુદ્ધ અહીં મૅરી પોતાના પુત્રના મુખ પર દૃષ્ટિપાત કરતાં નથી બલ્કે ઢળેલાં નયન ઈશ્વરીય ઇચ્છાનો સ્વીકાર કરે છે અર્થાત્ જે કંઈ થયું (ઈસુનું મૃત્યુ) તે ઈશ્વરની ઇચ્છાનું પરિણામ છે. પૂરા કદના ઈસુની આકૃતિની તુલનાએ માતા મૅરીની લાંબાં વસ્ત્રોવાળી આકૃતિ કંઈક મોટી છે. જો મૅરીની આકૃતિ ઊભેલી હોત તો તે આશરે સાતેક ફૂટ જેટલી થાય, પણ બેઠેલી સ્થિતિ અને લાંબાં વસ્ત્રોને કારણે ભવ્ય જણાય છે. ઉંમરમાં મૅરીને કલાકારે ઈસુની ઉંમર કરતાં નાનાં દર્શાવ્યાં છે. જોકે મસ્તક અને ચહેરો ઈસુના ચહેરા જેટલું જ કદ ધરાવે છે. માતા અને પુત્રના આલેખનમાં જોવા મળતી ભિન્નતા એ શિલ્પના સંયોજનની વિશેષતા છે. મૅરીના મુખ પર શોક નહીં પણ સૌમ્યતા અને શાંતિ જોવા મળે છે. ઈસુના શરીર પર દેખાતી ઉપસાવેલી નસોને લીધે ઈસુ મૃત જણાતા નથી, તેને બદલે તે શાંત નિદ્રામાં પોઢી ગયા હોય એવું લાગે છે. સૂતેલી વ્યક્તિ(ઈસુ)ની સાથે ઊભેલી (બેઠી) વ્યક્તિ(મૅરી)ની આકૃતિ સાથે સંયોજન કરીને માઇકલૅન્જેલોએ યુવાનવયે જ આ સિદ્ધ કર્યું છે. આ પ્રકારનું સંયોજન લાંબા સમયના મહાવરા પછી પાકટ વયે સિદ્ધ થતું હોય છે.



'ડાઇંગ સ્લેવ' (મૃત્યુ પામતો ગુલામ)


માઇકલૅન્જેલોની અન્ય શિલ્પાકૃતિઓ નીચે પ્રમાણે છે :

'ડાઇંગ સ્લેવ' (મૃત્યુ પામતો ગુલામ - 89'') નામનું શિલ્પ 1515-1516 દરમિયાન તેણે ઘડ્યું હતું. હાલ તે લુવ્ર(પૅરિસ)માં સચવાયેલું છે. 'ધ રિબેલિયસ સ્લેવ' (1513-16, 82.5'')નું શિલ્પ પણ અહીં જ આવેલું છે. ફ્લૉરેન્સના સાન્ટો સ્પિરિટોમાં વધસ્તંભ પર જડેલા ઈસુનું ભાવવાહી કાષ્ઠશિલ્પ છે. મોઝીઝનું ભવ્ય શિલ્પ (1513-15, 8'-4'') રોમના વિન્ચોલિના એસ. પિએટ્રોમાં આવેલું છે. દાઢીની લાંબી લટો એકબીજી સાથે આમળાઈને વળ ખાતી હોવાથી આકર્ષક છે. તેણે સાન લોરેન્ઝો મેડિચી અને ગુલિઆનોની કબરના અલંકરણનું કામ કર્યું. ગુલિઆનોની કબર (1524-34, વચ્ચેથી 71'' ઊંચી) પર દિવસ અને રાત્રિનાં શિલ્પ કંડારેલાં છે. 'વર્જિન ઍન્ડ ચાઇલ્ડ'નું શિલ્પ (1530-34) ફ્લૉરેન્સમાં મેડિચી ચૅપલમાં છે. 'રોન્ડાનિનિ પિએટા' નામનું શિલ્પ (1550-1564, 77.5'') મિલાનમાં આવેલું છે. ઈસુ અને મૅરી બંને ઊભાં છે. ઈસુની પાછળ ઊભાં રહેલાં મૅરીએ પોતાના હાથ ઈસુના ખભે ટેકવ્યા છે અને લગભગ ઈસુ પર ઝૂકી ગયેલાં દર્શાવ્યાં છે.




મોઝીઝ

ફ્રાન્સમાં માઇકલ કોલોમ્બે (1430-1515) નામનો શિલ્પી થઈ ગયો. નેન્તેસ કેથીડ્રલમાં બ્રિટાનીના ડ્યુકની કબર પરનું કેટલુંક શિલ્પકામ તેણે કર્યું હતું. તે જ રીતે બ્રિટાનીના ફ્રાન્સી બીજા અને તેની પત્ની માર્ગારેટ દ ફોઇક્સની કબર પર પણ શિલ્પાંકન કર્યું હતું. જર્મનીમાં ગિલ્ગ એસેલ્સ્કીબર, લૉય હેરિંગ અને પીટર વિસ્ચર નામના શિલ્પીઓએ પોતાનું પ્રદાન આપ્યું હતું. ન્યુરે બર્જના સેન્ટ સેબાદના ચર્ચમાં સેન્ટ પોલના શિલ્પની રચના પીટરની છે. તેનું બીજું ઉલ્લેખનીય શિલ્પ કિંગ આર્થરનું છે. સ્પેનમાં બુર્ગોસ(Burgos)ના બાર્તોલોમે ઓર્ડોનેઝ (Bartolome Ordonez) અને દિએગો-દ-સિલો(Diego de Siloe)નું શિલ્પ કલાના ક્ષેત્રે જાણીતું છે. બાર્તોલોમેએ ફિલીપ ધ હેન્ડસમ અને જોઆના ધી મેડની કબર પર સેન્ટ જ્હૉન ધ બૅપ્ટિસ્ટનું સુંદર શિલ્પ કંડારેલું છે. દિએગોનું શિલ્પકામ બુર્ગોસના કેથીડ્રલના ઑલ્ટર (altar) પર જોવા મળે છે. શિલ્પી



ચાર સંતોનું શિલ્પ

નન્ની-દી-બન્કોએ ઘડેલ 'ચાર સંતો'નું શિલ્પ ફ્લોરેન્સના સાન માઇકેલમાં આવેલું છે. તે માનવકદનું છે. બોલોગ્નામાં આવેલ સેન્ટ પેટ્રોનિઆના ચર્ચમાં જેકોપો ડેલ્લા ક્વેર્સિયા દ્વારા ઘડેલ 'આદમનું સર્જન' શિલ્પ અર્ધમૂર્ત છે. આદમને ધીમે ધીમે ભૂમિમાંથી ઊભો થતો નગ્ન અવસ્થામાં દર્શાવ્યો છે.



આદમનું સર્જન

## 2. સ્થાપત્ય

નવજાગૃતિ કાળનું સ્થાપત્ય બે વર્ગમાં વિભક્ત છે : (1) પ્રારંભિક નવજાગૃતિ (Early Renaissance)નું અને (2) ઉચ્ચ નવજાગૃતિ (High Renaissance)નું સ્થાપત્ય. ફ્લૉરેન્સમાં ફિલિપ્પો બ્રુનેલ્લેસ્કી (Filippo Brunelleschi)નાં સ્થાપત્યકીય કાર્યોથી પ્રારંભિક નવજાગૃતિની શૈલીની શરૂઆત થઈ. તેણે બાંધકામની પ્રાચીન પદ્ધતિ સ્થાપત્યમાં ફરીથી અખત્યાર કરી. ફ્લૉરેન્સના કેથીડ્રલનું બાંધકામ એ તેની મોટી સિદ્ધિ ગણાય છે. આ કેથીડ્રલની શરૂઆત 1296માં આર્નોલ્ફો-દ-કમ્બીઓ દ્વારા થઈ હતી. તેના ઘુંમટની ડિઝાઇન ફિલિપ્પોએ કરી હતી (1420–36). તેનો ઘુંમટ 423 મીટર વ્યાસનો છે. બાંધકામની દૃષ્ટિએ તે ખરો ઘુંમટ નથી. અષ્ટકોણીય કાંઠલા (drum) પર તેની રચના કરેલી છે. આઠ મજબૂત રીબ્સ (ટેકાઓ) તેની બાજુઓને



કેથીડ્રલ : ફ્લૉરેન્સ

જોડે છે. ઘુંમટની સૌથી ઉપર લેન્ટર્નનો ભાગ છે અને તે 105 મીટરની ઊંચાઈએ છે. સમગ્ર શહેરમાં તે સર્વથી ઊંચી ઇમારત છે. ફ્લૉરેન્સના સેંટ લોરેન્ઝોના ચર્ચનું બાંધકામ તેનું છે. ફ્લૉરેન્સની ફાઉન્ડલિંગ હૉસ્પિટલના મુખભાગમાં કોરિન્થિયન

સ્તંભો પર ટેકવેલ કમાન છે. સાન્તા ક્રુઝ (Santa Cruce) ચર્ચમાં આવેલ પૅઝી ચૅપલ(Pazzi Chaple)ની રચના તેણે કરી હતી. તેના મુખભાગમાં શિષ્ટ સુશોભનો મૂકવામાં આવ્યાં છે. તેનો ઘુંમટ તેણે બાંધ્યો હતો. ફ્લૉરેન્સમાં રાજમહેલોનાં સ્થાપત્યનો પણ વિકાસ થયો હતો. વેપારી કુટુંબો જેઓ કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા હતા તેમણે આ પ્રકારના સ્થાપત્યના બાંધકામમાં વધુ રસ દાખવ્યો. તેમના મહેલમાં ભોંય-તળિયે કાર્યાલય અને વખાર આવેલાં હતાં. જ્યારે બીજા અને ત્રીજા મજલે રહેવાના ઓરડા હતા. આવા રાજમહેલ ત્રણ મજલાના હતા. અંદરના ભાગે ભોંયતળિયે ચોક હતો. ચોકને ફરતી કમાનશ્રેણી (arcade) સ્તંભો પર અવલંબિત હતી. આ પ્રકારનું ઉત્તમ ઉદાહરણ મેડિચી રિક્કાર્ડી પૅલેસ છે. માઇકલૅન્જેલોએ તેનું બાંધકામ કોસિમો દી મેડિચી અને લોરેન્ઝો માટે કર્યું હતું. ચોકમાં આવેલ ભવ્ય સોપાનશ્રેણી દ્વારા પિઆનો નોબિલે (Piano Nobile – ઉમદા ઓરડાઓનો મજલો) પર જવાય છે. તેનો મુખભાગ પથ્થરના મોટા બ્લૉક્સ વડે બાંધેલો છે. ભોંયતળિયે કમાનાંકિત પ્રવેશદ્વારો છે. બીજા અને ત્રીજા મજલાની જોડિયા બારીઓ (twin windows) બેઝ (base) વિનાની છે અને તે સમતલ થર પર ગોઠવાયેલી છે. બારીઓની ઉપર કમાન છે. મુખભાગ શિષ્ટ થરો વડે અલંકૃત છે. પિટ્ટી પૅલેસનો ઉપયોગ વર્તમાનમાં પિક્ચર ગૅલરી તરીકે થાય છે. બ્રુનેલલેસ્કીના પ્લાન પછી તેનું બાંધકામ કરવામાં આવ્યું હતું. પેલેઝો મેડિચીના કરતાં તે ચઢિયાતો નથી. સ્ટ્રોઝી પૅલેસ 1490માં બેનેડેટ્ટો દ માઈઆનો અને ક્રોનેકા દ્વારા

બાંધવામાં આવ્યો હતો. રુસેલ્લાઈ પૅલેસ લિયો બાટ્ટિસ્તા આલ્બર્ટી દ્વારા બાંધવામાં આવ્યો. શિષ્ટ સુશોભનથી તેને વધુ અલંકૃત બનાવ્યો છે. તેણે સાન ફ્રાન્સિસ્કો (રિમિની) અને સાન્તા આન્દ્રિયા(મન્ટુઆ)નાં દેવળો પણ બાંધ્યાં હતાં. સાન્તા આન્દ્રિયાનું દેવળ મહત્વનું છે, કારણ કે રેનેસાં કાળનાં ઘણાં બધાં દેવળો તેને ધ્યાનમાં રાખીને બાંધેલાં છે.



સેંટ લોરેન્ઝોના ચર્ચના અંદરનો ભાગ

સોળમી સદી દરમિયાન બાંધકામની પ્રવૃત્તિનું કેન્દ્ર ફ્લૉરેન્સથી રોમ બદલાયું. બ્રામાન્ટે, રફાએલ, એન્ટોનિયો-દ-સાન્ગાલો અને માઇકલૅન્જેલો જેવા પ્રસિદ્ધ સ્થપતિઓના સમૂહે રોમમાં પોપના અને રોમન અમીરોના દરબારોનું બાંધકામ કર્યું. પ્રાસાદનિર્માણની પ્રવૃત્તિ ચાલુ રહી. ફાર્નેસ પૅલેસ ઉચ્ચ રેનેસાં શૈલીનું ઉદાહરણ છે. એન્ટોનિયો ગિયાકોમો ડેલા પોર્ટાએ તેનું કામ કર્યું હતું. માઇકલૅન્જેલોએ તેની કોર્નિસની ડિઝાઇન તૈયાર કરી હતી. તેને ત્રણ મજલા છે. તેના મધ્યનો પ્રવેશ કમાનાંકિત છે અને તેની પર ઝરૂખો છે. બારીઓની બંને બાજુ સ્તંભો વડે ફ્રેમ કરેલી છે અને ઉપર પેડિમેન્ટ્સ છે. જોકે ભોંયતળિયાની બારીઓ ઉપર પેડિમેન્ટ્સ નથી. પ્રથમ મજલે ત્રિકોણાકાર અને વળાંક(curved)વાળા પેડિમેન્ટ્સ આંતરે આંતરે છે, જ્યારે બીજા માળની બારીઓ પર માત્ર ત્રિકોણાકાર જ પેડિમેન્ટ્સ છે. તેની અંદરનો ચોક ઉચ્ચ રેનેસાં શૈલીની વિશિષ્ટતાવાળો છે. ભોંયતળિયે ડૉરિક, બીજા માળે આયોનિક અને ત્રીજા માળે કોરિન્થિયન ઑર્ડરના સ્તંભો છે. દોનાતો બ્રામાન્ટે રોમમાં શરૂઆતના ઉચ્ચ રેનેસાંનાં વર્ષો દરમિયાન કામ કર્યું. તેણે વેટિકનની નજીક ટેમ્પિએટો દી સાન પિએટ્રો નામનું નાનું વર્તુળાકાર ચર્ચ બાંધ્યું. ઊંચા ડ્રમ પર આવેલા ઘુંમટ વડે તે આચ્છાદિત છે. ચર્ચને ફરતી સ્તંભાવલિ છે.




સેન્ટ પીટર્સ કેથીડ્રલ

ઉચ્ચ રેનેસાં કાળના દેવળ સ્થાપત્યની મહાન સિદ્ધિ રોમમાં આવેલ સેન્ટ પીટર્સ બસિલિકા છે. સૌપ્રથમ સમ્રાટ કૉન્સ્ટન્ટાઇને સેન્ટ પીટરની કબર પર તેનું બાંધકામ કરાવ્યું હતું. પ્રારંભિક ખ્રિસ્તી દેવળોના નમૂના પ્રમાણે તે બાંધવામાં આવ્યું હતું. મધ્યકાળ દરમિયાન તે ખ્રિસ્તી જીવનનું કેન્દ્ર હતું. આ પ્રસિદ્ધ ઇમારત પડી જવાની તૈયારીમાં હતી ત્યારે તે નવેસરથી બાંધવાનું આયોજન થયું. જુલિયસ બીજાએ તે ભવ્ય રીતે બાંધવાનું નક્કી કર્યું. દસ જેટલા સ્થપતિઓએ તેના આયોજન અને બાંધ-કામમાં 120 વર્ષ દરમિયાન કામ કર્યું. 1546માં માઇકલૅન્જેલોને તેના સ્થપતિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. 1564માં તેનું મૃત્યુ થયું ત્યાં સુધીમાં ઘુંમટના ડ્રમના શીર્ષ સુધીનું બાંધકામ પૂરું થયું હતું. ઍન્જેલોના રેખાંકન પ્રમાણે જ તેના ઘુંમટનું બાંધકામ પૂરું કરવામાં આવ્યું. 1606-1626 દરમિયાન મધ્ય મંડપનો વિસ્તાર કરવામાં આવ્યો અને મુખભાગનું બાંધકામ કરવામાં આવ્યું. 1656-63 દરમિયાન સ્તંભાવલિનું ઉમેરણ કરવામાં આવ્યું. તેની અંદરની લંબાઈ 187.5 મીટર છે, ક્રૉસની ટોચ સુધી ઘુંમટની ઊંચાઈ 133 મીટર છે અને ઘુંમટનો વ્યાસ 42 મીટર છે. ચર્ચની અંદરનું સૌંદર્ય આજે પણ પાછળના ભાગેથી દર્શનીય છે.

ફ્રાન્સમાં રાજા ફ્રાન્સિસ પ્રથમ (પ્રારંભિક રેનેસાં) અને હેન્રી દ્વિતીય(ઉચ્ચ રેનેસાં) ના સમય દરમિયાન સ્થાપત્યનો વિકાસ થયો. ફ્રાન્સિસે અનેક ભવ્ય શેટો અને મહેલો

બંધાવ્યાં. બ્લોઇસનું શેટો(Chateaux at Blois)ની અંદરની ચક્રાકાર (spiral) સીડીના સુશોભનમાં રેનેસાં અને ગૉથિક શૈલીનો સમન્વય થયેલો છે. કેમ્બોર્ડના શેટોની છત તેનું નોંધપાત્ર લક્ષણ દર્શાવે છે. ફ્રોન્ટેઇનેબ્લેયુ પૅલેસનું વિસ્તરણ ફ્રાન્સિસ પ્રથમે કરાવ્યું હતું. ફ્રાન્સિસ પ્રથમે કુલ આઠ શેટો બંધાવ્યાં હતાં. પિયરે લેસ્કોટ, ફિલિબેર્ટ દી ઓર્મે, જેક્યુસ એન્ડ્રોયુએટ, દુ કેર્કેયુ, જિન બુલ્લેન્ટ ફ્રાન્સના રેનેસાં કાળના સ્થપતિઓ હતા.

પૅરિસમાં આવેલ લુવ્રનો મહેલ ફ્રાન્સનું રેનેસાં કાળનું અગ્રગણ્ય સ્થાપત્ય છે. નેપોલિયન ત્રીજાએ તેનો ત્યાગ કર્યો ત્યાં સુધી તે રાજમહેલ તરીકે વપરાશમાં હતો. વિશ્વનો તે સૌથી મોટો (લગભગ 49 એકર) રાજમહેલ છે. વર્તમાનમાં તે વિશ્વના એક સૌથી વિખ્યાત મ્યુઝિયમ – મુઝી નેમિયોના દ લુવ્ર તરીકે વપરાય છે. 1546માં રાજા ફ્રાંસવા પહેલાએ બાંધકામ શરૂ કરાવ્યું હતું એ પછી સમયાંતરે તેમાં જુદા જુદા વિભાગો ઉમેરાતા ગયા. વિશેષ કરીને સ્ક્વેર કોર્ટનો તેનો મુખભાગ અને તેની પૂર્વ પાંખ ઉલ્લેખનીય છે. સ્ક્વેર કોર્ટના મુખભાગનું બાંધકામ સ્થપતિ પિયેરે લેસ્કોટ અને શિલ્પી ગૌજોને હેન્રી બીજાના શાસનકાળ દરમિયાન કર્યું હતું. તેની સપ્રમાણતા, કોમળતા,



લુવ્રનો મહેલ

સુંદર ડિઝાઇન અને સુશોભનમાં ફ્રેન્ચ કલા જોવા મળે છે. પ્રથમ મજલે અર્ધસ્તંભો (pilasters) બારીઓને છૂટી પાડે છે. બારીઓ ઉપર પેડિમેન્ટ્સની રચના છે. અણીદાર છત ઉત્તરની લાક્ષણિકતા દર્શાવે છે. પૂર્વના મુખભાગને પુનઃ નમૂનેદાર બનાવવા માટે લૂઈ ચૌદમાએ ઇટાલીમાંથી મહાન કલાકાર બર્નિનીને તેડાવ્યો, પરંતુ લૂઈનો રાષ્ટ્રીય વિરોધ થતાં તેને દૂર કરવામાં આવ્યો. તેથી આ ઇમારત ફ્રેન્ચ કલા પ્રમાણે નિર્માણ પામી. ક્લાઉડ પેરોલ્ટે તેને ફ્રેન્ચ સ્થાપત્યની એક મહાન કૃતિ બનાવી. લગભગ ત્રણ સદીથી પણ વધુ સમય (1547-1878) તેના બાંધકામ પાછળ થયો હતો.

સ્પેનમાં 1556-1650 દરમિયાન શિલ્પી બેલેન્સો બેરુગેટે અને સ્થપતિ જુઆન દી હેરેરાનું સ્પૅનિશ રેનેસાંમાં આધિપત્ય હતું. બેરુગેટે કેથીડ્રલ્સમાં માર્બલની અનેક કબરો બાંધી છે. ડ્રિડ પાસે આવેલું એસ્કોરિયલ (Escorial) ઘુંમટ-આચ્છાદિત ચર્ચ (1559-1584) સ્પૅનિશ રેનેસાંનો ઉત્તમ નમૂનો છે.

ઇંગ્લૅન્ડમાં હેન્રી આઠમાના સમય(1509-1660)માં ચર્ચનાં અનેક શિલ્પો અને ચિત્રોનો પ્રૉટેસ્ટન્ટ ચળવળને કારણે નાશ થયો હતો. ઇંગ્લૅન્ડની રેનેસાં એલિઝાબેથન (1538-1603) અને જેકોબિયન (1603-1625) ગાળામાં વહેંચાયેલ છે. એલિઝાબેથન સમયની ઇમારતો – હેડન હૉલ, હાર્ડવિક હૉલ, કિર્બી હૉલ અને લોન્ગલીટ હાઉસ ઉલ્લેખનીય છે. આ સમયના સ્થાપત્યની બારીઓ H અને E આકારની હતી. જ્હૉન શૂટે અને જ્હૉન થોર્પે આ સમયના નામાંકિત સ્થપતિઓ હતા.

હોલૅન્ડમાં બાંધકામમાં ઈંટની સાથે પથ્થરોનો પણ વપરાશ થયો છે. ઍન્ટવર્પનો ટાઉનહૉલ બેલ્જિયમ રેનેસાંનું અગ્રગણ્ય ઉદાહરણ છે. હોલૅન્ડ લિડનના ટાઉનહૉલ પર મુરિશ સ્થાપત્યકલાની અસર વર્તાય છે.

જર્મની અનેક નાનાં-મોટાં રાજ્યોમાં વિભક્ત હતું. દરેક રાજ્યને પોતાની સ્વતંત્ર રાજધાની હતી. કેન્દ્ર સરકારના અભાવને લીધે ફ્રાન્સના જેવી એકસરખી શૈલી અહીં પરિણમી નહિ. જર્મનીના જે ભાગો નેધરલૅન્ડ, ઇટાલી અને ફ્રાન્સની નજીક હતા તે ભાગોમાં તે દેશોની શૈલીની અસર પડી. જર્મનીમાં દેવળ અને રાજમહેલના સ્થાપત્યના પ્રમાણમાં મ્યુનિસિપલ સ્થાપત્યનો ઘણો વિકાસ થયો. ન્યુરેમ્બર્ગ, સ્ટ્રેસબર્ગ અને સ્ટુટગાર્ટમાં 16મી સદી દરમિયાન સ્થાનિક જર્મની રેનેસાં શૈલીનો વિકાસ થયો. હેડલબર્ગનો કિલ્લો જર્મની રેનેસાંનો ઉત્તમ નમૂનો છે. લૂઈ 14માના સમયમાં તેનો નાશ થયો હતો.


# 11
# રીતિવાદી શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

ઉચ્ચ પુનરુત્થાન (High Renaissance) કાળના કલાકારોની કૃતિઓ સર્વાંગ-સંપૂર્ણ ગણાઈ તથા હવે એ દિશામાં કશું જ કરવાનું રહેતું નથી એવું એ કાળ પછીના કલાકારોને લાગવા માંડ્યું. ચિત્ર અને શિલ્પના ક્ષેત્રે નવી દિશા મેળવવા સંશોધન થવા લાગ્યાં. આ બંને ક્ષેત્રે હવે નવીન દૃષ્ટિની જરૂર હતી. ઈ. સ. 1520-1600ના સમય દરમિયાન ઇટાલીમાં થયેલી એક ચોક્કસ પ્રકારની કલાપ્રવૃત્તિ અને લાક્ષણિકતા માટે 'મૅનેરિઝમ' શબ્દનો ઉપયોગ થવા લાગ્યો. કલાના ઇતિહાસકાર અને મૅનેરિસ્ટ ગણાતા જ્યૉર્જિયો વાસારીએ આ પ્રયોગ પ્રયોજ્યો હતો. આ શૈલી ઇટાલીની બહાર પણ પ્રસરી હતી. કોઈ ચોક્કસ સ્થળ-સમયનાં બંધન તેને ન હતાં. શિલ્પમાં સ્નાયુઓના નાનામોટા થવાની ક્રિયામાં થોડી અતિશયોક્તિ જોવા મળે છે. કલાશાળાઓ-એકૅડેમીઓની સ્થાપના થતાં એક જ કલા-ગુરુ પાસે શીખવાની શૈલી કે પદ્ધતિને બદલે કલાશાળાની સમન્વયાત્મક વલણ અપનાવવાની શરૂઆત થઈ. ફ્લૉરેન્સમાં મૅનેરિસ્ટ ચળવળ 1515-1517 દરમિયાન ચિત્રકારો દ્વારા આરંભાઈ. શિલ્પકલામાં તે પછીના કાળે લગભગ 1535માં વિકસી.

ફ્લૉરેન્સમાં 'મૅનેરિઝમ'નો પ્રયોગ શિલ્પમાં બેન્ડિનેલ્લી (Bandinelli) દ્વારા શરૂ થયો. તેણે આ શૈલીમાં 'હરક્યુલસ ઍન્ડ કેકસ' નામના શિલ્પની રચના 1534માં કરી. દસ વર્ષ પછી ફ્લૉરેન્સને એક સાચો કલાકાર – બેન્વેનુતો ચેલ્લિની (Benvenuto Cellini, 1500-71) મળ્યો. તે સોની અને શિલ્પી હતો. રાજા ફ્રાન્સિસ 1લા માટે તેણે બનાવેલું સોનાનું લવણપાત્ર (salt cellar, 1539-43) એકમાત્ર તેનું મુખ્ય કામ છે. હોડી આકારના આ લવણપાત્રને નેપ્ચૂનના રક્ષણ નીચે મૂક્યું છે. જ્યારે મરી મૂકવા માટે નાનું કમાનાકાર પાત્ર છે અને તેની ઉપર પૃથ્વીદેવીની આકૃતિ મૂકી છે. પાત્રના પાયાના ભાગે ચાર તુઓ અને દિવસના ચાર પ્રહરની શિલ્પમાં રજૂઆત કરી છે. આમ આ પાત્ર વૈશ્વિક અર્થસૂચનનો સંકેત કરે છે. માઇકલૅન્જેલો દ્વારા રચિત મેડિચીની કબર પર પણ આ પ્રકારનું આલેખન જોવા મળે છે. ચેલ્લિનીની બીજી કૃતિ 'પર્સિયસ' (Perseus) છે. 1545માં ગ્રાન્ડ ડ્યૂક કોસિમો 1લાએ તેને આ ધાતુશિલ્પનું કામ સોંપ્યું હતું. સુવર્ણકાર

તરીકેની તેની કલા અહીં પૂરેપૂરી છતી થાય છે. દોનાતેલોના 'ડેવિડ'ની આ શિલ્પ યાદ અપાવે છે. આમાં હિંસાત્મક આવેગની માવજત તેણે લાલિત્યપૂર્ણ રીતે કરી છે, તે રીતિવાદી કલાના ગુણ દર્શાવે છે. ચેલ્લિનીની તેના સમયના થોડા કલાકારો પૈકીનો છે, જેણે માઇકેલૅન્જેલોની નકલ કરી નથી.



સેબાઇન સ્ત્રી પર બળાત્કાર

ફ્રાન્સિસ્કો પ્રિમાટિસ્સિયો (Francesco Primaticcio) ફ્રાન્સિસ 1લાના દરબારમાં ચેલ્લિનીનો હરીફ હતો. પ્રિમાટિસ્સિયોએ રાજકુટુંબનાં મકાનોના મહત્વના ઓરડાની અંદર સ્ટુકોમાં સુશોભનાત્મક શિલ્પોનું કામ કર્યું હતું. ફ્રાન્સિસ 1લાએ રોકેલા ચેલ્લિની, પ્રિમાટિસ્સિયો અને અન્ય ઇટાલિયન કલાકારોએ સોળમી સદીની મધ્યમાં 'મૅનેરિઝમ' કલાને આગળ પડતી (dominant) કલા બનાવી, અને તેમની અસર રાજદરબારમાંથી ઘણે દૂર ફ્રાન્સ સુધી ફેલાઈ. દુઆઈના યુવાન શિલ્પી જ્યાં દી બોલોન (Jean de

Boulogne – Giovanni Bologna, 1529-1608) સુધી આ અસર પહોંચી. ઇટાલિયન નામધારક આ શિલ્પી મૂળમાં ફ્રેન્ચ હતો અને ફ્લૉરેન્સમાં સ્થાયી થયો હતો. છેલ્લી ત્રણ સદી દરમિયાન તે ફ્લૉરેન્સનો સૌથી વધુ લોકપ્રિય શિલ્પી હતો. તેની કાંસ્યમૂર્તિ 'એપોલો'ની મુદ્રા શરીરના વધુમાં વધુ વળાંકોનું લાલિત્ય દર્શાવે છે. તેનું બીજું જાણીતું શિલ્પકામ 'ધ રેપ ઑવ્ સેબાઇન વુમન' (સેબાઇન સ્ત્રી પર બળાત્કાર) નામનું છે. પ્રાચીન રોમની અનુશ્રુતિમાંથી વિષય પસંદ કરવામાં આવ્યો છે. દરિયાપારના સાહસિક માણસોની એક ટોળી તેમના પડોશના પ્રદેશ–સેબાઇન–માં સ્ત્રીઓની શોધમાં જઈ ચઢ્યા. એમની યુક્તિ પ્રમાણે એમણે સમગ્ર સેબાઇન જાતિના લોકોને એક સમારંભમાં આમંત્ર્યા, ત્યારે તેઓ શસ્ત્રો સાથે સેબાઇન લોકો પર તૂટી પડ્યા અને તેમની સ્ત્રીઓનું બળજબરીથી અપહરણ કર્યું. આ શિલ્પમાં બે પુરુષ અને એક સેબાઇન સ્ત્રીને દર્શાવ્યાં છે. ત્રણે નગ્ન આકૃતિઓનું સંયોજન ચક્રાકાર (spiral) છે, જે શિલ્પની વિશેષતા છે. ત્રણે વિરોધી પાત્રો એકસમાન ક્રિયા(action)માં ગૂંથાયેલાં દર્શાવ્યાં છે. સોળમી સદીના અંતભાગમાં તેણે રચેલું એપ્પેન્નિનો (Appennino) નામના શિલ્પનું સંયોજન ત્રિકોણાકાર છે. પ્રસિદ્ધ મેડિચી વિલાના ગાર્ડનના સુશોભન માટે આ શિલ્પ તૈયાર કરવામાં આવ્યું હતું. પર્વતના દેવ એપ્પેન્નિનોની આકૃતિ પશ્ચાતના નૈસર્ગિક વાતાવરણને લીધે આકર્ષક લાગે છે. કુદરતી પર્વતમાંથી જ આકૃતિ કોતરી કાઢી હોય તેમ લાગે છે. તેની અન્ય કૃતિ 'મર્ક્યુરી' ફ્લૉરેન્સના નૅશનલ મ્યુઝિયમમાં સચવાયેલી છે. તેનો જમણો પગ દોડવાની ગતિમાં પાછળથી ઊંચો લીધો છે, જ્યારે ડાબા પગના પંજા પર સમગ્ર શરીર ટેકવાયેલું છે. જમણો હાથ સેબાઇન સ્ત્રીના હાથની મુદ્રા પ્રમાણે ઊંચો કરેલો છે. જ્યાં દી બોલોનનાં શિલ્પોમાં રીતિવાદી કલાની મુખ્ય લાક્ષણિકતાઓ જેવી કે પ્રશિષ્ટ કલાનું સૌંદર્ય, ગતિ, શક્તિ અને પ્રવર્તમાન અભિવ્યક્તિના ગુણો વ્યક્ત થાય છે. તેણે રચેલા ફુવારાનાં શિલ્પોમાં બહુઆયામી દૃષ્ટિકોણ અને નાટ્યાત્મક અભિવ્યક્તિ ભારોભાર વરતાય છે, તેની અસર બરોક યુગના વિખ્યાત શિલ્પી બર્નીની પર થઈ હતી.

પિએટ્રો તાકા (Pietro Tacca) જ્યાં દી બોલોનનો શિષ્ય હતો. ફ્લૉરેન્ટાઇન દરબારનો શિલ્પી હતો. ફર્ડિનાન્ડ 1લાના સ્મારકના શિલ્પાંકનનું કામ તેને 17મી સદીના પૂર્વમાં આપવામાં આવ્યું હતું. સ્મારકના પાયાની ચારે તરફ ચાર મૂરીશ ગુલામોનાં શિલ્પો ઉલ્લેખનીય છે. ગુલામોના હાથ પાછળથી સાંકળ વડે બાંધેલા છે. લેધોર્ન શહેરમાં આવેલ આ શિલ્પની રચના તાકાએ 1624માં કરી હતી. ફ્લૉરેન્સના ફુવારા પરના શિલ્પ 'ગ્રોટેસ્ક'(વિચિત્ર પ્રાણી)ના શિલ્પનું સર્જન તાકાએ 1627માં કર્યું હતું. તેમાં બે દરિયાઈ રાક્ષસોને એકબીજાની પીઠને અડીને બેઠેલા દર્શાવ્યા છે. તેઓ પાણીમાં થૂંકતા હોય તે રીતે આલેખ્યા છે. તેમનાં મોંમાંથી પાણીના ફુવારા નીકળે એવી યોજના છે. કલાકારની કલ્પનાશક્તિનો ખ્યાલ આવે છે.

મધ્ય યુરોપનાં ધાતુશિલ્પોમાં મૅનેરિસ્ટ પ્રયોગો થતા રહ્યા. 16મી સદીના અંતમાં

અને 17મી સદીના પ્રારંભમાં હર્બર્ટ ગેર્હાર્ટ (Herbert Gerhardt), હાન્સ ક્રુમ્પર (Hans Krumper) અને હાન્સ રિક્લે(Hans Reichle)એ મ્યુનિકના દરબારમાં સ્મૃતિ-સ્મારકો અને બગીચા માટે શિલ્પોનું સર્જન કર્યું. તેમણે ફ્લૉરેન્ટાઇન ઢબે ફુવારાઓનું નિર્માણ પણ કર્યું. જ્યાં દી બોલોનનો સાચો વારસદાર કહી શકાય એવો આ સમયનો જાણીતો ડચનો શિલ્પી એડ્રિયન દી વ્રિસ (Adrien de Vries) હતો. સમ્રાટ રુદોલ્ફ બીજાએ જ્યારે તેને પોતાની સેવા માટે ઇટાલી બોલાવ્યો ત્યારે એડ્રિયન પોતાની સાથે પ્રેગમાં ફ્લૉરેન્ટાઇન મૅનેરિઝમ લાવ્યો હતો. 'વિક્ટરી ઑવ્ રુદોલ્ફ – 2 ઓવર તુર્ક્સ' (1609, વિયેના) નામનું તેનું જાણીતું અર્ધમૂર્ત ધાતુશિલ્પ છે. ડચ શિલ્પી હર્બર્ટે 'સેન્ટ માઇકલ સ્લેયિંગ ધ ડેવિલ' નામનું શિલ્પ મ્યુનિકના સેન્ટ માઇકલના ચર્ચ માટે રચ્યું હતું.

જર્મનીના શિલ્પી જોર્જ ઝુર્ન (Jorg Zurn) ઉબર્લિન્જનના સેન્ટ નિકોલસના ચર્ચની ઊંચી ઑલ્ટર પર શિલ્પકામ કર્યું. તેમાં 'એડૉરેશન ઑવ્ ધ શેફર્ડ' નામનું શિલ્પ ધ્યાનાકર્ષક છે. સ્પૅનિશ શિલ્પી આલોન્સો બેરુગુટે(Alonso Beruguete)નું 'એડૉરેશન ઑફ ધી માગી' નામનું શિલ્પ સાન બેનિટોના ચર્ચની ઑલ્ટર પર હતું. હાલ વેલાડોલિડના મ્યુઝિયમમાં તે છે. આ ઑલ્ટર પરનાં શિલ્પોનું કામ કરતાં તેને છ વર્ષ લાગ્યાં હતાં (1526-1532). પસંદગી સમિતિએ આ શિલ્પનો અસ્વીકાર કર્યો હતો. 14મી જાન્યુઆરી 1534ના રોજ તેનો સ્વીકાર કરવામાં આવ્યો. વ્યાવસાયિક ઈર્ષ્યાના લીધે આ વિલંબ કરવામાં આવ્યો હોય એવું અનુમાન છે. 16મી સદીમાં સ્પેનમાં લોકપ્રિય એવી પોલિક્રોમ (Polichrome) શિલ્પની ટૅકનિક આલોન્સોએ આ શિલ્પમાં અપનાવી હતી. આ પદ્ધતિ પ્રમાણે લાકડામાંથી તૈયાર કરવામાં આવેલા શિલ્પની તિરાડો પ્રથમ સ્ટુકોથી પૂરી દેવાતી, આકારો પર પ્લાસ્ટર અને માટી(clay)ના મિશ્રણનું પડ ચડાવાતું. તે પછી આકારો પર સોનાનાં પતરાં લગાવવામાં આવતાં અને અંતે ઇસ્ટોફેદો (estoffado) અર્થાત્ રંગકામ કરવામાં આવતું. સોનાને બદલે ક્યારેક ચાંદીનો ઉપયોગ પણ થતો. આ પદ્ધતિમાં અર્ધમૂર્ત શિલ્પ અને ચિત્રકામનું મિશ્રણ જોવા મળે છે. આલોન્સોને તેના પિતા દ્વારા ચિત્રકલાની તાલીમ મળી હતી. તેથી અર્ધમૂર્ત શિલ્પમાં ચિત્રકામ કરવાની તેની પાસે સારી આવડત હતી. આલોન્સોએ શરૂ કરેલી આ ટૅકનિક 16મી સદી દરમિયાન આખા દેશમાં લોકપ્રિય રહી. 17મી સદીમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ. પ્રથમ શિલ્પી શિલ્પ તૈયાર કરતો. તે પછી શિલ્પ ચિત્રકારને સોંપવામાં આવતું જે તેની પર ચિત્રકામ કરતો. ટોલેદોના કેથીડ્રલમાં આવેલ 'ઈવ'નું શિલ્પ આલોન્સોની કલાનાં ઉચ્ચ તત્વોને પ્રગટ કરે છે. 1539-1561 દરમિયાન તેણે આ કેથીડ્રલમાં શિલ્પકામ કર્યું હતું. વાદકવૃંદની જગ્યા (choir stalls) પર તેણે ઓલ્ડ ટેસ્ટામેન્ટમાંના કેટલાક પ્રસંગો શિલ્પાંકિત કર્યા.

વેલાડોલિડમાં બેરુગુટેની શૈલીને જુઆન દી જુની(Juan de Juni)એ વધુ નાટ્યાત્મક બનાવી. મૂળમાં તે ફ્રેન્ચ હતો, પણ ઇટાલીમાં તાલીમ લીધી હતી. તેની પર માઇકલૅન્જેલો અને લૉકુન(Laocoon)ની ઘણી અસર હતી. તેણે આ બે શિલ્પીઓની

કૃતિઓમાંથી ક્રાઇસ્ટની મુખાકૃતિ લીધી છે. જુનીની ટેકનિક પ્રશંસનીય છે. એટલે સુધી કે બેરુગુટેની ટેકનિકથી પણ ચઢિયાતી છે. તેનાં અર્ધમૂર્ત શિલ્પોમાં તેણે ઇટાલીની ચિ-યાસ્સિયાટો (schiacciato) ટૅકનિક અપનાવી. તેની કૃતિઓ રંગકામ કરેલ શિલ્પો ન હતાં, પણ તે શિલ્પ અને ચિત્રકામનો અદ્ભુત સમન્વય હતો. અર્ધમૂર્ત શિલ્પોમાં રંગે પ્રાણ પૂરવાનું કામ કર્યું. આ શૈલીને વધુ સાચી રીતે આદ્ય-બરોક (proto-Baroque) શૈલી કહી શકાય. તેનું 'ધ એન્ટૉમ્બમેન્ટ' નામનું કાષ્ઠશિલ્પ વેલાડોલિડના મ્યુઝિયમમાં છે. મૃત ક્રાઇસ્ટના શરીરની આજુબાજુ છ વ્યક્તિઓ સાથેના સમૂહશિલ્પનું સંયોજન ઉત્તમ છે. દરેક વ્યક્તિમાં નાટ્યાત્મક આવેગ જણાય છે. 'બર્થ ઑફ ધ વર્જિન' તેનું અન્ય શિલ્પ છે. ઍન્ટિગુયાના ઑલ્ટર પરની શિલ્પની પૅનલમાં તે આવેલું છે.

સ્પૅનિશ શિલ્પી એસ્તેબાન જોર્ડન(Esteban Jordan)નું 'સેન્ટ પીટર ઍન્ડ સેન્ટ પૉલ' નામનું શિલ્પ વેલાડોલિડના સેન્ટ મૅરી મગ્દાલેનના ચર્ચની મુખ્ય ઑલ્ટર પર



'નિમ્ફ'(પરી)નાં અર્ધમૂર્ત શિલ્પો

આવેલું છે. જુનીના અભિવ્યક્તિવાદ(expressionism)ની તેની પર અસર છે. ફ્લૉરેન્ટાઇનમૅનેરિઝમના સ્થાપક ફ્રાન્સિસ 1લાએ ઇટાલીના જિયોવાની બેટ્ટિસ્ટા રો-

સો(Giovanni Battista Rosso, 1495-1540)ને 1530માં શિલ્પકામ માટે ફ્રાન્સ બોલાવ્યો. તેણે ફ્રાન્સિસ 1લાની ગૅલરીનું શિલ્પકામ કર્યું. તેણે સ્ટુકો અને ચિત્રકામનું સંયોજન કર્યું. વાસ્તવિક મૂર્તિઓ જેટલું જ મહત્વ તેણે સ્ટુકોને આપ્યું. ગૅલરીના શિલ્પાંકનનું કામ તેણે કેટલાક શિલ્પીઓની મદદ લઈ 1536માં પૂરું કર્યું.

ફ્રેન્ચ શિલ્પી ફિલીપ ઓદાર્તેનાએ 'લાસ્ટ સપર' નામના સમૂહશિલ્પનું સર્જન કર્યું. તેની કૃતિઓમાં મૅનેરિઝમ વધુ પડતું જોવા મળે છે. ફ્લેમિશ શિલ્પી કોર્નેલિસ ફ્લૉરિસ (1518-1575)ની કૃતિ 'ક્રુસિફિકેશન'માં ક્રાઇસ્ટના માતા મૅરીનું આલેખન ત્રણ વાર કલાત્મક રીતે થયું છે. હેન્રી બીજાની કબર પર તેના શિલ્પનું સર્જન જર્મેઇન પિલોને કર્યું છે. પિલોને ફ્રેન્ચ પરંપરાને રેનેસાંની અસર સાથે ભેળવીને શિલ્પોનું સર્જન કર્યું. પૅરિસના ફૉન્ટેઇન દેસ ઇન્નોસન્સ માટે જિન ગુજોન નામના શિલ્પીએ ઘડેલ 'નિમ્ફ'(પરી)નું અર્ધમૂર્ત શિલ્પ અસરકારક છે. જમણા ખભા પર પાણીનો કુંભ ધારણ કરીને ઊભેલી પરીએ પરિધાન કરેલાં વસ્ત્રોની સળ આકર્ષક રીતે આલેખાઈ છે. તેનું પ્રેરણાસ્રોત સંભવતઃ રોસો છે. ઘડામાંથી નીકળતું પાણી અને વસ્ત્રોની સળમાં એકરૂપતા જણાય છે.

**2. સ્થાપત્ય**

રીતિવાદ ચિત્રકલા અને શિલ્પકલામાં જણાય છે તે સ્થાપત્યકલામાં જોવા મળે છે કે કેમ ? જો એમ હોય તો એનાં લક્ષણો આપણે તપાસવાં જોઈએ ? આ પ્રશ્નો હમણાં ઊભા થયા છે. આશ્ચર્ય પામવા જેવું નથી કે આપણે હજુ આ પ્રશ્નોના ઉત્તર આપી શક્યા નથી. જોકે આજે કેટલીક ઇમારતોને રીતિવાદી તરીકે ઓળખવામાં આવે છે. આવું એક બાંધકામ ફ્લૉરેન્સમાં ઉફિફઝીનું છે. તેની ડિઝાઇન જિયોર્જિયો વસારીએ કરી હતી. કાર્યાલય માટે બાંધવામાં આવેલી આ ઇમારતની બે હરોળ એકબીજાની અભિમુખ હતી. બંને હરોળનો અંતભાગ છજા (loggia) વડે જોડાયેલો હતો. આ ઇમારતમાં શિલ્પાંકનનો અભાવ છે. બાર્ટોલોમિયો અમ્માનાતિએ ફ્લૉરેન્સમાં આવેલ પેલેઝોપિટ્ટી નામની ત્રણ માળની ઇમારતની ડિઝાઇન કરી હતી. ત્રણ માળનો ખ્યાલ કોલોઝિયમ પરથી આવ્યો હોવાનું જણાય છે.

રીતિવાદી સ્થાપત્યમાં આન્દ્રિયા પલ્લાડિયો(1518-80)નું નામ જાણીતું છે. તે 16મી સદીના પાછળના સમયનો મહાન સ્થપતિ હતો. માત્ર માઇકલૅન્જેલો પછી દ્વિતીય ક્રમે મૂકી શકાય. તે લિઓન બેટ્ટિસ્ટા આલ્બર્ટી જેવા માનવતાવાદીઓની પરંપરામાં ઊભો રહી શકે તેમ છે. જોકે તેની કારકિર્દી તેના વતનના નગર વિસેન્ઝામાં કેન્દ્રિત થઈ હતી. તેનાં બાંધકામો અને સૈદ્ધાંતિક લખાણોને કારણે તેને થોડા જ સમયમાં આંતરરાષ્ટ્રીય સ્થાન મળ્યું. તે ભાર મૂકતો કે સ્થાપત્યવિવેક (reason) અને ચોક્કસ વિશ્વવ્યાપી નિયમો વડે શાસિત હોવું જોઈએ. આ બાબત પ્રાચીન સ્થાપત્યમાં સંપૂર્ણ રીતે જોવા મળે છે. એવું કહેવાય છે કે તેણે તેના વિચાર અને પ્રાચીન પ્રથા પ્રમાણે મંજૂર હોય તેની જ



વિલા રોટોન્ડા

ડિઝાઇન તેણે કરી હતી. વિસેન્ઝામાં આવેલા વિલા રોટોન્ડા તેણે બાંધેલી પ્રસિદ્ધ ઇમારત છે. સમચોરસ આકારે બાંધેલી આ ઇમારત પર ઘુંમટ ટેકવેલો છે. તેની ચારે બાજુએ પ્રવેશચોકીઓ છે. રોમન મંદિરની સન્મુખે જોવા મળતી પ્રવેશચોકીના જેવો તેનો આકાર છે. આદર્શ ચર્ચની વ્યાખ્યા આપતાં તેણે જણાવ્યું હતું કે તે સંપૂર્ણ પ્રમાણબદ્ધ હોવું જોઈએ અને તેની ડિઝાઇન કેન્દ્રવર્તી હોવી જોઈએ. આદર્શ ગ્રામ અને ઘર માટે પણ પલ્લાડિયોનો આદર્શ આ જ હતો. મંદિરના જેવી પ્રવેશચોકી નાગરિક સ્થાપત્ય જેવા ઘરને કેવી રીતે હોઈ શકે ? પરંતુ પ્રાચીન સાહિત્યિક સામગ્રીને આધારે તેને ખાતરી થઈ હતી કે રોમનાં ખાનગી ઘરોને આ પ્રકારની પ્રવેશચોકી હતી. ઘરને પ્રવેશચોકી હોવી એ સૌંદર્ય અને ઉપયોગિતાની દૃષ્ટિએ તેને ઇચ્છવાજોગ સમજાયું હતું. વેનિસમાં આવેલ સેન્ટ જિયોર્જિયો મેગીઓરેનું ચર્ચ પલ્લાડિયોનું બીજું સર્જન છે. વિલા રોટોન્ડાના સર્જન પછીનાં 15 વર્ષ બાદ 1565માં તેણે આ ચર્ચના મુખભાગ(facade)નું બાંધકામ કર્યું.

રીતિવાદી સ્થપતિઓમાં રોમના વિગ્નોલા અને જિયાકોમો દેલા પોર્ટાનો ઉલ્લેખ કરી શકાય. આ બંનેએ રોમના સેન્ટ પીટર્સ ચર્ચના બાંધકામ વખતે માઇકલૅન્જેલોને મદદ પૂરી પાડી હતી. રોમમાં આવેલ II જેસુ (Gesu = Jesus) ચર્ચનું બાંધકામ (ઈ. સ. 1575-84) પોર્ટાએ કર્યું હતું. તેના બાંધકામના આયોજનનો તબક્કો તો 1550માં શરૂ થયો હતો. માઇકલૅન્જેલોએ પોતે તેની ડિઝાઇન કરવાની ખાતરી આપી હતી; પરંતુ બાંધકામ પૂરું થઈ શક્યું ન હતું. વર્તમાન ચર્ચનો ગ્રાઉન્ડ પ્લાન વિગ્નોલા દ્વારા આયોજિત છે. આ કામ તેણે 1568માં સ્વીકાર્યું. હતું. પાર્શ્વમાર્ગની જગ્યાએ ચૅપલ્સ ઉમેરવામાં આવ્યા છે. મધ્યના મંડપની ઉપરથી આવતો ઝાંખો પ્રકાશ અને પૂર્વમાં ઑલ્ટરની ઉપર આવેલા ઘુંમટના કાંઠલાની વિશાળ બારીઓમાંથી આવતા ઝળાહળ પ્રકાશ, આ બંને વચ્ચે જણાતો નાટકીય વિરોધાભાસ તે આ બાંધકામની વિશેષતા છે.



સેન્ટ જ્યિોર્જિયો મેગીઓરેનું ચર્ચ

તેના મુખભાગનું બાંધકામ પોર્ટાએ કર્યું હતું. મુખભાગમાં નીચેના માળે જણાતા અર્ધભીંતા (pilasters)ની છ જોડ તેમજ ત્રૂટક મોભ(broken architraves)ની ડિઝાઇન માઇકલૅન્જેલોના સેન્ટ પીટર્સ બહારના ભાગમાંથી લેવામાં આવી છે. ઉપરના માળે પણ આ જ પ્રકારની ડિઝાઇન છે. જોકે તેમાં અર્ધભીંતાની ચાર જોડ છે. આ મજલાની બાજુનાં બંને પાંખિયાંમાં સ્ક્રોલ આકારના બટ્રેસિસ છે. મુખભાગની સૌથી ઉપર વિશાળ પેડિમેન્ટ છે. II જેસુને આપણે કઈ શૈલી તરીકે ઓળખાવીશું ? સ્પષ્ટતઃ તેમાં થોડેક અંશે પલ્લાડિયોની અસર છે તેમજ માઇકલૅન્જેલોના સમયના ફ્લૉરેન્સના સ્થાપત્યની અસર પણ છે. ઉફિઝીને રીતિવાદીનું લેબલ લગાવી શકાય, પણ ક્કક્ક જેસુને નહીં. II જેસુની ઇમારતને પૂર્વ-બરોક શૈલી તરીકે ઓળખાવી શકાય.

# 12

# બરોક શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

બરોક (Baroque) કલા-પરંપરાનો સમય ઈ. સ. 1600–1750નો માનવામાં આવે છે. તેનો પ્રસાર ઇટાલી, જર્મની, હોલૅન્ડ, સ્પેન, ફ્રાન્સ અને ઇંગ્લૅન્ડમાં થયો હતો.

આ શિલ્પશૈલી 'રીતિવાદ'(મૅનેરિઝમ)ની જેમ રેનેસાંનાં વલણોનો સ્વીકાર કરે છે. મૂળમાં તેનો અર્થ 'નિયમ વિરુદ્ધની (irregular), આમળતી (contorted), વિલક્ષણ (groteque)' એવો થાય છે. સોળમી સદીનાં અંતિમ વર્ષો દરમિયાન રોમમાં તેનો ઉદભવ થયો હતો. કેટલાક તેને રેનેસાંનો અંતિમ તબક્કો ગણાવે છે. બરોક શૈલી આંતર-ધર્મસુધારણા(counter-reformation)ના જુસ્સા(spirit)ને વ્યક્ત કરે છે. લૂઈ 14માએ તેને પ્રોત્સાહિત કરી. આંતર-ધર્મસુધારણાને લીધે કૅથલિક પરંપરા સમર્થ રીતે પુનઃસ્થાપિત થઈ અને નિરંકુશ (absolute) સત્તાનું સામ્રાજ્ય સ્થપાયું અને વૈજ્ઞાનિક વિચારધારાની વ્યાપક અસર થઈ એ એનાં કારણભૂત અંગો ગણાય. હવે કલાકાર દર્શકની ભાવાનુભૂતિને સતેજ કરતી કૃતિઓ રચવા લાગ્યો. આંતર-ધર્મસુધારણાના લીધે યુરોપના દેશો કૅથલિક અને પ્રૉટેસ્ટન્ટ જેવી ધારાઓમાં વહેંચાઈ ગયા. જર્મની અને ઇટાલી જેવા દેશોમાં કૅથલિક ધારાનું વર્ચસ્ સ્થપાયું. ત્યાં દેવળ અને સંપ્રદાયની ભવ્યતા પ્રસરવા કલાપ્રવૃત્તિ પ્રયોજાઈ. બરોક યુગમાં દેવળનું મહત્વ ઘટ્યું, તેથી તેની પુનઃસ્થાપના દેવળ માટે મહત્વનું ધ્યેય હતી. આ બધાનો અર્થ એ કે બરોક કલા માત્ર ધાર્મિક, રાજકીય કે બૌદ્ધિક વિકાસનું પરિણામ નથી. 1600ની આસપાસ રોમ બરોકના પ્રવાહનું મુખ બન્યું. પોપની સત્તાએ (Papacy) મોટા પ્રમાણમાં કલાને પ્રોત્સાહન આપ્યું. એની પાછળ પોપનો ઉદ્દેશ રોમને ખ્રિસ્તી જગતનું રળિયામણું નગર બનાવવાનો હતો. આની શરૂઆત તો 1585થી થઈ ચૂકી હતી. બરોક કાળમાં ચિત્ર અને શિલ્પમાં વિસ્તૃત થયેલા વિશ્વની વિભાવના વ્યક્ત કરવાનું શરૂ થયું. ચિત્રકલા, શિલ્પકલા અને સ્થાપત્ય-કલાની કૃતિઓ દ્વારા દુનિયાની ભવ્યતાને વ્યક્ત કરતા આવિષ્કાર થયા. શિલ્પ અને સ્થાપત્ય પણ હવે છાયા-પ્રકાશની અસરને ધ્યાનમાં રાખીને ઘડાતા થયા. શિલ્પમાં તીવ્ર લાગણીઓ અને ભાવો પ્રગટ કરવા ઉપર વધુ ભાર મૂકવામાં આવતો. બરોક પરંપરાના જાણીતા શિલ્પીઓમાં ગિયાન લોરેન્ઝો બર્નિની (Gian Lorenzo Bernini), ફ્રાન્કો-

ઇસ જિરાર્ડોન (Francois Girardon), એન્ટોઇન કોઝેવોક્સ (Antoine Coysevox), પિયેરે પુગેટ (Pierre Puget), ક્લોડિયોન (Clodion) અને એટિએન્ને મોરિસ ફાલ્કોનેટ (Etienne Maurice Falconet)નો ઉલ્લેખ કરી શકાય.

બરોક પરંપરાનો પ્રતિભાસંપન્ન શિલ્પી બર્નિની (1598–1680) ઇટાલીનો હતો. એણે તે સમયની લાક્ષણિકતાઓ તેનાં શિલ્પોમાં સચોટ રીતે રજૂ કરી છે. તેની ઉલ્લેખ-નીય કૃતિઓમાં 'ડેવિડ' (1623; બોર્ધીસ ગૅલરી, રોમ), 'ધી એક્સ્ટસી ઑવ્ સેન્ટ ટેરેસા (ભાવવિભોર સેન્ટ ટેરેસા, 1645–52 કાર્નોરો ચૅપલ, સેન્ટ મારિયા દેલા વિક્ટોરિયા, રોમ), 'બસ્ટ ઑવ્ ફ્રાન્સેસ્કો 1 (1650; ગેલેરિયા એસ્ટેન્સે, મોડેના), 'એપોલો ઍન્ડ ડાફ્ને' (1624; બોર્ધીસ ગૅલરી, રોમ), 'ફાઉન્ટેઇન ઑવ્ ફોર રિવર્સ' (1648–1651; પિઆઝા નેવોના, રોમ), બેલ્ડેચ્ચિનો (Baldacchino, 1624-1630; સેન્ટ પિટર્સ, રોમ), સ્ટેચ્યૂ ઑવ્ લૂઈ 14 (1670; બોર્ધીસ ગૅલરી, રોમ) છે. તેના વિખ્યાત શિલ્પ 'ભાવ-વિભોર સેન્ટ ટેરીસા'માં બરોક કલાની વિશેષતાઓ પ્રગટ થાય છે. આ શિલ્પમાં દૈવી સ્મિત કરતા દેવદૂત અને સમાધિમાં ડૂબી ગયેલા સંતનું ગતિમાન આલેખન થયું છે તેમજ દુન્યવી અને આધ્યાત્મિક પ્રેમની ઉત્કટતા દર્શાવવાનો આશય વ્યક્ત થયો છે. ઉપરાંત દેવદૂત અને સંતનાં કપડાંની સળો, આરસનાં વાદળાં અને સોનેરી કિરણો શિલ્પને ચિત્રાત્મકતા બક્ષે છે. એવિલાના ટેરેસા આંતર-ધર્મસુધારણા કાળના એક મહાન સંત હતા. દેવદૂતે જ્વાળામય સોનેરી દૈવી પ્રેમના તીર વડે સંતનું હૃદય કેવી રીતે વીંધ્યું હતું તે પ્રસંગને બર્નિનીએ આ શિલ્પમાં સુંદર રીતે રજૂ કર્યો છે. સંત ટેરેસાના શબ્દોમાં 'આ દર્દ ખૂબ જ હતું તેથી મેં જોસથી ચિત્કાર પાડી; પરંતુ તે જ વખતે મેં તેની મધુરતા અનુભવી અને મેં ઇચ્છા રાખી કે આ દર્દ મને કાયમ રહે.' (મીરાંને કૃષ્ણના પ્રેમની કટારી વાગી હતી અને મીરાં જે દર્દ અનુભવતી હતી તે અહીં સરખાવવા યોગ્ય છે.) આ દર્દ શારીરિક કરતાં માનસિક વધુ હતું. 'ડેવિડ'ના શિલ્પને માઇકલૅન્જેલોના 'ડેવિડ'ના શિલ્પ સાથે સરખાવતાં પ્રશ્ન થાય છે કે આ બેમાંથી કઈ કૃતિ પેર્ગમમ ફ્રિઝ અથવા ધી લાઓકુન ગ્રૂપને વધુ મળતી આવે છે ? આપણો મત અવશ્ય બર્નિનીને મળે. તેની 'ડેવિડ'ની કૃતિમાં હેલેનિસ્ટિક શૈલીનાં ઘણાં તત્વો જોવા મળે છે, જે માઇકલૅન્જે-લોએ છોડી દીધાં છે. આનો અર્થ એ નથી કે બર્નિની માઇકેલૅન્જેલો કરતાં વધુ શિષ્ટ છે, પરંતુ તે દર્શાવે છે કે બરોક અને ઉચ્ચ રેનેસાં બંને પરંપરાએ પ્રાચીન કલાના પ્રભુત્વનો સ્વીકાર કર્યો છે. 'એપોલો અને ડાફ્ને'નો વિષય શિલ્પકલા કરતાં ચિત્રકલામાં વધુ પ્રચલિત હતો અને બર્નિની જે ચિત્રકારોનો પ્રશંસક હતો – વિશેષે કરીને બોલોગ્નિસ શૈલી(Bolognese)ના એન્નિબાલે કરાસિ (Annibale Caracci) દ્વારા તેને આ વિષયની પ્રેરણા મળી હતી. શિલ્પની બંને વ્યક્તિ આદર્શવાદી જણાય છે. કાર્ડિનલ બોર્ધોસી માટે આ કૃતિ સર્જવામાં આવી હતી. 'ફાઉન્ટેઇન ઑવ્ ફોર રિવર્સ'ના શિલ્પમાં બર્નિનીએ વિશ્વની ચાર મોટી નદીઓને માનવઆકારમાં રજૂ કરી છે. (આપણે ત્યાં ગંગા-યમુ-નાનાં શિલ્પો રચવામાં આવે છે તે રીતે.) પોપ અર્બન 8માની ચૂંટણી પછી બર્નિનીએ

તાંબામાંથી બનાવેલ બેલ્ડેચ્ચિનોનું સર્જન (1624–1633) દરમિયાન કર્યું. આ એક પ્રકારનો નાનો મંડપ છે. રોમમાં સેન્ટ પીટરના ચર્ચમાં સેન્ટ પીટરની કબર પર તે આવેલો છે. તેના વળ ઘાટના સ્તંભો આકર્ષક છે. આ જ ચર્ચમાં તેની અન્ય કૃતિ 'થ્રોન ઑવ્ સેન્ટ પીટર' (1657–66) આવેલી છે. તેની બનાવટમાં ઢોળ ચઢાવેલ તાંબું, આરસ અને સ્ટુકો વાપરવામાં આવ્યાં છે.



સેંટ પીટર્સનું બેલ્ડેચ્ચિનો

શિલ્પી ક્લોડિઅનનું પ્રસિદ્ધ શિલ્પ 'સાટીર ઍન્ડ બસ્ચાન્ટે (Satyr and Bacchante) ન્યૂયૉર્કના ધી મેટ્રો પોલિટન મ્યુઝિયમમાં સુરક્ષિત છે.

ફ્રાન્કોઇસ જિરાર્ડોને અશ્વારૂઢ (equastrian) લૂઈ 14માના શિલ્પનું સર્જન કર્યું. ફ્રાન્સમાં આ પ્રકારનાં શિલ્પો રાજસત્તાના પ્રતીક ગણાતાં તેથી ફ્રાન્સની ક્રાંતિ દરમિયાન આવાં અનેક શિલ્પોનો નાશ થયો હતો. બર્નિનીએ લૂઈ 14માનું આવું જ શિલ્પ ટેરાકોટામાં બનાવ્યું હતું; પરંતુ દરબાર દ્વારા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો



સાટીર ઍન્ડ બસ્ચાન્ટે



અશ્વારૂઢ લુઈ 14મો

હતો. ફ્રાન્કોઇસે તેનું પુનઃસર્જન કર્યું. તેણે વર્સાઇલના બગીચાઓ માટે ઘણાં શિલ્પો રચ્યાં. એન્ટોઇન કોઝેવૉક્સ નામના શિલ્પીએ ચાર્લ્સ લેબ્રુનનું ટેરાકોટામાં અર્ધ-શિલ્પ (1676, વોલેસ કલેક્શન, લંડન) રચ્યું. લેબ્રુનના મુખ પર વાસ્તવવાદ જણાય છે. વ્યક્તિશિલ્પો ઘડવામાં કોઝેવોક્સ ફ્રાન્સનો પ્રથમ શિલ્પી છે. તેણે ઘડેલ ચાર્લ્સ લેબ્રુનનું શિલ્પ જાણીતું છે. તે ટેરાકોટા પ્રકારનું છે. ફ્રાન્સની 17મી સદીની બરોક પરંપરાનો મહાન શિલ્પી પિયેરે પુગેટ (Pierre Puget) હતો. તેણે ઘડેલું સુંદર શિલ્પ 'મીલો ઑફ ક્રોટોના' (1671-83, લુવ્ર પૅરિસ) છે. બર્નિનીની કૃતિઓ સાથે સરખાવી શકાય એટલું સક્ષમ છે. બર્નિનીના 'ડેવિડ'ના શિલ્પ કરતાં આનું સંયોજન ઉત્તમ છે.

## 2. સ્થાપત્ય

સોળમી સદીના અંત દરમિયાન રોમમાં મોટા પ્રમાણમાં ધાર્મિક સ્થાપત્ય બરોક શૈલીની અસર નીચે બંધાયું. આ શૈલીનો સૌથી હોશિયાર સ્થપતિ કારિઓ માડેર્ના (Cario Maderna 1556-1629) હતો. તેને રોમના પ્રસિદ્ધ સેન્ટ પીટર્સ ચર્ચનું બાંધકામ પૂરું કરવાનું કામ સોંપવામાં આવ્યું. પોપે માઇકલૅન્જેલોના બાંધકામમાં મંડપ (nave) વધારીને તેને બસિલિકામાં ફેરવવાનો નિર્ણય કર્યો હતો. નવી યોજનાનો પ્લાન રોમના જેસુ II ઇમારતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો. આ પ્લાન પ્રમાણે સેન્ટ પીટર્સ અને વેટિકન પૅલેસને જોડવાનું શક્ય હતું. માડેર્નાએ તૈયાર કરેલ મુખભાગ (facade) માઇકેલૅન્જેલોની ચર્ચની બહારના મુખભાગની પૅટર્નને અનુસરે છે. આ જ પેટર્ન તેણે બાંધેલા અન્ય ચર્ચમાં પણ અપનાવી હતી. શિલ્પી અને સ્થપતિ ગિઆન્લો રેન્ઝો બર્નિની(1598-1680)એ સેન્ટ પીટર્સ ચર્ચની ઑલ્ટર પરના કેનોપિ(canopy)ની ડિઝાઇન તૈયાર કરી. વિધિ માટેનું ટેબલ (tabernacle) સ્થાપત્ય અને શિલ્પની દૃષ્ટિએ ચઢિયાતું છે. તેના ખૂણા પરના ચાર ચક્રાકાર (spiral) સ્તંભો ઉપરના પ્લૅટફૉર્મને ટેકવે છે. સ્તંભો પર દેવદૂતોનાં શિલ્પો છે. સ્ક્રૂના આંટા જેવા આકારના તેના સ્તંભો ધ્યાનાકર્ષક છે. આ આખી કૃતિ બરોક શૈલીના સાર સમાન લાગે છે. સ્થાપત્યના ક્ષેત્રે બર્નિનીનો પ્રતિસ્પર્ધી ફ્રાન્સેસ્કો બોરોમિની (1599-1667) હતો. બોરોમિનીનું માનવું હતું કે સ્થાપત્ય માનવશરીરના પ્રમાણને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ. સેન્ટ કાર્લો આલે ક્વાટ્રો ફોન્ટાને બોરોમિનીએ કરેલું સૌપ્રથમ બાંધકામ હતું. તેણે સેન્ટ ઇવો



સેંટ એગ્નેસ ચર્ચ, રોમ

(S. Ivo) ચર્ચની ડિઝાઇન પણ કરી હતી. તેનો પ્લાન તારાકૃતિએ ષટ્કોણ (stare - haxagon) છે. તેણે રોમમાં પિઆઝા નોવોનામાં સેન્ટ એગ્નેસની ડિઝાઇન કરી હતી. તેની નીચેના ભાગની ડિઝાઇન સેન્ટ પીટર્સના મુખભાગમાંથી લેવામાં આવી છે. બોરોમિની ગૉથિક અને રેનેસાંનાં લક્ષણો – બે ટાવરયુક્ત મુખભાગ અને ઘુંમટને મિશ્ર કરે છે. સ્થાપત્ય અંગે બોરોમિનીએ રજૂ કરેલા વિચારો રોમ કરતાં સેવોયની રાજધાની

તુરિનમાં વધુ જોવા મળે છે. ઇટાલીમાં 17મી સદીના અંતમાં તે બરોક સ્થાપત્યનું સર્જનાત્મક કેન્દ્ર બન્યું હતું. 1666માં તુરિન નગરે બોરોમિનીના સૌથી વધુ તેજસ્વી વારસદાર ગૌરિનો ગૌરિની(1624–83)ને આકર્ષ્યો. તેણે તુરિનમાં આવેલ પલાઝ્ઝો કેરિગ્નાનોની ડિઝાઇન કરી હતી. તેનું બહારનું બાંધકામ ઈંટેરી છે. હૉલી શ્રાઉડ(Holy Shroud)ના ચૅપલના ઘુંમટનું બાંધકામ ગૌરિનીએ કર્યું હતું. ઘુંમટનો કાંઠલો ઊંચો છે. કેન્દ્રીય યુરોપમાં પાછળની બરોક શૈલીનો પ્રથમ મહાન સ્થપતિ જોહાન્ન ફિશર વૉન એર્લેચ હતો. તેણે વિયેનામાં આવેલ સેન્ટ ચાર્લ્સ બોરોમિયસના ચર્ચની ડિઝાઇન કરી.



મોનેસ્ટરી ઑવ્ મેલ્કની

તેના બાંધકામમાં બોરોમિનીકૃત સેન્ટ એગ્નેસના મુખભાગ અને પેન્થિયોનની પ્રવેશચોકીનું તેણે સંયોગીકરણ કર્યું છે. જ્યારે તેના મુખભાગની બંને બાજુ ઊભા કરેલા વિશાળ મુક્ત સ્તંભોમાં ટ્રેજનના સ્તંભનું અનુકરણ કર્યું છે. ઑસ્ટ્રિયામાં આવેલ મોનેસ્ટરી ઑવ્ મેલ્કની ડિઝાઇન જેકોબ પ્રેન્ડટ્યુરે કરી હતી. બાલ્થસાર ન્યુમન(1687–1753)ની જાણીતી રચના વુર્ઝબર્ગમાં આવેલ એપિસ્કોપલ પૅલેસ છે. તેનો ઘુંમટ ખૂબ જ અલંકૃત છે. બાલ્થસારના સમકાલીન દોમિનિકુસ ઝિમ્મેરમને 18મી સદીની મધ્યમાં ઉપલા બેવેરિયામાં પિલ્ગ્રિમેજ ચર્ચની ડિઝાઇન કરી હતી. આ ચર્ચ દિયે વાયેસ (Die Wies) તરીકે પણ પ્રસિદ્ધ છે. તે અંદરથી ખૂબ જ સાદું છે પણ બહારથી અલંકૃત છે.

ફ્રાન્સમાં ડિઝાઇનરોના સમૂહ દ્વારા સ્થાપત્યના ક્ષેત્રે બરોક શૈલીનો પાયો નંખાયો તેમાં ફ્રાન્કોઇસ મન્સાર્ટ (1598–1666) અગ્રગણ્ય છે. તેણે ઇટાલીની ક્યારેય મુલાકાત

લીધી ન હતી તેમ છતાં તે ઇટાલીની આ નવી શૈલીથી અપરિચિત ન હતો. પૅરિસની પાસે આવેલ શેટો ઑવ મેઇશન્સનું બાંધકામ તેણે કર્યું હતું. ભવ્ય સોપાનશ્રેણી તરફ જતો અંતરાલવાળો ભાગ સૌંદર્યની અસર ઉપસાવે છે. લુવ્રના મહેલનું વિસ્તૃતીકરણ બરોક શૈલીમાં થયું. લૂઈ 14માના મુખ્ય સલાહકાર કોલ્બર્ટે વહીવટ માટેનાં મકાનો બાંધ્યાં. લુવ્રના બાંધકામને પૂર્ણ કરવાની મહાન યોજના કોલ્બર્ટના માર્ગદર્શન નીચે શરૂ થઈ. આ કામ લગભગ એક સદી સુધી ચાલ્યું. અગાઉના ફ્રેન્ચ સ્થપતિ લેસ્કોટના પ્લાનથી કોલ્બર્ટને અસંતોષ થતાં તેણે બર્નિનીને પૅરિસમાં આમંત્ર્યો. બર્નિનીએ રોમન બરોક શૈલીમાં ઘણાં ચર્ચ બાંધ્યાં હતાં. તેથી કોલ્બર્ટની ધારણા હતી કે બર્નિની ફ્રેન્ચ રાજાનો મહેલ પણ ભવ્ય અને અસરકારક બાંધશે. બર્નિનીએ એ માટે ત્રણ પ્લાન રજૂ કર્યા; પરંતુ લૂઈ 14માએ ત્રણે પ્લાન નામંજૂર કર્યા. મહેલના બાંધકામના પ્રશ્નના નિરાકરણ માટે લૂઈએ ત્રણ સભ્યોની કમિટી રચી. લૂઈ લે વેઉ – દરબારી સ્થપતિ, ચાર્લ્સ લેબ્રન – દરબારી ચિત્રકાર અને ક્લાઉડ પેરોલ્ટ – પ્રાચીન સ્થાપત્યનો અભ્યાસી આ કમિટીમાં હતા. વાસ્તવમાં મહેલના બાંધકામ પાછળ આ ત્રણેનું યોગદાન હતું. લૂઈની કલાત્મક યોજનાનો સુપરવાઇઝર લેબ્રન હતો. પૅરિસથી 11 માઈલ દૂર આવેલ વર્સાઇલના મહેલનું બાંધકામ 1669માં લે વેઉ દ્વારા શરૂ થયું. તેણે મહેલના ગાર્ડન



સેંટ પૉલનું કેથીડ્રલ, લંડન



ચાર્લ્સ લેબ્રનનું શિલ્પ

ફ્રન્ટ ભાગની ડિઝાઇન કરી હતી. એક વર્ષ પછી તેનું મૃત્યુ થતાં સમગ્ર યોજના જુલેસ હાર્ડોઇન માન્સાર્ટની દેખરેખ નીચે પૂર્ણ થઈ. ગાર્ડન ફ્રન્ટ મહેલનો મુખ્ય વ્યૂ છે. તેની પશ્ચિમે માઈલો દૂર જતો પાર્ક છે. પાર્કની ડિઝાઇન આન્દ્રે લેનોત્રેએ કરી હતી. જુલેસ હાર્ડોઇન માન્સાર્ટે પૅરિસમાં આવેલ ઇન્વેલિડસના ચર્ચની ડિઝાઇન કરી હતી.



બ્લેન્હેઇમ પૅલેસ, ઑક્સફર્ડશાયર

તેનો પ્લાન ગ્રીક ક્રૉસ આકારે છે. તેના ચારે ખૂણે ચાર નાનાં ચર્ચ (ચૅપલ) આવેલાં છે. હિંદુ પંચાયતન પ્રકારના મંદિર જેવી આ રચના જણાય છે. આ ચર્ચના કોયરમાં જ બરોક શૈલીનાં લક્ષણ જોવા મળે છે. લૂઈ 14માના મૃત્યુ પછી કોલ્બર્ટે વહીવટનું કેન્દ્રીકરણ કરતાં સ્થપતિઓ પોતાના પૂર્વજોના શેટોક્સમાં જવાનું અને પૅરિસમાં જ્યાં તેમણે ભવ્ય મકાનો બનાવ્યાં હતાં ત્યાં રહેવાનું પસંદ કર્યું નહિ. પૅરિસમાં હોટેલ્સ પ્રકારનું બાંધકામ વિકસ્યું. હોટેલ્સમાં અંદરના ભાગમાં અલંકરણ વધુ હોય છે. ફ્રેન્ચ ડિઝાઇનરોએ રોકોકો શૈલી વિકસાવી. જર્મેઇન બોફ્રાન્ડે હોટેલ દી સૌબિસેની ડિઝાઇન કરી. લંડનમાં ઇનિગો જોનેસે વ્હાઇટ હૉલ પૅલેસમાં બેન્ક્વેટિંગ હાઉસનું બાંધકામ કર્યું. 17મી સદીના અંતના મહાન અંગ્રેજી સ્થપતિ સર ક્રિસ્ટોફર રેને લંડનના સેન્ટ પૉલના કેથીડ્રલના ટાવરના બીજા માળની બારીઓ અને વિશેષતઃ ઘુંમટની રચના કરી. તેનો ઘુંમટ રોમના સેન્ટ પીટર્સના ચર્ચની જેમ મધ્ય મંડપ અને પાર્શ્વમાર્ગની લંબાઈ જેટલો વ્યાસ ધરાવે છે. ઑક્સફર્ડશાયરમાં આવેલ બ્લેન્હેઇમ પૅલેસની ડિઝાઇન સર જ્હૉન વાનબ્રુધે કરી હતી.

# 13
# ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

ભારતમાં સૌથી પ્રાચીન શિલ્પો આદ્ય-ઐતિહાસિક કાળનાં (ઈ. સ. પૂ. 2500થી ઈ. સ. પૂ. 1500) છે. બલૂચિસ્તાનમાંનાં ઝોબ અને કુલ્લીનાં સ્થળોએથી પ્રાપ્ત શિલ્પો પ્રાગહડપ્પીય કાળનાં છે. આ શિલ્પોમાં સુઘટિત કલાનાં સર્વપ્રથમ દર્શન થાય છે. સ્ત્રીઓ અને પ્રાણીઓનાં માટીનાં શિલ્પો મળી આવ્યાં છે. ઝોબમાંથી પ્રાપ્ત પ્રાણી--શિલ્પોમાં વૃષભ અને અશ્વનાં શિલ્પો નોંધપાત્ર છે. પ્રાચીન સંસ્કૃતિઓમાં અશ્વનાં શિલ્પ જવલ્લે જ જોવા મળે છે. તેથી અહીંનાં અશ્વ-શિલ્પ નોંધપાત્ર છે.

આદ્ય-ઐતિહાસિક શિલ્પકલાનાં જાણીતાં કેન્દ્રો હડપ્પા અને મોહેં-જો-દડો છે. સિંધુ સંસ્કૃતિનાં આ મહત્વનાં કેન્દ્રોનાં શિલ્પો માટી, પથ્થર અને ધાતુમાંથી બનાવેલાં છે. માટીમાંથી બનાવેલાં શિલ્પો સામાન્ય વર્ગની લોકકલાના અને પથ્થર-ધાતુમાંથી બનાવેલાં શિલ્પો ભદ્ર વર્ગની શિષ્ટ કલાના નમૂના હોવાનું જણાય છે. માટીનાં પકવેલાં શિલ્પો(teracotta)માં સ્ત્રી-પુરુષ અને પ્રાણીનાં શિલ્પો જોવા મળે છે. સ્ત્રી-આકૃતિઓ-માંથી કેટલીક દેવીના સ્વરૂપની, કેટલીક માનતા માટેની, તો કેટલીક બાળકોને રમવાનાં રમકડાં-સ્વરૂપની છે. સામાન્ય રીતે તે ઊભી હોય છે તો ક્યારેક બેઠેલી અવસ્થામાં અથવા ગતિમાન હોય છે. ક્યારેક બાળકને લઈને અથવા નિરાંતે બેઠેલી દર્શાવી છે. સ્ત્રી-આકારની ઊભી પૂતળીઓના મસ્તકે પંખાઘાટનું વેષ્ટન (head-dress) પહેરાવેલું હોય છે. શિરોવેષ્ટનવાળી આ પૂતળીઓ માતૃદેવીની હોય એમ મનાય છે. સ્ત્રી-આકૃતિઓની સંખ્યાના મુકાબલે પુરુષ આકૃતિઓની સંખ્યા ઓછી છે. પુરુષ-આકૃતિઓ મોટે ભાગે નિર્વસ્ત્ર જોવા મળે છે. તેમનાં માથાં ખુલ્લાં હોય છે તો ક્યારેક કોઈના માથે શંકુઘાટની ટોપી કે લટકતા છોગાવાળી પાઘડી ધારણ કરેલી જોવા મળે છે. મુંડનવાળા તેમજ દાઢી ધારણ કરેલ પુરુષોની આકૃતિઓ પણ મળી આવી છે. સ્ત્રી-પુરુષોની આકૃતિઓ વિશિષ્ટ રીતે બનાવી છે. આંખ માટે લંબગોળ કાંકરીનો ઉપયોગ કરવામાં આવ્યો છે તો ક્યારેક રંગીને પણ આંખ દર્શાવી છે. હોઠનો આકાર સાદો કાપો પાડીને કર્યો છે તો ક્યારેક ઉપસાવેલા હોઠ પણ દર્શાવ્યા છે. માથાના વાળ અને અલંકારો અલગ અલગ બનાવી શરીર સાથે ચોંટાડી દીધા છે. જળચર અને સ્થળચર પ્રાણીઓ-

નાં શિલ્પો પણ મળ્યાં છે. આવાં શિલ્પો સ્વતંત્ર અને મુદ્રાઓ પર જોવા મળે છે. એક શૃંગ ધરાવતા પ્રાણીનું શિલ્પ ઉલ્લેખનીય છે. વૃષભનું આલેખન બે પ્રકારે જોવા મળે છે - ટૂંકાં શિંગડાંવાળો વૃષભ અને લાંબાં શિંગડાંવાળો ખાંધી વૃષભ, વાનર, સસલાં, બકરાં, ઘેટાં, દરિયાઈ ઘોડા, હાથી અને ભેંસનાં શિલ્પો પણ પ્રાપ્ત થયાં છે. પાષાણમાંથી બનાવેલાં શિલ્પોમાં ત્રણ પુરુષ-આકૃતિઓ છે. પ્રથમ શિલ્પમાં હાથ-પગ નથી, માત્ર ધડ છે. બીજા શિલ્પમાં ખભામાંથી નીચેના હાથ અને જંઘા નીચેથી પગ તૂટી ગયેલા છે. તેનું શરીર કેડના ભાગેથી ડાબી બાજુ ઝૂકેલું છે. તેથી તે નૃત્યની મુદ્રા વ્યક્ત કરે છે. ત્રીજા શિલ્પમાં પુરુષે શરીર પર ત્રિદલ ભાત ધરાવતું ઉપવસ્ત્ર ઓઢ્યું છે. અર્ધમીંચી આંખો હોવાથી તે ધ્યાનસ્થ અવસ્થામાં હોવાનું જણાય છે. આથી આ શિલ્પ કોઈ પુરોહિત કે પૂજારીનું હોવાનું જણાય છે. ધાતુશિલ્પોમાં એક નર્તકીની પ્રતિમા ઉલ્લેખનીય છે. તેના પગ સહેજ લચક લઈને આગળ વળેલા છે. જમણો હાથ કેડ પર ટેકવેલો છે અને ડાબો હાથ લટકતો છે. એનો ઢીલો અંબોડો ખભા પર ટેકવેલો છે. ડાબા હાથે ખભાથી કાંડા સુધી બંગડીઓ પહેરી છે. જ્યારે જમણા હાથે કાંડામાં માત્ર બે બંગડીઓ અને કોણીની ઉપર બાજુબંધ છે. મોહેં-જો-દડોમાંથી વિવિધ મૃખાકૃતિઓ રજૂ કરતાં મહોરાં (masks) પણ મળી આવ્યાં છે.


માતૃદેવી


નર્તકી


પુરોહિત

વૈદિક સંહિતાઓના કાળ(આશરે ઈ. સ. પૂ. 1500-1000)ના શિલ્પના કોઈ નમૂના પ્રાપ્ત થયા નથી. જોકે વૈદિક સંહિતાઓમાં શિલ્પોના ઉલ્લેખ મળે છે. દેવ--દેવીઓ, દાર્શનિક ભાવો (દા. ત., દેવાસુર સંગ્રામ, જ્યોતિર્લિંગ વગેરે), વૃક્ષવેલીઓ વગેરેનાં વર્ણનોને આધારે પૌરાણિક કાળમાં તેમની મૂર્તિઓ રચવાની પ્રક્રિયાને વેગ મળ્યો હશે એમ કહી શકાય. આવાં દૃષ્ટાંતોમાં શ્રીલક્ષ્મી, યક્ષ, સ્વસ્તિક, પૂર્ણકુંભ, ચક્ર, યજ્ઞયૂપ, સૂર્ય-ચંદ્ર, કલ્પવૃક્ષ, નાગ, સુમેરુ, અર્ધનારીશ્વર, કુમાર, ગણપતિ, ત્રિવિક્રમ

દેવાસુર-સંગ્રામ વગેરે ઉલ્લેખનીય છે.

મહાજનપદ-કાળ (ઈ. સ. પૂ. 600-400) દરમિયાન બૌદ્ધોના પાલિસાહિત્ય અને જૈનોના અર્ધમાગધીમાં રચાયેલ આગમસાહિત્યમાં શિલ્પસ્થાપત્યના અનેક ઉલ્લેખો છે, પરંતુ એ મોટે ભાગે કાષ્ઠનિર્મિત હોવાને કારણે કાળબળે નાશ પામ્યાં હોવાથી અવશેષ રૂપે પણ ઉપલબ્ધ થયા નથી. શિશુ-નાગકાળ અને નંદકાળ(ઈ. સ. પૂ. 400-325)માં માતૃદેવીની પૂજાના પ્રતીક તરીકે પ્રયોજાતા શ્રીચક્ર(શ્રીયંત્ર)ના અનેક નમૂના તક્ષશિલા, મથુરા, કૌશાંબી, રાજઘાટ, સંકિસા (સાંકાશ્ય), પટણા વગેરે સ્થળોએથી પ્રાપ્ત થયા છે. લોરિયા-નંદનગઢ અને પીપરાવાના સ્તૂપમાંથી પૃથ્વીદેવીના અંકનવાળાં સુવર્ણપાત્રો પ્રાપ્ત થયાં છે.



બાલવૃષભ (વાછરડો)



ચામરધારિણી

મૌર્યકાળ(ઈ. સ. પૂ. 325–187)ની શિલ્પકલા મોટે ભાગે અશોકે ઊભા કરેલા શિલાસ્તંભો પરનાં પશુશિલ્પો દ્વારા જાણવા મળે છે. અંબાલા પાસેના ટોપરા, મેરઠ, કૌશાંબી, અલ્લાહાબાદ, સારનાથ, મુઝફ્ફરપુર, લોરિયા-નંદનગઢ, સાંચી, સંકિસા, કાશી, પટણા, બોધિગયા વગેરે સ્થળોએ આ સ્તંભો આવેલા છે. એક જ પથ્થરમાંથી બનાવેલા આ સ્તંભોની શિરાવટીની ઉપર સિંહ, હાથી, વૃષભ કે અશ્વનું શિલ્પ હોય છે. આમાંનાં પ્રથમ ત્રણ પશુઓનાં શિલ્પ કેટલાક સ્તંભો પર જણાય છે; જ્યારે અશ્વનું શિલ્પ રુમ્મિનદેયના સ્તંભ પર હતું, જે હવે નષ્ટ થયું છે. મૌર્યકાલીન શિલ્પકલામાં સારનાથના સ્તંભ પરના સિંહોનાં શિલ્પો મહત્ત્વનાં છે. ચાર દિશાએ મુખ રાખીને

એકબીજાંની પીઠને અડોઅડ ઊભેલા આ સિંહોનાં મસ્તક ઉપર ધર્મચક્ર મૂકેલું હતું. તેના કેટલાક અવશેષો પ્રાપ્ત થયા છે. પાશવી શક્તિ પરના ધાર્મિક વિજયના સંકેત રૂપે આ ચક્ર મૂકવામાં આવ્યું હોવાનું જણાય છે. સિંહોની આકૃતિ ભવ્ય, દર્શનીય અને ગૌરવપૂર્ણ છે. તેમાં કલ્પના અને વાસ્તવિકતાનો સુમેળ સધાયો છે. આપણા દેશની રાષ્ટ્રમુદ્રામાં આ શિલ્પ સ્થાન પામ્યું છે. સાંચીના સ્તૂપની પાસેના સ્તંભ ઉપર પણ ચાર સિંહોનાં શિલ્પ છે; પરંતુ તે સારનાથના સિંહોનાં શિલ્પો જેટલાં આકર્ષક નથી. રામપુરવાના એક સ્તંભ ઉપર આગલા બે પગ ઊભા રાખીને પાછલા બે પગે બેઠેલા સિંહનું શિલ્પ છે. બખીરાના સ્તંભશીર્ષ ઉપર પણ આવું જ સિંહનું શિલ્પ છે; પણ અશોકકાલીન અન્ય સિંહ-શિલ્પોના જેવી તેની છટા નથી જણાતી. લોરિયા-નંદનગઢના સ્તંભ પર ઉઠંગ મુદ્રામાં બેઠેલ સિંહનું શિલ્પ છે. રામપુરવાના બીજા એક સ્તંભ પર બાલવૃષભ(વાછરડા)નું શિલ્પ છે. વાછરડો છટાપૂર્વક ઊભો છે. સાંકાશ્યના સ્તંભ ઉપર હાથીનું શિલ્પ છે. પશુ-શિલ્પો ઉપરાંત યક્ષ-યક્ષિણીઓની મૂર્તિઓ પણ મળી છે. મૌર્યકાળમાં યક્ષ-યક્ષિણીઓ લોકદેવતા તરીકે પૂજાતાં. આ મૂર્તિઓ મથુરાથી માંડી વારાણસી, વિદિશા, પાટલિપુત્ર અને શૂર્પારક સુધીના ક્ષેત્રને આવરી લે છે. પટણા પાસેના દીદારગંજમાંથી પ્રાપ્ત ચામરધારિણી યક્ષિણીની મૂર્તિ આ વર્ગમાં શ્રેષ્ઠ છે. તેના પર ઓપ ચઢાવેલો છે. તેનાં સુડોળ, ભરાવદાર અંગ-ઉપાંગો અને અવયવોની છટા ખૂબ જ આકર્ષક છે. હાલ આ મૂર્તિ પટણાના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. મથુરા, કૌશાંબી, અહિચ્છત્રા વગેરે સ્થળોએ આ સમયની માટીની પકવેલી મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે.

મૌર્ય સામ્રાજ્યનું પતન થતાં મગધમાં પુષ્યમિત્ર શુંગ, દક્ષિણ ભારતમાં સીમુક સાતવાહન અને કલિંગમાં ખારવેલ સત્તા પર આવ્યા. અનુ-મૌર્યકાળ દરમિયાન આ ત્રણેય રાજ્યોમાં જે કલા વિકાસ પામી તે શુંગકાલીન કલા કહેવાય છે. તેનો સમય ઈ. સ. પૂ. 187થી ઈ. સ. 350નો છે. ભરહૂત, સાંચી, બોધિગયા, મથુરા અને કલિંગ(ઓ-રિસા)માં તેનો વ્યાપક પ્રચાર થયો હતો. આની અગાઉનાં શિલ્પો મોટા કદનાં હતાં; પરંતુ આ સમયનાં શિલ્પો નાનાં અને એકસરખા ઘાટનાં છે. મોટે ભાગે તે અંશમૂર્ત સ્વરૂપનાં છે. આ શિલ્પોમાં એક પ્રકારની નાજુકતા, સપ્રમાણતા અને વિવિધતા જોવા મળે છે. ભારતીય શિષ્ટ શિલ્પકલાનાં પગરણ અહીંથી શરૂ થાય છે.

શુંગકાળ દરમિયાન સાંચીના મૂળ મૌર્યકાલીન સ્તૂપ પર આચ્છાદન (encasing) કરવામાં આવ્યું અને તેનો વિસ્તાર બમણો કરવામાં આવ્યો. સ્તૂપને ફરતો પથ્થરનો કઠેડો (વેદિકા) અને ચારેય દિશાએ ચાર તોરણો ઊભાં કરવામાં આવ્યાં. આ તોરણો પરનાં શિલ્પો શુંગકાળનાં ઉત્તમ શિલ્પો છે. વિષયની દૃષ્ટિએ આ શિલ્પોને ચાર વર્ગમાં વહેંચી શકાય : (1) બુદ્ધના જીવનની ઘટનાઓ અને જાતકકથાઓના પ્રસંગો;

(2) યક્ષ-યક્ષિણીની મૂર્તિઓ; (3) પશુ-પક્ષીની આકૃતિઓ; (4) ફૂલવેલની ભાતો અને રૂપાંકનો. સૌપ્રથમ દક્ષિણનું તોરણ નિર્માયું હતું. આ તોરણદ્વાર પર શ્રીલક્ષ્મી,





સાંચીના તોરણ પરનું શિલ્પકામ શાલભંજિકા, સાંચી

સ્તૂપ, હસ્તિજાતક, લંબોદર કુમ્ભાણ્ડ (કીચક), ષડદન્ત જાતક, ધાતુયુદ્ધ (બુદ્ધના અસ્થિ માટેનું યુદ્ધ), બોધિવૃક્ષની પૂજા માટે આવતા સમ્રાટ અશોક, બુદ્ધનું ચુડામહ (બુદ્ધના કેશની પૂજા), કલ્પવૃક્ષ, નાગરાજ મુચલિંદ, બુદ્ધને ભિક્ષાપાત્ર અર્પણ કરતા ચાર લોકપાલો વગેરેને લગતાં શિલ્પો કંડારેલાં છે. ચારેય તોરણદ્વારોમાં ઉત્તરનું તોર-ણદ્વાર સૌથી સારી સ્થિતિમાં છે. આ તોરણના સ્તંભોના મથાળે હાથીઓ અને તેમની બાજુમાં આમ્રવૃક્ષને અઢેલીને ઊભેલી શાલભંજિકાઓનાં લાવણ્યમય શિલ્પ છે. આ તોરણ પર ચાર વૃક્ષોને અંતરિત ત્રણ સ્તૂપો દ્વારા સાત માનુષી બુદ્ધો (આ પ્રકારનું આલેખન ચારેય તોરણો પર છે.), વેસ્સન્તર જાતક, પદ્માસનસ્થ ગજલક્ષ્મી, ષડદન્ત-જાતક, મારઘર્ષણ, શ્રાવસ્તીમાં બુદ્ધે કરેલો ચમત્કાર, અનાથપિંડકનું બુદ્ધને જેતવનનું દાન, બુદ્ધને મળવા આવતા રાજા પ્રસેનજિત, ઉત્તરકુરુનો પ્રદેશ, બુદ્ધના દર્શનાર્થે ઇન્દ્રનું આગમન, 11 સૂર્ય, પદ્મસર, મીનયુગલ, શ્રીવત્સ, 13 માંગલિક ચિહનો, ત્રયસ્ત્રિંશત્ સ્વ-ર્ગમાંથી બુદ્ધનું અવતરણ, બુદ્ધનું અભિનિષ્ક્રમણ, શાક્યોનું ધર્મપરિવર્તન, કપિલવસ્તુમાં બુદ્ધનું આગમન, બુદ્ધનાં અસ્થિની વહેંચણી, બુદ્ધને મધનો પ્યાલો આપતો વાનર વગેરે દશ્યો કોતરેલાં છે. પૂર્વના તોરણ પર બુદ્ધનું અભિનિષ્ક્રમણ, રાણી સાથે બોધિવૃક્ષના દર્શને આવતા સમ્રાટ અશોક, હાથીઓ દ્વારા બુદ્ધની પૂજા, સંબોધિ (દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ), પાણી પર ચાલતા બુદ્ધ, બુદ્ધના દર્શને રાજગૃહમાંથી નીકળતા રાજા બિંબિસાર,

બુદ્ધના દર્શને આવેલા ઇન્દ્ર અને બ્રહ્મા, બુદ્ધનો સર્પવિજય, કાશ્યપનું ધર્મપરિવર્તન, ચાતુર્માહરાજિક લોક, ત્રયસ્ત્રિંશત્ દેવલોક, યમલોક, તુલિનદેવ સ્વર્ગ, નિર્માણરતિ સ્વર્ગ, મારના સ્વામીત્વવાળું સ્વર્ગ, શ્યામ જાતક, મહાકપિજાતક વગેરે કોતરેલાં છે. પશ્ચિમનું તોરણદ્વાર સૌથી છેલ્લે બંધાયું હતું. આ તોરણ પર સાત બુદ્ધો, મૃગદાવવનનું ધર્મચક્ર-પરિવર્તન, ષડદંતજાતક, અસ્થિયુદ્ધ, મારપ્રલોભન વગેરે દૃશ્યો કંડારેલાં છે. સાંચીની શિલ્પકલાની વિશેષતા એ છે કે અહીં કોઈ પણ સ્થળે બુદ્ધની માનુષી સ્વરૂપની મૂર્તિ નથી, પરંતુ બુદ્ધને જુદાં જુદાં પ્રતીકો દ્વારા રજૂ કરવામાં આવ્યા છે; જેમ કે, બોધિવૃક્ષ, વજ્રાસન, ચક્ર, સ્તૂપ, પગલાં વગેરે દ્વારા.

મધ્યપ્રદેશના ભરહૂતનો સ્તૂપ લુપ્ત થયો છે. તેના અવશેષ કોલકાતા, સતના, વારાણસી, મુંબઈ વગેરે સ્થળોનાં મ્યુઝિયમમાં સંગૃહીત છે. સાંચીની જેમ આ સ્તૂપની વેદિકા અને તોરણો પર પણ શિલ્પો કોતરેલાં હતાં. આ શિલ્પોમાં દેવયોનિ, મનુષ્યો, પશુઓ, વૃક્ષો, જાતકકથાઓ, ઐતિહાસિક પ્રસંગો, હાસ્યવ્યંગનાં દૃશ્યો, પૂજા-ચિહ્નો, સુશોભનો (motives) વગેરે વિષયો રજૂ થયા છે. 23 જાતકકથાઓ તેમના નામ સાથે આલેખાઈ છે. કુબેર અને વિરૂઢક લોકપાલ, અજકાલક, ગંગિત, સુચિલોમ અને સુપાવસ યક્ષ, ચંદ્રા તથા સુદર્શના, યક્ષી સિરિમા (શ્રી મા લક્ષ્મી), ચૂલકોકા, મહાકોકા વગેરે લોકદેવીઓ, અલમ્બુસા, મિશ્રકેશી, સુદર્શના તથા સુભદ્રા વગેરે અપ્સરાઓનાં આલેખન છે. પશુ-આકૃતિઓ સ્વાભાવિક અને કાલ્પનિક છે. વાનરો હાથીની મદદ વડે મોટા સાણસા વડે એક મહાયક્ષની મૂછો ખેંચી રહ્યા છે તે દૃશ્ય હાસ્યપ્રેરક છે.

બોધિગયા(ઉત્તરપ્રદેશ)ના સ્થળે બુદ્ધને બુદ્ધત્વ પ્રાપ્ત થયું હતું. અશોકે અહીં બોધિગૃહ બંધાવ્યું હોવાનું મનાય છે. શુંગકાળમાં બોધિવૃક્ષની ચોતરફ પથ્થરની વેદિકા બનાવવામાં આવી. આ અગાઉ તે ઈંટો વડે બાંધેલી હતી. વેદિકાની સ્તંભિકાઓ પર આસનસ્થ મિથુનો, ગજલક્ષ્મી, બોધિમંચ, બોધિવૃક્ષની પૂજા કરતું યુગલ, ધર્મચક્રનું પૂજન, શંકુકર્ણ યક્ષ, વૃક્ષિકા દેવી, પૂર્ણ ઘટ, કમલાસનસ્થ શ્રીલક્ષ્મી, વીણાધારી ગંધર્વો, બુદ્ધના દર્શને આવતા ઇન્દ્ર, રથ પર આરૂઢ સૂર્ય, જેતવન-દાન, હસ્તિવૃંદ, ષડદન્ત, પદકુસલ, માણવ, વેસ્સન્તર, કિન્નર વગેરે જાતકકથાઓનાં આલેખન છે.

ઓરિસાના ભુવનેશ્વરની પાસે આવેલી ઉદયગિરિ અને ખંડગિરિ નામની ગુફાઓ(ઈ. સ. પૂ. 2જી સદી – 1લી સદી)માંનાં શિલ્પોની શૈલી સાંચી, ભરહૂત અને બોધિગયાને મળતી આવે છે. જોકે રૂપક્ષમતાની દૃષ્ટિએ તે ભરહૂતથી ચઢિયાતાં છે. દરિયાઈ ઘોડા જેવા કાલ્પનિક પ્રાણી પર સવારી કરતા માનવો, જિનની પૂજા કરતા લોકો, સ્ત્રીહરણનો પ્રસંગ, વાસવદત્તાની કથા, દુષ્યન્ત-શકુન્તલાની કથા, હાથી સાથે યુદ્ધ, શિકાર કરતો રાજા, નૃત્ય નિહાળતી રાણી, શૃંગારરત રાજા-રાણી, તળાવમાં ક્રીડા કરતા હાથીઓ, રાજકુમારનું સ્વાગત, સૂર્ય, ગજલક્ષ્મી વગેરેનાં આલેખન જુદી જુદી ગુફાઓમાં થયાં છે.



તપમગ્ન બુદ્ધ, ગાંધાર

કુષાણકાળ દરમિયાન ગાંધાર અને મથુરા શિલ્પકલાનાં મુખ્ય કેન્દ્રો હતાં. આ બંને કેન્દ્રોમાં એકબીજાંથી સ્વતંત્ર શિલ્પશૈલીઓનો ઉદય થયો હતો. હાલના પાકિસ્તાનના પેશાવર અને રાવલપિંડી જિલ્લાઓ ઉપરાંત અફઘાનિસ્તાનનો ઘણો ભાગ પ્રાચીન સમયમાં ગાંધાર પ્રદેશમાં સમાવિષ્ટ હતો. આ પ્રદેશમાં એક સમયે ભારતીય-યવન (Indo-Greek) રાજાઓની સત્તા પ્રવર્તતી હતી. આથી આ પ્રદેશ પર ગ્રીક સંસ્કૃતિની અસર હોય તે સ્વાભાવિક છે. ગ્રીક કે હેલેનિસ્ટિક કલામાંથી ગાંધાર-કલાનો જન્મ થયો. તેને ઇન્ડો-ગ્રીક, ઇન્ડો-હેલેનિક કે ગ્રીસો-રોમન આર્ટ પણ કહે છે. જોકે તેનો મુખ્ય વિષય બૌદ્ધ ધર્મ હોવાથી 'ગ્રીસો-બુદ્ધિસ્ટ આર્ટ' પણ કહે છે. ભારતમાં આ શૈલી ઈ. સ.ની પહેલીથી ચોથી સદી સુધી પ્રચારમાં રહી. કુષાણ રાજાઓએ તેના ઉત્કર્ષમાં વિશેષ ફાળો આપ્યો હતો. પારેવા રંગના પથ્થરમાંથી બનાવેલાં આ શૈલીનાં શિલ્પોમાં ગ્રીક મૂર્તિકલાની વાસ્તવિકતા અને ભારતીય કલાની ભાવમયતા લાવવાનો પ્રયત્ન થયો છે. વસ્ત્રોની સૂક્ષ્મ વલ્લીઓ (કરચલીઓ) દર્શાવી છે. અંગ-પ્રત્યંગો પ્રત્યે વિશેષ ધ્યાન અપાયું છે. બુદ્ધની મૂર્તિ બનાવવામાં કલાકારોએ ઘણી સ્વતંત્રતા લીધી છે. આથી બુદ્ધની મૂર્તિ ગ્રીક દેવ ઍપોલો જેવી બની ગઈ છે. દેવોના આલેખન પરત્વે ભારતીય પરંપરાથી વિરુદ્ધ બુદ્ધને મૂછવાળા પણ દર્શાવ્યા છે ! એનું કારણ એ કે એમાં ગ્રીક મૂર્તિકલાની વાસ્તવિકતાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. કેટલાક વિદ્વાનો આ શૈલીને સ્વતંત્ર મૂર્તિકલા તરીકે સ્વીકારે છે અને તેની પર ભારતીય પ્રભાવ પડ્યો હોવાનો ઇનકાર કરે છે. જ્યારે કેટલાક વિદ્વાનો તેને ભારતીય મૂર્તિકલાની એક શાખા હોવાનું જણાવે છે. તેના વિષયો ભારતીય છે પણ તેમની અભિવ્યક્તિમાં ગ્રીક અસર સ્પષ્ટ જોવા મળે છે. જૌલિયા, પ્લુટ કી ઢેરી, તખ્તે બહાઈ, શાહજી કી ઢેરી વગેરે સ્થળોએથી આ શૈલીમાં ઘડાયેલાં શિલ્પો પ્રાપ્ત થયાં છે. તેમાં બુદ્ધ, બૌધિસત્વો, ઉપાસકો, દીપંકર જાતક, બુદ્ધના જીવનના પ્રસંગો, નીલગિરિ હાથી પર બુદ્ધનો વિજય, કુબેર, હારિતી વગેરેનાં આલેખનો છે. પ્લુટ કી ઢેરીના સ્થળેથી એક સ્તૂપમાંથી પ્રાપ્ત અસ્થિપાત્ર પરના ઢાંકણા

ઉપર ઇન્દ્ર અને બ્રહ્માની વચ્ચે બુદ્ધનું શિલ્પ છે. પાંચમા સૈકામાં આ શૈલીનો અંત આવ્યો.

કુષાણકાલીન મથુરા પણ ગાંધારની માફક મૂર્તિકલાનું કેન્દ્ર હતું. કલાની દૃષ્ટિએ કુષાણકાળ એ મથુરાકલાનો સુવર્ણકાળ ગણાય છે. ગાંધાર-શૈલી પર ગ્રીક કલાની સ્પષ્ટ અસર જણાય છે; જ્યારે મથુરાશૈલી સંપૂર્ણ ભારતીય છે. તેના પર સહેજ પણ વિદેશી અસર જણાતી નથી. ગાંધારશૈલીમાં મોટે ભાગે બૌદ્ધ ધર્મને લગતાં શિલ્પો ઘડાયાં છે, જ્યારે મથુરાશૈલીમાં બૌદ્ધ-જૈન અને બ્રાહ્મણ ધર્મનાં શિલ્પો ઘડાયાં છે. મથુરાકલાની વિશેષ મહત્તા બુદ્ધની મૂર્તિના નિર્માણમાં રહેલી છે.

બુદ્ધની મૂર્તિ બનાવવાની શરૂઆત કુષાણકાળમાં લગભગ પહેલી સદીથી થઈ. એની અગાઉ શુંગકાળમાં બુદ્ધની રજૂઆત પ્રતીકો દ્વારા કરવામાં આવતી હતી. બુદ્ધની મૂર્તિ સૌપ્રથમ ગાંધાર કે મથુરાશૈલીમાં ઘડવામાં આવી એ ચર્ચાનો વિષય છે. મથુરાની આસપાસ ભાગવત સંપ્રદાયનો પ્રસાર હતો અને તેમાં વાસુદેવની પૂજા થતી હતી. આથી લોકમાનસને પારખીને બૌદ્ધ ધર્મમાં પણ મૂર્તિપૂજા દાખલ થઈ હશે અને બુદ્ધની મૂર્તિનું નિર્માણ કરવામાં આવ્યું હશે. બુદ્ધની પ્રતીકપૂજાને માનુષ સ્વરૂપની પૂજામાં ફેરવી નાખવાનું કાર્ય મથુરાના કલાકારોએ કુશળતાથી પાર પાડ્યું. બુદ્ધ-પ્રતિમા એ મથુરાના શિલ્પીઓનું મૂળભૂત પ્રદાન જણાય છે. કલાવિવેચક ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ જણાવે છે કે 'મથુરાની કલામાં શ્રી અને સૌંદર્ય છે તો ગાંધાર-કલામાં તેનો સદંતર અભાવ છે. વિવિધતા, મૌલિકતા અને રૂપવિધાનની દૃષ્ટિએ મથુરા એ કુબેરનો ધનભંડાર છે તો ગાંધાર રંકની મૂડી છે.' મથુરાની બધી મૂર્તિઓ સફેદ છાંટવાળા લાલ રવાદાર પથ્થરમાંથી બનાવેલી હતી. મૂર્તિઓની બનાવટમાં આંતરિક ભાવોની અભિવ્યક્તિ પર ભાર મુકાયો છે. મથુરામાંથી પ્રાપ્ત બૌદ્ધ મૂર્તિઓ બે પ્રકારની છે – ઊભી મૂર્તિઓ અને પદ્માસનસ્થ મૂર્તિઓ. ગૌતમ બુદ્ધ ઉપરાંત અન્ય બુદ્ધો અને બોધિસત્વોની મૂર્તિઓ પણ



બુદ્ધ, મથુરા

મળી છે. સાત માનુષી બુદ્ધો પૈકી કશ્યપ બુદ્ધની ખંડિત પ્રતિમા મળી છે. ભવિષ્યમાં થનારા આઠમા બુદ્ધ મૈત્રેયની પ્રતિમા પણ પ્રાપ્ત થઈ છે. કટરા અને અન્યોરમાંથી પ્રાપ્ત પદ્માસનસ્થ બુદ્ધની પ્રતિમાઓ કુષાણકાલીન મથુરાશૈલીના ઉત્તમ નમૂના છે. મથુરામાંથી બે બૌદ્ધ સ્તૂપના અવશેષ ઉપલબ્ધ થયા છે. સ્તૂપની વેદિકાની સ્તંભો અને સૂચિઓ પર બુદ્ધના જીવનના કેટલાક પ્રસંગો, જાતકકથાઓ, શાલભંજિકા ઉપરાંત મહાભારતના કેટલાક કથા-પ્રસંગો કંડારવામાં આવ્યા છે. જૈન શિલ્પોમાં તીર્થંકરોની પ્રતિમાઓ અને આયાગપટ્ટો નોંધપાત્ર છે. તીર્થંકરોની પ્રતિમાઓ કાઉસગ્ગ મુદ્રામાં ઊભેલી તો ક્યારેક પદ્માસનમાં બેઠેલી જોવા મળે છે. તીર્થંકરોની પ્રતિમા પર લાંછન જોવા મળતાં નથી. છાતી પર શ્રીવત્સનું ચિહન અને મસ્તકની પાછળ પ્રભામંડળ કરેલું છે. ઋષભદેવ, સુપાર્શ્વનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીની પ્રતિમાઓ મળી છે. આયાગપટ્ટ એટલે પૂજા માટે સ્થાપેલો શિલ્પપટ્ટ. ગોળ કે ચોરસ પથ્થરની તકતીમાં કેન્દ્રસ્થાને તીર્થંકરની આકૃતિ અને તેને ફરતાં માંગલિક ચિહનો આયાગપટ્ટમાં કંડારવામાં આવે છે. આયાગ-પટ્ટો સ્તૂપના પ્રાંગણમાં ઊંચી પીઠ પર સ્થાપવામાં આવતાં. મથુરામાંથી જૈનોના બે સ્તૂપ મળી આવ્યા છે. સ્તૂપની ચારેય બાજુ તીર્થંકરોની મૂર્તિઓ ચોડેલી હતી. તીર્થંકરોની પ્રતિમાઓ અને આયાગપટ્ટો ઉપરાંત આર્યાવતી અને સરસ્વતી દેવીની તેમજ નૈગમેષ દેવની પ્રતિમા (પટ્ટમાં) પણ મળી છે. નૈગમેષ બાલજન્મના અધિષ્ઠાતા દેવ મનાય છે. બ્રાહ્મણ ધર્મની પ્રતિમાઓમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવ, બલરામ, અર્ધનારીશ્વર, શિવ-પાર્વ-તી, કાર્તિકેય, ગણપતિ, સૂર્ય, ઇન્દ્ર, કામદેવ, કુબેર, ગરુડ, સરસ્વતી, લક્ષ્મી, સિંહવા-હિની દુર્ગા, મહિષાસુરમર્દિની, સપ્તમાતૃકાઓ વગેરે ઉલ્લેખનીય છે. કુષાણકાળમાં કૃષ્ણલીલાનું આલેખન કરતાં કેટલાંક શિલ્પપટ્ટો મળ્યાં છે. સાદા શિવલિંગ ઉપરાંત એકમુખ અને પંચમુખ લિંગ પણ પ્રાપ્ત થયાં છે. મથુરામાંથી બિનધાર્મિક શિલ્પો પણ મળ્યાં છે. ખાસ કરીને સ્તૂપોની વેદિકાના સ્તંભો પર લાવણ્યમય નારીશિલ્પો કંડારેલાં છે; જેમ કે, પુષ્પ ચૂંટતી, કન્દકક્રીડારત, સ્નાન કરતી, સદ્યસ્નાતા, કેશગુંફન કરતી, શૃંગાર સજતી, વાદ્ય વગાડતી અને નૃત્ય કરતી રમણીઓ; શૂક-કન્યા વગેરે.

દખ્ખણમાં મહારાષ્ટ્રમાં આવેલા ભાજા, કોન્ડાને, અજંટા (ગુફા નં. 9), પિત્તલ ખોરા, નાસિક, જૂન્નર, બેડસા, કાર્લા અને કણ્હેરીનાં સ્થળોએ આવેલી બૌદ્ધ ધર્મની ગુફાઓમાં શિલ્પો કંડારેલાં છે. આ શિલ્પો વિશેષ કરીને સુશોભન પ્રકારનાં છે. મા-નવમુખ અને પશુદેહનું મિશ્રિત સ્વરૂપ પ્રગટાવતાં 'વ્યાલ'-શિલ્પો પણ છે. જૂન્નરની ગુફામાં શ્રીલક્ષ્મીની એક સુંદર મૂર્તિ છે.

દક્ષિણ ભારતમાં આંધ્ર (સાતવાહન) તથા ઇક્ષ્વાકુ રાજાઓના શાસન દરમિયાન કૃષ્ણા અને ગોદાવરી વચ્ચેના પ્રદેશમાં અનેક બૌદ્ધ સ્તૂપો બંધાયા. તેમાં અમરાવતી અને નાગાર્જુન કોંડાના સ્તૂપો જાણીતા છે. આ બંને સ્તૂપો હયાત નથી. જુદાં જુદાં સંગ્રહાલયોમાં તેમના અવશેષો સચવાયેલા છે. એમની શિલ્પશૈલી 'વેંગી શૈલી' તરીકે પ્રસિદ્ધ છે. ભારતીય શિલ્પશૈલી એના શુદ્ધ સ્વરૂપે અહીં જોવા મળે છે. આ શૈલીનાં


શિલ્પોનો વિષય બૌદ્ધ ધર્મનો છે; આમ છતાં સાંસારિક પરિસ્થિતિઓનું પણ આલેખન થયું છે. અમરાવતીનાં શિલ્પો ઈ. સ. પૂ. 2જી સદીથી ઈ. સ.ની 3જી સદી સુધીનાં છે. તેનાં આરંભકાલીન શિલ્પોની કોતરકામની શૈલી અને વેશભૂષા ભરહૂતનાં શિલ્પોને મળતી આવે છે. શિલાપટ્ટો પર બુદ્ધની જીવનઘટનાઓ આલેખાઈ છે. સ્તૂપ-પટ્ટ, ચક્ર--પટ્ટ, સ્વસ્તિક-પટ્ટ, પૂર્ણઘટ-પટ્ટ, ત્રિરત્ન-પટ્ટ વગેરે શિલાપટ્ટો મળ્યાં છે. પાદુકા-પટ્ટનો વિશેષ ઉપયોગ થયો છે. અહીંનાં શિલ્પોમાં સહસ્ર કે શતસહસ્ર દલોની કમલમાલાનું આલેખન વધુ જોવા મળે છે. અમરાવતીનાં શિલ્પોની પ્રશંસા કરતાં કુમારસ્વામી જણાવે છે કે, 'એ ભારતીય શિલ્પનું મધુર અને માર્દવભર્યું પુષ્પ છે.' નાગાર્જુનકોંડાનાં શિલ્પો ત્યાંના સરકારી મ્યુઝિયમમાં રાખવામાં આવ્યાં છે. બોધિસત્વને પૃથ્વી પર જન્મ ધારણ કરવા પ્રાર્થના કરતા દેવો, શ્વેત હાથીના રૂપમાં બુદ્ધનું અવતરણ, માયાદેવીના સ્વપ્નનું કથન, બુદ્ધ-જન્મ, બુદ્ધનું ભવિષ્ય-કથન કરતા અસિત, મહાભિનિષ્ક્રમણ, મારઘર્ષણ, સંબોધિ-પ્રાપ્તિ, ધર્મચક્રપ્રવર્તન પૂર્વેનું બુદ્ધનું મંથન, પ્રથમ ધર્મોપદેશ, નીલગિરિ હાથીને વશ કરવો, દીપંકરની બુદ્ધ-પૂજા, ઉપાલિની ધર્મદીક્ષા, નંદ સાથે બુદ્ધનું સ્વર્ગગમન, શિબિજાતક, દશરથજાતક, માંધાતાજાતક વગેરેનું આલેખન કરવામાં આવ્યું છે.

ગુપ્તકલા (ઈ. સ. 350થી ઈ. સ. 550) ભારતીય શિલ્પકલાના ઇતિહાસમાં એક નવી ભાત પાડે છે. લાવણ્ય અને સપ્રમાણતા ગુપ્તકલાનાં વિશિષ્ટ લક્ષણો છે. ગુપ્ત શાસન દરમિયાન ઉદભવેલી અને પ્રસાર પામેલી મૂર્તિકલામાં માધુર્ય જોવા મળે છે. આ સમયની મૂર્તિકલામાં મનુષ્યના આકારનું સ્વરૂપ સ્થાપિત થયું તેમજ શરીરનાં અંગ-ઉપાંગોનાં સૌંદર્યને રજૂ કરવા પ્રાણીઓ, પક્ષીઓ કે પ્રાકૃતિક પદાર્થોની કલ્પના કરવામાં આવી; જેમ કે, પાન કે ઈંડાં આકારે મુખાકૃતિ, ધનુષ્યાકારે કપાળ, મત્સ્ય, ખંજન પક્ષી, હરણ-નેત્ર, પદ્મના આકારે આંખ, શુકનાસિકાકારે નાક વગેરે. મૂર્તિવિ-ધાનને લગતા ચોક્કસ નિયમો આ સમય દરમિયાન ઘડાયા તેથી પ્રતિમાઓ સપ્રમાણ બની, 'તાલ' પ્રમાણે બની. મૂર્તિઓમાં મુદ્રાઓ, આસનો અને ભંગિઓને પ્રાધાન્ય અપાયું. ગુપ્ત-શિલ્પો રૂપપ્રધાનની સાથે ભાવપ્રધાન પણ છે. રૂપ અને ભાવનો આવો ઉત્તમ સમન્વય ભાગ્યે જ બીજે જોવા મળે. આ શિલ્પો ચુનારની ખાણના સફેદ રેતિયા પથ્થરમાંથી બનાવેલાં છે. ગુપ્ત મૂર્તિકલા કોઈ એક સંપ્રદાયને કેન્દ્રમાં રાખીને ચાલી નથી; પરંતુ અનેક સંપ્રદાયોમાં પ્રસરી છે. સારનાથ અને મથુરા તેનાં મુખ્ય કેન્દ્રો હતાં. સારનાથની આ સમયની મૂર્તિઓ બહુધા બૌદ્ધ ધર્મની છે. તેમાં બુદ્ધની ભૂમિ-સ્પર્શ અને ધર્મચક્ર-પ્રવર્તનમુદ્રા ધરાવતી પ્રતિમાઓ મુખ્ય છે. સારનાથની બીજા પ્રકારની બુદ્ધની મૂર્તિ ગુપ્તકલાનો અદ્વિતીય નમૂનો છે. આ મૂર્તિમાં રસ, અંગોની ભાવભંગિ, રૂપ, ઔચિત્ય વગેરે ઉત્તમ રીતે રજૂ થયાં છે. સારનાથમાંથી બુદ્ધના જીવનની ઘટનાઓને રજૂ કરતાં પ્રસ્તર-ફલકો, અવલોકિતેશ્વર, મૈત્રેય, મંજુશ્રી જેવાં બોધિસત્વોની મૂર્તિઓ પણ મળી આવી છે. મથુરામાંથી પ્રાપ્ત બુદ્ધની પ્રતિમાના મુખ પર આધ્યાત્મિક ભાવ અને કરુણા જણાય છે. બુદ્ધે ધારણ કરેલા વસ્ત્રની કરચલીઓ અને મસ્તક પાછળનું

પ્રભામંડળ કલાપૂર્ણ છે. હાલ આ પ્રતિમા મથુરાના સંગ્રહાલયમાં છે. ભાગલપુર જિલ્લાના સુલતાનગંજમાંથી મળેલી બુદ્ધની ધાતુપ્રતિમા તત્કાલીન ધાતુપ્રતિમાનો શ્રેષ્ઠ નમૂનો છે. ગુપ્ત શિલ્પકલા જૈન અને બ્રાહ્મણ ધર્મમાં પણ પ્રસરી હતી. મથુરાની મહાવીરસ્વામીની પદ્માસનસ્થ પ્રતિમા ઉલ્લેખનીય છે. બ્રાહ્મણધર્મની પ્રતિમાઓમાં નૃવરાહ (ઉદયગિરિ, મધ્યપ્રદેશ), ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ (કાશી), શેષશાયી વિષ્ણુ, નર-નારાયણ, ગજેન્દ્રમોક્ષ (ત્રણેય દેવગઢ), વિશ્વરૂપ વિષ્ણુ (ગઢવા), રાધાકૃષ્ણ (પહાડપુર), એકમુખી લિંગો (ખોહ અને ભૂમરા), અષ્ટમુખી લિંગ (મંદસોર) અને લકુલીશ(મથુરા) ની પ્રતિમાઓ નોંધપાત્ર છે. મધ્યપ્રદેશમાં આવેલી બાઘની ગુફાઓમાંનાં શિલ્પો આ કાળનાં છે. ગુજરાતમાં શામળાજીમાંથી ઉપલબ્ધ વીરભદ્રની પ્રતિમા ક્ષત્રપકાળ અને મૈત્રકકાળની શિલ્પકળાને જોડતી કડી છે.

ગુપ્તકાળ પછી ઈ. સ. 600થી 900 સુધીના સમયને પૂર્વ મધ્યકાળ (early medieval period) તરીકે ઓળખવામાં આવે છે. આ કાળ દરમિયાન ભારતીય શિલ્પકલાનાં ત્રણ કેન્દ્રો જાણીતાં હતાં - ઇલોરા, એલિફન્ટા (મુંબઈ પાસે) અને મહાબલિપુરમ્ (તમિળનાડુ). ઇલોરાની કુલ 34 ગુફાઓ પૈકી 1થી 12 બૌદ્ધ ધર્મની (ઈ. સ. 600–750). 13થી 29 બ્રાહ્મણધર્મની (ઈ. સ.ની 8મી સદી) અને 30થી 34 જૈન ધર્મની (8મીથી 10મી સદી) છે. ગુફા નં. 2ની મુખ્ય પ્રતિમા સિંહાસનોપવિષ્ટ ભગવાન બુદ્ધની છે. બુદ્ધના મુખ પર દયાનું દૈવી સ્મિત ફરકી રહ્યું છે. તીનથલ તરીકે ઓળખાતી 12 નં.ની ગુફાના રંગમંડપમાં 103 જેટલી મૂર્તિઓ છે. બ્રાહ્મણધર્મની ગુફાઓ પૈકી ગુફા નં. 16 મૂર્તિકલાની દૃષ્ટિએ અગ્રગણ્ય છે. કૈલાસ નામે ઓળખાતી આ ગુફામાં મૂર્તિકલાના આદર્શ નમૂનાઓ નજરે પડે છે. 42 જેટલાં પૌરાણિક દશ્યો તેમાં કંડારવામાં આવ્યાં છે. આ દશ્યો તાદશ અને નાટ્યાત્મક જોમ તથા ભાવને પ્રકટાવે છે. કૈલાસ એ માનવકલાનું સર્વોચ્ચ સર્જન ગણાય છે. તેની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણની દીવાલ પર શિલ્પો કંડારેલાં છે. આમાં અન્નપૂર્ણા, ગરુડારૂઢ વિષ્ણુ, વામનરૂપ વિષ્ણુ, ગોવર્ધનધારી વિષ્ણુ, નૃસિંહ--અવતાર, અર્ધનારીશ્વર, કાલિયદમન, ભૈરવ રૂપે શિવ, સિદ્ધયોગી શિવ, મહાદેવ, હંસારૂઢ બ્રહ્મા, નંદી સાથે શિવ, ગંગાધર, લિંગદર્શન, સદાશિવ, વીરભદ્ર, શિવ-પાર્વતીનાં લગ્ન, ચોપાટ રમતાં શિવ-પાર્વતી, કૈલાસોદ્ધરણ વગેરે શિલ્પો ઉલ્લેખનીય છે. જૈન ગુફાઓમાંથી ગુફા નં. 32 શિલ્પની દૃષ્ટિએ ચડિયાતી છે. તેમાં પાર્શ્વનાથ, ગોમટેશ્વર બાહુબલી, માતંગ યક્ષ, સિદ્ધાયિકા યક્ષિણીની મૂર્તિઓ કંડારેલી છે. એલિફન્ટાની ત્રિમુખ ધરાવતી મહેશ્વરની પ્રકાંડકાય મૂર્તિ જગવિખ્યાત છે. આ મૂર્તિમાં શિવનાં વિધાયક, પાલક અને સંહારક ત્રણેય સ્વરૂપોને તાદશ કરવામાં કલાકારોએ ભારે પુરુષાર્થ કર્યો છે. આ સિવાય અહીં શિવતાંડવ, યોગીરાજ શિવ, અર્ધનારીશ્વર, ભૈરવ, શિવ-પાર્વતીનાં લગ્ન વગેરેને લગતી ભાવવાહી મૂર્તિઓ કોતરવામાં આવી છે. આ સમયનું ત્રીજું મૂર્તિકલાનું કેન્દ્ર દક્ષિણમાં દરિયાકિનારે આવેલ મહાબલિપુરમના સાત શૈલોત્કીર્ણ રથો (મંદિરો) છે. આ રથો પૈકી આદિવરાહ રથમાં રાજા મહેન્દ્ર વર્મા તથા તેની રાણી

અને ધર્મરાજ રથમાંની નૃસિંહવર્માની પ્રતિમાઓ આવેલી છે. મહિષમંડપમાં શેષશાયી વિષ્ણુ અને મહિષાસુરમર્દિનીની પ્રતિમાઓ છે. અહીંની શિલ્પકલામાંથી સૌથી આકર્ષક રૂપ ગંગાવતરણનું દશ્ય છે. તપસ્યામાં પૂર્ણલીન ભગીરથની ભાવવાહી પ્રતિમાની સાથે સારુંયે જગત દિવ્ય તેમજ પાર્થિવ-પશુઓ સુધ્ધાં – તપમાં લીન દર્શાવ્યાં છે. અર્જુનના તપનું દશ્ય પણ સુંદર રીતે કંડારેલું છે.



અર્જુનનું તપ, મહાબલિપુરમ્

ઈ. સ. 900થી 1300નો કાળ ઉત્તર મધ્યકાળ તરીકે ઓળખાય છે. આ સમયનાં શિલ્પોમાં કલાનું ઓજસ ઝાંખું પડતું જણાય છે. આ સમયની શિલ્પકલાને પ્રાદેશિક ધોરણે છ વિભાગમાં વહેંચી શકાય :

(1) ઓરિસા વિભાગ : ભુવનેશ્વર, કોણાર્ક અને જગન્નાથપુરીનાં મંદિરોમાં કંડારેલાં શિલ્પોનો આમાં સમાવેશ થાય છે. આમાં નાગકન્યાઓ, નૃત્યાંગનાઓ, નાયિકાઓ, માતૃવત્સલ પ્રગટ કરતી મૂર્તિઓ તથા મિથુન મૂર્તિઓ લાલિત્યપૂર્ણ છે. કોણાર્કનું સૂર્યમંદિર પૂર્વી ગંગ શિલ્પકલાનું સર્વોત્તમ શિખર ગણાય છે.

(2) બિહાર-બંગાળ, ઉત્તરપ્રદેશ વિભાગ : આ શૈલીનાં શિલ્પો બુદ્ધગયા, રાજગૃહ, ચંપા, રાજશાહી, દિનાજપુર, ઢાકા, સિલહટ વગેરે સ્થળોએથી પ્રાપ્ત થયાં છે. બિહાર-બંગાળની આ સમયની મૂર્તિઓ મોટે ભાગે બૌદ્ધ ધર્મ સાથે સંબંધ ધરાવે છે અને તે પાલ રાજાઓના આશ્રયે બનેલી છે. ઉત્તરપ્રદેશમાં પણ આ સમય દરમિયાન એક વિશિષ્ટ શિલ્પશૈલી વિકસી હતી.

(3) બુંદેલખંડ વિભાગ : ખજૂરાહોનાં મંદિરોમાં શિલ્પોનો આમાં સમાવેશ થાય છે. આ મંદિરસમૂહને અલંકૃત કરતી મૂર્તિઓમાં કામશાસ્ત્ર સંબંધી કેટલીક મૂર્તિઓ અત્યંત ભાવપૂર્ણ અને આકર્ષક છે. આ પ્રકારનાં શિલ્પો પર તત્કાલીન તાંત્રિક વિદ્યાની અસર પડેલી જણાય છે. શૃંગાર-કન્યાઓ અને વિવિધ પ્રકારની નાયિકાઓનાં શિલ્પો પણ નયનરમ્ય છે. બૌદ્ધ, હિંદુ અને જૈન ધર્મને લગતી કલાકૃતિઓ મહોબાની આસ-પાસના પ્રદેશોમાંથી મળી છે.

(4) મધ્ય ભારત : ધારના પરમાર રાજાઓએ બંધાવેલાં માળવાનાં મંદિરો તથા કલચૂરિઓએ બંધાવેલાં મંદિરોનાં શિલ્પોનો આ વિભાગમાં સમાવેશ થાય છે. ભોજદેવે ધારાનગરીના સરસ્વતીમંદિરનાં મુખ્ય ખંડમાં સ્થાપેલી સરસ્વતીની મૂર્તિ માળવાની શૈલીનો ઉત્તમ નમૂનો છે. માળવાનાં શિલ્પો પર ખજૂરાહો અને ગુજરાતનાં શિલ્પોની અસર જણાય છે.

(5) ગુજરાત–રાજસ્થાન : આ પ્રદેશમાં ચૌહાણ, રાઠોડ, સોલંકી, વાઘેલા વગેરે વંશના રાજાઓએ અનેક મંદિરો બંધાવ્યાં હતાં. આ મંદિરો કદમાં નાજુક હોવા છતાં તેમનો શિલ્પ-વૈભવ કોઈ પણ રીતે ઊતરે એવો નથી. આબુ, કિરાડુ, ચંદ્રાવતી, નાડોલ, સાદડી, રાણકપુર, બિકાનેર, સોમનાથ, મોઢેરા, સિદ્ધપુર, ગળતેશ્વર, ઘૂમલી, ગિરનાર, વડનગર, કપડવંજ, ઝિંઝુવાડા વગેરે સ્થળોએ ઉત્કૃષ્ટ કોટિનાં શિલ્પો અંકિત થયેલાં છે. આ પ્રદેશની શિલ્પશૈલી 'મારુ-ગુર્જર શૈલી' તરીકે ઓળખાવા લાગી છે. મોઢેરાના સૂર્યમંદિરમાં નૃત્યરત દેવાંગનાઓ, દેવો, પ્રસંગકથાઓ, મિથુનો તેમજ સુશોભનાત્મક શિલ્પોનું આલેખન વિગતપૂર્ણ અને આકર્ષક છે. આબુના વિમલવસહિ મંદિરની વિતાનોની બારીક કોતરણી અદભુત છે; જ્યારે લૂણવસહિ ભારતનો અમૂલ્ય કલાનિધિ ગણાય છે. જગતની મહાન અજાયબીઓમાં આ બંને મંદિરોની કોતરણીની ગણના થાય છે. બિકાનેરમાંથી મળેલ જૈન દૈવી સરસ્વતીની મૂર્તિ બારમી સદીની પશ્ચિમ ભારતીય કલાનો સુંદર નમૂનો ગણાય છે.



બાહુબલિ, ગોમટેશ્વર

(6) તામિલનાડુ વિભાગ : ચોળ, પાંડ્ય અને હોયસળ રાજ્યકાળ દરમિયાન બંધાયેલાં મંદિરો અને નિર્માણ પામેલાં શિલ્પો ઉત્કૃષ્ટ કોટિનાં છે. તાંજોરના રાજ-રાજેશ્વર મંદિરનું તથા ચિદંબરમ્ અને મદુરાનાં મંદિરોના સ્તંભો પરનું નકશીકામ પ્રશંસનીય અને કલ્પનાપ્રચુર છે. આ સ્તંભો પરની પૂરા મનુષ્યકદની બારીક કોતરણીવાળી, લાવણ્યમય અને ભાવમય મૂર્તિઓ દર્શનીય છે. કર્ણાટકના હલેબીડના હોયસલેશ્વર તથા સોમનાથપુરમનાં મંદિરોની મૂર્તિકલામાં સમસ્ત હિંદુ દેવ-દેવીઓનાં પૌરાણિક કથાઓનાં દશ્યો અંકિત કર્યાં છે. શ્રવણ બેલગોડાની એક જ પથ્થરમાંથી કંડારેલી ગોમટેશ્વરની 16.5 મીટર ઊંચી ભવ્ય પ્રતિમા નોંધપાત્ર છે.

## 2. સ્થાપત્ય

ભારતીય સ્થાપત્યના પ્રાચીનતમ અવશેષો સિંધુખીણની સંસ્કૃતિના હડપ્પા અને મોહેં-જો-દડોના નગરમાંથી પ્રાપ્ત થયા છે. હડપ્પામાંથી કોઠાર અને કિલ્લાના અવશેષો મળ્યા છે. કોઠારમાં બે સમાંતર ખંડ હતા. દરેક ખંડ 45 મીટર લાંબો અને 23.5 મીટર પહોળો છે. દરેક ખંડની અંદર 5.25 મી. પહોળા છ છ ઓરડા છે. મહેસૂલ તરીકે અનાજ લેવાની પ્રથા હતી ત્યારે આવા વિશાળ કોઠાર બાંધવામાં આવતા. કિલ્લો ઉત્તર-દક્ષિણ 360 મીટર અને પૂર્વ-પશ્ચિમ 180 મીટર લંબચોરસ આકારનો કાચી ઈંટોનો બનેલો છે. મોહેં-જો-દડોમાંથી મળી આવેલી ઇમારતોમાં સ્નાનાગાર મહત્વનું છે. એનો વચલો કુંડ 12 મીટર લાંબો, 7 મીટર પહોળો અને 2 મીટર ઊંડો છે. મોહેં-જો-દડોની નગરરચના ઉત્તમ પ્રકારની હતી. પૂર્વયોજના અનુસાર આ નગરનું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ગો, શેરીઓ, ગલીઓ અને પાણીના નિકાલ માટેની નીકોનું વ્યવસ્થિત સંકલન થયેલું છે. તેના માર્ગો તદ્દન સીધી લીટીમાં જાય છે અને એકબીજાને બરાબર કાટખૂણે છેદે છે. મકાનો સીધી હરોળમાં જ બાંધવામાં આવતાં અને તેમનાં પ્રવેશદ્વાર ગલીઓ તરફ રાખવામાં આવતાં. લંબચોરસ, અંગ્રેજી L આકારની તેમજ એક છેડે પહોળી અને બીજા છેડે સાંકડી એમ ત્રણ આકારની ઈંટો મળી આવી છે. લંબચોરસ ઈંટોનું પ્રમાણ 4 : 2 : 1 હતું. ઈંટો વડે બાંધેલી સીડીના અવશેષો પ્રાપ્ત થયા છે. તે પરથી અનુમાન થઈ શકે કે બે મજલાવાળાં મકાન પણ બાંધવામાં આવતાં હશે. લગભગ દરેક મોટા મકાનમાં કૂવા કે કૂઈની સગવડ જણાઈ આવે છે. મકાનની અંદરના ખંડમાં કૂવા ખોદવામાં આવતા. આ જ પ્રમાણે લગભગ દરેક મકાનમાં બાથ-રૂમની સગવડ છે. કેટલાંક મકાનોમાં બાથરૂમની સાથે સંડાસની સગવડ પણ જોવામાં આવે છે. બંને નગરોના નાના-મોટા રસ્તામાં સળંગ મોરી કે નીકની પદ્ધતિ જોવામાં આવે છે. અહીંના જેવી સંગીન નીકપદ્ધતિ આ સમયનાં બીજાં શહેરોમાં ભાગ્યે જ જોવા મળે છે. નીકના પાણીનો કચરો ખાળકૂંડીમાં જમા થતો. જ્યાં ખાળકૂંડી અને મોરીની

વ્યવસ્થા ન હતી તેવા લત્તાઓમાં જમીનમાં મોટાં માટલાં દાટવામાં આવતાં. માટલાંના તળિયે કાણું રાખવામાં આવતું જ્યાંથી પાણી જમીનમાં ઊતરી જતું. આમ બાંધણીની દૃષ્ટિએ બંને નગરો ચોક્કસ પ્રકારની યોજનાને અનુસરતાં જણાય છે.


આ સંસ્કૃતિ ધરાવતાં અન્ય કેન્દ્રો ગુજરાતમાં રંગપુર, રોઝડી, લોથલ, નખત્રાણા, સૂરકોટડા, પાબુમઠ, ધોળાવીરા, કુંતાસી; રાજસ્થાનમાં કાલિબંગા, નર્મદા કાંઠે નાવડાતોડી; પંજાબમાં રૂપરમાંથી પણ સ્થાપત્યકીય અવશેષો પ્રાપ્ત થયા છે. લોથલમાંથી પ્રાપ્ત ઈંટેરી બાંધકામવાળો વહાણ લાંગરવાનો ધક્કો ઉલ્લેખનીય છે જ્યારે ધોળાવીરાની કિલ્લેબંધી, પાણીના નિકાલની વ્યવસ્થા, વિશાળ કૂવો વગેરે ધ્યાનાકર્ષક છે.

ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, મહાભારત, રામાયણ, મનુસ્મૃતિ, ગૃહ્યસૂત્રો, પાલિ જાતકકથાઓ, આગમગ્રંથો અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વાસ્તુવિષયક જે વિવિધ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તે બધા વાસ્તુનાં વિકસિત સ્વરૂપોનાં વિવરણો પૂરાં પાડે છે; પરંતુ તે સમયના સ્થાપત્યના કોઈ પુરાવશેષો પ્રાપ્ત થયા નથી. ઋગ્વેદમાં ગૃહ કે શાળાને લગતા લગભગ ત્રીસ શબ્દો છે. તેમાં પુરો અથવા નગરોના અનેક ઉલ્લેખ છે. શંબર નામના અસુરના 99 પુરોનો ઇન્દ્રે નાશ કર્યો હતો. વરુણના ભવનને એક હજાર દ્વાર અને સ્તંભ હોવાનું જણાયું છે. ઋગ્વેદ અને બ્રાહ્મણગ્રંથોમાં વાસ્તુવિદ્યા એક સ્વતંત્ર વિદ્યા હોવાનાં કોઈ સ્પષ્ટ સૂચનો મળતાં નથી, પણ સૂત્રગ્રંથોમાં વાસ્તુવિદ્યાને લગતા વ્યવસ્થિત સ્વતંત્ર ખંડો આપણને સર્વપ્રથમ જોવા મળે છે. રામાયણમાં વાસ્તુવિદ્યા વિશે ઘણી માહિતી આપવામાં આવી છે. નગરરચનામાં અગત્યનો ભાગ ભજવતા દુર્ગો ઉપરાંત ગોપુરો (પુરદ્વારો) તથા અટ્ટાલકો(બુરજો)ના ઉલ્લેખો અયોધ્યા, કિષ્કિન્ધા અને લંકાનાં વર્ણનોમાં વારંવાર આવે છે. મહાભારતના શાંતિપર્વમાં વિવિધ પ્રકારના દુર્ગોની રચના વિશેની માહિતી મળે છે. વિવિધ પ્રકારનાં ભવનોના વર્ગની સૂચિ પણ મહાભારતે આપી છે. ધાર્મિક વાસ્તુમાં યૂપ, યજ્ઞવેદી, ચૈત્ય અને દેવાયતન(મંદિર)ના ઉલ્લેખો મહાભારતમાં વારંવાર આવે છે. જાતકકથાઓમાં દેવમંદિરોને ‘દેવકુલ’ કે ‘ચૈત્ય’ તરીકે ઓળખાવ્યાં છે. તે સમયે ભવનનિર્માણ માટે ઘણું કરીને કાષ્ઠનો ઉપયોગ થતો હશે એમ જાતકકથાઓમાં વર્ણિત ઘર બાંધવાની કલા દ્વારા જાણવા મળે છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વાસ્તુવિદ્યાને લગતાં અનેક પ્રકરણો આવેલાં છે. ગ્રામ અને નગરની રચનાની વિપુલ માહિતી આપેલી છે. નગરનિર્માણમાં સ્વાસ્થ્યરક્ષા(sanitation)ના નિયમો પર તેણે ખાસ ભાર મૂક્યો છે. મત્સ્યપુરાણ, અગ્નિપુરાણ, ગરુડપુરાણ, દેવીપુરાણ, ભવિષ્યપુરાણ જેવાં પુરાણોમાં, વૈખાનસાગમ, કામિકાગમ, સૂત્રભેદાગમ જેવા આગમ ગ્રંથોમાં તેમજ હયશીર્ષપંચરાત્ર, પ્રહલાદતંત્ર, ગર્ગતંત્ર, વિશ્વતંત્ર, તંત્રસમુચ્ચય વગેરે તંત્રગ્રંથોમાં પણ વાસ્તુવિષયક માહિતી આપવામાં આવી છે.



ઇલોરાની ગુફાઓ


ભારતમાં સૌથી પ્રાચીન ધાર્મિક સ્થાપત્ય બૌદ્ધોનું પ્રાપ્ત થયું છે. બૌદ્ધ ધર્મના આશ્રયે સ્તૂપ, ચૈત્ય અને વિહાર પ્રકારનાં સ્થાપત્યનો વિકાસ થયો. સાંચી, ભરહૂત, સારનાથ, અમરાવતી, નાગાર્જુનકોંડા, તખ્તેબહાઈ, તક્ષશિલા, દેવની મોરી વગેરે સ્થળોએ આવેલા સ્તૂપો જાણીતા છે. ભગવાન બુદ્ધ કે તેમના અનુયાયી શિષ્યો કે બૌદ્ધ ધર્મના આગળ પડતા ધર્મોપદેશકોના શારીરિક અવશેષોને ધાતુપાત્રમાં સંગ્રહી, પાત્રને જમીનમાં દાટીને તેની પર અંડાકાર બાંધકામ કરવામાં આવતું. આ ઇમારતને સ્તૂપ કહે છે. સૌથી પ્રાચીન સ્તૂપો પીપરાવા (ઉત્તરપ્રદેશ) અને લોરિયા(બિહાર)માંથી મળી આવ્યા છે. પૂર્વ મૌર્યકાલીન આ સ્તૂપોનો સમય ઈ. સ. પૂ. લગભગ 400નો છે. સૌથી પ્રસિદ્ધ સ્તૂપ સાંચીનો છે. અસલ સ્તૂપ મૌર્યકાલીન છે જ્યારે તેનું વર્તમાન સ્વરૂપ શુંગકાલીન છે. તેને ફરતે આવેલ પથ્થરનો કઠેડો (railing) અને તેમાં ચારે દિશાએ આવેલા પ્રવેશદ્વાર (તોરણ) તેની શોભામાં વધારો કરે છે. ભાજા, કાર્લા, કન્હેરી, જુન્નર બેડસા, નાસિક, કોન્ડાને, પિત્તલખોરા, અજંટા (ગુફા નં. 9, 10, 19 અને 26), ઇલોરા (ગુફા નં. 2, 10 અને 12) વગેરે સ્થળોએ ચૈત્યગૃહો આવેલાં છે. ભાજાનું ચૈત્યગૃહ સૌથી પ્રાચીન છે. આ સર્વમાં કાર્લાનું ચૈત્યગૃહ ઉત્તમ છે. તે 37.3 મી. લાંબું, 8મી. પહોળું અને 14.3 મી. ઊંચું છે. તેના સભાભવનવાળો ભાગ બે માળનો છે. ચૈત્યમાં કુલ 37 સ્તંભો આવેલા છે. ભાજા, કોન્ડાને, પિત્તલખોરા, નાસિક, ઇલોરા અને અજંટામાં બૌદ્ધ વિહારો જોવા મળે છે. અજંટાની ગુફાઓનો મોટો ભાગ વિહારોનો જ છે. અજંટાની કુલ 29 ગુફાઓ પૈકી ચાર ચૈત્ય છે; જ્યારે અન્ય વિહાર સ્વરૂપે છે. ઓરિસામાં કટક શહેરની પાસે ઉદયગિરિ અને ખંડગિરિ




અજંટાની ગુફાઓનો ગ્રાઉન્ડ-પ્લાન

નામની ટેકરીઓ પર જૈન ધર્મની ગુફાઓ આવેલી છે. ઉદયગિરિ પર 16 અને ખંડગિરિ પર 1 ગુફા આવેલી છે. હિંદુ ધર્મને કેન્દ્રમાં રાખીને રચાયેલ બ્રાહ્મણધર્મના ગુફા-સ્થાપત્યમાં ઇલોરાની ગુફા નં. 16 (કૈલાસ અથવા રંગમહાલ) અને મુંબઈ પાસેની એલિફન્ટાની ગુફા ઘણી જ પ્રસિદ્ધ છે. જગતના શૈલાત્મક સ્થાપત્યમાં ઇલોરાની કૈલાસ ગુફા અગ્રસ્થાને બિરાજે તેવી ભવ્ય અને કલાત્મક છે. રાષ્ટ્રકૂટ વંશના રાજા કૃષ્ણ 1લાએ ઈ. સ. 760માં તેનું બાંધકામ શરૂ કર્યું હતું અને તે ક્યારે પૂરું થયું તેનો ઉલ્લેખ નથી. તેનો બે માળનો નંદીનો મંડપ પુલ દ્વારા રંગમંડપ સાથે જોડાયેલો છે. 8.1 મી. ઊંચી પીઠિકા પર ક્રીડા કરતા હાથીઓની હારમાળા છે. મંદિરનું વિમાન પાંચ માળનું છે. શૈવ તથા વૈષ્ણવ ધર્મનાં દેવ-દેવીઓનાં અનેક ભાવપૂર્ણ સ્વરૂપો કંડારેલાં છે.

ઈ. સ. પૂ. ત્રીજી સદીથી ભારતમાં મંદિર સ્થાપત્યનાં પગરણ શરૂ થયાં. સાંચીનું મંદિર નં. 40, ઉદેપુર પાસે માધ્યમિકા નગરીનું વાસુદેવનું મંદિર, તક્ષશિલાનું જંડિયાલ મંદિર મંદિર-સ્થાપત્યનાં પ્રાચીનતમ ઉદાહરણો છે. ગુપ્ત સમયમાં મંદિર-સ્થાપત્યે એનું વિશિષ્ટ વિકસિત સ્વરૂપ ધારણ કર્યું. સાંચીનું મંદિર નં. 17, નયના ગામનું પાર્વતી મંદિર, ઐહોલનું લાડખાન મંદિર, ઝાંસી પાસે દેવગઢનું મંદિર, ચેઝરલાનું કપોતેશ્વર મહાદેવનું મંદિર આ કાળનાં છે. ગુપ્તકાળ પછી શિખરને આધારે નાગર, વેસર (ચાલુક્ય) અને દ્રાવિડ એમ ત્રણ શૈલીઓ ઉદભવી. શિખરની રચનાએ મંદિર સ્થાપત્યની શૈલી નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. નાગર શૈલીનાં શિખરમાં મુખ્ય શિખર ઉપરાંત ગૌણ શિખરો જેવાં કે ઉરુશૃંગ, પ્રત્યંગ કોણ વગેરે હોય છે. આ શૈલીનાં શિખરો રેખાન્વિત હોય છે, જ્યારે દ્રાવિડ શૈલીનાં શિખરોમાં સમતલ આડા થર હોય છે.




તક્ષશિલાનું મંદિર



સાંચીનું મંદિર નં. 17

ઓરિસા, ખજૂરાહો, રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, ગ્વાલિયર અને વૃંદાવનનાં મંદિરો નાગર શૈલીનાં છે. ઓરિસામાં લિંગરાજનું મંદિર, પુરીનું જગન્નાથનું મંદિર અને કોણાર્કનું સૂર્યમંદિર પ્રસિદ્ધ છે. ઓરિસા મંદિરસમૂહમાં પ્રાચીનમાં પ્રાચીન મંદિર પરશુરામેશ્વર(ઈ. સ. 750)નું છે. વિઠ્ઠલ દેઉલના મંદિરનું શિખર બે માળનું છે અને તેનો ઘાટ ત્રિકોણાત્મક નળાકાર છાપરાને મળતો આવે છે. મુક્તેશ્વરના મંદિરની સન્મુખે તોરણ આવેલું છે, જે ઓરિસા શૈલીમાં વિશિષ્ટ ભાત પાડે છે. લિંગરાજનું મંદિર ગર્ભગૃહ, જગમોહન (સામાન્ય મંડપ), નટમંડપ અને ભોગમંડપ આવેલા છે. તેની ઊંચાઈ 36 મીટર છે. લિંગરાજનું મંદિર તેનાં કરતાં વિશેષ ઊંચાઈ અને વિસ્તાર ધરાવે છે. તે 60 મી. ઊંચું છે, જ્યારે કોણાર્કનું સૂર્યમંદિર 67 મી. ઊંચું હતું. હાલ માત્ર તેના જગમોહનનો ભાગ જ જળવાઈ રહ્યો છે.


ખજૂરાહોનાં મંદિર ચંદેલ રાજાઓના શાસનકાળ દરમિયાન (ઈ. સ. 950-1050) બંધાયાં હતાં. કુલ 85 મંદિરોમાંથી હાલ માત્ર 22 મંદિરો જ જળવાઈ રહ્યાં છે. આ મંદિરો વિશે પ્રથમ સંશોધન ઍલેક્ઝાંડર કનિંગહામે કર્યું હતું. ઊંચી નક્કર પીઠ પર બાંધેલાં આ મંદિરો ઓરિસાનાં મંદિરો જેવાં વિશાળ નથી. મોટામાં મોટું મંદિર ભાગ્યે જ 30 મી. લાંબું હશે. લક્ષ્મણ અથવા ચતુર્ભુજ નામે જાણીતું વૈષ્ણવ મંદિર પંચાયતન પ્રકારનું છે. એટલે કે મુખ્ય મંદિરના ચારે ખૂણે અન્ય ચાર નાનાં ગૌણ મંદિરો આવેલાં છે. યોગિનીના મંદિરમાં એક મોટું ગર્ભગૃહ અને તેની આજુબાજુ 64 નાનાં ગર્ભગૃહો આવેલાં છે. દેવી જગદંબાનું મંદિર કંદારિયા મહાદેવના મંદિરને મળતું આવે છે. ખજૂરાહોનાં મંદિરોમાં કંદારિયા મહાદેવનું મંદિર ઉત્તમ છે. મંદિર 32.5 18 મી.નો વિસ્તાર ધરાવે છે. જમીન તળથી તે 35 મી. ઊંચું છે. તેનો શિલ્પવૈભવ ધ્યાનાર્હ છે. અંદરના ભાગમાં 226 અને બહારના ભાગમાં 646 મળીને કુલ 872 સર્વોત્કૃષ્ટ શિલ્પો આવેલાં છે.



કંદારિયા મહાદેવનું મંદિર, ખજૂરાહો

ગુજરાતમાં મંદિર-સ્થાપત્યની બે પરંપરા જોવા મળે છે : (1) પૂર્વ-ચૌલુક્ય શૈલી (ઈ. સ.ની 5મીથી 10મી સદી) અને (2) ચૌલુક્ય શૈલી (ઈ. સ.ની 10મીથી 13મી સદી). પૂર્વ-ચૌલુક્ય શૈલીની શરૂઆત જામનગર જિલ્લામાં આવેલ ગોપના (ઈ. સ. પાંચમી સદી) મંદિરથી થાય છે. આ શૈલીનાં અન્ય મંદિરો સૂત્રાપાડા, વિસાવાડા, કલસાર, પાસ્થર, ભાણસર, ધ્રાસણવેલ, બોરિસા, ઓડદર, અખોદર, પીંડારા, પસનાવાડા, પોરબંદર, રાણાવાવ વગેરે સ્થળોએ આવેલાં છે. સુણકનું નીલકંઠ મહાદેવનું મંદિર, ઘૂમલી અને સેજકપુરનાં નવલખા મંદિરો, મોઢેરાનું સૂર્યમંદિર, આબુનાં વિમલવસહિ અને લૂણવસહિ, સોમનાથનું મંદિર, સિદ્ધપુરનો રુદ્રમાળ, તારંગાનું અજિતનાથનું મંદિર વગેરે ગુજરાતની ચૌલુક્ય શૈલીનાં ઉત્તમ ઉદાહરણો છે. ગુજરાતના મંદિર-સ્થાપત્ય સાથે સંલગ્ન કીર્તિ-તોરણો, કુંડો, પ્રાકાર (કોટ) તથા તેના બાલાણકો (કોટનું પ્રવેશદ્વાર)

વિશિષ્ટતા ભોગવે છે. કીર્તિતોરણોમાં ખ્યાતનામ તોરણ વડનગરનું છે. ભારતભરમાં કદાચ તે મોટામાં મોટું અને અત્યંત અલંકૃત



આબુના દેલવાડાના મંદિરની છત

તોરણ છે. જૈન મંદિરોનાં બાલાણકો અને દેવકુલિકાઓ દર્શનીય હોય છે. ગુજરાતના મંદિર-સ્થાપત્યનો આદર્શ 11મી સદીમાં બંધાયેલ મોઢેરાનું સૂર્યમંદિર છે. પૂર્વાભિમુખ આ મંદિરના ગર્ભગૃહ અને તેની સાથે જોડાયેલ ગૂઢમંડપનો સંયુક્ત વિસ્તાર 24 15 મીટરનો છે જ્યારે છૂટો સભામંડપ 15 15 મીટરનો છે. ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણા પથ છે. શિખર અને મંડપની ઉપરનું બાંધકામ નાશ પામેલ છે. સભામંડપની પૂર્વમાં 52.5 36 મીટર વિસ્તારનો કુંડ આવેલો છે.

દ્વારકાનું જગતમંદિર અને શામળાજીનું ગદાધરનું મંદિર મુઘલકાળનાં છે. ડાકોરનું પ્રસિદ્ધ રણછોડરાયનું મંદિર મરાઠાકાળનું છે. શત્રુંજય પરનાં મોટા ભાગનાં જૈન મંદિરો મરાઠાકાળ અને બ્રિટિશકાળનાં છે. અમદાવાદનું હઠીસિંહનું મંદિર 19મી સદીના ઉત્તરાર્ધનું જાણીતું મંદિર છે.

રાજસ્થાન અને મધ્યપ્રદેશનાં મંદિરો ઈ. સ.ની 8મીથી 11મી સદીનાં છે. મધ્ય પ્રદેશના સાગર જિલ્લાના એરણ ગામમાં વરાહ, નરસિંહ અને વિષ્ણુનાં મંદિરોના અવશેષો ઉલ્લેખનીય છે. પથરી ગામનું કોઠેશ્વરનું મંદિર તથા ગ્યાસપુરમાં આવેલ આઠ કુંભ તથા ચાર કુંભ નામે જાણીતાં મંદિરો આવેલાં છે. ઉદયપુરમાં આવેલ ઉદયેશ્વરનું મંદિર (11મી સદી) રચનાશૈલીની દૃષ્ટિએ ખજૂરાહો મંદિરો સાથે સામ્ય ધરાવે છે. જોધપુરથી 50 કિમી. દૂર આવેલ ઓસિયા ગામમાં 16 બ્રાહ્મણ અને જૈન મંદિરોનો (ઈ. સ.ની 8મી સદી) સમૂહ આવેલો છે. આ મંદિરો નાનાં કદનાં છે, પરંતુ બાંધકામની દૃષ્ટિએ અભિનવ પ્રાવીણ્ય અને સપ્રમાણતા દાખવે છે. આ સમૂહમાંનું સૂર્યમંદિર સર્વોત્તમ બાંધણીનું છે. તેનો શિલ્પવૈભવ આકર્ષક છે. મહાવીરસ્વામીનું મંદિર 10મી

સદીમાં પુનર્નિર્માણ પામેલું છે. કિરાડુનું મંદિર 11મી સદીનું ગણાય છે. આ મંદિર મહદ્અંશે નાશ પામ્યું છે. તેના સ્તંભોની કોતરણી મોઢેરાના સૂર્યમંદિર અને આબુના વિમલવસહિના મંદિરના સ્તંભોને મળતી આવે છે. રાણકપુરનું ચૌમુખી મંદિર તેના સ્તંભોની ગોઠવણીને લીધે પ્રસિદ્ધ છે.


તેલીકા મંદિર, ગ્વાલિયર


સાસ મંદિર, ગ્વાલિયર

અંબરનાથનું મંદિર, બલસણાનું ત્રિકૂટાચલ મંદિર, સિનારનું ગોડેશ્વરનું મંદિર વગેરે મહારાષ્ટ્રનાં પ્રસિદ્ધ મંદિરો છે. અહીંનાં મંદિરોની શૈલી પર એક તરફથી ગુજ-રાતની ચૌલુક્ય શૈલીની તો બીજી તરફ દક્ષિણની ચાલુક્ય શૈલીની અસર છે. શિખરના ભાગમાં ઉરુશૃંગ ગુજરાતનાં મંદિરોની જેમ અર્ધે આવી અટકી જતું નથી, પરંતુ છેક ટોચ સુધી પહોંચે છે. તેમજ ઉરુશૃંગની બંને બાજુ શિખર ઘાટની નાની શૃંગિકાઓની ઊભી હાર પણ ટોચ સુધી પહોંચે છે. અંબરનાથના મંદિરમાં આ સર્વ લક્ષણ જોવા મળે છે. બલસણા ગામમાં નવ મંદિરોના સમૂહમાંનું એક ત્રિકૂટાચલ મંદિર છે. સિનારનું ગોંડેશ્વરનું મંદિર પંચાયતન પ્રકારનું છે. અહમદનગર જિલ્લાના પેંડગાંવનું લક્ષ્મીના-રાયણનું મંદિર ઉલ્લેખનીય છે. ગ્વાલિયરના કિલ્લામાં તેલીકા મંદિર અને સાસ-બહુનાં મંદિરો આવેલાં છે આમાં સાસ-બહુનાં મંદિરો તેમની રચના અને શિલ્પવૈભવને કારણે ઉત્કૃષ્ટ પ્રકારનાં છે. તેલીકા મંદિરની ઉપરનું બાંધકામ બૌદ્ધ ચૈત્યગૃહને મળતું આવે છે. 16મી અને 17મી સદીમાં બંધાયેલાં વૃંદાવનનાં મંદિરોમાં ગોવિંદદેવનું મંદિર, રા-ધાવલ્લભનું મંદિર, ગોપીનાથનું મંદિર, જુગલકિશોરનું મંદિર તથા મદનમોહનનું મંદિર ઉલ્લેખનીય છે. લડવાનું મંદિર, માર્તણ્ડનું સૂર્યમંદિર, અવંતીપુરનું મંદિર અને 53 ગર્ભ-ગૃહ ધરાવતું પાંડુકુંડનું મંદિર કાશ્મીરના મંદિર-સ્થાપત્યની યશકલગીઓ છે. ભારતમાં કેટલાંક વૃત્તાકાર મંદિરો બંધાયાં. આ બધાં મંદિરો ઘણું કરીને યોગિનીઓનાં મંદિરો છે. આવાં મંદિરોમાં જબલપુર પાસે ભેડાઘાટનું યોગિની મંદિર અને ખજૂરાહોના સમૂહમાં આવેલ યોગિની મંદિર ઉલ્લેખનીય છે.




દુર્ગામંદિર, ઐહોલ

ભેડાઘાટના મંદિરમાં ચારે બાજુએ 81 ગર્ભગૃહો આવેલાં છે. કર્ણાટકમાં ઐહોલમાં લાડખાનનું મંદિર, દુર્ગામંદિર, બાદામીનાં ગુફામંદિરો, પટ્ટાડકલનું પાપનાથનું મંદિર, કાશીનાથ, વિરૂપાક્ષ, મલ્લિકાર્જુન, સુમનેશ્વરનાં મંદિરો, બેલૂરનું ચેન્નાકેશવનું મંદિર, હલેબીડનું હોયસલેશ્વરનું મંદિર, સોમનાથપુરમનું મંદિર ચાલુક્યશૈલી(વેસર)ને અનુસરે છે.


લાડખાનનું મંદિર ઐહોલના મંદિરસમૂહમાં સૌથી જૂનું ગણાય છે. પથ્થરની છાટોને એકબીજા સાથે સાવળીને બનાવેલાં ચોકઠાં વડે શિખરની રચના કરવામાં આવી છે. દુર્ગામંદિર એક છેડે અર્ધવૃત્તાકાર (apsidal) બાદામીમાં ચાર ગુફામંદિરો છે. તે પૈકી ત્રણ બ્રાહ્મણ ધર્મનાં અને એક જૈન ધર્મનું છે. પટ્ટાડકલનાં મંદિરો શૈલીની દૃષ્ટિએ ઐહોલ અને બાદામીનાં મંદિરો કરતાં પ્રગતિસૂચક લાગે છે. પાપનાથનું મંદિર ઉત્તર ભારતીય પરંપરાને અને વિરુપાક્ષનું મંદિર દક્ષિણ ભારતીય પરંપરાને અનુસરે છે. જોકે વિરુપાક્ષનું મંદિર શુદ્ધ દ્રાવિડ શૈલીનું નથી. ચાલુક્ય શૈલીની ઉત્તરધારા હોયસળ શૈલી તરીકે પણ પ્રસિદ્ધ છે. ચેન્નાકેશવ મંદિર, હોયસલેશ્વરનું મંદિર, સોમનાથપુરમનું મંદિર આ શૈલીનાં છે. હોયસળવંશના સ્થાપક રાજા વિષ્ણુવર્માએ ચેન્નાકેશવનું મંદિર બંધાવ્યું હતું. મંદિરનો મંડોવર શિલ્પપ્રચુર નથી. સ્તંભોના ટેકા માટે મૂકેલી પૂતળીઓનાં શિલ્પોમાં સ્ત્રીરૂપની શક્ય લલિત અંગભંગી જોવા મળે છે. મંદિરનું સ્તંભવિધાન આકર્ષક છે. મંડપની છતની પદ્મશિલામાં કંડારેલ નૃસિંહનું શિલ્પ ઘણું જ સુંદર છે. હોયસલેશ્વરનું મંદિર બે ગર્ભગૃહવાળા મંદિરનું બનેલું સંયુક્ત મંદિર છે. સોમનાથનું મંદિર કેન્દ્રમાં મંડપ અને તેની ત્રણ બાજુએ ગર્ભગૃહોથી સંયુક્ત ત્રિકૂટાચલ મંદિર

છે. હોયસળ મંદિરશૈલીનું આ મંદિર સર્વોત્કૃષ્ટ ઉદાહરણ ગણાય છે. ઇત્તગીનું મહાદેવમંદિર ઘણી જગ્યાએ ખંડિત થયેલું છે. લકકુંડીનું કાશી વિશ્વેશ્વરનું મંદિર કાટખૂણે જોડાયેલાં બે ગર્ભગૃહોવાળું દ્વિકૂટાચલ મંદિર છે.

દક્ષિણ ભારતમાં દ્રાવિડ શૈલીની પેટા શૈલીઓ – પલ્લવ શૈલી, ચોળશૈલી, પાંડ્ય શૈલી, વિજયનગર શૈલી અને નાયક શૈલીમાં ભવ્ય મંદિરોનું નિર્માણ થયું. ત્રિચિનાપલ્લી, મહેન્દ્રવાડી, મંગલરાજપુરમ્, ભૈરવકોણમ્, મહાબલિપુરમ્ વગેરે સ્થળે પલ્લવ-શૈલીનાં મંદિરો આવેલાં છે. રથ અને મંડપ પ્રકારનાં આ મંદિરો છે. મહાબલિપુરમમાં આવેલાં રથ પ્રકારનાં મંદિરો બૌદ્ધ વિહારો અને ચૈત્યને મળતાં આવે છે. દ્રૌપદી, ધર્મરાજ, ભીમ, ગણેશ અને સહદેવ નામના રથ શૈવમંદિરો છે. દરિયાકાંઠે આવેલું મંદિર તેના વિમાનને કારણે ખૂબ જ આકર્ષક છે. કાંચીવરમ્(કાંચી)નાં કૈલાસનાથ તથા વૈકુંઠ પેરુમલ્લનાં મંદિરો દ્રાવિડ શૈલીનાં પ્રાચીનતમ સ્વરૂપને વ્યક્ત કરે છે. તાંજોરનું પ્રસિદ્ધ બૃહદીશ્વરનું મંદિર ચોળશૈલીનું ઉત્તમ નજરાણું છે. તેની ઊંચાઈ 5.7 મીટર છે. તેનું ભવ્ય શિખર 13 મજલાનું છે. ચોલપુરનું મંદિર તેના વિસ્તૃત મંડપ (52.5 મી. 28.5 મી.)ની રચના માટે જાણીતું છે. તેમાં 150 સ્તંભો આવેલા છે. બેલૂરનાં મંદિરો, કાંજીવરમના એકાગ્રનાથનું મંદિર, હમ્પીનું વિઠ્ઠલ મંદિર તથા હગૌરારામનું મંદિર વિજયનગરની શૈલીને રજૂ કરે છે. પાંડ્ય શૈલીનાં મંદિરો તેમનાં ભવ્ય



નકુલ-સહદેવ રથ, મહાબલિપુરમ્




કૈલાસનાથ મંદિર, કાંચી

ગોપુરમો(પ્રવેશદ્વાર)ને લીધે પ્રસિદ્ધ છે. મદુરાના નાયક વંશના રાજાઓએ તેમના સમયમાં એક વિશિષ્ટ મંદિરશૈલી વિકસાવી. નાયક શૈલીનાં આ મંદિરો શ્રીરંગમ્, જંબુકેશ્વર, રામેશ્વરમ્, ચિદંબરમ્, મદુરા વગેરે સ્થળે આવેલાં છે. તેમાં મદુરાનું મીનાક્ષીમંદિર સર્વોત્કૃષ્ટ છે. આ મંદિર પ્રાંગણસહિત 264 237.5 મીટર વિસ્તારનું છે. એની ચાર દિશામાં કુલ 27 ગોપુરો છે. મંદિર બે વિભાગમાં વહેંચાયેલું છે : એક ભાગ સુંદરેશ્વરનો - શિવનો અને બીજો મીનાક્ષી દેવી-પાર્વતીનો છે. મંદિર પૂર્વયોજિત નકશા પ્રમાણે બંધાયું નથી, પરંતુ સમયાંતરે તેમાં વિવિધ ભાગો ઉમેરાતા ગયા છે.

ભારતમાં ઇસ્લામનું આગમન થતાં સમય જતાં મુસ્લિમ સ્થાપત્યનાં બાંધકામો બંધાવા લાગ્યાં. દિલ્હી સલ્તનત કાળ (1206-1526) દરમિયાન કુતુબમિનાર, કુવ્વત--ઉલ-ઇસ્લામ મસ્જિદ, સુલતાન ગઢી, અલાઈ દરવાજા, જમિયત-ખાનની મસ્જિદ, ચિરાગ-એ-દેહલી મસ્જિદ, મુબારકશાહનો મકબરો, મુહમ્મદશાહનો મકબરો, બડેખાન કા ગુંબજ, છોટેખાન કા ગુંબજ, શિયાઉદ્દીન તાજખાનનો મકબરો, મોદ કી મસ્જિદ વગેરે સ્થાપત્ય નિર્માણ પામ્યું હતું. તુઘલુક વંશનાં અંતિમ વર્ષો દરમિયાન ભારતના જુદા જુદા પ્રાંતોમાં પ્રાંતીય સલ્તનતોની સ્થાપના થતાં તે પ્રાંતોમાં પણ મુસ્લિમ સ્થાપત્યએ વેગ પકડ્યો હતો. મહમદ બિન કાસિમે બંધાવેલી મસ્જિદ, બહાઉદ્દીનનો મકબરો, સમ્સુદ્દીનનો મકબરો મુલતાન-શૈલીની નોંધપાત્ર ઇમારતો છે. જામ-એ-મસ્જિદ, મંદનિકા-મકબરા અને અહમદાનની મસ્જિદ કાશ્મીરી શૈલીને રજૂ કરે છે. બંગાળના મુસ્લિમ


સ્થાપત્યમાં કમળના પ્રતીકનો છૂટથી ઉપયોગ થયો છે. ગૌંડની તાંતીપારાની મસ્જિદ અલંકરણની દૃષ્ટિએ બંગાળની નોંધપાત્ર છે. લોતન મસ્જિદ, છોટા સોના મસ્જિદ, બડા સોના મસ્જિદ, કદમરસૂલ મસ્જિદ, આદિના મસ્જિદ, ફીરોઝ હુસેન સાહેબનો મિનારો અને મકબરો, જલાલુદ્દીન મુબારકનો મકબરો, ઝફરખાં ગાઝીનો મકબરો વગેરે બંગાળી શૈલીની અન્ય નોંધપાત્ર ઇમારતો છે. બહાઉલ હક્કનો મકબરો, સમસુ-દ્દીનનો મકબરો, રુકન-એ-આલમનો મકબરો વગેરે ઇમારતો મુલતાન શૈલીની જાણીતી ઇમારતો છે. શ્રીનગરની જામ-એ-મસ્જિદ અને મદનિકા મકબરા કાશ્મીરી શૈલીના



સૈયદ લોદીની કબર

ઉત્તમ નમૂના છે. અહીંની શાહ હમદાન મસ્જિદ તેની સજાવટને લીધે પ્રસિદ્ધ છે. ગુજરાતના મુસ્લિમ સ્થાપત્ય પર સ્થાનિક કલાનો ઘણો પ્રભાવ હોવાથી તે ઘણું જ આકર્ષક બન્યું છે. 14મી સદીથી અહીંના મુસ્લિમ સ્થાપત્યનો પ્રારંભ થયો. અહમદ-શાહ અને મહમૂદ બેગડાના સમયમાં તે ચરમ સીમાએ પહોંચ્યું. અમદાવાદની જુમ્મા મસ્જિદ, બાદશાહ અને રાણીના હજીરા, ત્રણ દરવાજા, રાણી સિપ્રિની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, દરિયાખાનનો ઘુંમટ, મુહાફીઝખાંની મસ્જિદ, સરખેજ, વટવા અને શાહઆલમ ખાતે આવેલા રોજાઓ, ચાંપાનેરની જુમ્મા મસ્જિદ, નગીના મસ્જિદ વગેરે ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યનાં નોંધપાત્ર ઉદાહરણો છે. કિલ્લાની મસ્જિદ, અટાલાદેવીની મસ્જિદ, જામી મસ્જિદ અને લાલદરવાજાની મસ્જિદ વગેરે જૌનપુરની શૈલીને રજૂ કરે છે. માળવા શૈલીની ઇમારતોનાં દર્શન માંડુમાં થાય છે. અહીંની લાટ મસ્જિદ, જામી મસ્જિદ, રાણી રૂપમતી અને બાજબહાદુરના મહેલ, હુસેનશાહનો મકબરો અને ધારની સરસ્વતીના મંદિરના સ્થાને બાંધેલ મસ્જિદ વગેરે ઉલ્લેખનીય છે. બીજાપુરમાં આવેલો ગોળગુંબજ વાસ્તવમાં મહમૂદ આદિલશાહનો મકબરો છે. તેનો ઘુંમટ ભારતનો સૌથી મોટો ઘુંમટ છે. મુઘલકાળમાં અકબર અને શાહજહાંના

સમયમાં સ્થાપત્યકલાએ ઘણી પ્રગતિ કરી. અકબરના સમયની આકર્ષક ઇમારતો ફતેહપુર સિક્રીમાં આવેલી છે. ત્યાંની જામી મસ્જિદ, સલીમ ચિસ્તીની મજાર, બુલંદ દરવાજો, બિરબલનો મહેલ વગેરે ઉલ્લેખનીય છે. આગ્રામાં આવેલ ઇતમાદ-ઉદ-દૌલા-નો મકબરો જહાંગીરના સમયની ઉલ્લેખનીય ઇમારત છે. મુઘલકાળની સર્વોત્તમ કૃતિ શાહજહાંના સમયમાં બંધાયેલ આગ્રાનો તાજમહાલ છે. પ્રવેશદ્વાર, મિનારાઓની રચના, સપ્રમાણ ઘુંમટ, અલંકૃત મહેરાબો, આકર્ષક જાળીકામ, નકશીકામ, મીનાકારી અને સુલેખનકલાનું તેમાં કલાત્મક રીતે સંયોજન થયું છે.



જામી મસ્જિદ, ફતેહપુર સિક્રી

ભારતમાં કિલ્લાઓ, જળાશયો અને મહેલોનું બાંધકામ પણ મોટે પાયે થયું. રાજગૃહ, પાટલીપુત્ર, ડભોઈ, ઝિંઝુવાડા, દૌલતાબાદ, ગ્વાલિયર, ચિતોડ, જયપુર, ગોવળકોંડા, આગ્રા અને દિલ્હીના કિલ્લા દુર્ગસ્થાપત્યનાં ઉત્તમ ઉદાહરણો છે. પાટણની રાણીની વાવ અને ત્યાંનું સહસ્રલિંગ તળાવ, અમદાવાદમાં દદ્દાહરિની (દાદા) વાવ, અડાલજની વાવ, અમદાવાદનું કાંકરિયા તળાવ, મોઢેરાનો સૂર્યકુંડ જળાશય સ્થાપત્ય-ના નોંધપાત્ર નમૂના છે. ફતેહપુર સિક્રીનો બિરબલ મહેલ, જોધાબાઈનો મહેલ, પંચમ-હલ આગ્રાનો દીવાન-એ-ખાસ, દાંતિયા અને ઓરછાના મહેલ, ઉદેપુર અને જયપુરના મહેલ વગેરે ભારતીય મહેલ-સ્થાપત્યને સુંદર રીતે રજૂ કરે છે.

# 14

# પરદેશોમાં ભારતીય શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

પ્રાચીનકાળમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર નજીકના અને દૂરના દેશોમાં થયો. દક્ષિણે શ્રીલંકા, પૂર્વે હિંદી-ચીન દ્વીપકલ્પના દેશો જેમાં મ્યાનમાર, મલેશિયા, થાઇલૅન્ડ, કંબોડિયા, લાઓસ; વિયેતનામમાં દક્ષિણ-પૂર્વે ઇન્ડોનેશિયાનો દ્વીપસમૂહ જેમાં જાવા, સુમાત્રા, બોર્નિયો; બાલીમાં ઉત્તરે નેપાળ, તિબેટ અને મધ્ય એશિયામાં, ઉત્તર-પૂર્વે ચીન અને ઉત્તરપશ્ચિમે અફઘાનિસ્તાનમાં ભારતીય વસાહતીઓ દ્વારા ભારતીય સંસ્કૃતિ પ્રસરી. ભારતીય સંસ્કૃતિનો આ પ્રસાર ઈ. સ.ની પહેલી સદીથી થયેલો જોવા મળે છે. ત્યારથી લગભગ હજાર વર્ષ સુધી એ પ્રસાર ઉત્તરોત્તર વધતો ગયો. આ પ્રસારને લીધે આ દેશોની શિલ્પકલા પર ભારતીય શિલ્પકલાની અસર વરતાય છે.

શ્રીલંકા : અહીંના દા-ગાબા, પ્રાસાદ, વટ-દા-ગે વગેરે સ્થાપત્યકીય સ્મારકો મનોહર રૂપાંકનોથી વિભૂષિત કરેલાં છે. રુવાનવેલી દા-ગાબાની પાસેથી રાજા ભાતિક--અભય(1લી સદી)નું બાવલું મળી આવ્યું છે. દા-ગાબાની પીઠિકા પર રાહદુષ્ટ ગ્રામણી-નું બાવલું (ઈ. સ. પૂ. 1લી સદી) છે. અનુરાધપુરના એ વિહારમાં કપિલમુનિની મૂર્તિ છે. અહીંથી ધ્યાનસ્થ બુદ્ધની મોટી સુંદર પ્રતિમાઓ મળી છે. એમાં મહામેઘવનમાંની પ્રતિમા શ્રીલંકાની એક વિરલ કલાકૃતિ ગણાય છે. ત્રિભંગાવસ્થામાં ઊભેલા બોધિસત્વની ધાતુપ્રતિમા પોળોન્નરુવ શૈલીની છે. શ્રીલંકામાં ધાતુપ્રતિમાઓ પ્રાચીનકાળથી રચવામાં આવી છે. એમાં બુદ્ધની એક પ્રતિમા ગુપ્ત શૈલીની છે. અવલોકિતેશ્વરની પ્રતિમા ઈલોરા શૈલીની, જમ્ભલની પ્રતિમા નેપાળી શૈલીની અને વજ્રપાણિની પ્રતિમા પાલ શૈલીની છે. પોળોન્નરુવનાં શિલ્પોમાં ઉત્તરકાલીન પલ્લવ અને પૂર્વકાલીન ચોળ શૈલીનાં લક્ષણો જોવા મળે છે. પરિનિર્વાણ પામતાં ભગવાન બુદ્ધની 44.5 મીટર (146 ફૂટ) લાંબી પ્રતિમાના મુખ પર સૌમ્યભાવ જણાય છે. બાજુમાં ઊભેલો એમનો પટ્ટશિષ્ય આનંદ મૃત્યુ પામતા પોતાના ગુરુને ધીરગંભીર દૃષ્ટિથી જોઈ રહ્યો છે. અહીંથી નટરાજની ધાતુ પ્રતિમાઓ પણ મળી છે. નટરાજ ઉપરાંત પાર્વતી, કાર્તિકેય, ગણેશ, શૈવસંતો, વિષ્ણુ, લક્ષ્મી, બાલકૃષ્ણ, સૂર્ય અને હનુમાનની ધાતુપ્રતિમાઓ પણ મળી છે. આમાંની મોટા ભાગની પ્રતિમાઓ દ્રાવિડ શૈલીમાં ઘડાયેલી છે. પટ્ટિનીદેવીની પ્રતિમા, સૂર્યની પ્રતિમા

તથા સંત સુંદરમૂર્તિ સ્વામીની પ્રતિમા ઉલ્લેખનીય છે.



આનંદમંદિર, મ્યાનમાર

મ્યાનમાર (બર્મા) : મ્યાનમારના શિલ્પના પ્રાચીનતમ નમૂના માવ્ઝા(શ્રીક્ષેત્ર) થી ઉપલબ્ધ થયા છે. પગાનનાં શિલ્પો બર્મી શિલ્પકલાનો ઉત્તમ વિકાસ દર્શાવે છે. બર્માની બૌદ્ધ મૂર્તિઓમાં મંગોલ ચહેરો જોવા મળે છે. અહીંનાં સૌથી સુંદર શિલ્પો આનંદમંદિરમાં જોવા મળે છે. ભગવાન બુદ્ધના જીવનપ્રસંગો તથા જાતકકથાઓ અહીં કંડારેલી છે. આનંદમંદિરનાં શિલ્પો અંકોરવાત કે બોરોબુદુરની જેમ સળંગ પટ્ટ પર કંડારેલાં નથી, પરંતુ અલગ અલગ ગવાક્ષોમાં કંડારેલાં છે. આનંદમંદિરની વચ્ચે ચારે તરફ મોટા ગવાક્ષોમાં 31 ફૂટ (9.4 મીટર) ઊંચી ઊભા બુદ્ધની પ્રતિમાઓ બિરાજમાન છે. એમાં પશ્ચિમની પ્રતિમા સમ્મુખ ઘૂંટણિયે પડી વંદન કરતા રાજા કર્યસિત્થા અને શિન અરહનની પ્રતિમાઓ છે. આમાં શિન અરહનનો ચહેરો બર્મી છે જ્યારે રાજાનો ચહેરો ભારતીય છે કેમ કે એની માતા ભારતીય હતી. શિલ્પકારે આ સૂક્ષ્મ બાબત પર ધ્યાન રાખ્યું છે. બુદ્ધની મોટા ભાગની પ્રતિમાઓ ભૂમિસ્પર્શ મુદ્રામાં છે, ધ્યાનસ્થ બુદ્ધની પ્રતિમા ભાગ્યે જ મળી છે. પેગુથી મળી આવેલી બુદ્ધની પ્રતિમા કાંસ્ય-પ્રતિમા છે. શ્વે-સાન-દોવ(પગાન)ના પ્રાંગણમાં સૂતેલી બુદ્ધની પ્રતિમા 55 ફૂટ (24.4 મી.) લાંબી છે, જ્યારે પેગુની પશ્ચિમે આવેલી ને 'લોટાફાયા' નામે ઓળખાતી બુદ્ધની પ્રતિમા 181 ફૂટ (55 મી.) લાંબી છે. છેલ્લા ચાર બુદ્ધો - કકુચ્છંદ, કનકમુનિ, કાશ્યપ અને ગૌતમ બુદ્ધની પ્રતિમાઓ એક જ સ્થળે બનાવવાની પરંપરા મ્યાનમારમાં વિશેષ જોવા મળે છે. આનંદમંદિરમાં જોવા મળતી બુદ્ધની ચાર વિશાળ પ્રતિમાઓ એ ચાર બુદ્ધોની જ છે. બૌદ્ધ ત્રિમૂર્તિ – અમિતાભ, ગૌતમ બુદ્ધ અને અવલોકિતેશ્વરની અનેક મૂર્તિઓ મળી છે. હિંદુ દેવ-દેવીઓની પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઈ છે. નાટ-લઉંગ-ક્યઉંગ(પગાન)ના મંદિરમાં હિંદુ દેવોનાં અનેક શિલ્પો છે. ગણેશ(જે અહીં મહાબિને તરીકે ઓળખાય છે.)ની અનેક પ્રતિમાઓ મળી છે. નાન-પયાના મંદિરના સ્તંભ પર બ્રહ્માનું સુંદર શિલ્પ

કંડારેલું છે. પ્રાપ્ત સૂર્યની પ્રતિમાઓ દક્ષિણ ભારતના મૂર્તિવિધાન પ્રમાણે બનાવેલી છે. શિવ-પાર્વતી, ગરુડાસ્થ વિષ્ણુ તેમજ અનંતશાયી વિષ્ણુની પ્રતિમાઓ ઉપલબ્ધ થઈ છે. આ બધાં હિંદુ શિલ્પો સાતમાથી તેરમા સૈકાના જણાય છે. અહીંના મોટા ભાગનાં અર્ધમૂર્ત શિલ્પો પથ્થરને બદલે માટીની પકવેલી તકતીઓ કે ચમકતી ઈંટો પર કરવામાં આવ્યાં છે.

મલેશિયા : કેડામાંથી અમરાવતી શૈલીની બુદ્ધની કાંસ્યમૂર્તિ મળી આવી છે. પેરાકની કિંતા નદીની ખીણમાંથી પ્રાપ્ત ગુપ્ત શૈલીની બે બુદ્ધ મૂર્તિઓ પાંચમા સૈકાની જણાય છે. પાલ શૈલીની અસર નીચે રચાયેલી અવલોકિતેશ્વરની ધાતુપ્રતિમા (આઠ-મો-નવમો સૈકો) તાંત્રિક અસરવાળી છે. ટિંકુ નદીની ખીણના એક સ્થળેથી મુક્તિની ધાતુપ્રતિમા મળી છે તે સંભવતઃ અગસ્ત્ય ઋષિની પ્રતિમા હશે. ચૈયા નામે સ્થળેથી પ્રાપ્ત લોકેશ્વરની ધાતુપ્રતિમા નવમા સૈકાની શ્રી વિજયકળાનો ઉત્તમ નમૂનો છે. હાલ તે બૅંકૉકના મ્યુઝિયમમાં છે. વાત કેઉના મંદિર પાસેના એક વિહારમાંથી બુદ્ધ અને વિષ્ણુનાં શિલ્પો પ્રાપ્ત થયાં છે. સાન પ્ર ઈસુઓનમાં શિવ, પાર્વતી અને નટરાજની ધાતુપ્રતિમાઓ છે. ન પ્ર નરાઈમાં વિષ્ણુ મૂર્તિ છે.

થાઇલૅન્ડ : થાઇલૅન્ડની શિલ્પકલાના ઇતિહાસને મુખ્ય બે તબક્કાઓમાં નિરૂ-પવામાં આવે છે : (1) પ્રાગ્-થાઇ કલા (ઈ. સ. બીજી સદીથી બારમી સદી સુધી) (2) થાઇ કલા (તેરમી સદીથી સોળમી સદી સુધી). મેનામ-ખીણ, મલય દ્વીપકલ્પ અને કેરાત-ઉચ્ચ પ્રદેશમાંથી અનેક શિલ્પો મળી આવ્યાં છે. આ શિલ્પો વિવિધ શૈલીની અસર નીચે તૈયાર થયાં છે – ભારતીય, મોન-ભારતીય, ભારતીય-જાવાઈ, ખ્મેર અને મોન-ખ્મેર, ખ્મેર-થાઇની સંક્રમણ શૈલી, લોપબુરીની થાઇ શૈલી, સુખોથાઇની શૈલી, ઉત્તર થાઇ શૈલી અને અયુથ્થયની શૈલી. અહીંનાં પ્રારંભિક શિલ્પો ભારતીય શિલ્પોની નકલ જેવાં છે. પ્રોંગતુક અને પ્ર-પેથોમથી અમરાવતી શૈલીનાં શિલ્પો મળ્યાં છે. મોન રાજ્યકાળની બુદ્ધની પ્રતિમાનું વેશ-પરિધાન ગુપ્ત શૈલીની ઢબથી થયું હોવા છતાં મૂર્તિઓની મુખાકૃતિ મોન હોવાથી એ શૈલી 'મોન-ભારતીય' કહેવાઈ. બૅન્કૉકના બેંચામ બોપિત મંદિરની, લોપબુરીની અને પ્ર-પેથોમની બુદ્ધ પ્રતિમાઓ મોન-ભારતીય શૈલીના સુંદર નમૂના છે. પ્ર-થોમની બુદ્ધ પ્રતિમા 25 ફૂટ (7.6 મી.) ઊંચી છે. આ શૈલીની અસ-રવાળી અર્ધનારીશ્વર, વિષ્ણુ અને કૃષ્ણની પ્રતિમાઓ પણ મળી છે. થાઇ દેશ પર ખ્મેર આધિપત્યને કારણે લોપબુરી અને મેનામ-ખીણમાં ખ્મેર શૈલી દાખલ થઈ. આ શૈલીની મૂર્તિઓમાં ભાવાભિવ્યક્તિનો અભાવ જણાય છે. લોપબુરીથી પ્રાપ્ત મુચલિંદ નાગ પર આસનસ્થ બુદ્ધ મૂર્તિ આ શૈલીનું ઉદાહરણ છે. ખ્મેર-થાઇની સંક્રમણ શૈલી ઉત્તોંગ અને લોપબુરીનાં શિલ્પોમાં જોવા મળે છે. આ સંક્રમણ શૈલીને કોડ ઉત્તોંગની શૈલી પણ કહે છે. સુંદરતાની દૃષ્ટિએ થાઇલૅન્ડની આ સર્વોત્તમ કલાશૈલી ગણાવી શકાય. મોટે ભાગે આ શૈલીની ધાતુપ્રતિમાઓ મળે છે. લોપબુરીની કલા-પરંપરા લગભગ એક હજાર વર્ષથી ચાલુ હતી. સુખોથાઇ રાજ્ય દરમિયાન વિકસેલી શિલ્પશૈલી સુખોથાઇ શૈલી

તરીકે ઓળખાય છે. આ શૈલીના ઘડતરમાં સિંહલી અસર પ્રબળ જણાય છે. થાઇ શૈલીઓનાં જે વિભિન્ન પ્રાદેશિક રૂપાંકનો વિકસ્યાં એ સર્વનાં મૂળમાં સુખોથાઇની શૈલી હતી. પિત્સુલોકના મહાતાત મંદિરમાંની વિશાળ બુદ્ધ મૂર્તિ આ શૈલીનો ઉત્તમ નમૂનો છે. ચિએંગ-સેન રાજ્યનાં શિલ્પો ઉત્તરની થાઇ શૈલીની અસર ધરાવે છે. આ શૈલી અને સિંહલી શૈલીના સંયોજનથી સુખોથાઇ શૈલી ઉદભવી હોવાનું મનાય છે. ચૌદમા સૈકાની મધ્યમાં અયુથ્થય રાજ્યનો ઉદય થયો. આ રાજ્યકાળનાં શિલ્પો અયુથ્થયશૈલીને પ્રગટ કરે છે. અગાઉની સર્વ શૈલીઓનો સમન્વય આ કલાશૈલીમાં થયો તેથી થાઇલૅન્ડની એક રાષ્ટ્રીય શિલ્પશૈલી ઉદભવી.

કંબોડિયા (કંબોજ) : અહીંનાં પ્રારંભિક શિલ્પો પર ભારતીય શિલ્પશૈલીની અસર જણાય છે. રોમલોકની ઊભી બુદ્ધ મૂર્તિઓ પાંચમા-છઠ્ઠા સૈકાની છે. હરિહરની પ્રતિમા (લુવ્ર, પૅરિસ), ઇન્દ્ર, વિષ્ણુની બે ધાતુપ્રતિમાઓ અને અનંતશાયી વિષ્ણુની મૂર્તિ (નૅશનલ મ્યુઝિયમ, નોમ પોહ) પ્રાગ્-અંકોરકાલીન કલાના નમૂના છે. નાગ કથાવસ્તુ



અંકોરવાતનું શિલ્પકામ

અહીંનાં શિલ્પોનો પ્રિય વિષય જણાય છે. મુચિલિંદ નાગની સાત ફણાઓનાં છત્ર નીચે અને ગૂંચળા પર બેઠેલા બુદ્ધની પ્રતિમાઓ નોંધપાત્ર છે. કોમ્પોંગ ચામથી મળેલી આ પ્રકારની પ્રતિમા જાણીતી છે. હંચેઈ દેવાલયમાં અનંતશાયી વિષ્ણુનું શિલ્પ છે. કંબોડિયાના જગપ્રસિદ્ધ મંદિર - અંકોરવાતનું 'સમુદ્રમંથન'નું દશ્ય અદ્વિતીય છે. આ મંદિરમાં રામાયણ, મહાભારત અને પુરાણોના પ્રસંગો પર આધારિત શિલ્પ દશ્યમાન છે. તે પૈકી શરશય્યા પર ભીષ્મ, દેસાસુ સંગ્રામ અને સમુદ્રમંથન નોંધપાત્ર છે. માનવકદમાં કંડારેલી અપ્સરાઓનાં નયનરમ્ય શિલ્પોની સંખ્યા 1750ની છે. બેયોન એ તો કંબોજી દેવમૂર્તિઓના સંગ્રહસ્થાન સમાન હતું. શિવ, બ્રહ્મા, વિષ્ણુ, નગર-દેવતાઓ, પ્રદેશ-દેવતાઓની બુદ્ધ રૂપે પૂજાતી પ્રતિમાઓ પણ હતી, બુદ્ધ, બોધિસત્વ, લોકેશ્વર અને પ્રજ્ઞાપારમિતાઓની, વિષ્ણુ, હરિહર અને શિવની પ્રતિમાઓ પણ કંબોડિયામાંથી મળી છે. કંબોજની મૂર્તિઓમાં આદર્શ અને વાસ્તવિકતાનો સુમેળ સધાયો છે. મિસ-


રવાસીઓની જેમ કંબોજના શિલ્પીઓની પણ પગના નિરૂપણમાં ફાવટ ઓછી છે. અહીંનાં શિલ્પો શૃંગારભાવથી વિમુક્ત છે. તંત્રવાદની છાયા એમના પર નથી. મૂર્તિઓ-માં વ્યક્તિવિશેષના ચહેરાનું પણ નિરૂપણ કરીને શિલ્પીએ માનવ અને અતિમાનવનો મેળ કર્યો છે.

વિયેતનામ (ચંપા) : હિંદુ અને બૌદ્ધ દેવદેવીઓનાં શિલ્પો મળી આવ્યાં છે. શિવનાં વિવિધ સ્વરૂપોની પ્રતિમાઓ પણ મળી છે. 2, 4, 6, 24 કે 28 હાથ ધરાવતા શિવની પ્રતિમાઓ જોવા મળે છે. શિવના કામાન્તક, ત્રિપુરાસુરસંહાર, ઉપમન્યુ-અનુ-ગ્રહ, લિંગોદભવ આદિ સ્વરૂપો અહીંનાં દેવાલયોમાં નિરૂપાયાં છે. પાર્વતીની ઉપાસના મહાદેવી, ભગવતી કે મહાભગવતી તરીકે પણ થતી. કૌઠાર પ્રદેશમાં ભગવતીની પ્રાચીન પ્રતિમા હતી. એની અસલ સુવર્ણ-પ્રતિમાનું અપહરણ થતાં, રાજા હરિવર્માએ 9મી સદીમાં ત્યાં ભગવતીની નવી પાષાણ-પ્રતિમા સ્થાપી હતી. પછીના સમયમાં એને સોનાના પતરે મઢવામાં આવી. શિવ-શક્તિનાં સંયુક્ત સ્વરૂપ-અર્ધનારીશ્વર-ની પ્રતિમા પણ મળી છે. પો-નગરની દેવીની આસનસ્થ પ્રતિમા દશભુજ છે. ગણેશની મૂર્તિઓ વિપુલ સંખ્યામાં મળી છે. કાર્તિકેયની કેટલીક પ્રતિમાઓમાં એમનું વાહન મોરને બદલે ગેંડાનું નજરે પડે છે. ચતુર્ભુજ વિષ્ણુ તથા શેષશાયી વિષ્ણુની પ્રતિમા મળી છે. કૃષ્ણની પ્રતિમાઓમાં ગોવર્ધનધારી સ્વરૂપ નોંધપાત્ર છે. શિલ્પ પટ્ટોમાં ગજ-લક્ષ્મીનું સ્વરૂપ લોકપ્રિય હતું. ચંપામાં ત્રીજી સદીની બુદ્ધની અમરાવતી શૈલીની ધાતુપ્રતિમા મળી છે. ડોંગ ડુઆંગમાં મળેલી બુદ્ધની ઊભી ધાતુપ્રતિમા અહીંનાં બૌદ્ધ શિલ્પોમાં સર્વો-ત્તમ છે. માટીની પકવેલી મુદ્રાઓમાં બુદ્ધ, અવલોકિતેશ્વર અને તારાની આકૃતિ છે. બોધિસત્વની ધાતુપ્રતિમા તથા પાષાણપ્રતિમા મહાયાનની અસર દર્શાવે છે. અહીંની પ્રાચીન પ્રતિમાઓની તુલનામાં ઉત્તરકાલીન પ્રતિમાઓમાં બેડોળપણું વધારે જોવા મળે છે. રાજાઓ અને રાણીઓનાં ઉત્તરકાલીન બાવલાંમાં પણ કલાની સિદ્ધિ ભાગ્યે જ જોવા મળે છે. અહીંનાં વનસ્પતિજન્ય અને ભૌમિતિક રૂપાંકનો આકર્ષક છે. કમળના રેખાંકનમાં ચંપાના કલાકારને ભારતના કલાકાર જેટલી સિદ્ધિ મળી નથી. ગજ-સિંહની મિશ્ર આકૃતિ ચંપાનું વિશિષ્ટ સર્જન જણાય છે.

ઇન્ડોનેશિયા (જાવા) : પ્રાંબાનાન પ્રદેશમાં આવેલાં લારા-જોગરંગના દેવાલયના પ્રદક્ષિણાપથને ફરતી વેદિકા(વંડી)ની અંદરની બાજુમાં રામાયણની મુખ્ય કથાના પ્ર-સંગોની 42 શિલ્પપંક્તિઓ કોતરેલી છે. ગર્ભગૃહમાં ઊભા ચતુર્ભુજ શિવની પ્રતિમા છે. બ્રહ્માના મંદિરની વેદિકાના અંદરના ભાગમાં રામાયણના ઉત્તરકાંડના પ્રસંગ કંડારેલા છે. જ્યારે વિષ્ણુના મંદિરની વેદિકામાં શ્રીકૃષ્ણચરિતના વિવિધ પ્રસંગો રજૂ કર્યા છે. ચંડી કલસનના મુખ્ય ગર્ભગૃહમાં તારાની પ્રતિમા હતી. ચંડી સેવુના મુખ્ય ગર્ભગૃહમાં આસનસ્થ બુદ્ધની મોટી ધાતુપ્રતિમા હતી. ચંડ પ્લાવાસાનના મંદિરસમૂહમાંના એક મંદિરમાં 11 બૌદ્ધ મૂર્તિઓ હતી. ચંડી સજીવનની જગતી પર જાતકકથાઓ અને તંત્ર-કથાઓનાં દૃશ્ય કોતરેલાં છે. કેદુ પ્રદેશના ચંડી મેંદુતના ગર્ભગૃહમાં કેન્દ્રમાં ભગવાન

બુદ્ધ અને બંને બાજુ અનુક્રમે બોધિસત્ત્વ, અવલોકિતેશ્વર અને મંજુશ્રીની પ્રતિમા છે. આ મંદિરમાં પંચતંત્રની કથાના પ્રસંગ અને હારીતીની મૂર્તિ દર્શનીય છે. વિશ્વવિખ્યાત બોરોબુદુરના સ્તૂપમાં એકંદરે 700થી વધુ બુદ્ધ-પ્રતિમાઓ છે. નીચેની ચાર ભમતી-ઓની દેરીઓમાં ચાર બાજુએ ચાર ધ્યાની બુદ્ધો-અક્ષોભ્ય, રત્નસંભવ, અમિતાભ અને અમોઘસિદ્ધિની 92-92 મૂર્તિઓ અને સૌથી ઉપરની ભમતીની દેરીઓમાં ચારે બાજુ પાંચમા ધ્યાની બુદ્ધ વૈરોચનની 136 મૂર્તિઓ છે. આમ ધ્યાની બુદ્ધોની કુલ 504 પ્રતિમાઓ છે. દરેક મજલે મંડોવરના વચલા થરમાં બુદ્ધચરિતના તથા જાતકકથાઓના પ્રસંગ કોતર્યા છે. આ શિલ્પપટ્ટ 3,500 જેટલાં છે. એ સળંગ સીધી લીટીમાં ગોઠવવા-માં આવે તો પાંચ કિમી. જેટલી લાંબી થાય. મધ્ય જાવામાંથી સોનાની અને તાંબાની બૌદ્ધ પ્રતિમાઓ મળી છે. દેવાલયને બદલે રાજાનાં બંધાયેલાં સમાધિસ્થાનોમાં દેવની પ્રતિમામાં વિદેહ રાજાની મુખાકૃતિ રચવાની પ્રથા શરૂ થઈ. આવા એક સમાધિસ્થાનમાં રાજા ઐરલંગની મુખાકૃતિ ધરાવતી ગરુડારૂઢ ચતુર્ભુજ વિષ્ણુની મૂર્તિ મળી છે. રાજા વિષ્ણુવર્ધનના બૌદ્ધ સમાધિસ્થાનમાં જાવાઈ 'કૃષ્ણાયન'ના પ્રસંગ કંડારેલા છે. ચંડી સિંઘસારી સમાધિસ્થાનમાં મહિષાસુરમર્દિની અને ગણેશની મોટી મૂર્તિઓ મળી છે. ત્યાંની પ્રજ્ઞાપારમિતાની પ્રતિમા વિશ્વની એક ઉત્તમ કલાકૃતિ છે.

સુમાત્રામાં શ્રી વિજયનગરની આસપાસના પ્રદેશમાં બુદ્ધ, અવલોકિતેશ્વર, મૈત્રેય, બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ધાતુપ્રતિમાઓ મળી છે. બોર્નિયાની ચતુર્ભુજ શિવની પ્રતિમા ઉચ્ચ કોટિની કલા ધરાવે છે. બાલીમાંથી મળેલી ચતુર્ભુજ શિવની પ્રતિમામાં મધ્ય-જાવાઈ શૈલીની અસર ધરાવે છે.




બોરોબુદુરનું શિલ્પ, ઇન્ડોનેશિયા બૌદ્ધ પ્રતિમા, બામિયાન

અફઘાનિસ્તાન : ભારતીય શિલ્પશૈલીઓમાં ગંધાર શૈલી પ્રસિદ્ધ છે. પ્રાચીન કાળમાં અફઘાનિસ્તાનનો ઘણો ભાગ તથા પાકિસ્તાનનો કેટલોક ભાગ ગંધાર પ્રદેશમાં સમાવિષ્ટ હતો. આ શિલ્પશૈલી પર ગ્રીક કલાની ઘણી અસર હતી, આથી આ કલાને 'Indo-Greek' કે 'Indo-Hellenic Art' તરીકે ઓળખવામાં આવે છે. આ શૈલીમાં ગ્રીક આકારક્ષમતા અને નિર્માણપદ્ધતિનો પ્રયોગ કરવામાં આવ્યો પણ વિષયો ભારતીય રહ્યા. મુખ્યત્વે બૌદ્ધ વિષયોને રજૂ કરવામાં આવ્યા. જોકે કોઈ કોઈ વિદેશી વિષયોને પણ એમાં સ્થાન મળ્યું છે. આ શૈલીનો પ્રચાર ઈ. સ.ની 1લીથી 4 થી સદી દરમિયાન રહ્યો. સ્તૂપો પરનાં શિલ્પો ચૂનાનાં (stucco) છે. બાલા હિસારમાંથી અનેક બૌદ્ધ મૂર્તિઓ મળી છે. ત્યાંની શિલ્પ-આકૃતિઓમાં ગૌતમ બુદ્ધના મહાભિનિષ્ક્રમણનું દશ્ય તથા દીપંકર બુદ્ધ અને સુમેધને લગતા પ્રસંગનું દશ્ય દર્શનીય છે. સહરી બહલોલ નામના સ્થળે બુદ્ધ અને બોધિસત્ત્વોની અનેક પ્રતિમાઓ તથા બુદ્ધના જીવનપ્રસંગો અને કેટલીક જાતક-કથાઓના પ્રસંગો કોતરેલા શિલ્પ-પટ્ટો મળ્યા છે. તખ્તેબહાઈમાંથી પણ આ પ્રકારનાં શિલ્પ-પટ્ટો મળ્યાં છે. ફોંદુક્રિસ્તાન નામના સ્થળેથી બુદ્ધ અને બોધિસત્વોની પ્રતિમાઓ મળી છે. બામિયાનમાં પર્વતની શિલાઓમાં કેટલીક વિશાળકાય પ્રતિમાઓ કંડારેલી છે. બામિયાન તેની બે વિશાળકાય બૌદ્ધ પ્રતિમાઓને કારણે વિશ્વપ્રસિદ્ધ છે. આ બન્ને પ્રતિમાઓ ડુંગરની એક જ શિલાઓમાંથી (monolithic) કંડારવામાં આવી છે. ચૂનાના રેતિયા ખડક(lime stone conglomerate)માંથી કંડારેલી બે પ્રતિમાઓ પૈકી મોટી પ્રતિમા 53.5 મીટર (175 ફૂટ) અને નાની પ્રતિમા 36.6 મીટર (120 ફૂટ) ઊંચી છે. તેમનો સમય ઈ. સ.ની ચોથી-પાંચમી સદીનો છે. પર્વત પર ગવાક્ષ રચીને તેમાં આ પ્રતિમાઓ કંડારેલી છે. પ્રથમ તબક્કામાં શિલામાં કંડારવાનું અણઘડ કામ કર્યા બાદ બીજા તબક્કામાં તેની ઉપર ચૂનાનું પડ લગાવવામાં આવતું. તે પછી શિલ્પને અંતિમ સ્વરૂપ અપાતું. છેલ્લે તેના પર રંગકામ કરવામાં આવતું. બુદ્ધનો જમણો હાથ અભય--મુદ્રામાં અને ડાબો હાથ નીચે લટકતો છે. ઝભ્ભા પર 30.48 મીટર (100 ફૂટ) લાંબી સૂક્ષ્મ સંઘાટી (કરચલીઓ) દર્શાવવા શિલ્પીઓએ વિશિષ્ટ પદ્ધતિ અપનાવી હતી. ચૂનાનું પડ ભીનું હોય ત્યારે જ ઝભ્ભાના ભાગે લાંબાં અને જાડાં દોરડાં મૂકીને તેમને દબાવવામાં આવતાં. આથી દોરડાંની છાપ ઝભ્ભાની ઉપર પડી જતી. આ પ્રમાણે નજીક નજીક કરવાથી સંઘાટીનો ઘાટ નિષ્પન્ન થતો. વિશાળકાય પ્રતિમાઓમાં ટાંકણા વડે 30.48 મીટર (100 ફૂટ) જેટલી લાંબી સંઘાટીઓ કોતરવાનું કામ અઘરું હતું. તેથી શિલ્પીઓએ આ સરળ પદ્ધતિ અપનાવી. બુદ્ધને મહામાનવ (Super Human) દર્શાવવા માટે આટલી ઊંચી પ્રતિમા કરવામાં આવી હોય. વર્ષો સુધી વિશ્વના પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બનેલી આ પ્રતિમાઓ તા. 3-3-2003ના રોજ તાલિબાનોના હાથે મિસાઇલ્સ અને ડાઇનેમાઇટ દ્વારા તોડી નંખાઈ.

મધ્ય એશિયા : મધ્ય એશિયાનાં વિવિધ સ્થળોએથી અનેક શિલ્પાકૃતિઓ મળી છે. ખોતાનની પેલે પાર મીરાનનાં સાતમી-આઠમી સદીનાં કાષ્ઠ-શિલ્પોમાં ભારતીય

તત્વનું પ્રમાણ છે. એમાં લોકેશ્વરની અને અપ્સરાની શિલ્પાકૃતિ નોંધપાત્ર છે. ત્યાંની કેટલીક બૌદ્ધ પ્રતિમાઓ મથુરા શૈલીની છે. તુન-હુઅંગ પાસેની 'હજાર બુદ્ધની ગુ-ફાઓ'માં 400 જેટલાં શિલ્પો હતાં. યક્ષી કે કિન્નરીનાં ઘાટના મૃત્પાત્રો મળ્યાં છે. અમુદરયા ખીણના એક મોટા વિહારમાં 12.19 મીટર (40 ફૂટ) લાંબી પરિનિર્વાણ પામતા બુદ્ધની પ્રતિમા અસરકારક છે. તુર્કમૅનમાં નિસામાં માનવોના ઘાટની વિશાળ પ્રતિમાઓ મળી છે. ફરઘનાના ચૈત્યમાં પણ બુદ્ધ પ્રતિમા, દેવ-દેવીઓનાં મસ્તક અને માટીની શિલ્પાકૃતિઓ છે.

ચીન : ભારતની ગંધાર શિલ્પશૈલી ચીનમાં પ્રસરી હતી; પરંતુ ત્યાં એનો વિકાસ ભારતીય-ચીની શૈલીમાં થયો. શરૂઆતમાં ભારતમાંથી બૌદ્ધ મૂર્તિઓ લાવવામાં આવતી; પરંતુ એ કાળ (ચોથી-છઠ્ઠી સદી) દરમિયાન ચીનના શિલ્પીઓ જાતે બૌદ્ધ મૂર્તિઓ ઘડવા લાગ્યા. બૌદ્ધ શિલ્પોમાં હારીતી તથા દિક્પાલોની મૂર્તિઓ લોકપ્રિય હતી. યુન-કાંગની ગુફાઓનાં શિલ્પોમાં ગંધાર, મથુરા અને ગુપ્ત શૈલીની અસર જણાય છે. લોયાંગ પાસે આવેલા ડુંગરોમાં ભગવાન બુદ્ધની 18થી 21 મીટર (60થી 70 ફૂટ) ઊંચી પ્રતિમાઓ કંડારેલી છે ત્યાંનાં અર્ધમૂર્ત શિલ્પોમાં કેટલાંક સુંદર દૃશ્યો કોતરેલાં છે. પાંચમી-છઠ્ઠી સદી દરમિયાન રચાયેલાં શિલ્પો જોતાં તે કોઈ ભારતીય કલાકારના હાથે મથુરા શૈલીમાં ઘડાયાં હોય તેમ લાગે છે. નાન-શાનની તળેટીમાં આવેલી 'હજાર બુદ્ધોની ગુફાઓ'માંનાં શિલ્પો પાંચમીથી અગિયારમી સદીનાં છે. બુદ્ધની સહુથી પ્રાચીન સાત ધાતુપ્રતિમાઓ (ઈ. સ. 388) ગંધાર શૈલીની છે. છઠ્ઠી સદીના મધ્ય પછી ચીનની બુદ્ધપ્રતિમામાં શૈલીની દૃષ્ટિએ મોટું પરિવર્તન આવ્યું. એમાં થાઇલૅન્ડની અને ચંપાની શૈલીની અસર જણાય છે. અશ્વારોહીના શિલ્પના (તાંગ વંશ, 618-907, આલ્બર્ટો ગિગાનિનો કલેક્શન) રોમ પોશાક પર પર્શિયન અસર જોવા મળે છે. ટેરાકોટામાં બનાવેલ આ શિલ્પ પર ચળકાટ (glazed) છે. બોધિસત્વ-અવલોકિતેશ્વરની કાષ્ઠપ્રતિ-મા (સુંગ વંશ, 960-1279) બેઠેલી અવસ્થામાં છે. જમણો પગ ઘૂંટણેથી વાળીને તેની પર લટકતો જમણો હાથ છે; જ્યારે ડાબો હાથ જમીન પર ટેકવેલો છે. બૌદ્ધ મૂર્તિવિ-ધાનની દૃષ્ટિએ આ આસન મહારાજલીલા તરીકે ઓળખાય છે. ઘૂંટણીએ પડીને અર્પણ કરતો ભક્તજન (સાતમી સદી, મ્યુઝે ગિમેટ, પૅરિસ), વાઘ (ધાતુ, દસમી સદી), સ્ત્રી (ટેરાકોટા, હાનવંશ), રાજકુમાર સિદ્ધાર્થ (મ્યુઝિયમ ઑફ ફાઇન આર્ટ), વગેરે ચીનની શિલ્પકલાના ઉલ્લેખીય નમૂના છે.

## 2. સ્થાપત્ય

પ્રાચીન સમયમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર ભારતના પાડોશી દેશો શ્રીલંકા, મ્યાનમાર, થાઇ પ્રદેશ, ચીન, તિબેટ તથા મધ્ય એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં થયો હતો. સાંસ્કૃતિક દૃષ્ટિએ તેને 'વિશાળ ભારત' તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રદેશમાં બંધાયેલા પ્રાચીન સ્થાપત્યમાં મોટે ભાગે ભારતીય સ્થાપત્યકલાની અસર જોવા મળે છે.

શ્રીલંકા : શ્રીલંકામાં મોટે ભાગે બૌદ્ધ સ્થાપત્ય તરીકે ‘દાગાબા’નો વિકાસ થયો. ત્યાં સ્તૂપને ‘દાગાબા’ કહે છે. અનુરાધાપુરમાં બંધાયેલો સ્તૂપ એ શ્રીલંકાનો સહુથી પ્રાચીન સ્તૂપ છે. રાજા દુષ્ટ ગ્રામણી(ઈ. સ. 101-77)એ તે બંધાવવો શરૂ કર્યો હતો અને તે પછીના રાજા શ્રદ્ધા તિષ્યે પૂરો કરાવેલો. એમાં સહુથી નીચલા મજલે 76 76 મીટર વિસ્તાર ધરાવતા વિશાળ મંડપમાં 1600 સ્તંભો આવેલા છે. આમાં ભિક્ષુઓ સમૂહમાં ઉપાસના કરતા. રાજા વટ્ટ ગ્રામણીએ ‘અભયગિરિ વિહાર’ બંધાવ્યો. અહીંનાં વૃત્તાકાર મંદિરો વટ-દા-ગે તરીકે ઓળખાય છે. બોધિવૃક્ષની આસપાસ કરેલા બાંધ-કામને ‘બોધિઘર’ કહે છે. અનુરાધાપુર અને નિલ્લકના સ્થળે આવાં બોધિઘર આવેલાં છે. મિહિનતલે શૈલગૃહ કંડારાયાં હતાં. સીગિરિયા પર્વત પર રાજા કશ્યપ 1લાએ દુર્ગ બંધાવ્યો હતો. પોળોન્નરુવમાં બે શિવાલયો આવેલાં છે. અહીંનો વટ-દા-ગો પણ પ્રસિદ્ધ છે. કેન્ડીમાં દંતધાતુ મંદિર ખાસ નોંધપાત્ર છે. આધુનિક પાટનગર કોલંબોમાં બે હિંદુ મંદિર દર્શનીય છે.

મ્યાનમાર : મ્યાનમારના પ્રારંભિક કાલનાં સ્થાપત્યકીય સ્મારકો થાનોન, પ્રોમ, પેગુ, વેથલી અને પગાનના સ્થળેથી મળ્યાં છે. અહીં સ્તૂપને ‘પેગોડા’ કે ‘પયા’ કહે છે. સામાન્ય રીતે તે ત્રણ કે પાંચ સ્તર પર ઘંટાકાર બનાવેલો હોય છે. તેની ઉપરની છત્રી (તિ) મોટે ભાગે લોખંડની બનાવેલી હોય છે અને તેના પર સોનાનો ઢોળ ચડાવેલ હોય છે. ઉત્તરકાલીન સ્મારકોમાં શ્વે-માવ-દેવ (પેગુ), સગઇંગ પાસે કઉંગ-માલ અને તૂપાયોન, શ્વે-ડગોન (રંગૂન), સિરિબ્યુમે (મિંગૂન), આરાકાન પેગોડા (ભાંડલે) વગેરે નોંધપાત્ર છે. રંગૂનનો શ્વે-ડગોન અતિ મહત્વનો અને વધુ ખ્યાતિ ધરાવતો પેગોડા છે. અનુશ્રુતિ પ્રમાણે ભગવાન બુદ્ધના આઠ વાળ ત્યાં રાખેલા છે. સુવર્ણપાત્રોથી જડિત પેગોડા ટેકરી પર આવેલો છે અને તેની ઊંચાઈ 39.4 મીટર છે.

મલયેશિયા : મલેશિયાનું આનંદ મંદિર ઉલ્લેખનીય છે. તે બેવડો પ્રદક્ષિણાપથ ધરાવે છે. ફ્ર નરાઈ નામની ટેકરી પર એક નાના ચોરસ ઈંટેરી મંદિરના અવશેષ છે. વાત ફ્ર તાતના મંદિરની રચના ભારતીય શિલ્પશાસ્ત્રના નિયમો પ્રમાણે થઈ હોવાનું જણાય છે. વાત કેઉનું મંદિર ઈંટેરી છે. જૂનાં મંદિરો પર નવાં મંદિરો બંધાતાં, પણ એ પહેલાં જૂનાં મંદિરની નાની પ્રતિકૃતિ (model) બનાવીને નવા મંદિરના પ્રાંગણમાં રાખવામાં આવતી. નખોન સ્રિ થમ્મરાતના વાત ફ્ર થાત (મહાધાતુ) મંદિરને વિશાળ બનાવવામાં આવ્યું છે.

થાઇલૅન્ડ : થાઇલૅન્ડના સ્થાપત્ય પર વિવિધ વિદેશી કલાની અસર જોવા મળે છે. પોંગ-તુકથી મંદિરો અને સ્તૂપના અવશેષો મળ્યા છે. લવપુરીના મહાતાત મંદિરની પીઠિકાની રચનામાં ભારતીય અસર જોવા મળે છે. ખ્મેર કાળ (10મીથી 13મી સદી) દરમિયાન અહીંના સ્થાપત્ય પર કંબોજ સ્થાપત્યનો પ્રભાવ જણાય છે. તાત-પનોમની સ્તૂપરચના ખ્મેર શૈલીની છે. લોપબુરીમાં આવેલ બે મંદિરો-વાત મહાધાતુ અને ફ્ર પ્રાંગ સોમયેત (ત્રિ-સ્તૂપ મંદિર) ખ્મેરકાલીન છે. આયુથ્થયના રાજ્યકાળ સુધી થાઇ-સ્થાપ-

ત્યના વિવિધ પ્રકારોએ તેઓનું વિશિષ્ટ સ્વરૂપ ધારણ કર્યું. એ પ્રકારોમાં વાત (મંદિર) પ્ર (સ્તૂપ), વિહાર અને બોત (ચૈત્ય જેવું બાંધકામ) નોંધપાત્ર છે. થાઇલૅન્ડમાં ધાર્મિક ઇમારતને 'વાત' કહે છે.

કંબોડિયા : કંબોડિયા(કંબોજ)ની ખ્મેર પ્રજાએ જગતને પ્રતિભાવંત સ્મારકોની ભેટ આપી છે. વ્યાધપુરના કિલ્લાની દીવાલના અવશેષો પ્રાપ્ત થયા છે. વટકુ મંદિર ભવવર્મા પ્રથમના સમયનું હોવાનું ગણાય છે. અંકોરકાલીન કલાનો પ્રારંભ નવમા શતકથી શરૂ થયો. મંદિરનાં શિખરોની સંખ્યામાં ફેરફાર જોવા મળે છે. 3, 4, 6, અને 8 શિખરોવાળાં મંદિરો આવેલાં છે. અંકોરના 25 કિલોમીટરના ઘેરાવામાં જ અગત્યનાં 20 સ્મારકો આવેલાં છે. રાજા ઇન્દ્રવર્મા સ્થાપત્યનો શોખીન હતો. એના નામે સ્થાપત્યશૈલી – ઇન્દ્રવર્મા શૈલી તરીકે ઓળખાઈ. અહીંનું જગપ્રસિદ્ધ સ્થાપત્ય અંકોર થોમની દક્ષિણે એક માઈલ દૂર આવેલ અંકોર વાત અર્થાત્ નગર-મંદિર છે. સૂર્યવર્મા બીજાએ (1131-51) એનું બાંધકામ કરાવ્યું હતું અને વિષ્ણુને અર્પણ કર્યું હતું તેવી માન્યતા છે. જયવર્મા સાતમાના સમયથી એનો ઉપયોગ બૌદ્ધ દેવાલય તરીકે શરૂ થયો. મંદિરને ફરતી અઢી માઈલના ઘેરાવામાં 198 મીટર પહોળી ખાઈ હતી. ખાઈ પરનો પુલ પશ્ચિમ દિશાએ છે. પીઠિકાની રચના ત્રણ મજલાઓ વડે કરેલી છે. ત્રીજા



અંકોરવાત, કંબોડિયા

મજલાની મધ્યમાં ગર્ભગૃહ છે. પ્રથમ મજલે બે ગ્રંથાલયો છે. બીજા અને ત્રીજા મજલાઓની વીથિકાઓને ચારે ખૂણે શિખરોની રચના કરેલી છે. મધ્યમાં ગર્ભગૃહના શિખરની ઊંચાઈ 40 મીટર (210 ફૂટ) છે. ખ્મેર સ્થાપત્યની આ ઉત્તમ કૃતિ છે. અંકોર-થોમ નગરનું આયોજન જયવર્મા સાતમાએ કર્યું હતું. બેયોનનું દેવાલય પણ અહીંનું પ્રસિદ્ધ સ્થાપત્ય છે. તેની રચના અંકોરવાતને મળતી આવે છે. કેન્દ્રીય શિખર લગભગ 30.48 મીટર (100 ફૂટ) ઊંચું છે. જ્યારે આજુબાજુનાં શિખરો 15.2 મીટર

(50 ફૂટ) ઊંચાં છે. પ્રહ-ખાન અને નિએક-પિએન પણ નોંધપાત્ર સ્મારકો છે.

વિયેતનામ : વિયેતનામ(ચંપા)માં મુખ્યત્વે ધાર્મિક સ્થાપત્યના અવશેષો પ્રાપ્ત થયા છે. સામાન્ય રીતે અહીંનાં દેવાલયો પૂર્વાભિમુખ હોય છે. પ્રાચીન દેવાલયોનો એક મોટો સમૂહ માયસોન પ્રદેશમાં આપેલો છે. ત્યાંનું શંભુ-ભદ્રેશ્વરનું મંદિર પ્રસિદ્ધ છે. મંદિરોનો બીજો સમૂહ ડોંગ-ડુઆંગમાં આવેલો છે. જયા-ઇન્દ્રવર્મા બીજાએ ઈ. સ. 875માં તે બંધાવેલા. ચંપામાંનું આ એકમાત્ર બૌદ્ધ સ્થાન છે. પો-નગરનો મંદિરસમૂહ ડુંગરની તળેટીમાં સમુદ્રતટ પાસે આવેલો છે. વિયેટનામમાં ગુફા-સ્થાપત્યના પાંચેક નમૂના મળ્યા છે.


ઇન્ડોનેશિયા : ઇન્ડોનેશિયાના દ્વીપસમૂહને સુવર્ણદ્વીપ કહેતા. ત્યાં દેવાલયને ‘ચંડી’ કહે છે. મધ્ય જાવામાં ડિયાંગ પ્રદેશમાં અનેક દેવાલયોનો સમૂહ આવેલો છે. એમાં ગુપ્ત, પલ્લવ અને ચાલુક્ય શૈલીની અસર જણાય છે. મૂળમાં એ દેવાલય મુખ્યત્વે શિવાલય હતાં. પ્રાંખનાન પ્રદેશમાં આવેલાં દેવાલયોમાં લારા-જોંગરંગનું દે-વસ્થાન નોંધપાત્ર છે. એ 9મી સદીનું છે. એમાં અંદરની બાજુએ રામાયણની મુખ્ય કથાના પ્રસંગોની 42 શિલ્પપંક્તિઓ કંડારેલી છે. આ પ્રદેશમાંથી અનેક બૌદ્ધ દેવા-લયોના અવશેષો પણ મળ્યા છે. કેદુ પ્રદેશનાં ત્રણ બૌદ્ધ મંદિરો નોંધપાત્ર છે. એમાં ડુંગરને કંડારીને બનાવેલું બોરોબુદુરનું દેવાલય સુવર્ણદ્વીપના સર્વોત્તમ બૌદ્ધ સ્મારક તરીકે વિશ્વવિખ્યાત છે. એમાં એકંદરે 700થી વધુ બુદ્ધ પ્રતિમાઓ છે. મૂળ દેવાલય નવ મજલાનું પણ બેઠા ઘાટનું છે. નીચેના છ મજલા સમચોરસ છે, જ્યારે ઉપરના ત્રણ મજલા વૃત્તાકાર છે. દરેક મજલે બુદ્ધચરિત તથા જાતકકથાઓના પ્રસંગ કોતર્યા છે. આ શિલ્પપટ્ટ 3,500 જેટલાં છે. નવમા મજલાની વચ્ચે 16 મીટરના વ્યાસનો સ્તૂપ છે, જે સમગ્ર દેવાલયના અગ્રભાગ તરીકે દૂરથી દેખાઈ આવે છે.

અફઘાનિસ્તાન : અફઘાનિસ્તાનમાંથી અનેક બૌદ્ધ સ્થાપત્યના અવશેષો પ્રાપ્ત થયા છે. બામિયાનમાંથી પ્રાચીન વિહારો, સ્તૂપો, ચૈત્યો અને મંદિરોના અનેક અવશેષો ઠેર ઠેર જોવા મળે છે. ડુંગરોમાં ગુફા-વિહારો કંડારેલા છે. ત્યાંના ડુંગરોમાંથી કંડારેલ ભગવાન બુદ્ધની બે મહાકાય પ્રતિમાઓ વિશ્વપ્રસિદ્ધ હતી જેનો થોડાં વર્ષ પહેલાં જ તા-લિબાનોએ નાશ કર્યો. કાબુલની ઉત્તરે આવેલા ખૈરખાના સ્થળે અનેક પ્રાચીન મંદિરોના અવશેષ આવેલા છે. કપિશામાંથી પ્રાચીન નગરીના અવશેષો મળી આવ્યા છે. ગાંધાર પ્રદેશમાં એક હજાર જેટલા સંઘારામો હતાં અને અનેક સ્તૂપો હતા. કેટલાક સ્તૂપો કુષાણ રાજા કણિષ્કે બંધાવ્યા હતા. પુરુષપુર(વર્તમાન પેશાવર)માં કણિષ્કે બંધાવેલો સ્તૂપ પ્રસિદ્ધ છે. તખ્ત-ઇ-બહાઈનો પ્રાચીન સ્તૂપ ઉલ્લેખનીય છે. જલાલાબાદ નામે શહેરમાં પ્રાચીન નગરહારનાં ખંડેર આવેલાં છે. હદ્દા કે હિદ્દા નામના સ્થળે આવેલા સ્તૂપોનું વર્ણન ચીની પ્રવાસીઓ-ફાહિયાન અને યુઅન-શ્વાંગે કરેલું છે.


મધ્ય એશિયા : મધ્ય એશિયામાં ખોતાનની બાજુએ કુચા, તુરફાન અને તુન--હુઆંગમાં બૌદ્ધ સ્તૂપોના તથા વિહારોના અવશેષો આવેલા છે. મીરાનમાં સ્તૂપને

સમાવતા વૃત્તાકાર ચૈત્યગૃહનો ચણતરી નમૂનો મળ્યો છે. તુન-હુસાંગ પાસેની પ્રસિદ્ધ 'હજાર બુદ્ધની ગુફાઓ'માં 400 શિલ્પકૃતિ અને 100 ભિત્તિચિત્રો હતાં.

ચીન : ચીનના બૌદ્ધ સ્થાપત્યમાં પેગોડા એ ઘણે અંશે ભારતીય સ્તૂપનું રૂપાંતર છે. લોયાંગમાં છઠ્ઠી સદીમાં નવ મજલાનું લાકડાનું વિશાળ બૌદ્ધ ચૈત્ય બંધાયું હતું. ના-ના-શાનની તળેટીમાં 'હજાર બુદ્ધોની ગુફાઓ' ચોથી સદીમાં કંડારાઈ હતી. હોનાનમાં આવેલ સુંગ-શાન પર દ્વાદશાસ્ત્ર પેગોડા લગભગ ઈ. સ. 520માં બંધાયો હતો. ચીનની જગવિખ્યાત દીવાલનું બાંધકામ ઈ. સ. પૂ. ત્રીજી સદીમાં શી-હાંગ-તીના સમય દરમિયાન શરૂ થયું હતું અને 15મી-16મી સદીમાં મીંગ વંશના શાસનકાળ દરમિયાન પૂરું થયું હતું. આમ તે દીવાલ બાંધતાં લગભગ 1900 વર્ષ થયાં હતાં. તે 16.16 મી. (53 ફૂટ) ઊંચી; 4.72મી. (15થી 26 ફૂટ) થી 6.93 મી. (26 ફૂટ) પહોળી અને 3024.92 કિમી. (1880 માઈલ) લાંબી છે. સમગ્ર દીવાલનું બાંધકામ ઈંટેરી છે. ચીની પ્રજાની સંરક્ષણ વિશેની સૂઝ તેમાં પ્રદર્શિત થાય છે.



ગોરખનાથનું કાષ્ઠ-મંદિર, નેપાળ



ચીનની જગવિખ્યાત દીવાલ

તિબેટ : તિબેટના સ્થાપત્યમાં બૌદ્ધ ધાર્મિક સ્થાપત્ય મહત્વનું સ્થાન ધરાવે છે. યૉરતેન એ બૌદ્ધ સ્તૂપ છે. તેનો સૌથી પ્રાચીન નમૂનો આઠમી સદીનો છે. વિશાળકાય યૉરતેનને 'કુમ-બુમ' કહે છે. એમાં ચારે બાજુ અનેક દેવાલયો હોય છે. ગોમ્પામાં ચૈત્ય અને વિહારનો સમન્વય હોય છે. લ્હાસા પાસે અનેક વિશાળ ગોમ્પા આવેલ છે. ગોમ્પા મોટા ભાગે પહાડ અથવા ડુંગરની ટોચ પર બાંધવામાં આવે છે. લ્હાસાનો પોતલા મહેલ એ દલાઈ લામાનો મહેલ-મઠ છે. એમાં સેંકડો ઓરડા આવેલા છે. છેક ઉપરના મજલે દલાઈ લામાના સોને મઢેલા સમાધિ-સ્તૂપ છે. લ્હાસાનો દુર્ગ પણ નોંધપાત્ર છે.



લ્હાસાનો પોતલા મહેલ, તિબેટ

નેપાળ : નેપાળમાં બૌદ્ધ અને હિંદુ સ્થાપત્યનું નિર્માણ થયું. મૌર્ય રાજા અશોકે નેપાળની ખીણમાં અનેક સ્તૂપ બંધાવ્યા હતા. સ્વયંભૂનાથ અને બોધનાથના સ્તૂપ એમાંના મનાય છે. સ્વયંભૂનાથનું મંદિર કાઠમંડુમાં એક ટેકરી પર આવેલું છે. એમાં આવેલ ભગવાન બુદ્ધની પ્રતિમા નેપાળની સહુથી મોટા કદની પ્રતિમા છે. બોધનાથનું ચૈત્ય જગતનું સૌથી મોટું ચૈત્ય છે. એ પણ કાઠમંડુમાં આવેલ છે. ત્યાંનો સ્તૂપ નેપાળી સ્વરૂપનો છે. એની ટોચની ચારે બાજુએ નયનયુગલ નજરે પડે છે. નેપાળનાં હિંદુ મંદિરોમાં સહુથી વધુ મહત્વનું મંદિર પશુપતિનાથનું છે. એ કાઠમંડુની પાસે બાગમતી નદીના પશ્ચિમ કાંઠે ટેકરી પર આવેલું છે. તે પેગોડા સ્વરૂપે બંધાયું છે. તે આદ્ય શંકરા-ચાર્યે બંધાવેલું હોવાનું મનાય છે. મંદિરના બે મજલાની સોનેરી છતો દૂરથી ચમકે છે. અંદરની છત ચાંદીની છે. મંદિરનો ઉપલો ભાગ લાકડાનો છે. ગર્ભગૃહમાં ચતુર્મુખ શિ-વલિંગની પ્રતિષ્ઠા કરેલી છે. કાઠમાંડુની વચ્ચે જૂના રાજમહેલની પાસે તુળજા ભવાનીનું અને ગાદી-દરબારની સામે કુમારીદેવીનું મંદિર છે. ગોરખનાથનું મંદિર કાષ્ઠ-મંદિર છે. કાઠમાંડુમાં મત્સ્યેન્દ્રનાથ(ગોરખનાથના ગુરુ)નું મંદિર પણ છે. ત્યાંનાં અન્નપૂર્ણા મંદિર, વિક્રમશીલ મહાવિહાર અને શેષશાયી વિષ્ણુનું મંદિર પણ જોવાલાયક છે. પાટનમાં અશોકે બંધાવેલા પાંચ સ્તૂપો છે. ત્યાં ગોકર્ણેશ્વર મહાદેવ, શિખાનારાયણ, કૃષ્ણ અને ભીમસેનનાં મંદિરો આવેલાં છે. પોખરા ખીણ પાસે મુક્તિનાથનું મંદિર છે. ત્યાંના એક નાના પેગોડામાં દેવી જ્વાલામુખીની મૂર્તિ છે. આમ નેપાળમાં હજારો મંદિર છે અને વર્ષમાં સેંકડો પર્વ ઊજવાય છે.

# 15

# ગુજરાતની શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

ગુજરાતની શિલ્પકલાનાં પગરણ, આદ્ય-ઐતિહાસિક કાળથી શરૂ થાય છે. આ કાળનું મહત્વનું કેન્દ્ર લોથલ હતું. લોથલમાંથી માનવ-ઘાટની માટીની પકવેલી આકૃતિઓ ખૂબ જ મર્યાદિત પ્રમાણમાં પ્રાપ્ત થઈ છે. ત્રણ પુરુષ-આકૃતિઓ મળી છે. સ્ત્રી-આકૃતિઓ પણ મળી આવી છે. લોથલમાં કાંસાના ઢાળાનું કામ પ્રચલિત હતું. આ પ્રકારની માત્ર પ્રાણીઓની જ આકૃતિઓ પ્રાપ્ત થઈ છે. તેમાં કૂતરાંની બે આકૃતિઓ, બેઠેલા વૃષભની આકૃતિ, પક્ષીના મસ્તકવાળી સળી, એક સસલું અને કૂકડો ઉલ્લેખનીય છે. પશુ અને માનવની મિશ્ર આકૃતિઓના નમૂના પણ જોવા મળે છે.


બુદ્ધ (દેવની મોરી)


વીરભદ્ર (શામળાજી)

મૌર્યકાળનું ગણાવી શકાય તેવું શિલ્પ ગુજરાતમાંથી હજુ સુધી જડ્યું નથી. એ જ રીતે શુંગકાળનાં શિલ્પો પણ પ્રાપ્ત થયાં નથી. ઈ. સ. પૂ. પહેલા-બીજા સૈકામાં ગુજરાતમાં ગ્રીકોનું રાજ્ય હોવાની સંભાવના છે. અમરેલીના ખોદકામમાંથી દાઢીવાળા ગ્રીકની આકૃતિવાળી માટીની તકતી મળી છે. ક્ષત્રપકાલ(ઈ. સ. પહેલી સદીથી ઈ. સ. 400)ની

શિલ્પકલાના અવશેષો પ્રાપ્ત થયા છે. તળાજાના એભલમંડપની ગુફા, જૂનાગઢ પાસે ખાપરા-કોડિયાની ગુફા, ઉપરકોટની ગુફાઓ, બાવા-પ્યારાના મઠની ગુફાઓ, ખંભાલીડાની ગુફાઓ, સૌરાષ્ટ્રમાં સાણાની અને ઢાંકની ગુફાઓ તેમજ શામળાજી પાસે દેવની મોરીનો સ્તૂપ વગેરે સ્થળોએ આ સમયનાં શિલ્પો આવેલાં છે. ગુફાઓમાં મોટે ભાગે ચૈત્ય-ગવાક્ષનાં સુશોભન જોવા મળે છે. ખંભાલીડાની ગુફાઓ પૈકીની એક ચૈત્યગુફાની બહારની દીવાલ ઉપર પદ્મપાણિ અવલોકિતેશ્વર અને વજ્રપાણિ બોધિસત્ત્વોનાં મોટાં શિલ્પો કંડારેલાં છે. દેવની મોરીના સ્તૂપનાં સુશોભનો ગાંધાર અને પાશ્ચાત્ય શૈલીને મળતાં આવે છે. સ્તૂપના દરેક ગોખની મધ્યમાં માટીમાંથી બનાવેલી બુદ્ધની ધ્યાનસ્થ મૂર્તિઓ મૂકેલી હતી. આ મૂર્તિઓની બનાવટ ઉચ્ચ કલાનાં દર્શન કરાવે છે. આ પ્રતિમાઓ એકસરખી લાગે છે; પરંતુ સૂક્ષ્મ રીતે જોતાં તેમાં વૈવિધ્ય જણાય છે – ખાસ કરીને મુખાકૃતિ, વસ્ત્રપરિધાન અને દેહયષ્ટિની દૃષ્ટિએ દેવની મોરીના સ્તૂપના અવશેષો હાલ એમ. એસ. યુનિવર્સિટી ઑવ્ બરોડાના પુરાતત્વ વિભાગના સંગ્રહાલયમાં સુરક્ષિત છે. શામળાજીની આસપાસથી ઈ. સ. 400ના સમયની હિંદુ પ્રતિમાઓ પણ મળી આવી છે : બાળક સાથે ત્રિભંગમાં ઊભેલી યક્ષી (કે કોઈ દેવી) માતા અને શિશુની ખંડિત મૂર્તિ, ભીલડી-વેશે પાર્વતીની ઊભી પ્રતિમા, ચામુંડાદેવીની પ્રતિમા વગેરે. ખેડબ્રહ્માથી પ્રાપ્ત એકમુખીલિંગ, સોજિત્રામાંથી અને કચ્છમાં દોલતપુરમાંથી પ્રાપ્ત મસ્તકો, શામળાજી પાસે નાગધરામાંથી મળેલ ભારવાહકનું ધાતુશિલ્પ વગેરે ગુજરાતમાં ક્ષત્રપકાલ દરમિયાન વિકસેલી શિલ્પકલાની ઝાંખી કરાવે છે. ગુપ્તકાલીન ગુજરાતનાં શિલ્પોમાં મુખ્યત્વે વીરભદ્ર-શિવ (શામળાજી), વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલી બે માતૃકાઓ, અંબાજી પાસેની વાવના બે ગણ, ગોપના મંદિરને ફરતી દીવાલ પરની કેટલીક આકૃતિઓ, મસ્તક વિનાનું માટીનું શિલ્પ (શામળાજીની આસપાસ), કાયોત્સર્ગ મુદ્રામાં ઊભેલા તીર્થંકર શ્રીઆદિનાથની ખંડિત પ્રતિમા વગેરેની ગણના કરી શકાય.

મૈત્રકકાલ અને અનુ-મૈત્રકકાલ(ઈ. સ. 470થી ઈ. સ. 942)નાં શિલ્પો પ્રાપ્ત થયાં છે. તે પૈકી કેટલીક જાણીતી શિલ્પાકૃતિઓ આ પ્રમાણે છે : નંદીને અઢેલીને ઊભેલાં શિવ-પાર્વતી (કારવણ), વિશ્વરૂપ વિષ્ણુ (શામળાજી), મકરવાહિની ગંગા (શામળાજી), ત્રિશૂળધારી શૈવ દ્વારપાલ (શામળાજી), ઉમા-મહેશ્વર (કપૂરાઈ), અકોટામાંથી પ્રાપ્ત શ્રીજીવંતસ્વામી, આદિનાથ, અંબિકાની પ્રતિમાઓ, પાર્વતી (દેલવાડા), માતા અને બાળક (કોટ્યર્ક), સ્કંદમાતા (કોટ્યર્ક), પાર્વતી અને નૃત્ય કરતા ગણપતિ (ટીંટોઈ), વિશ્વરૂપ વિષ્ણુ (કઠલાલ), સપ્તમાતૃકાઓ (ડીસા પાસે વડાવલ), મહિષાસુરમર્દિની (પિકોરા, કઠલાલ પાસે), કદવારના વરાહમંદિરનાં શિલ્પો, રોડાના મંદિરનાં શિલ્પો, કૌમારી (કારવણ), કુંભારિયા અને કોટેશ્વરની માતૃકાઓ, પિંડારક (પીંડારા) તીર્થની આજુબાજુનાં શિલ્પો, વડનગરમાંનો અમથેર માતાના મંદિરની સપ્તમાતૃકાઓનો પટ્ટ, કુબેર (સિદ્ધપુર), સિંહારૂઢ અંબિકા (અકોટા), સર્વાનુભૂતિ યક્ષ (અકોટા) વગેરે.

જીવંતસ્વામી (અકોટા) ચામરધારિણી (અકોટા) શબરકન્યા-પાર્વતી (શામળાજી)

ગુજરાતની સોલંકીકાલીન (ઈ. સ. 942થી ઈ. સ. 1303-04) શિલ્પ-શૈલીને 'મારુ-ગુર્જર શૈલી' તરીકે ઓળખવામાં આવે છે. આ શૈલીનાં શિલ્પો ગુજરાતના પ્રદેશ ઉપરાંત રતલામ પાસે વિરૂપાક્ષ મંદિર, રાજસ્થાનમાં માધોપુર, આબુ પાસે ચંદ્રાવતી નગરી, નાડોડ, નાડલાઈ, ઘાણે રાવ, સાદડી, રાણકપુર સેવાડી, પાલી, કિરાડુ, જાલોરગઢ અને ચિત્તોડગઢનાં મંદિરોમાં પણ આ શૈલીનાં શિલ્પો દષ્ટિગોચર થાય છે. આ કાલનાં આશરે 80 જેટલાં મંદિરો, કિલ્લાઓ, તળાવો, વાવો વગેરે સ્થાપત્યના તેમજ સેંકડો શિલ્પોના અવશેષો મળે છે. સોલંકીકાલીન શિલ્પો મુખ્યત્વે હિંદુ અને જૈન ધર્મને લગતાં છે. હિંદુ શિલ્પોમાં શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયનાં શિલ્પો, સૂર્યપૂજા તથા શક્તિપૂજાનાં શિલ્પો એક જ સ્થાનમાં સાથે સાથે જોવા મળે છે. આવાં શિલ્પો વઢવાણ, સૂણક, દેલમાલ, વાલમ, મોઢેરા, ખેડબ્રહ્મા, સેજકપુર, દ્વારકા (રુક્મિણીનું મંદિર), ગળતેશ્વર, કોટાય, પાવાગઢ, કેરા, ઘૂમલી, સિદ્ધપુર, તારંગા, પ્રભાસ પાટણ, ગિરનાર, કુંભારિયા, આબુ વગેરે સ્થળોનાં મંદિરોમાં જોવા મળે છે. છૂટાં શિલ્પો કેટલાંક સંગ્રહાલયોમાં પણ સચવાયાં છે. દેલમાલના લિંબોજી માતાના મંદિરના

ચામરધારી પ્રતિહારી (મોઢેરા) ગજાસુરસંહારક શિવ (મોઢેરા) તારાદેવી (તારંગા)



કલ્કિ, પાટણની રાણીની વાવ

અગ્નિકોણના સૂર્યમંદિરના પશ્ચિમ તરફના ગવાક્ષમાં ગુજરાતની એક ઉત્તમ મૂર્તિ – હરિહર પિતામહાર્ક આવેલી છે. પાવાગઢના લકુલીશના મંદિરના મંડોવરની જંઘાના ભાગમાં વીરેશ્વર લકુલીશ, અષ્ટાદશ ભુજાદેવી, નટરાજ, યોગાસનમાં શિવ, ગજેન્દ્રમોક્ષ અને બ્રહ્મેશાનાર્કનાં શિલ્પ ઉત્તમ કોતરણીવાળાં અને વેગીલાં છે. મોઢેરાના સૂર્યમંદિરની જંઘાના ગવાક્ષોમાં સૂર્યની બાર મૂર્તિઓ, અષ્ટદિક્પાલ, દિક્પાલિકાઓનાં પૂરાં માનવકદનાં શિલ્પ છે. પ્રદક્ષિણાપથ અને ગૂઢમંડપની દીવાલ પર પણ બાર સૂર્યોની મૂર્તિઓ છે. સ્તંભોનો એકેએક ભાગ સૂક્ષ્મ કોતરકામથી પૂર્ણ છે. સ્તંભોના ગવાક્ષોમાં નર્તકીઓ અને મિથુનોનાં ઉન્નત કોટિનાં શિલ્પ છે. પાટડા પર અનેક દેવદેવીઓ તથા રોજિંદા જીવનના તથા રામાયણ-મહાભારતના પ્રસંગો કોતરેલા છે. અહીંનાં મિથુન-શિલ્પો ખાસ નોંધપાત્ર છે. કુંભારિયાનાં મંદિરોનું કોતરકામ આબુ-દેલવાડાનાં મંદિરોને મળતું આવે છે; પરંતુ એના વારંવાર થયેલા જીર્ણોદ્ધારના કારણે એના કલાસૌષ્ઠવમાં ઓટ આવી છે. આમ છતાં એની છતોનો કલાવૈભવ ઘણી ઊંચી કોટિનો છે. પાટણની રાણીની વાવનો શિલ્પવૈભવ જોતાં તેને કલા-તીર્થ કહી શકાય.



શૃંગારકન્યા



સદ્યસ્નાતા



વરાહ (કદવાર, સૌરાષ્ટ્ર)

પાટણની રાણીની વાવનાં શિલ્પો

સલ્તનતકાલ (ઈ. સ. 1303-04થી ઈ. સ. 1572) અને મુઘલકાળ (ઈ. સ. 1572થી 1559) દરમિયાન મંદિરનિર્માણની પ્રવૃત્તિ ઘણે અંશે અટકી ગઈ હતી; તેથી શિલ્પોનું કોતરકામ ઘણું જ ઓછું થયું. આ સમયમાં ઇસ્લામી સ્થાપત્ય તરફ વધારે ધ્યાન અપાયું અને તેમાં મૂર્તિના સ્થાને ભૌમિતિક તથા વનસ્પતિજન્ય સુશોભનો, નક-શીકામ, જાળીકામ, ગોખ, મિનારા, ઝરૂખા વગેરેની રચનાને પ્રાધાન્ય અપાયું; આથી કલાકારો મનુષ્ય-આકૃતિના સર્જનથી અળગા થતા ગયા; તેથી આ સમયનાં મનુ-ષ્ય-શિલ્પો વધુ નિર્જીવ અને ભાવવિહીન જણાય છે. આ સમયની શિલ્પાકૃતિઓમાં લોકકલા અને સ્થાનિક કલાનાં તત્વ ઉમેરાયાં છે. વૈષ્ણવ-પુષ્ટિ સંપ્રદાયનો વ્યાપક પ્રસાર થવાથી એની સેવા-પદ્ધતિને અનુરૂપ પ્રતિમાઓ પણ ઘડાવા લાગી; વૈષ્ણવ અને જૈન ધર્મના પ્રોત્સાહનથી ધાતુપ્રતિમા-કલાનો વિકાસ થયો. આ સમયની અસંખ્ય જૈન ધાતુપ્રતિમાઓ ઉપલબ્ધ છે. વલ્લભ સંપ્રદાયને કારણે લાલજી, લાડુ-ગોપાલ, વેણુ--ગોપાલ, મુરલીધર, રાધા-કૃષ્ણ વગેરેની ધાતુપ્રતિમાઓનું નિર્માણ થયું. ખંભાતની આર. પી. આર્ટ્સ કૉલેજના મ્યુઝિયમની 14મી સદીની બ્રહ્મા-સાવિત્રીની મૂર્તિ, સાબરકાંઠાના પોળો વિસ્તારના આભાપુરના સારણેશ્વર મંદિરની અંધકારસૂરવધ કરતા શિવની મૂર્તિ, ચતુર્ભુજ રક્તચામુંડાની મૂર્તિ, શિવશક્તિ મંદિરોમાંથી પ્રાપ્ત સ્તંભો પર કંડારેલી બ્રાહ્મી અને વૈષ્ણવીની મૂર્તિઓ, વંથળીનું સૂર્યપરિકર, વાવડીની સૂર્ય-સૂર્યાણીની પ્રતિમા, ધોળકાની મહિષાસુરમર્દિની અને ગણેશ વક્રતુંડની પ્રતિમાઓ, વડનગરના હાટકે-શ્વર મંદિરમાં મત્સ્યાવતારનું અને દિક્પાલ યમરાજનું શિલ્પ વગેરે સલ્તનતકાલીન શિલ્પકલાનાં ઉલ્લેખનીય ઉદાહરણો છે. ખંભાતની જામી મસ્જિદ અને સરખેજમાં ખટ્ટુ ગંજબક્ષના રોજાની જાળીઓની કોતરણી સુંદર અને આકર્ષક છે. અમદાવાદમાં અહમદશાહ 1લાની, હસન ચિશ્તીની, રૂપમતી અને સિપ્રિની, મુંહાફીઝખાં અને અચૂ-તકૂકીની મસ્જિદોનાં સ્થાપત્યમાં આ સમયનાં બેનમૂન ઇસ્લામી રૂપાંકનો જોવા મળે છે. અડાલજ અને અસારવાની વાવોનાં અલંકરણો પણ આ જ સમયનાં છે.

શામળાજીના ગદાધર મંદિરમાં, દ્વારકાના જગતમંદિરમાં, નારાયણ સરોવરના તથા માંડવીના સુંદરવરનાં મંદિરોમાં; શત્રુંજયનાં ચૌમુખીજી, નેમિનાથ, પાર્શ્વનાથ, ધર્મનાથ અને સુમતિનાથનાં મંદિરોમાં; અમદાવાદમાં અસારવાના નીલકંઠ મહાદેવ મંદિરમાં અને ઝવેરીવાડમાં સંભવનાથના મંદિરમાં, નિશાપોળમાં જગવલ્લભ પાર્શ્વના-થના મંદિરમાં, દોશીવાડાની પોળના વૈષ્ણવ મંદિરમાં, ખેડબ્રહ્મામાં બ્રહ્માજીના મંદિરમાં મુઘલકાલીન શિલ્પો આવેલાં છે. ઈડરના પહાડ પરની રણમલ ચોકીના જૈનમંદિરની અને ભુજના આયના-મહેલની નકશીવાળી પથ્થરની જાળીઓ ખાસ ધ્યાન ખેંચે છે. અમદાવાદની સીદી સઈદની મસ્જિદનું જાળીકામ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.

મરાઠાકાલ (ઈ. સ. 1758 - ઈ. સ. 1818) દરમિયાન ગુજરાતના શિલ્પકારો પુણે, ચાંદોર, નાસિક, નાગપુર વગેરે સ્થળોએ પેશવાઓ અને દરબારીઓના મહેલો, ભવનો અને મંદિરોનાં સુશોભન કરવા જવા લાગ્યા. આથી ગુજરાતની શિલ્પકલા

એ પ્રદેશો સુધી વિસ્તરી. સામે પક્ષે ગુજરાતની કલા પર દક્ષિણની શિલ્પકલાની અસર પણ થઈ. ખાસ કરીને આ સમયનાં નારી-શિલ્પોમાં મરાઠી પદ્ધતિએ કછોટો મારીને સાડી પહેરવાની ઢબ જોવા મળે છે. પુરુષો અને દેવપ્રતિમાઓના મસ્તકે મરાઠી ચકરીદાર પાઘડી પહેરેલી જોવા મળે છે. અમદાવાદના ભદ્રના કિલ્લાના વિસ્તાર-માં આવેલાં મરાઠાકાલીન મંદિરોમાં, ભૂતિયા-વાસણાના દૂધનાથ મહાદેવના મંદિરમાં, પાળિયાદના શિવ-મંદિરમાં, કચ્છમાં લખપતજીની છતરડીમાં, સોજિત્રાના એક જૈન મંદિરમાં, ચાણોદના કુબેરેશ્વર મહાદેવના મંદિરમાં મરાઠાકાલનાં શિલ્પો છે. વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલી આ સમયની કેટલીક ધાતુપ્રતિમાઓ ગુજરાતની ધાતુકલાના ઉત્તમ નમૂના છે.

## આધુનિક કાળ

આ કાળનાં શિલ્પો પાષાણ, કાષ્ઠ, ધાતુ ઉપરાંત ચૂના-રેતીના મિશ્રણમાંથી બીબાં ઢાળીને કે હાથથી ઘડેલા સ્ટુકો (stucco) જોવા મળે છે. ગુજરાત-સૌરાષ્ટ્રની વેશભૂષા અલંકારો, કેશગુંફન શૈલી વગેરે શિલ્પોમાં જોવા મળે છે. સૌથી મહત્વની બાબત એ છે કે આ સમયનાં શિલ્પો પર યુરોપીય કે ભારત-યુરોપીય કે વિક્ટોરિયન કલાની અસર જણાય છે. સ્ટુકો દ્વારા સામાન્ય મકાનોને પણ અલંકૃત કરવામાં આવતાં. મોટા ભાગનાં આ પ્રકારનાં શિલ્પો વિક્ટોરિયન શૈલીનાં હોવાનું જોવા મળે છે. મુઘલ અને મરાઠા કાળ દરમિયાન ગુજરાતની શિલ્પકલામાં સૌંદર્યનું તત્વ ઘટતું ગયું હતું તેનો ફરીથી ઉત્કર્ષ થતો જણાય છે. કલાકૃતિઓ વધુ વાસ્તવિક અને જીવંત બનતી જોવા મળે છે.

અમદાવાદના સ્વામિનારાયણ સંપ્રદાયના કાળુપુરના મંદિરમાં તેમજ મૂળી, ભૂજ, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જૂનાગઢ અને ગઢડાનાં મંદિરોમાં આ સમયની શિલ્પકલા દૃષ્ટિગોચર થાય છે. અમદાવાદના મંદિરનું શિલ્પખચિત ભવ્ય પ્રવેશદ્વાર આ સમયની શિલ્પ-સ્થાપત્યકલાનો શ્રેષ્ઠ નમૂનો છે. મંડપના ઘુંમટના સ્તંભો પર સુંદર વાદ્ય-ધારિણીઓનાં શિલ્પો છે. સૂરતના મંદિરનો ભવ્ય દરવાજો પણ કલાત્મક છે. એના પર કંડારેલું વિષ્ણુનું શિલ્પ ખાસ નોંધપાત્ર છે. વિષ્ણુનો પહેરવેશ ગુજરાતના કોઈ વણિક શ્રેષ્ઠી જેવો લાગે છે. અમદાવાદના મંદિરના પ્રાંગણમાં આવેલી હવેલી પર આ સમયની કાષ્ઠકલાના ઉત્તમ અંશો જળવાઈ રહ્યા છે. એમાં દાંત દર્શાવતા હનુમાનજી, મરાઠી ઢબની પાઘ ધારણ કરેલા ગણેશ, સિંહવ્યાલ, વ્યાલ, પત્રાવલિ, ફૂલવેલની ભાતો અને ભૌમિતિક ભાતો વડે તે અલંકૃત છે. મૂળી, ધોલેરા, જેતલપુર, વડતાલ વગેરે સ્થળોએ આવેલાં સ્વામિનારાયણનાં મંદિરોમાં પણ આવી કલાત્મક હવેલીઓ આવેલી છે.

અમદાવાદના હઠીસિંહના જૈન મંદિરમાં આ સમયનાં બેનમૂન શિલ્પો જોવા મળે છે. અગાઉ નોંધ્યું તેમ આ સમયની શિલ્પકલા પર યુરોપીય શૈલીની અસર હોવા છતાં આ મંદિરનાં શિલ્પોમાં પ્રાચીન પ્રશિષ્ટ અને પરંપરાગત શૈલીની અસર વરતાય છે.

મંદિરના મંડપ, શૃંગારચોકી, દેવકુલિકાઓ આગળની ભમતીના સ્તંભોના ટેકા રૂપે મૂકેલી સ્ત્રી-આકૃતિઓ નયનરમ્ય છે. વાદ્ય, શસ્ત્ર, બાળક ધારણ કરતી અને શૃંગાર સજતી સ્ત્રીઓનાં શિલ્પોનું ખૂબ જ વૈવિધ્ય જોવા મળે છે. ગૂઢ મંડપના ઉપરના મજલે આવેલી જાળીઓમાં મુસ્લિમ શૈલીની અસર જણાય છે. મુખ્ય પ્રવેશની ઉત્તર બાજુની દીવાલના એક ગવાક્ષમાં કંડારેલ એક સ્ત્રીનું શિલ્પ આકર્ષક છે. તેણે માથે ઓઢેલ સાડીની કિનારમાં શિલ્પીએ ઊંડાણ કરીને ત્રિપરિમાણની અસર ઊભી કરી છે.

સુરેન્દ્રનગર નજીક આવેલા દૂધરેજના શ્રીવટપતિ ભગવાન(વડવાળા)નું પ્રસિદ્ધ મંદિર ભારત-યુરોપીય કલાનો અજોડ નમૂનો છે. મંદિરની ત્રણે પ્રવેશચોકીએ બંને બાજુ મૂકેલાં સિંહ, વૃષભ અને હાથીનાં શિલ્પો એની વાસ્તવિકતામાં ગ્રીક-રોમન શિલ્પોનો ભાસ કરાવી જાય છે. હાથીના પગ નીચે દબાયેલાં બે યોદ્ધાનાં શિલ્પ રોમન યોદ્ધાની યાદ અપાવે છે.

રાજકોટના વૉટસન મ્યુઝિયમમાં સુરક્ષિત રાણી વિક્ટોરિયાનું શિલ્પ સંપૂર્ણ યુરોપીય કે વિક્ટોરિયન કલાનો નમૂનો છે. રાણી વિક્ટોરિયાનું આવું જ સુંદર શિલ્પ અમદાવાદના વિક્ટોરિયા ગાર્ડન (હાલ તિલક બાગ)માં આવેલું હતું.

ધોળકાના સ્વામિનારાયણ મંદિરમાંની શિવ-પાર્વતીની પ્રતિમાની પશ્ચાત્ ભૂમિકામાં કંડારેલ ફૂલવેલની ભાત વિક્ટોરિયન ઢબની છે. ધોલેરાના સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણની છત્રીના પ્રવેશચોકીના ઓટલા પર બે હાથીઓનાં અર્ધમૂર્ત શિલ્પ કંડારેલાં છે. હાથીની અંબાડી પર અંગ્રેજ કે ફિરંગી અફસર એના ચાકર સાથે આરૂઢ છે. મહાવતના વાળ પણ વિદેશી ઢબે ઓળેલા છે.

પાળિયાદ(જિ. સુરેન્દ્રનગર)ના એક મંદિરના પ્રાંગણથી છૂટું પડેલું વાયુદેવનું શિલ્પ અને ચંડિસર(તા. દહેગામ)માંથી પ્રાપ્ત બ્રહ્માણીની પ્રતિમા લોકકલાના નમૂના જણાય છે. રાજુલા(જિ. અમરેલી)ના મૂળનાથ મહાદેવમાં ચતુર્ભુજ કુબેરના એક શિલ્પમાં પહેરવેશ ગુજરાતના કોઈ વણિક શ્રેષ્ઠી જેવો છે.

નાનાં-મોટાં મકાનો, હવેલીઓ, મહેલો, બંગલાઓ સ્ટુકોનાં શિલ્પોથી વિભૂષિત કરવામાં આવતાં. આવાં શિલ્પોનો વિષય મુખ્યત્વે સામાજિક અને પૌરાણિક હતો; જેમ કે કૃષ્ણ અને ગોપીઓ, ગણેશ, શ્રીલક્ષ્મી, વાજિંત્ર વગાડતી કે ફૂલમાલા ધારણ કરીને ઊભેલી કે બેઠેલી સુંદર સ્ત્રીઓ વગેરે. સ્ત્રીઓએ ધારણ કરેલાં વાદ્યો અને તેમના પહેરવેશમાં યુરોપીય અસર છે. આ પ્રકારનાં શિલ્પો અમદાવાદના અનેક વિસ્તારમાં આવેલાં મકાનો પર જોવા મળે છે. અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં આવેલો શ્રી ચીનુભાઈ બેરોનેટનો ‘શાંતિકુંજ’ બંગલો વિક્ટોરિયન યુગની શિલ્પ-સ્થાપત્યકલાનો અજોડ નમૂનો છે. વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ, ભુજનો વિજયવિલાસ મહેલ, મોરબીનો વાઘજી મહેલ, વાંકાનેરનો રણજિતવિલાસ મહેલ, જામનગરનો મહેલ વગેરેમાં વિક્ટોરિયન શૈલીનાં શિલ્પો કે સુશોભનો જોવા મળે છે. માંડવી(કચ્છ)નો મહેલ

ડચ-આકૃતિઓથી અલંકૃત છે. મુંદ્રા(કચ્છ)નો નવલખો મહેલ એની કાષ્ઠ-કલાકારીગરી માટે પ્રસિદ્ધ છે.

શહેરના ચોકમાં કે ચાર રસ્તે રાજાઓનાં અશ્વારૂઢ કે અર્ધકાય શિલ્પો (Bust) મૂકવાની પ્રથા દેશી રાજ્યોની રાજધાનીનાં સ્થળોમાં શરૂ થઈ. વડોદરામાં સયાજીરાવ ત્રીજાનું અશ્વારૂઢ શિલ્પ આકર્ષક છે.

અમદાવાદ, વડોદરા, રાજકોટ, ડીસા, જૂનાગઢ, સૂરત વગેરે સ્થળોએ આવેલાં ખ્રિસ્તી કબ્રસ્તાનોમાં આ કાળનાં સર્વોત્તમ શિલ્પો જોવા મળે છે. અનેક કબરો કલાત્મક બનાવવામાં આવી છે. તેમાં કંડારેલ ફૂલ-વેલની ભાતો આકર્ષક છે. કેટલીક કબરો પર પુસ્તક-આકારે બાઇબલ, દેવદૂત, વૃક્ષની તૂટેલી શાખા, ફૂલ ધારણ કરેલ બાળક વગેરેનાં કલાત્મક શિલ્પો જોવા મળે છે. આ સાથે ખ્રિસ્તી ધર્મ સાથે સંકળાયેલાં કેટલાંક પ્રતીકો પણ કંડારેલાં છે.

આઝાદી પછીના ગુજરાતમાં શિલ્પનો સ્થાપત્ય સાથેનો સંબંધ તૂટતો ગયો. આધુનિક ઢબે સિમેન્ટ-કૉંક્રીટનાં બનાવેલાં મકાનોમાં શિલ્પો મૂકવાની પ્રથા નિર્મૂળ થઈ. મકાનોની અંદરની કે બહારની દીવાલોમાં કોઈ પણ પ્રકારનું સુશોભન કરવાનું બંધ થયું. માત્ર ધાર્મિક સ્થાપત્યોમાં – ખાસ કરીને મંદિરોમાં શિલ્પો મૂકવાની પરંપરા જળવાઈ રહી. જાહેર સ્થળોએ સ્વાતંત્ર્યની લડાઈમાં મૃત્યુ પામેલા શહીદોનાં શિલ્પો કે તેમની ખાંભીઓ તેમજ સ્વાતંત્ર્યસેનાનીઓ અને રાષ્ટ્રીય નેતાઓનાં શિલ્પો મૂકવાની પ્રથા શરૂ થઈ. આમાં વિશેષ કરીને મહાત્મા ગાંધીજીની પ્રતિમાઓ ગુજરાતનાં નાનાં--મોટાં અનેક શહેરોમાં આવેલી છે. ચપટી મીઠું ઉપાડી મીઠાના કાયદાનો ભંગ કરતા ગાંધીજીનું એક આકર્ષક શિલ્પ દાંડી મુકામે આવેલું છે. ગાંધીનગરમાં વિધાનસભા સમક્ષ મૂકવામાં આવેલી ગાંધીજીની ભવ્ય પ્રતિમા ધ્યાનાકર્ષક છે. ગાંધીજી ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ, સ્વામી વિવેકાનંદ, ઝાંસીની રાણીનાં શિલ્પો જોવા મળે છે. રસ્તાઓ પર કે જાહેર બગીચાઓમાં આધુનિક શિલ્પો મૂકવાનું શરૂ થયું. અમદાવાદમાં શાહીબાગના રસ્તે હાજી બગીચાની સામેના ચોકમાં 'જોડેલ બે હાથ'નું શિલ્પ ઉલ્લેખનીય છે. કેટલીક મહાકાય ધાર્મિક પ્રતિમાઓનો ઉલ્લેખ આવશ્યક છે. દ્વારકાથી ઓખા જતાં નાગેશ્વરના મંદિર સામે આવેલ ઊભા શિવજીની વિશાળ પ્રતિમા, વસાણિયા મહાદેવ(જિ. ગાંધીનગર)ની સામેના રસ્તાની પાસે આવેલી હનુમાનજીની 11.2 મીટર (40 ફૂટ) ઊંચી પ્રતિમા તેમજ નડિયાદમાં રેલવે લાઇન પાસે આવેલ દેવી મંદિર પાસે બેઠેલા શિવજીની વિશાળ પ્રતિમા ઉલ્લેખનીય છે.

**2. સ્થાપત્ય**

ગુજરાતમાં સ્થાપત્યકલાના અવશેષો આદ્ય-ઐતિહાસિકકાળ જેટલા પુરાણા છે. લોથલ, રંગપુર, રોઝડી, આમરા, લાખા બાવળ, પ્રભાસ સોમનાથ, નખત્રાણા, પાબુમઠ,

સુરકોટડા, ધોળાવીરા વગેરે ગુજરાતની આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિનાં કેન્દ્રો છે. સ્થાપત્યકીય સ્મારકોની દૃષ્ટિએ લોથલ અને ધોળાવીરા નોંધપાત્ર છે. લોથલનું ખોદકામ ડૉ. એસ. આર. રાવના માર્ગદર્શન નીચે થયું હતું. લોથલ નગર સારી રીતે આયોજનબદ્ધ હતું. રહેણાકનાં મકાનો સીધી લીટીએ પસાર થતાં અને એકબીજાંને કાટખૂણે છેદતાં હતાં. બજારનો મુખ્ય રસ્તો 4.5 મી. પહોળો હતો. નાના રસ્તા અને શેરીઓ 3 થી 4 મી. પહોળાં હતાં. સામાન્ય મકાનો કાચી ઈંટોથી બાંધેલાં છે, જ્યારે મહત્વનાં પાકી ઈંટો વડે બાંધવામાં આવ્યાં છે. અહીંથી મળી આવેલ ઇમારતોમાં વખાર અને ધક્કો મહત્વનાં છે. વખાર 1,930 ચો.મીટરનું માપ ધરાવે છે. તે કાચી ઈંટોના 4 મી.ની ઊંચાઈના ઓટલા પર બાંધેલી છે. ઓટલા પર મૂળમાં 64 ઘનાકાર સમૂહ હતા. મૂળ જળપ્રવાહથી દૂર આવેલો કૃત્રિમ ધક્કો લોથલવાસીઓએ વહાણો લાંગરવા બાંધ્યો હતો. દરિયાઈ ઇજનેરી વિજ્ઞાનનો આ મહત્વનો નમૂનો છે. ઈ. સ. પૂ. ત્રીજી સહસ્રાબ્દીનો આ માત્ર એક જ ધક્કો છે, જેમાં પાણીને થંભાવી રાખવાની યોજના કરેલી છે. અનુકાલીન ફિનિશિયન અને રોમન ધક્કાઓ કરતાં પણ તે વધુ સારી રીતે આયોજિત હતો. પાકી ઈંટો વડે બાંધેલો આ ધક્કો 209 મી. લાંબો, 34.7 મી. પહોળો અને 4.15 મી. ઊંડો હતો. દક્ષિણ બાજુએ અનુક્રમે પ્રવેશ અને નિર્ગમ-માર્ગ માટેના ગાળાઓ રાખવામાં આવ્યા હતા. આ ધક્કો સૂચવે છે કે લોથલ એ સમયે બંદર હતું.

ધોળાવીરા ગુજરાતમાં હડપ્પીય સંસ્કૃતિનું બીજું અગત્યનું કેન્દ્ર છે. 1990માં રવીન્દ્રસિંહ બિસ્તના માર્ગદર્શન નીચે તેનું ખોદકામ થયું હતું. તેના ખોદકામમાંથી રાજગઢી, ઉપલું નગર, નીચલું નગર વગેરેના અવશેષો મળી આવ્યા છે. પાણી સંઘરવાની અને તેના નિકાલની ઉત્તમ વ્યવસ્થા કરેલી છે. અહીંની રાજગઢી, મોટો કૂવો, કુંડ વગેરે તે સમયની સ્થાપત્યકીય સિદ્ધિનાં દર્શન કરાવે છે. તેના અવશેષો જોતાં તે વેપાર-વાણિજ્યનું મોટું કેન્દ્ર હોવાનું જણાય છે.

મૌર્યકાલનાં સ્થાપત્યકીય સ્મારકો ગુજરાતમાંથી પ્રાપ્ત થયાં નથી. ક્ષત્રપકાલીન ગુજરાતનાં ઘણાં સ્થાપત્યો પ્રાપ્ત થયાં છે. આ સમયનાં સ્થાપત્યમાં મોટે ભાગે સ્તૂપ અને વિહાર-સ્વરૂપની ગુફાઓનો સમાવેશ થાય છે. જૂનાગઢથી ગિરનાર જવાના રસ્તા પર આવેલ બોરિયા અને શામળાજી નજીક દેવની મોરીના સ્થળેથી આ સમયના બૌદ્ધ સ્તૂપોના અવશેષો ઉપલબ્ધ થયા છે. બોરિયાનો સ્તૂપ 1888માં શોધવામાં આવ્યો હતો. દેવની મોરીના સ્તૂપની ઉપરની પીઠિકાના મથાળે સ્તૂપનો અર્ધગોળ અંડ-ભાગ હતો. અંડની અંદરના ભાગમાં ઉપર બુદ્ધની પૂર્વાભિમુખ પ્રતિમા મૂકેલી હતી. બુદ્ધના શારીરિક અવશેષો સાચવતું પથ્થરનું અસ્થિપાત્ર મળી આવ્યું છે. નીચેની પીઠિકાની બહારની દરેક દીવાલમાં બુદ્ધની પાંચ મૂર્તિઓ હતી. સ્તૂપની સાથે સંકળાયેલ વિહારના અવશેષો પણ મળી આવ્યા છે.

સૌરાષ્ટ્રમાં ઈંટવા, જૂનાગઢમાં બાવા-પ્યારા, ઉપરકોટ, ખાપરા-કોડિયા, ખંભાલીડા, તળાજા, સાણા, ઢાંક, ઝીંઝૂરી-ઝર; ભરૂચ જિલ્લામાં કડિયા ડુંગર વગેરે સ્થળોએ આ

સમયનું ગુફા-સ્થાપત્ય આવેલું છે. ગુજરાતના શૈલાત્મક પ્રકારના સ્થાપત્યના આ સૌથી પ્રાચીન નમૂના છે. આ ગુફાઓ મોટે ભાગે બૌદ્ધ સાધુઓને રહેવા માટેના વિહાર સ્વરૂપની છે. કેટલીક ગુફાઓ જૈનોની હોવાની માન્યતા છે. ગુજરાતમાં શૈલાત્મક પ્રકારનું સ્થાપત્ય આ કાળમાં જ જોવા મળે છે. તે દૃષ્ટિએ આ બધી ગુફાઓ નોંધપાત્ર છે. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ગિરનારમાં સુદર્શન તળાવ બાંધવામાં આવ્યું હતું. ક્ષત્રપ કાળમાં રુદ્રદામા-1લાએ તેને તાત્કાલિક સમરાવ્યું હતું. ગુપ્ત રાજા સ્કંદગુપ્તના સમયમાં આ તળાવ ફરીથી ખંડિત થતાં તેને સમારવામાં આવ્યું હતું. જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં અશોકના શૈલ-લેખની એક બાજુએ આ હકીકતને રજૂ કરતા તે રાજાઓના બે શિલાલેખ આવેલા છે. સ્કંદગુપ્તના શિલાલેખ પરથી સ્પષ્ટ થાય છે કે ચક્રપાલિત દ્વારા ગુપ્તકાળમાં ગિરિનગરમાં ચક્રભૃતનું મંદિર બાંધવામાં આવ્યું હતું. હાલ આ મંદિર અસ્તિત્વમાં નથી. તેમજ ગિરિનગરમાં તે કઈ જગ્યાએ આવેલું હતું, તે પણ સુનિશ્ચિત થયું નથી. અભિલેખિક પુરાવાના આધારે આ મંદિરને ગુજરાતનું સૌથી પ્રાચીન મંદિર કહી શકાય.

ગુજરાતમાં મૈત્રકકાલ અને અનુ-મૈત્રકકાલ દરમિયાન મંદિરનિર્માણની પ્રવૃત્તિ ઘણી વિકસી. આ સમય દરમિયાન બંધાયેલાં મંદિરોને મૈત્રક-સૈંધવકાલનાં મંદિરો તરીકે અથવા પૂર્વ ચૌલુક્ય શૈલીનાં મંદિરો તરીકે ઓળખવામાં આવે છે. આ સમયનાં મંદિરો તેનાં અનુકાલીન સોલંકીકાલનાં મંદિરો કરતાં જુદાં પડે છે. આ સમયનાં મંદિરોમાં શિખરો ફાંસના ઘાટે બાંધેલાં છે. શિખરની દૃષ્ટિએ આ સમયમાં મંદિરો ચાર વર્ગમાં વિભક્ત થાય છે : (1) ફાંસનાકાર, (2) વિમાનાકાર (3) શિખરાન્વિત અને(4) વલભી-છ્ંદજ. આ મંદિરોમાં ગર્ભગૃહોમાં સંખ્યાનું વૈવિધ્ય છે. એક ગર્ભગૃહવાળાં એકાયતન, ત્રણ ગર્ભગૃહવાળાં ત્ર્યાયતન, પાંચ ગર્ભગૃહવાળાં પંચાયતન અને સાત ગર્ભગૃહવાળાં સપ્તાયતન મંદિરોનો સમાવેશ થાય છે. આ કાલનાં મંદિરો સૌરાષ્ટ્રમાં ગોપ, મિયાણી, ભાણસરા, નંદીશ્વર, ખીમેશ્વર, બોરીચા, કિંદરખેડા, કાલવડ, મૈથણ, સોનકંસારી, વિસાવાડા, પસનવાડા, કલસાર, જમળા, બળેજ, મેવાસા, લાકરોડા, ધ્રાસ-ણવેલ, અખોદર, સૂત્રાપાડા, કદવાર, સરમા, પાછતર, છાયા, પોરબંદર તેમજ હિંમત-નગર પાસે રોડા વગેરે સ્થળોએ આવેલાં છે. સરમામાં આવેલું મંદિર-ત્ર્યાયતન પ્રકારનું છે. પંચાયતન પ્રકારનાં મંદિરો પાછતર અને મિયાણીમાં આવેલાં છે. ધ્રાસણવેલનું મંદિર સપ્તાયતન પ્રકારનું છે. આ સિવાયનાં મંદિરો એકાયતન પ્રકારનાં છે. એકાયતન મંદિરોમાં પણ કેટલાંક પ્રદક્ષિણાપથવાળાં અને કેટલાંક પ્રદક્ષિણાપથ વિનાનાં છે. આ સમયનું સૌથી જૂનું મંદિર ગોપનું મંદિર છે. હાલ આ મંદિરમાં સેવ્ય પ્રતિમા નથી. સમયની દૃષ્ટિએ તે છઠ્ઠી સદી પછીનું નહિ હોવાનું જણાય છે. કદવારનાં મંદિરોનાં ગર્ભગૃહમાં નૃવરાહની સેવ્ય પ્રતિમા છે. તેથી તે વરાહ મંદિર તરીકે ઓળખાય છે. પસનાના ગાયત્રી મંદિરના ગર્ભગૃહની આસપાસ પ્રદક્ષિણાપથ હોવાથી તે સાંધારપ્ર-સાદ પ્રકારનું મંદિર છે. જમળાનું સૂર્યમંદિર પણ સાંધારપ્રાસાદ પ્રકારનું છે. રોડામાં

સાત મંદિરોનો સમૂહ છે. તેમાં નં. 7 સિવાયનાં અન્ય મંદિરો કદમાં નાનાં છે. આ મંદિરો ગર્ભગૃહ અને તેની આગળ શૃંગારચોકી કે અર્ધમંડપનાં બનેલાં છે. વડનગરમાં અમથોર માતાનાં મંદિરોનો સમૂહ આ કાલનો હોવાનું જણાય છે.

સોલંકીકાલ દરમિયાન ગુજરાતમાં મંદિર, દુર્ગ, વાવ અને તળાવસ્થાપત્યનો ઘણો વિકાસ થયો હતો. આ સમયનાં મંદિરો રાજસ્થાનનાં મંદિરોને મળતાં આવે છે. આ સમય દરમિયાન ગુજરાત અને રાજસ્થાનમાં વિકસેલી મંદિર-સ્થાપત્યશૈલીને ‘મારુ-ગુર્જર’ શૈલી તરીકે ઓળખવામાં આવે છે. સામાન્યતઃ ગુજરાતનાં આ સમયનાં મંદિરોને ચૌલુક્ય શૈલીનાં મંદિરો તરીકે ઓળખવામાં આવે છે. મૂળરાજે પાટણ, સિદ્ધ-પુર, મંડલી વગેરે સ્થળોએ મંદિરો બંધાવ્યાં હતાં. સિદ્ધપુરનો રુદ્રમહાલય મૂળ મૂળરાજે બંધાવેલો; પરંતુ તેને આખરી સ્વરૂપ સિદ્ધરાજના સમયમાં અપાયું. ભીમદેવ 1લાના સમયમાં મહમૂદ ગઝનવીએ સોમનાથનાં પ્રસિદ્ધ મંદિરોનો નાશ કર્યો હતો. આ મંદિર લાકડાંનું બાંધેલું હતું. ભીમદેવે એની જગ્યાએ નવું પથ્થરનું મંદિર બંધાવ્યું. એ પછી પણ એનાં અનેક જીર્ણોદ્ધાર થયાં. મોઢેરાનું સૂર્યમંદિર પણ ભીમદેવના સમયનું છે. એના ગર્ભગૃહમાં સૂર્યદેવની મૂર્તિ હાલ મોજૂદ નથી. ગર્ભગૃહ ઉપરનું શિખર નાશ પામ્યું છે. સભામંડપની આગળ તોરણના સ્તંભો અવશેષ સ્વરૂપે ઊભા છે. તેની આગળ વિશાળ કુંડ આવેલો છે. પ્રદક્ષિણાપથની અંદરની અને ગર્ભગૃહની બહારની દીવાલો પર સુંદર સૂર્યમૂર્તિઓ કંડારેલી છે. મંદિરોના સ્તંભો અને દીવાલો પર કંડારેલ મિથુન--શિલ્પો આકર્ષક છે. આબુ-દેલવાડા પરનાં વિશ્વપ્રસિદ્ધ બે જૈન મંદિરો સોલંકી કાલનાં છે. એમાંનું એક મંદિર ભીમદેવના દંડનાયક વિમલ મંત્રીએ આદિનાથ માટે બંધાવ્યું હતું; જે વિમલ-વસહિ તરીકે ઓળખાય છે. બીજું મંદિર તેજપાલે નેમિનાથને સમ-ર્પિત કરવા બંધાવ્યું હતું, જે લૂણ-વસહિ તરીકે જાણીતું છે. આ બંને મંદિરોની રચના લગભગ એકસરખી છે. આ બંને મંદિર એના શિલ્પવૈભવને લીધે ભારતની ઉત્તમ કલાકૃતિઓમાં નોંધપાત્ર સ્થાન ધરાવે છે. અંબાજી પાસે કુંભારિયામાં આવેલાં પાંચ જૈન મંદિરોની કોતરણી આબુનાં મંદિરોને મળતી આવે છે. આ મંદિરો વિમલ મંત્રીએ બંધાવ્યાં હોવાનું મનાય છે. ગિરનારનું મંદિર સિદ્ધરાજના દંડનાયક સજ્જન મંત્રીએ સં. 1183માં બંધાવ્યું. તારંગાનું મંદિર કુમારપાળના સમયનું છે. મિયાણીનું નીલકંઠ મહાદે-વનું મંદિર, સંડેર, મણુંદ અને ખંડોસણનાં વિષ્ણુનાં મંદિરો, દેલમાલનું લિંબોજી માતાનું મંદિર, ગોરાદનું સોમેશ્વર મહાદેવનું મંદિર, વાલમનું રણછોડજીનું અને વિષ્ણુનું મંદિર, રુહાવીનું શિવાલય, પિલુદરાનું શીતલ માતા મંદિર, ખંડોસણનું અખાડા મહાદેવ મંદિર, અસોડાના જસમલનાથજી મંદિર, કનોડાનું બહુસ્મરણા દેવીનું મંદિર, મોટપનું ગણપતિ મંદિર, પાવાગઢનું લકુલીશનું મંદિર, થાનનું મુનિબાવાનું મંદિર અને ત્રિનેત્રેશ્વર મંદિર, મૂલમાધવપુરનું મંદિર, મિયાણીનું હર્ષદમાતાનું મંદિર, વીરમગામના મુનસર તળાવના કાંઠા પરનાં મંદિરો, કસરાનું ત્રિકૂટાચલ મંદિર, વિસાવાડાનું પંચાયતન મંદિર, વઢવા-ણનું રાણકદેવીનું મંદિર, સેજપુર અને ઘૂમલીનાં નવલખા મંદિરો, ગળતેશ્વરનું મંદિર

વગેરે અનેક મંદિરો પણ સોલંકીકાલનાં છે.

આ સમય દરમિયાન નાગરિક સ્થાપત્યમાં કિલ્લાઓ, વાવો અને તળાવોનો ઘણો વિકાસ થયો હતો. સોલંકીકાલીન જાણીતા કિલ્લાઓ ડભોઈ અને ઝીંઝુવાડામાં આવેલા છે. ડભોઈનો કિલ્લો વીરધવલ વીસલદેવે બંધાવ્યો હતો. એને ચાર દરવાજા આવેલા છે. પૂર્વનો દરવાજો હાલ હીરા સલાટના નામે ઓળખાય છે. કિલ્લાનો માત્ર એક જ બુરજ બચવા પામ્યો છે. ઝીંઝુવાડાનો કિલ્લો ડભોઈના કિલ્લાને મળતો આવે છે. વડનગરનો કિલ્લો કુમારપાળે બંધાવ્યો હતો. ઉત્તર દિશાની અર્જુનબારી દરવાજાની ભીંતમાં એને લગતો શિલાલેખ છે. તેમાં આ બાબતનો ઉલ્લેખ છે : પરંતુ માર્ચ – મે 2006 દરમિયાન ગુજરાત રાજ્યના પુરાતત્વ ખાતા તરફથી ખોદકામ થયું ત્યારે પીઠોરી દરવાજા પાસેથી કિલ્લાના કોટના પાયામાંથી ક્ષત્રપકાલીન ઈંટો મળી આવી છે. આથી સ્પષ્ટ થાય છે કે ક્ષત્રપકાલમાં વડનગરમાં કિલ્લો બાંધવામાં આવ્યો હતો અને કુમારપાળના સમયમાં તેનો જીર્ણોદ્ધાર કરી વિસ્તૃત કર્યો હતો. પાટણનું સહસ્રલિંગ તળાવ, વીરમગામનું મુનસર તળાવ અને ધોળકાનું મલાવ તળાવ આ કાલનાં પ્રસિદ્ધ તળાવો છે. સહસ્રલિંગ સરોવર સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યું હતું. આ સરોવરકાંઠે 1008 શિવમંદિરો, 108 દેવી મંદિરો, દશાવતારનું મંદિર, સૂર્ય, ગણેશ, કાર્તિક વગેરેનાં મંદિરો હતાં. સરોવરના મધ્ય ભાગે વિંધ્યવાસિની દેવીનું મંદિર હતું. આ મંદિરે પહોંચવા પથ્થરનો પુલ બાંધવામાં આવ્યો હતો.



વડનગરનું તોરણ



હાટકેશ્વર મંદિર, વડનગર

રુદ્રકૂપમાં થઈને પાણી સરોવરમાં આવતું હતું. કુંડ-સ્થાપત્યમાં મોઢેરાના સૂર્યમંદિરની સામેનો સૂર્યકુંડ, લોટેશ્વરનો કુંડ અને થાનના ત્રિનેત્રેશ્વર મંદિરની ત્રણ બાજુએ ફરતો કુંડ ઉલ્લેખનીય છે. વડનગરનો અજયપાલ કુંડ પણ આ જ સમયનો છે. પાટણની રાણીવાવ ગુજરાતના વાવ-સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. ભીમદેવ-1લાની

રાણી ઉદયમતિએ તે બંધાવી હતી. ભગ્ન દશામાં ઊભેલી આ વાવનો કુંડ, પડખેની દીવાલો, કેટલાક કોઠા અને પગથિયાં હયાત છે. આ વાવનું શિલ્પકામ અજોડ છે. નડિયાદમાં ડુમરાલ ભાગોળે આવેલી વાવ અને ઉમરેઠની વાવ મીનળદેવીએ બંધાવી હોવાનું મનાય છે. કપડવંજ, બાયડ, વઢવાણ અને રાજકોટ પાસે ધાનલપુરમાં આવેલી વાવો આ સમયની છે. જૂનાગઢની અડી-કડીની વાવ અને નવઘણના કૂવાનો પણ ઉલ્લેખ થવો ઘટે. આ કાલમાં તોરણ પ્રકારના વિશિષ્ટ સ્થાપત્યનો વિકાસ થયો હતો. શામળાજીના એક પ્રાચીન મંદિરની સામેનું તોરણ ગુજરાતનું સૌથી પ્રાચીન તોરણ છે. સોલંકીકાલનાં મોઢેરા અને સિદ્ધપુરનાં તોરણો ખંડિત છે. જ્યારે વડનગર અને કપડ-વંજનાં તોરણો અખંડિત છે. વડનગરમાં બે તોરણો છે, એક એની મૂળ સ્થિતિમાં ઊભું છે. જ્યારે બીજાનો ઉપરનો ભાગ હયાત તોરણની નજીક પડેલો છે. પિલુદરા, દેલમાલ, વાલમ અને બળેજમાં પણ આ કાળનાં તોરણો છે.


ગુજરાતના મધ્યકાલમાં (1304-1818) સલ્તનત કાલ (1304-1572), મુઘલ કાલ (1572-1759) અને મરાઠાકાલ(1759-1818)નો સમાવેશ થાય છે. અગાઉના સમયની તુલનામાં આ સમય દરમિયાન મંદિરો બાંધવાની પ્રવૃત્તિ મંદ પડી ગઈ. સલ્તનત અને મુઘલકાલ દરમિયાન કેટલાંક મંદિરો આક્રમણો દરમિયાન ખંડિત થયાં. કેટલાંકનો જીર્ણોદ્ધાર થયો તો કેટલાંક નવેસરથી બંધાયાં પણ ખરાં. આ સાથે મુસ્લિમ સ્થાપત્ય – મસ્જિદ અને મકબરા બંધાવાં શરૂ થયાં. અમદાવાદ, અહમદનગર, મુસ્તફાબાદ (જૂનાગઢ), મુહમ્મદાબાદ (ચાંપાનેર) વગેરે નગરોની સ્થાપના થઈ.

પ્રભાસ-પાટણમાં ત્રિવેણીની નજીક આવેલું સૂર્યમંદિર, જુમ્મા મસ્જિદ પાસે આવેલું પાર્શ્વનાથનું મંદિર, થાનનું સૂર્યમંદિર, સરોત્રાનું 'બાવનધ્વજ' નામે ઓળખાતું જૈન મંદિર, આબુ-દેલવાડાનું પિતલહર મંદિર, ખરતરવસહિનું ચોમુખ મંદિર, ભેટાલીનું શિવ પંચાયતન મંદિર, વસઈનું પાલેશ્વર મહાદેવનું મંદિર, પાવાગઢનાં જૈન મંદિરો અને વડનગરનું હાટકેશ્વર મંદિર, પોળોનાં મંદિરો, આભાપુર પાસે સદેવંત-સાવળિંગાનાં મંદિરો અને સારણેશ્વરનું મંદિર સલ્તનત કાલ સાથે સંકળાયેલ છે.



શાહ આલમનો રોજો

ભરૂચની જામી મસ્જિદ, ખંભાતની જામી મસ્જિદ, ધોળકાની હિલાલખાન કાઝીની મસ્જિદ અને ટાંકા મસ્જિદ, અમદાવાદની સ્થાપના પૂર્વેની છે. સુલતાન અહમદશાહના સમય દરમિયાન અમદાવાદમાં અહમદશાહની મસ્જિદ, હૈબત ખાનની મસ્જિદ, સૈયદ આલમની મસ્જિદ, જામી મસ્જિદ, બાદશાહનો રોજો, રાણીનો હજીરો વગેરેનું બાંધકામ થયું. સરખેજમાં આવેલ શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષનો રોજો મુસ્લિમોમાં તીર્થ સમાન છે. તેનું બાંધકામ મહમ્મદશાહ બીજાએ કરાવ્યું હતું.



સીદી સઈદની જાળી

ગુજરાતના બીજા પ્રસિદ્ધ સુલતાન મહમૂદ બેગડાના સમયમાં મુસ્લિમ સ્થાપત્ય-નિર્માણની પ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો. ગુજરાતની ઘણી પ્રસિદ્ધ મસ્જિદો બેગડાના સમય દરમિયાન બંધાઈ હતી. અમદાવાદમાં મલિક શાબાનની મસ્જિદ અને



રાણી રૂપમતીની મસ્જિદ


રોજો, સારંગપુરની રાણી બીબીની મસ્જિદ, રાજપુરની બીબીજીકી મસ્જિદ, સર-

ખેજની મસ્જિદ, વાસણા પાસે આઝમ-મુઆઝમનો રોજો, રાણી રૂપમતીની મસ્જિદ, દરિયાખાનનો




રાણી સિપ્રીની મસ્જિદ

રોજો, અચૂતકૂકીની મસ્જિદ, મિયાંખાન ચિશ્તીની મસ્જિદ, મુહાફીઝખાંની મસ્જિદ, બાઈ હરીરની મસ્જિદ અને રોજો, શાહ આલમનો રોજો, મલિક ઈસસની મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, વટવાનીની મસ્જિદ અને રોજો, ધોળકાની ખાન મસ્જિદ અને જામી મસ્જિદ, ચાંપાનેરની જામી મસ્જિદ અને નગીના મસ્જિદ વગેરે બેગડાના સમયની જાણીતી ઇમારતો છે. અમદાવાદના રેલવેસ્ટેશન પાસેની સીદી બશીરની મસ્જિદ તેના ઝૂલતા મિનારાને લીધે પ્રસિદ્ધ છે. તેના એક મિનારાને હલાવ-વાથી બીજો પણ હાલે છે ! અમદાવાદના લાલદરવાજાના સ્થાને આવેલી સિદી સઇદની મસ્જિદ તેના જાળીકામ માટે શ્રેષ્ઠ છે. તેની સુંદર વાનસ્પતિક-ભૌમિતિક રચનાને કારણે તે વિશ્વપ્રસિદ્ધ છે.



દદ્દા હરીરની વાવ, અસારવા



ત્રણ દરવાજા, અમદાવાદ

અમદાવાદનો ભદ્રનો કિલ્લો અહમદશાહના સમયમાં બંધાયો; જ્યારે શહેરને ફરતો કોટ મહમૂદ બેગડાના સમયમાં બંધાયો. આ કોટને કુલ 18 દરવાજા હતા. એમાં 15 મોટા અને 3 નાના હતા. બાઈ હરીરની વાવ અને અડાલજની વાવનું નિર્માણ બેગડાના સમયમાં થયું હતું. માતા ભવાનીની વાવ સલ્તનત કાલની છે કે તે પહેલાંની એ નક્કી થયું નથી. મહેમદાવાદનો ભમરિયો કૂવો, શૈલગૃહ ઇમારતી પદ્ધતિએ બાંધેલાં છે. પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ એવું અમદાવાદનું કાંકરિયા તળાવ સુલતાન કુતુબુદ્દી-નના સમયમાં 1451માં બંધાયું. તેનું મૂળ નામ 'હોજે કુતુબ' છે. ધોળકાનું ખાન સરોવર પણ સલ્તનતકાલનું છે.



શાહીબાગ મહેલ, અમદાવાદ

મુઘલકાલ દરમિયાન મંદિરનિર્માણની અને જીર્ણોદ્ધારની પ્રવૃત્તિ સલ્તનત કાલની સરખામણીમાં વિશેષ ચાલુ રહી. માંડવીનું સુંદરવનનું મંદિર કચ્છના રાવ ખેંગારજીએ બંધાવેલું. ખંભાતનું ચિંતામણિ પાર્શ્વનાથનું મંદિર અને ગેડીનું અચલેશ્વર મહાદેવ-નું મંદિર મુઘલકાલીન છે. કાવીનાં મંદિરો લોકોમાં સાસુ અને વહુનાં મંદિરો તરીકે જાણીતાં છે. આ મંદિરો અનુક્રમે ઋષભદેવ અને ધર્મનાથનાં છે. આ બંને મંદિરોની ભમતીમાં બાવન દેરીઓ હોવાથી તે 'બાવન જિનાલય' પ્રકારનાં છે. શેત્રુંજય પર્વત પરનાં મંદિરોમાં આદીશ્વરનું મંદિર મુખ્ય છે. એનો અનેક વાર જીર્ણોદ્ધાર થયો છે. આ કાલમાં હીરવિજયસૂરિની પ્રેરણાથી તેજપાળે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પાટણનું વાડી પાર્શ્વનાથનું મંદિર લાકડાંમાંથી બનાવેલું હતું. તેનું લાકડાંનું કોતરકામ આકર્ષક હતું. આ મંદિર મૂળ સ્થળે અસ્તિત્વમાં નથી. તેની જગ્યાએ નવું અર્વાચીન મંદિર બાંધવામાં આવ્યું છે. શંખેશ્વરના પાર્શ્વનાથના પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર થયેલો.



શામળાજીનું મંદિર

મુઘલકાલમાં વિજયસેનસૂરિની પ્રેરણાથી ગંધાર-નિવાસી માનાજીએ ગામની મધ્યમાં બાવન જિનાલયયુક્ત નવું મંદિર બંધાવ્યું. કુંભારિયાનું નેમિનાથનું હાલનું મંદિર 17મા સૈકાનું છે. શેત્રુંજયનું જાણીતું ચૌમુખી મંદિર જહાંગીરના રાજ્યકાલમાં અમદાવાદના સંઘવી રૂપજીએ બંધાવ્યું હતું. ગર્ભગૃહની ચારેય દિશાએ એક એક પ્રવેશદ્વાર છે. ભારમલ્લના રાજ્યમાં ભારિયા આસર ઠાકર ધનરાજે બંધાવેલા વીંઝાણના રખેશ્વર મહાદેવના મંદિરના ઘુંમટની છતમાં એકાંતરે આઠ કાનજી અને આઠ રાધાનાં શિલ્પો કંડારેલાં છે. કચ્છનાં મહારાણી મહાકુંવરબાએ નારાયણ સરોવરના કાંઠે ત્રિકમરાયજી, લક્ષ્મીનારાયણ, આદિનારાયણ, ગોવર્ધનરાયજી, રણછોડરાયજી અને લક્ષ્મીજીનાં મંદિરો બંધાવ્યાં. દ્વારકાનું દ્વારકાધીશ મંદિર, શ્રી રણછોડરાયના મંદિર કે જગત મંદિર તરીકે પણ ઓળખાય છે. હાલનું આ મંદિર અકબરના સમયમાં બંધાયું હોય તેમ તેનાં સ્થાપત્યસ્વરૂપ અને શિલ્પશૈલી પરથી જણાય છે. તેનું શિખર 30.5 મી. ઊંચું છે અને સાત મજલા છે. ગર્ભગૃહની સાથે તે 78.3 મી. ઊંચું છે. શામળાજીનું ગદાધર મંદિર મુઘલકાલનું છે. તેના ગર્ભગૃહમાં ચતુર્ભુજ વિષ્ણુના ત્રિવિક્રમ સ્વરૂપની પ્રતિમા છે.


આ સમયનું ઉલ્લેખનીય મુસ્લિમ સ્થાપત્ય આ પ્રમાણે છે : અમદાવાદનો મીર અબૂતુરાબનો રોજો, શેખ વજીહુદ્દીનનો રોજો, પીરાન દરગાહ, હાજી સાહેબની મસ્જિદ, શાહ અબ્દુલ વહાબ સાહેબનો રોજો, મુહમ્મદ અમીન ખાનનો મકબરો, સરદારખાનનો રોજો, હઝરત મૂસા સુહાગનો રોજો, સુજાતખાનની મસ્જિદ અને એનો મકબરો, શેખ મુહમ્મદ અફ્ઝામુદ્દીનની મસ્જિદ, સૈયદ અબ્દુલા એદ્રુસનો મકબરો, કાજી અલીની મસ્જિદ, મુહમ્મદ અનવરખાન બાબીનો મકબરો, પીરમ શાહની મસ્જિદ અને દરગાહ, વડોદરાનો કુતુબુદ્દીન મુહમ્મદખાનનો મકબરો, ભરૂચની મદરેસા-મસ્જિદ, સૂરતની ખ્વાજા દાના સાહેબની દરગાહ, એદ્રુસસાહેબની દરગાહ, મુલ્લાં મસ્જિદ અને મુલ્લાં દરગાહ, ખ્વાજા મુહમ્મદ રફીની દરગાહ, થરાદનો અમીર બેગનો મકબરો અને સિદ્ધપુરની જામી મસ્જિદ ઉલ્લેખનીય છે. સૂરત, અઠવા, જૂનાગઢ, ખંભાત અને કડીમાં આ કાલ દરમિયાન કેટલાક કિલ્લા બંધાયા અથવા કેટલાકનો જીર્ણોદ્ધાર થયો. સરાઈ

પ્રકારનું સ્થાપત્ય ગુજરાતમાં શરૂ થયું. આવી સરાઈઓમાં અમદાવાદની આઝમ સરાઈ, સૂરતની મુઘલ સરાઈ અને દાહોદની સરાઈ નોંધપાત્ર છે. વડોદરામાં માંડવી દરવાજા તરીકે ઓળખાતો ઊંચો મંડપ મુઘલકાલીન છે. અમદાવાદનો શાહીબાગ અને તેમાં આવેલો રાજમહેલ શાહજહાં જ્યારે ગુજરાતનો સૂબો હતો, ત્યારે તેણે બંધાવેલાં.

મરાઠા શાસકોએ મંદિરનિર્માણની પ્રવૃત્તિમાં રસ દાખવ્યો હતો. સૂરતમાં બાલાજી મંદિર, જગન્નાથનું મંદિર, નંદકેશ્વર મહાદેવનું મંદિર, રામજી મંદિર અને લાલજી મહા-રાજનું મંદિર, ભરૂચનું ભૃગુ ભાસ્કરેશ્વરનું મંદિર, નર્મદા પર ચાણોદ અને ગરુડેશ્વરના ઘાટ, વડોદરામાં વિઠ્ઠલ મંદિર, બહુચરા માતાનું મંદિર, ખંડોબાનું મંદિર, ગણપતિ મંદિર, નીલકંઠેશ્વર મહાદેવ અને યવતેશ્વરનું મંદિર મરાઠાકાલીન છે. ખંભાતમાં કવિ પ્રીતમદાસે એક મંદિર બંધાવેલું જે આજે મથુરદાસ બાવાના મંદિર તરીકે ઓળખાય છે. ડાકોરનું સુપ્રસિદ્ધ રણછોડજી મંદિર આ સમયમાં બંધાયું. તેના પાંચ મજલાવાળા શિખરના ચારેય ખૂણે ગોઠવેલા મિનારા મુસ્લિમ સ્થાપત્યના પ્રભાવનું સૂચન કરે છે. આવું જ મંદિર સારસામાં સત કેવળનું આવેલું છે. બંનેના સ્થપતિ એક જ છે. અમદા-વાદના ભદ્રના કિલ્લામાં અનેક મરાઠાકાલીન મંદિરો આવેલાં છે. તેમાં ગણપતિ અને કૃષ્ણનું મંદિર ઉલ્લેખનીય છે. પ્રસિદ્ધ બહુચરાજીનું મંદિર, તેને ફરતો કોટ અને માન-સરોવર નામનો કુંડ માનાજી રાવે બંધાવ્યાં હતાં. ઇન્દોરનાં મહારાણી અહલ્યાબાઈએ સોમનાથના મૂળ મંદિરના ખંડેરથી થોડે દૂર નવું મંદિર બંધાવ્યું. તેનું શિખર પ્રફુલ્લિત કમળ-પાંખડીઓના આકારનું છે. રાજકોટ પાસે સુપેડીમાં વિષ્ણુ અને શિવનાં બે સુંદર મંદિરો આવેલાં છે. ભુજની પ્રસિદ્ધ લખપતજીની છતરડી આ કાલની છે. જે છેલ્લા, 2002ની સાલના ધરતીકંપ વખતે ખંડિત થઈ છે. શેત્રુંજય પરની મોદી પ્રેમચંદ લવજી અને વિમલસહિની ટૂક પર આ કાલનાં કેટલાંક મંદિરો આવેલાં છે. સૂરતની પીર મક્કી શાહની દરગાહ, કચ્છમાં પીર ગુલામઅલીની જગ્યામાં આવેલી દરગાહો, લખપતમાં લખપતી પીરની દરગાહ અને પીર ઘોષની દરગાહ, ભુજમાં આવેલો જમાદાર ફતેહ મામદનો રોજો મરાઠાકાલીન મુસ્લિમ સ્થાપત્યનાં ઉદાહરણ છે. આ સમયે સૂરત અને ભરૂચમાં ખ્રિસ્તી દેવળો બંધાયાં હતાં.

બ્રિટિશ સત્તાની સ્થાપના થતાં ગૉથિક, રેનેસાં અને નિયો-ગૉથિક શૈલીની અસર ગુજરાતના સ્થાપત્ય પર જોવા મળે છે. સિદ્ધપુર, કપડવંજ અને સૂરતના વહોરાનાં મકાનોમાં તે જોઈ શકાય છે. સૌરાષ્ટ્રના કેટલાક જાણીતા મહેલો આ સમય દરમિયાન બંધાયા હતા; જેમ કે રાજકોટ, ધ્રાંગધ્રા, જામનગર, પોરબંદર, ભાવનગર, મોરબી, વઢવાણ, ભુજ, જૂનાગઢ વગેરે. જામનગરનો લાખોટા – કોઠો 1839-45માં દુકાળના સમયમાં રાહતકાર્ય માટે બાંધવામાં આવ્યો હતો. આ સમયના હવેલી સ્થાપત્યનો પણ ઉલ્લેખ કરવો ઘટે. સામાન્ય રીતે હવેલી એટલે શ્રીમંત નાગરિકોને રહેવાનું મકાન. જોકે વૈષ્ણવ મંદિરોને પણ હવેલી તરીકે ઓળખવામાં આવે છે. તે હંમેશાં ખડકી કે પોળની અંદર રાખવામાં આવતી. સ્તંભો, ટેકાઓ, ઝરૂખા અને છતો પર વિપુલ પ્રમાણમાં


કોતરણી કરવામાં આવતી. વડોદરાની સુરેશ્વર દેસાઈની, હરિભક્તિ કુટુંબની, તાંબે-ડકરવાડાની, અમદાવાદમાં શાંતિદાસ ઝવેરી કુટુંબની, હઠીસિંહના કુટુંબની, કાઝીની, ગાયકવાડની, સારાભાઈ કુટુંબની, ભરૂચમાં લલ્લુભાઈની અને ભિખારીદાસની અને વસોની હવેલીઓ નોંધપાત્ર છે. સૂરતમાં મેહરજી રાણીનું મકાન ઉલ્લેખનીય છે.



હઠીસિંહનું મંદિર

અમદાવાદનું હઠીસિંહનું જૈન મંદિર ઈ. સ. 1848માં બંધાવ્યું. તે માત્ર અમદાવાદના જ નહિ, પરંતુ આ કાલના ગુજરાતના મંદિરસ્થાપત્યનો આદર્શ નમૂનો છે. સાદા રેતિયા પથ્થરમાં પણ બારીક કોતરકામ કરેલું છે. સ્તંભના ટેકા રૂપે મૂકેલી પૂતળીઓમાં શિલ્પો આકર્ષક છે. શત્રુંજય પર આ કાલ દરમિયાન ખરતર-વસહિની ટૂક અને શેઠ હિમાભાઈની ટૂક રચવામાં આવી. આ બંને ટૂક પર આ સમયનાં કેટલાંક મંદિરો આવેલાં છે. અમદાવાદમાં રાયખડમાં પ્રાર્થનાસમાજનું, વડોદરામાં રાધાવલ્લભનું, શ્રી ભૈરવેશ્વરનું, ભરૂચમાં મોટા ગણપતિનું, શ્રી નરનારાયણનું, મણિનાગેશ્વરનું, સૂરતનું ગેડી પાર્શ્વનાથનું, ઊંઝાનું ઉમિયા માતાનું, દૂધરેજનું વડવાળાનું મંદિર, આ કાળમાં બંધાયાં હતાં. સ્વામિનારાયણ સંપ્રદાયનાં મૂળ મંદિરો અમદાવાદ, મૂળી, ભુજ, વડતાલ, જેતલપુર, ધોલેરા, ધોળકા, જૂનાગઢ અને ગઢડામાં આવેલાં છે. આ મંદિરો વિ. સં. 1878થી વિ. સં. 1885 દરમિયાન બંધાયેલાં છે. અમદાવાદ, ભુજ, વડોદરા, ભરૂચ, રાજકોટ, જામનગર અને સૂરતમાં આ કાલનાં ખ્રિસ્તી દેવળો આવેલાં છે. અમદાવાદમાં કૅમ્પ વિસ્તારમાં આવેલ સેન્ટ જ્યૉર્જ ચર્ચની રંગીન કાચની બારી આકર્ષક છે. આ સમયે કેટલીક નવી પારસી અગિયારીઓ બંધાઈ. અમદાવાદની અગિયારીઓ આ કાલની છે. ખમાસામાં અગિયારીની સામે આવેલું 'માગન અબ્રાહમ' સમગ્ર ગુજરાતમાંનું યહૂદીઓનું એકમાત્ર 'સિનેગોગ' છે. શીખોનાં ગુરુદ્વારાઓમાં અમદાવાદના સરસપુર અને દૂધેશ્વરમાં આવેલાં ગુરુદ્વારો ઉલ્લેખનીય છે. સરખેજ-ગાંધીનગર હાઈ-વે પર હમણાં થોડાં વર્ષ પહેલાં જ એક ભવ્ય ગુરુદ્વારા નિર્માણ પામ્યું છે.

લા-કાર્બુઝે અને લુઈ-કહાન જેવા આંતરરાષ્ટ્રીય સ્થપતિઓ દ્વારા ડિઝાઇન કરેલાં સ્થાપત્યો પણ નિર્માણ પામ્યાં છે. અમદાવાદમાં પાલડીનું સંસ્કાર-કેન્દ્રનું મકાન અને આશ્રમરોડ પર આવેલ મિલ ઑનર્સ ઍસોસિયેશનનાં મકાનોની ડિઝાઇન લા-કાર્બુઝેએ કરેલી છે. જ્યારે અમદાવાદના આઇ.આઇ.એમ.ના મકાનની રચના લુઈ-કહાને કરી છે. નર્મદા નદી પર બંધાઈ રહેલ બંધનું બાંધકામ જ્યારે પૂર્ણ થશે ત્યારે તે વિશ્વની જોવાલાયક ઇમારતોમાં ઉમેરાશે. એ જ રીતે અમદાવાદમાં સાબરમતી નદીના કાંઠે ચાલી રહેલી રિવરફ્રન્ટ યોજના પણ ગુજરાતી સ્થાપત્યકીય સિદ્ધિ બની રહેશે. જામ-નગરનું સોલેરિયમ એશિયા ખંડનું એકમાત્ર સોલેરિયમ છે.



આઇ.આઇ.એમ., અમદાવાદ

આમ, સ્થાપત્યના ક્ષેત્રે ગુજરાતની પ્રગતિ આદ્ય-ઐતિહાસિક કાલથી વર્તમાન-કાલ સુધી ચાલુ જ રહી છે.

# 16

# આધુનિક વિશ્વની શિલ્પકલા અને સ્થાપત્ય

## 1. શિલ્પકલા

1886ની આસપાસના પ્રવાહો પ્રતીકવાદ અને સમન્વયવાદનાં મૂળ સાહિત્ય-પ્રવાહોમાંથી ઉદભવ્યા હતા. 'આર્ત નૂવો (નવતરકળા), યુરોપ અમેરિકામાં ઈ. સ. 1890ના સમયમાં ફેલાઈ. તે મુખ્યત્વે સ્થાપત્ય અને રહેણાંકની અંદરનાં સુશોભનો સાથે સંકળાયેલી હતી. તેમાં સપાટ ભાતરચના અને ફૂલપાંદડીનાં સુશોભનોનું પ્રાધાન્ય હતું. કળા અને કારીગરીને જોડતો વિચારપ્રવાહ પણ શરૂ થયો. તેમાં આર્ત નૂવોનાં મૂળ જોવા મળે છે. જર્મનીમાં એ 'જુગેન્ડ સ્ટીલ' સ્વરૂપે પ્રસાર પામ્યો. યુરોપમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિએ શિલ્પકલાના ક્ષેત્રે મોટાં પરિવર્તનો આણ્યાં. ઉદ્યોગીકરણ અને શહેરીકરણને લીધે સમૃદ્ધિમાં વધારો થવાથી નગરગૃહો, નાટ્યગૃહો, ઓપેરા-ગૃહો, દુકાનો, હોટલ અને વિશાળ ખાનગી મકાનોનાં સુશોભન માટે શિલ્પોની મોટી માંગ ઊભી થઈ. જાહેર ઇમારતો અને ખાનગી ઇમારતો ભવ્ય બનાવવામાં આવતી. વિક્ટોરિયન કાળમાં શિલ્પો ઇમારતો માટે રચાતાં. નવ્ય-શિષ્ટવાદ(neoclassicism) ની અસર નીચે શિલ્પોની રચના થવા લાગી. આ કળાપ્રવાહ એક રીતે જોતાં રોકોકો શૈલીના સુશોભન અને સુંદરતાના આગ્રહો સામેના પ્રતિકાર રૂપે પ્રગટ થયો હતો. સેનાપતિ અને કવિઓનાં શિલ્પો વાસ્તવવાદની અસર નીચે રચાયાં. નવ્ય-શિષ્ટવાદની સાથે રંગદર્શિતાવાદ (Romanticism – રોમૅન્ટિસિઝમ)ની પણ શરૂઆત થઈ. આ બંને કળાપ્રવાહોનો સમય 1750થી 1850 સુધીનો છે. આ બંને કળાપ્રવાહ એકબીજાથી વિરુદ્ધ છતાં બંને એટલા વણાઈ ગયા છે કે બંને માટે એક નામ વાપરી શકાય. નવ્ય--શિષ્ટવાદ એટલે પ્રાચીન શિલ્પકલાનો પુનઃ આવિષ્કાર; જ્યારે રંગદર્શિતાવાદ દર્શકના માનસના વલણને સ્પર્શે છે. તેની વિભાવના ગહન હોવાથી તેની વ્યાખ્યા આપવી અઘરી છે. ઇંગ્લૅન્ડ તેની જન્મભૂમિ છે.

નવ્ય-શિષ્ટવાદનો જાણીતો શિલ્પી એન્ટિનિયો, કેનોવા (1787-1822) છે. તેણે પ્રાચીન શાસકોનાં વ્યક્તિશિલ્પોમાંથી પ્રેરણા લીધી. તેણે નેપોલિયનની બહેન પાઉલીને બોર્ઘેસ(Pauline Borghese)નું શિલ્પ 'વિનસ'ના સ્વરૂપે રચ્યું છે. (1808, બોર્ઘેસ ગૅલરી, રોમ).



વિનસ સ્વરૂપે પાઉલીન બોર્ઘેસ

ઉત્તરાંગ નિર્વસ્ત્ર છે અને તે જમણા હાથે માથું ટેકવીને સમગ્ર શરીર લંબાવીને તકિયાને અઢેલીને બેઠેલી દર્શાવી છે. કેનેવોનું બીજું જાણીતું શિલ્પ 'ટૉમ્બ ઑફ કાઉન્ટેસ મારિઆ ક્રિસ્ટીના' (1798-1805, ચર્ચ ઑફ ઓગસ્ટિનિયન, વિએના)નું છે. આ સમૂહ-શિલ્પ છે. પાત્રો રેખાંકિત અર્ધમૂર્ત શિલ્પો (linear relief)માં કંડારેલાં છે; છતાં તે પૂર્ણમૂર્ત હોય તેવાં લાગે છે. આ શિલ્પને આરસમાં



લા માર્સેઇલ્લાઇસે




ધી ડાન્સ

મંચીય અભિવ્યક્તિ (theatrical performance) કહી શકાય. શિલ્પમાં 'Stage space'ની વિશેષતા છે. આ જ બાબત બર્નીનીના 'ધી ઍક્સ્ટેસી ઑવ્ સેન્ટ ટેરેસા' શિલ્પમાં પણ જોઈ શકાય છે.

નવ્ય-શિષ્ટવાદના બીજા જાણીતા શિલ્પી ફ્રાન્કોઇસ રુદે (Francois Rude, (1784-1855)ની બે શિલ્પકૃતિઓ ઉલ્લેખનીય છે – 'લા માર્સેઇલ્લાઇસે' La Marseillaise, 1833-36, આર્ક દ ત્રિઓમ્ફે, પૅરિસ) અને 'માર્શલ લેનું સ્મારક' (બ્રોન્ઝ, 1853, પૅરિસ). પ્રથમ શિલ્પમાં ગણતંત્રના બચાવમાં સરઘસ કાઢતા સૈનિકો અને સ્વયંસેવકો દર્શાવ્યા છે. સૌથી ઉપર વિજયની દેવીનું શિલ્પ છે.

રોમૅન્ટિસિઝમની પરંપરાના શિલ્પી એન્ટોને લુઈસ બાર્યે(Antoine Louis Barye, 1795-1875)ની શિલ્પકૃતિ ‘જુગઆર ડિવાઉરિંગ એ હેર’ સસલાને ભરખી જતો દીપડો, જિન-બેપ્ટિસ્ટે કાર્પેઑક્સ (Jean, Baptiste Carpeaux, 1827-75) ની કૃતિ ‘ધ ડાન્સ’ (1867-69, મ્યુ-સિદી ઑપેરા, પૅરિસ) ધાતુશિલ્પ બનાવવા માટે પ્લાસ્ટરના નમૂનારૂપ છે.







ધ થિંકર આદમ , બાયઝેન્ટાઇન

પ્રભાવવાદ (ઇમ્પ્રેશનિઝમ - Impressionism) કળાપ્રવાહના કલાકારો જગતના સત્યને જેવું હોય તેવું તેમની કૃતિઓમાં રજૂ કરવા માગતા હતા. યુવાન ફ્રેન્ચ ચિ-ત્રકારોએ ઈ. સ. 1860માં આરંભેલ આ કળાપ્રવાહ ઈ. સ. 1870માં તેની પૂર્ણતાએ પહોંચ્યો અને ઈ. સ. 1880માં તેનાં વળતાં પાણી શરૂ થયાં. ઑગસ્ત રોદાં (Auguste Rodi, 1840-1917) એક પ્રભાવક શિલ્પી તરીકે ઊપસી આવે છે. આમ તો તેણે પ્ર-શિષ્ટ કહેવાય એવી રીતિ જ અપનાવી હતી. મનુષ્યદેહની મુદ્રાઓની ઊંડી સૂઝ અને ભાવાત્મક અભિવ્યક્તિ તેનાં શિલ્પોમાં પ્રગટ થાય છે. વૅક્સ મ્યુઝિયમોનાં શિલ્પોના જેવી અણીશુદ્ધ વાસ્તવિકતાનો એણે ઇન્કાર કર્યો. રોદાં શિલ્પોની રચનામાં શિલ્પના અમુક ભાગને કોર્યા વિના છોડી દેતો. પુનરુત્થાન કાળનાં કેટલાંક શિલ્પોમાં આ પદ્ધતિ જોવા મળે છે. તેનું પ્રથમ શિલ્પ ‘ધી એજ ઑવ્ બ્રોન્ઝ’ 1877માં પ્રદર્શિત થયું.’ સાહિત્યકાર બાલ્કાઝની મૂર્તિમાં તેણે લેખકના ભારે ઝબ્બાને અને વિશાળ ચહેરાને જોશીલા આકાર અને ખરબચડા પોતથી મઢી વ્યક્તિત્વમાં ગરિમા અને મહત્તા ઉમેર્યાં. ‘ધ મૅન વિથ બ્રોકન નોઝ’ (ધાતુ-શિલ્પ, 1864, રોદાં મ્યુઝિયમ, ફિલાડેલ્ફિયા મ્યુઝિયમ ઑફ આર્ટ) નામના શિલ્પની રચના વખતે શરૂઆતમાં તેણે બોર્યેનું માર્ગદર્શન લીધું હતું તેથી આ કૃતિ પર બોર્યેની અસર જણાય છે. ‘થિંકર’ (ચિંતક, 1879-89, ધાતુશિલ્પ, ઊંચાઈ 271, ધ મેટ્રોપૉલિટન મ્યુઝિયમ ઑવ્ આર્ટ, ન્યૂયૉર્ક) નામની ખૂબ જાણીતી કૃતિમાં ‘બદલાતા વિશ્વની ચેતનાની નિગૂઢ સમસ્યાઓનું ચિંતન સમાયું હોય તેમ એ શિલ્પ અર્વાચીન યુગના પ્રતીક જેવું ગણાય છે.’ (સુરેશ શેઠ) રોદાંના ‘થિંકર’નાં મૂળ બાયઝેન્ટાઇન કલાના હાથીદાંત પર કંડારેલ આદમ (12મી સદી, વોલ્ટર્સ આર્ટ ગૅલરી, બાલ્ટિમોર)ના આલેખનમાં જણાય છે. રોદાંએ સર્જેલ આ ‘ચિંતક’ કોણ છે ? અંશતઃ તે આદમ, અંશતઃ પ્રોમિથિયસ કે અંશતઃ તે જંગલી કેદી



‘ધ કિસ’,



રોદાં બેઠેલી સ્ત્રી


હોઈ શકે. રોદાંએ યુક્તિપૂર્વક આને વિશેષ નામ નથી આપ્યું. ‘કિસ’ (ચુંબન, 1886-98 જીવનકદ, રોદાં મ્યુઝિયમ, પૅરિસ) નામના શિલ્પમાં કલાત્મક અપૂર્ણતા જોવા મળે છે. શિલ્પનો કેટલોક ભાગ કોર્યા વિના છોડી દેવામાં આવ્યો છે. એકબીજાને આલિંગીને ચુંબન કરતાં બેઠેલાં પ્રેમીઓને પાર્થિવ લાગણીઓના પ્રતીક તરીકે રજૂ કર્યાં છે. ‘બાલ્ઝાક’ (Balzac, 1892-97, ઊંચાઈ 9’-10’’, રોદાં મ્યુઝિયમ, પૅરિસ) પ્લાસ્ટર વર્ક છે. આકૃતિ શારીરિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ અતિ માનવકદની છે. ‘ધ લિટલ ડાન્સર ઑફ ફોર્ટીન’ (ચૌદ વર્ષની નાની નૃત્યાંગના)નું તેનું શિલ્પ પણ ઉલ્લેખનીય છે.



ઘૂંટણે પડતો છોકરો



ઊભેલો યુવાન




અવકાશમાં પક્ષી

આશરે ઈ. સ. 1900 સુધી અનુ-પ્રભાવવાદ (પોસ્ટ-ઇમ્પ્રેશનિઝમ) શિલ્પકલામાં અભિવ્યક્ત થયેલો જણાતો નથી. આ કળાપ્રવાહ ફ્રાન્સથી શરૂ થયો હતો. યુવા પેઢીના શિલ્પીઓ રોદાંની અસરયુક્ત શૈલીની તાલીમ લેતા એ પછી પોતાની રીતે કામ કરતા. આ રીતે તૈયાર થયેલા શિલ્પીઓમાં એરિસ્ટાઇડ મીલ્લોલ(1861-1944)નું નામ જાણીતું છે. તેણે શિલ્પમાં repose અને massiveness પર ભાર મૂક્યો. આ રીતે તેણે પ્લાસ્ટરમાં રચેલું અર્ધમૂર્ત શિલ્પ 'ડિઝાયર' ઉલ્લેખનીય છે. તેનું બીજું જાણીતું શિલ્પ 'સીટેડ વુમન' (બેઠેલી સ્ત્રી : 1901, ઊંચાઈ 41'', કલેક્શન ઑફ ડૉ. ઑસ્કાર રેઇનહર્ટ, વિન્ટરથર, સ્વિટ્ઝર્લૅન્ડ) છે. મિલ્લોલે પાછળથી તેને મેડિટેરની (Mediterranee) એવું નામ આપ્યું હતું. જ્યૉર્જ માનેનાં શિલ્પોમાં જણાતાં કોણાકાર અંગો શિષ્ટ કલાનું નહિ પણ ગૉથિક શૈલીનું પ્રતિબિંબ છે. તેનું જાણીતું શિલ્પ 'ધ નીલિંગ બૉય' (ઘૂંટણે પડતો છોકરો) છે. આ સમયના અન્ય શિલ્પીઓમાં વિલ્હેમ લેહમ્બ્રુક અને અર્નેસ્ટ બાલાર્કનો ઉલ્લેખ કરી શકાય. વિલ્હેમનું જાણીતું શિલ્પ 'સ્ટૅન્ડિંગ યુથ'(ઊભેલો યુવાન) નું છે. બેલ્જિયન શિલ્પી કૉન્સ્ટન્ટાઇન મ્યુનિઅરે ખાણિયાઓની આકૃતિના સર્જનમાં કુશળતા પ્રાપ્ત કરી હતી. શારીરિક વૈતરું કરતા સેંકડો મજૂરોના સ્નાયુઓએ તેને શિલ્પ ઘડવાની પ્રેરણા આપી હતી. આ પ્રકારનાં શિલ્પોમાં તેણે શ્રમને ગૌરવ આપ્યું છે. યુગોસ્લાવિયાના મેસ્ટ્રોવિકનાં શિલ્પોમાં ભુલાઈ ગયેલી ગ્રીક કલાનાં ફરી દર્શન થાય છે. રુમાનિયાના કૉન્સ્ટન્ટાઇન બ્રાન્કુસી અને રશિયાના ઓર્કિરીવિકે પણ અનુ--પ્રભાવવાદની અસર નીચે શિલ્પોની રચના કરી. બ્રાન્કુસીનું 'ધ કિસ' નામનું શિલ્પ (1908, ઊંચાઈ 22H'', ફિલાડેલ્ફિયા મ્યુઝિયમ ઑફ આર્ટ) પૅરિસના મોન્ટપાર્નાસ્સે કબ્રસ્તાનના સ્મારક તરીકે હતું. રોદાંના 'કિસ' કરતાં તે ઘણી રીતે જુદું પડે છે. શિલ્પકલામાં બ્રાન્કુસીના 'પ્રિમેવાલિઝમ'નું તે આરંભિત બિંદુ છે જે આજદિન સુધી ચાલુ છે. બ્રાન્કુસીની બીજી જાણીતી શિલ્પ-કૃતિ 'બર્ડ ઇન સ્પેસ' (ધાતુશિલ્પ, 1919, ઊંચાઈ 54', ધ મ્યુઝિયમ ઑફ મૉડર્ન આર્ટ, ન્યૂયૉર્ક) છે. આ પક્ષીની ઍબ્સર્ડ આકૃતિ નથી, પણ પક્ષીનું ઉડ્ડયન છે. બ્રાન્કુસીનાં શિલ્પોમાં આકારની પૂરી સ્પષ્ટતા જોવા મળે છે. તેનાં શિલ્પોમાં જણાતું જીવંતપણું (વાઇટાલિટી) બાળસહજ ગુણોથી આવ્યું છે. તે જણાવે છે કે, 'આપણે જ્યારે બાળક થતાં અટકી જઈએ છીએ ત્યારે આપણે મૃત્યુ પામીએ છીએ.' આધુનિક શિલ્પકલાના એક વિશિષ્ટ લક્ષણ-સામગ્રીના ગુણો પ્રત્યે સન્માનની ભાવનાને તેણે પ્રસ્થાપિત કર્યું. આના લીધે શિલ્પમાં ઘાટની શુદ્ધતા તથા વિષયવસ્તુ અને આકાર વચ્ચેની સંપૂર્ણ સંવાદિતા લાવી શકાઈ છે. વૈશ્વિક સંવાદિતા એ તેનો આદર્શ હતો. 'સ્લિપિંગ મ્યુઝ' તેનું પ્રસિદ્ધ શિલ્પ છે. બ્રાન્કુસીની કળાશૈલીની અસર અંગ્રેજી શિલ્પીઓ પર ઘણી થઈ હતી. હેનરી મૂરના 'ટુ ફૉર્મ્સ' નામના શિલ્પમાં (1936, ઊંચાઈ 42'', સ્વ. સર માઇકલ સેડલેરના કલેક્શન, લંડન) જોઈ શકાય છે. કલાની દૃષ્ટિએ તે જાણે કે બ્રાન્કુસીના 'ધ કિસ'ની બીજી પેઢીનું બાળક ન હોય ! હેન્રીનું બીજું ઉલ્લેખનીય શિલ્પ 'રિકમ્બન્ટ ફિગર' (અઢેલીને બેઠેલી આકૃતિઓ, 1938,

ઊંચાઈ 54'' ધ ટેટ ગૅલરી, લંડન) છે. શિષ્ટ સુશોભન અને પ્રિમવાલનો તેમાં સમન્વય જોવા મળે છે. હેનરી મૂરે પ્રકૃતિમાંથી ગ્રહણ કરેલ અમૂર્ત સ્વરૂપ સંબંધી આપણી લાગણીઓને વિસ્તૃત કરી. માનવીય તત્વ જે દેખાય છે તેનાથી વિશેષ છે. તેના અન્ય શિલ્પ 'ફૅમિલી ગ્રૂપ'માં બાળકની માતા-પિતા પ્રત્યેની લાગણીને અસરકારક રીતે રજૂ કરવામાં આવી છે. મૂરનાં શિલ્પોમાં છિદ્રોનું પ્રાધાન્ય જોવા મળે છે. તેનાં શિલ્પો જોતાં લાગે કે જાણે કુદરતી તાકાતથી વિશેષે કરીને આબોહવાની તાકાતથી શિલ્પોનું સર્જન થયું હોય.



ચુંબન (The Kiss),



બ્રાન્કુસી રિકમ્બન્ટ ફિગર


અભિવ્યક્તિવાદી શિલ્પીઓમાં ઇ. બાલાર્કનું નામ મૂકી શકાય. 'વૉર મેમોરિયલ ફૉર ગુસ્ટ્રોવ કેથીડ્રલ' તેનું જાણીતું કલાસર્જન છે. જી. માર્કસ અને કે. કોલ્વિત્ઝ પણ જાણીતા અભિવ્યક્તિવાદી શિલ્પીઓ હતા.

પાબ્લો પિકાસો ચિત્રકાર અને શિલ્પી હતો. તેના 'સ્ત્રી મસ્તક' નામના ધાતુશિલ્પ-માં પ્રથમ જ વાર ઘનવાદ(cubism)ની અસર શિલ્પકલા પર જોવા મળે છે. 1920થી તેણે રશિયન કન્સ્ટ્રક્ટિવિઝમને પ્રચલિત કર્યો. લોખંડમાં ઢાળેલાં તેનાં શિલ્પોમાં ઍનિ-મિસ્ટિક વલણ જોવા મળે છે. આ ઍનિમિસ્ટક વલણ અથવા વાઇટાલિઝમ આધુનિક શિલ્પકલાનું મુખ્ય લક્ષણ બની ગયું. લોખંડના સળિયા-વાયરથી ચોક્કસ આકારની બહિર્રેખા બનાવીને તેની વચ્ચે અવકાશ રાખી શિલ્પો બનાવવાની નવી પદ્ધતિ પિકાસોએ 1930માં શરૂ કરી. સાઇકલના હૅન્ડલ અને સીટને ભેગાં કરી તેણે બનાવેલું 'બુલ્સ હેડ' શિલ્પમાં રેડી-મેડ સામગ્રી વાપરવાનું વલણ તેમજ ત્રિપરિમાણયુક્ત કોલાજ ટેકનિક જોવા મળે છે. અનેક નવા શિલ્પીઓએ બીજા વિશ્વયુદ્ધ સુધી આ પદ્ધતિ અપનાવી હતી.

રશિયાના વી. ટેટલિને શિલ્પમાં એન્જિનિયરિંગ તકનીકનો પ્રયોગ કર્યો. આમ તેણે પ્રથમ જ વાર ઍબ્સ્ટ્રૅક્ટ શિલ્પનું સર્જન કર્યું. તે 'કન્સ્ટ્રક્શન' તરીકે ઓળખાય છે. ત્યારથી શિલ્પના ક્ષેત્રે કન્સ્ટ્રક્ટિવિસ્ટ કે સુપ્રિમેટિસ્ટ ચળવળ શરૂ થઈ. એ. પેઝનર

અને એન. ગેબોએ ઔદ્યોગિક સંસ્કૃતિને વધુ પ્રસ્તુત એવી સામગ્રી જેવી કે પ્લાસ્ટિક અને નાયલોનનો ઉપયોગ શિલ્પની બનાવટમાં કર્યો. હંગેરીના એલ. મૉહોલિ-નેગીએ 1943માં પ્રથમ પ્લેક્સિગ્લાસ અને ક્રોમિયમ શિલ્પ બનાવ્યું.

આધુનિક શિલ્પોમાં દાદાવાદ અને સરરિયાલિઝમની અભિવ્યક્તિ પણ જોવા મળે છે. સ્વિસ શિલ્પી આલ્બર્ટો ગિયાકોમેટ્ટીનાં શિલ્પોમાં આ બંને કળાપ્રવાહોની અસર જણાય છે. તેના પ્રસિદ્ધ ધાતુશિલ્પ 'સિટી સ્ક્વેર'માં માનવસમૂહ દર્શાવ્યો છે. 'ધ પૅલેસ' નામના શિલ્પમાં કાષ્ઠ, કાચ, વાયર અને દોરીનો પ્રયોગ કર્યો છે. તેમાં 'કન્સ્ટ્રક્ટિવિઝમ' જણાય છે. બીજા વિશ્વયુદ્ધ પછીનો યુગ 'નવ્ય લોહયુગ' તરીકે ઓળખાય છે કારણ કે આધુનિક સભ્યતામાં યંત્રો માટે લોખંડનો વપરાશ વધતો ગયો; તેથી શિલ્પીઓ પણ ધાતુનાં શિલ્પોની કલા (મૅટલવર્ક) તરફ ઢળ્યા. જુલિઓ ગોન્ઝાલેઝે પિકાસોના પ્રોત્સાહનથી આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી. તેની કૃતિ 'હેડ' (17H'' ધ મ્યુઝિયમ ઑફ મૉડર્ન આર્ટ, ન્યૂયૉર્ક)માં wrough-iron ઉપયોગ કર્યો છે. એલેક્ઝાન્ડર કેલ્ડરે સ્ટીલને શિલ્પના માધ્યમ તરીકે અપનાવ્યું. તેની કૃતિ 'લૉબ્સ્ટર ટ્રૅપ ઍન્ડ ફિશ ટેઇલ' (8' - 6'' 9' - 6'', ધ મ્યુઝિયમ ઑફ મૉડર્ન આર્ટ, ન્યૂયૉર્ક)માં સ્ટીલવાયર અને શીટ ઍલ્યુમિનિયમનો વપરાશ કર્યો છે. આ શિલ્પ 'મોબાઇલ' છે. ગુજરાતના નામાંકિત શિલ્પી ધ્રુવ મિસ્ત્રીનું સુંદર શિલ્પકામ બર્મિંગહામના વિક્ટોરિયા સ્ક્વેરમાં



લૉબ્સ્ટર ટ્રૅપ ઍન્ડ ફિશ ટેઇલ

જોવા મળે છે. આધુનિક શિલ્પકલામાં પરંપરાગત માધ્યમોને બદલે નવાં નવાં માધ્યમોનો ઉપયોગ થવા લાગ્યો. પ્લાસ્ટર ઑવ પૅરિસમાંથી અને થર્મોકોલમાંથી પણ હવે શિલ્પોનું સર્જન થાય છે. આ સાથે પ્રાચીન અને મધ્યકાલીન પરંપરાઓમાંથી મુક્ત થઈને આધુનિક શિલ્પીઓએ પણ સાહિત્ય અને ચિત્રકલાના ક્ષેત્રે પ્રયોજાયેલા જુદા જુદા કલાવાદોને ઝીલીને શિલ્પોનું સર્જન કર્યું છે.

## 2. સ્થાપત્ય

ઔદ્યોગિકવાદની જરૂરિયાતો અને શક્યતાઓએ આધુનિક સ્થાપત્યને જન્મ આપ્યો. રેલવેસ્ટેશનો, ગાડીઓના શેડ્ઝ, કારખાનાંઓ, ભવ્ય હૉલ, ડિપાર્ટમેન્ટલ સ્ટૉર્સ, ઑફિસોને પર્યાપ્ત વીજળી સાથેની વિસ્તૃત અને ભવ્ય ઇમારતોની જરૂર હતી. લોખંડ અને સ્ટીલના બહોળા ઉત્પાદને આ શક્ય બનાવ્યું. લોખંડ અને સ્ટીલની ફ્રેમોએ પરંપરાગત ઈંટ અને પથ્થરની દીવાલનું સ્થાન લીધું. આ સાથે 19મી સદીની મધ્યમાં કાચ પણ અન્ય આધુનિક બિલ્ડિંગ મટીરિયલ તરીકે પ્રચલિત થયો. બીજા નવા મટીરિયલ તરીકે ઍસ્બેસ્ટૉસ, ઍલ્યુમિનિયમની પૅનલ્સ, પ્લાસ્ટિક, પ્લાયવુડ વગેરેનો વપરાશ શરૂ થયો.

સર જોસેફ પેક્સ્ટન્સ ક્રિસ્ટલ પૅલેસ (લંડન, 1850-51) આધુનિક એન્જિનિયરિંગ કલાનો પ્રથમ નમૂનો કહી શકાય. અહીં પ્રથમ જ વાર સ્થાપત્યમાં મોટા પાયે ઇન્ડસ્ટ્રિ-યલ ટૅકનૉલૉજી વાપરવામાં આવી. દીવાલનું સ્થાન કાચે લીધું. તેથી કાચની દીવાલો હળવા પડદા જેવી જણાઈ. માસ-પ્રોડક્શન અને પ્રી-ફેબ્રિકેશનનું વિશાળ કદનું ઉત્પા-દન (mass Production) અને પૂર્વ-રચના (Pre-fabrication); અહીં પ્રારંભિક ઉદા-હરણ જોવા મળે છે. 1887-89 દરમિયાન બાંધવામાં આવેલો એફિલ ટાવર આધુનિક પૅરિસનું પ્રતીક છે. ફ્રાન્સની રાજક્રાંતિની શતાબ્દીની ઉજવણી નિમિત્તે પૅરિસમાં એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજવાનું અને ત્યાં જ એક ટાવર બાંધવાનું ફ્રાન્સની સરકારે નક્કી કર્યું. સરકાર પાસે આવેલા 700 પ્લાનમાંથી એફિલનો પ્લાન સ્વીકારાયો. તેના બાંધકામમાં 40 ઇજનેરોની સેવા લેવામાં આવી હતી. કારીગરો રોજના દસ કલાક કામ કરતા હતા. તેના બાંધકામમાં 25 લાખ રીવેટ વાપરવામાં આવ્યા હતા. ટાવરની સમગ્ર ઊંચાઈ 1024 ફૂટ છે. કિલફ્ટોન સસ્પેન્સન બ્રિજ (બ્રિસ્ટલ) 1836માં આઇ. બ્રુનેલ દ્વારા બંધાયો. ફ્રેન્ચ સ્થપતિ ઇ. ફ્રેટિસ્સનેટે પૅરિસની નજીક ઓર્લી ખાતે ડિ-રિજીબલ હન્ગરનું બાંધકામ કરાવ્યું. સ્વિસ એન્જિનિયર આર. મેઇલ્લાર્ટે બેર્ને નજીક 1933માં સ્વાન્ડબેચ બ્રિજ (Schwandbach) બાંધ્યો. 1908માં ઊંચી ઇમારતો માટે જરૂરી મશરૂમ સ્લૅબ્સની શોધ કરી. હેન્નેબાઇકની કૃતિ – સેન્ટ જિન-ર્દિ (મોન્ટમાર્ટ્રે) છે. પૅરિસમાં આવેલ ઍપાર્ટમેન્ટ હાઉસની ડિઝાઇન એ. પેરેટે કરી છે. 1912માં એફ. એલ. રાઇટે ટોકિયોમાં અર્થક્વેક-પ્રૂફ ઇમ્પીરિયલ હોટલ બાંધી.

આધુનિક સ્થાપત્યનાં બીજ સૌપ્રથમ ઇંગ્લૅન્ડ અને ફ્રાન્સમાં વવાયાં. અમેરિકામાં તેનો સ્કાયસ્ક્રેપર્સ તરીકે વિકાસ થયો. શિકાગોની દસ માળની ઇમારત હોમ ઇન્સ્યોરન્સ બિલ્ડિંગ (1883-5) પ્રથમ જાણીતું સ્કાયસ્ક્રેપર છે. તેની ડિઝાઇન ડબ્લ્યૂ. જેનિએ કરી હતી. ધ ત્રકોમા બિલ્ડિંગ 1587માં હોલબર્ડ અને રોચેએ બાંધી હતી. એચ. રિચાર્ડસન અમેરિકન સ્થાપત્યક્ષેત્રની પ્રથમ મહાન વિભૂતિ હતી. તેનું જાણીતું સર્જન શિકાગોમાં આવેલ માર્શલ ફિલ્ડ વેરહાઉસ (1885-87) છે, જેનો પાછળથી નાશ કરવામાં આવ્યો હતો. એલ. સુલિવાન વાસ્તવમાં અમેરિકાનો પ્રથમ આધુનિક સ્થપતિ હતો કે જેણે સ્કાયસ્ક્રેપર્સને એક વિશિષ્ટ સ્વરૂપ આપ્યું. શિકાગોમાં તેણે બાંધેલ ઑડિટૉરિયમ - હોટલ-કાર્યાલય(1886-89)માં તેની નિપુણતા જોવા મળે છે. 1890માં તેણે ડિઝાઇન કરેલ સ્કાયસ્ક્રેપર્સ – ધ વેઇનરાઇટ બિલ્ડિંગ (સેન્ટ લૂઈસ), ધ બેયર્ડ બિલ્ડિંગ (ન્યૂયૉર્ક) અને ગૅજ બિલ્ડિંગ (શિકાગો) 1930 સુધી અમેરિકાનાં સૌથી આધુનિક કૉમર્શિયલ બાંધકામ તરીકે હતાં. 1894-95 દરમિયાન તેણે ગેરેન્ટે બિલ્ડિંગની પણ ડિઝાઇન કરી હતી. એફ. એસ. રાઇટનાં ઘરેલુ સ્થાપત્ય યુરોપમાં ખાસ કરીને જર્મની અને નેધરલૅન્ડમાં વધુ અસરકારક બન્યાં. શિકાગોમાં 1909માં તેણે બાંધેલ રૉબી હાઉસ પ્રસિદ્ધ છે. ટોકિયોની ઇમ્પીરિયલ હોટલ, ફોલિંગ વૉટર અથવા કૌફમાન હાઉસ, એસ. સી. જ્હૉનસન એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડિંગ, ઇસોનિયન હાઉસ, પ્યુ હાઉસ, તેલિયેસિન વેસ્ટ, વગેરે ઇમારતોની ડિઝાઇન તેણે કરી હતી. તેની અંતિમ કૃતિ ન્યૂયૉર્કમાં આવેલ ગુગ્નેહેઇમ મ્યુઝિયમની ઇમારત છે.

જર્મનીમાં પી. બેહ્રેન્સનું નામ સ્થાપત્યના ક્ષેત્રે જાણીતું છે. મોટે ભાગે તેણે ઇન્ડસ્ટ્રિયલ ડિઝાઇન કરી છે. 1909માં તેણે બર્લિનમાં A.E.G. ટુર્બો ફૅક્ટરી બાંધી. કાચ અને સ્ટીલ સાથેનું જર્મનીનું આ પ્રથમ બાંધકામ હતું. તેણે સાબિત કરી બતાવ્યું કે ફૅક્ટરી પણ સુંદર રીતે બાંધી શકાય છે. આ ઉપરાંત તેણે અનેક ફૅક્ટરીઓ અને ફ્લૅટ્સની ડિઝાઇન કરી. તેના જાણીતા શિષ્યોમાં ગ્રોપિયસ, માઇસ અને લા કોર્બુઝિયર હતા. 1911માં ગ્રોપિયસે, ફાગુસ ફૅક્ટરીની ડિઝાઇન કરી. આમાં તે પોતાના ગુરુની પરંપરાઓને અનુસર્યો હતો. તેણે એ. લુઝની સાથે યુરોપમાં નવા સ્થાપત્યકીય વિચારોનું સંયોગીકરણ કર્યું. અલંકરણો તેને પસંદ ન હતાં. તેણે ડિઝાઇનને માટે બાઉહાસ (Bauhaus) નામની યુનિવર્સિટીની રચના કરી. મધ્ય યુરોપમાં તે આધુનિકીકરણની પ્રેરણાનું બૌદ્ધિક કેન્દ્ર બની. આધુનિક ડિઝાઇન, સ્થાપત્ય અને હુન્નર શીખવવા માટેની આ પ્રથમ જ સંસ્થા હતી. 1928માં ગ્રોપિયસે હાઉસિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા આ સંસ્થામાંથી રાજીનામું આપ્યું. તે જ વર્ષે તેણે દેસાઉ એમ્પ્લૉયમેન્ટ ઑફિસની ઇમારત બાંધી. માઇસનું મહત્વનું કાર્ય મૉડલ સ્કાયસ્ક્રેપર્સની જોડી છે. તેની દીવાલો ગ્લાસથી બનાવેલી છે. પેવિલ્યન ફૉર ધ જર્મન ગવર્નમેન્ટ (1929) તેની પ્રથમ

મોટી ઇમારત છે. બીજા જ વર્ષે તેણે ટુજેન્ડહટ હાઉસની ડિઝાઇન કરી. ન્યૂયૉર્કમાં આવેલ યુનોના બિલ્ડિંગ(1950)ની ડિઝાઇન હેરિસન અને અબ્રામોવિત્ઝે કરી હતી. લા કોર્બુઝિયરે નગર-આયોજન પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું. સ્થાપત્ય વિશેનાં તેમનાં પ્રકાશનો ઘણાં પ્રસિદ્ધ છે. જોકે તેની ઇમારતોની ડિઝાઇન તેના લખાણથી જુદી પડે છે. ડોમ ઇનો હાઉસ (1914), સ્વિસ પેવિલ્યન (1930-32), વિલા સેવોય (1932), લ' યુનિટેસ દી'હેબિટેશન (1947-52), નોત્રે દામે દુ હાઉટ (1950-55), કેપિટોલ ઍન્ડ હાઇકોર્ટ, ચંડીગઢ (1950) વગેરે ઇમારતોની ડિઝાઇન કોર્બુઝિયરે કરી હતી. અમદાવાદમાં સંસ્કારકેન્દ્ર અને મિલ-ઓનર્સ ઍસોસિયેશનની ડિઝાઇન પણ કોર્બુઝિયરની છે. ઇટાલીના પી. એલ. નેવ્રીએ કેટલીક સુંદર ઇમારતોની ડિઝાઇન કરી. કૉમ્યુનલ સ્ટેડિયમ (1930-32), એક્ઝિબિશન હૉલ, તુરીન (1948-49), કૉન્ફરન્સ હૉલ ઑવ્ ધી યુનેસ્કો બિલ્ડિંગ, પૅરિસ (1953-57), પિરેલ્લી સ્કાયસ્ક્રૅપર, મિલાન, પાલાઝેટ્ટો, દેલ્લો સ્પોર્ટ રોમ, પાલાઝો દેલ લેવોરો, તુરીન વગેરે ઇમારતો નેવ્રીએ બાંધી હતી. અમેરિકાના સ્થપતિ બુકમિનિસ્ટર ફુલ્લેરે ડાયમેક્સિઓન હાઉસ(1927)ની ડિઝાઇન કરી. 1958માં તેણે બાંધેલ બટોન રોગ (બુસિયાના)નો ઘુંમટ સેન્ટ પીટર્સના ઘુંમટ કરતાં ત્રેવીસ ગણું કદ ધરાવે છે. ફિનલૅન્ડના સ્થપતિ એ. આલ્ટોએ સુનિલા ફૅક્ટરી માટેના વર્કર્સ હાઉસિસ તૈયાર કર્યાં. અમેરિકાની 'એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ' વિશ્વની સૌથી ઊંચી ઇમારત ગણાતી હતી, પરંતુ હવે તો મલેશિયાના ટ્વિન-ટાવર્સે એ ઊંચાઈને પણ આંબી દીધી છે. હમણાં જ ચીનમાં દુનિયાનો સૌથી લાંબો (36 કિમી.) પુલ બાંધવામાં આવ્યો છે. જાપાનના ટૉકિયોમાં 1 કિમી. ઊંચાઈનું R.C.C. નગર બાંધવામાં આવી રહ્યું છે, જેમાં ઑફિસો, બગીચા, થિયેટર્સ, પ્લે-ગ્રાઉન્ડ્સ, શાળા-કૉલેજ, બાથ્સ, માર્કેટ્સ, તેમજ રહેણાંકનાં મકાનો વગેરે હશે. મોટાં મૉલ્સ અને મલ્ટીપ્લેક્સનાં બાંધકામો એ આધુનિક સભ્યતામાં આગવું સ્થાન લઈ રહ્યાં છે. દુબઈમાં 'ડાયનૅમિક ટાવર' નામની રિવૉલ્વિંગ બિલ્ડિંગ બંધાઈ રહી છે. 80 માળના આ બિલ્ડિંગમાં દરેક માળ તેની ધરી પર ફરી શકશે ! પહેલા વીસ માળમાં ઑફિસો હશે. 21 થી 35 માળમાં લક્ઝરી હોટલો અને 36 થી 70 માળમાં રેસિડેન્સ હશે. ઉપરના દસ માળમાં ધનિકો માટેના લક્ઝુરિયસ વિલા બનાવાશે. આની ડિઝાઇન ડેવિડ ફિશરે કરી છે. દુબઈમાં આવેલ વિશ્વની સૌથી ઊંચી ઇમારત 'બુર્જ ખલિફા' છે. તેનું નિર્માણકાર્ય 21 સપ્ટેમ્બર, 2004ના રોજ શરૂ થયું હતું અને 4 જાન્યુઆરી 2010ના રોજ તેનું ઉદઘાટન થયું. 828 મીટર (2717 ફૂટ) ઊંચી આ ઇમારતમાં 200 માળ છે. જેમાં 1044 ઍપાર્ટમેન્ટ્સ અને 57 હાઇસ્પીડ લિફ્ટ આવેલી છે. તેના બાંધકામનો ખર્ચ 1.5 અબજ ડૉલર થયો છે. 95 કિમી. દૂરથી બુર્જ ખલિફાનો ઉપરનો ભાગ જોઈ શકાય છે. બુર્જ ખલિફાના થોડા દિવસ પછી જ દુબઈમાં 72 માળની વિશ્વની સૌથી ઊંચી હોટલ 'રોઝ રેહાન' ટાવરમાં શરૂ થઈ છે. તે 333 મીટર ઊંચી છે અને 88 રૂમ ધરાવે છે.



વિશ્વની સૌથી ઊંચી ઇમારત : બુર્જ ખલિફા

આધુનિક સ્થાપત્ય વિશે કહેવું જોઈએ કે એમાં ફાયદાના કારણે માનવીય મૂલ્યોનો ભોગ લેવાય છે. આધુનિક સ્થાપત્ય ખૂબ જ ઓછી ઉત્તમ સ્થાપત્યકીય કૃતિઓની બડાઈ મારે છે; પરંતુ મોટા ભાગની ઇમારતો વાસ્તવિક સૌંદર્યાત્મક સર્જનની સમજ ખૂબ જ ઓછી દર્શાવે છે.









લલિતકલાઓ (fine arts)માં શિલ્પ અને સ્થાપત્ય એ બે દૃશ્ય કલાઓ (visual arts) છે. વિશ્વના શિલ્પ-સ્થાપત્યનો અભ્યાસ વ્યાપક અને ગહન છે. તેથી અહીં ગાગરમાં સાગર સમાવવાનો નમ્ર પ્રયત્ન કરવામાં આવ્યો છે. પ્રવાસનાં સ્થળોએ જવાનું થાય ત્યારે ત્યાંની શિલ્પ-સ્થાપત્યકલાના નમૂનાઓને જોઈને આશ્ચર્ય થાય, આનંદની અનુભૂતિ થાય અને તેના ઇતિહાસ તથા તેની અગત્ય વિશે જાણવાની ઉત્કંઠા જાગ્રત થાય. અહીં આ ઉત્કંઠાને સંતોષવાનો અને તેના વિશે વધુ રસાભિમુખ કરવાનો આશય છે. કલાનું શિક્ષણ આપતી સંસ્થાઓને અને શિલ્પ-સ્થાપત્યકલામાં રુચિ ધરાવનારા સૌ કોઈને આ ગ્રંથ ઉપયોગી નીવડશે.





ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન





સાંચીનો સ્તૂપ (પૃ. ૧૩૧)

કુતુબમિનાર (પૃ. ૧૫૧)

નિર્વાણ પામતા બુદ્ધ, શ્રીલંકા (પૃ. ૧૫૫)





તાજમહેલ, આગ્રા (પૃ. ૧૫૩)



હવામહેલ, જયપુર (પૃ. ૧૫૩)



એટ્રુસ્કન શૈલીનું એક શિલ્પ (પૃ. ૪૭)



મુક્તેશ્વરનું મંદિર, ઓરિસા (પૃ. ૧૪૫)



વર્જિન એન્ડ ચાઇલ્ડ,
ફ્લૉરેન્સ નૅશનલ મ્યુઝિયમ
(પૃ. ૧૦૦)



સૂર્યમંદિર, મોઢેરા (પૃ. ૧૪૭)





સૂર્યમંદિર, કોણાર્ક
(પૃ. ૧૩૯)




શત્રુંજય પરનાં મંદિરો, પાલીતાણા (પૃ. ૧૪૭)



બિશપ મેક્સિમિયનનું સિંહાસન પરનું શિલ્પ (પૃ. ૧૬૨)



સોમનાથનું મંદિર, સોમનાથ (પૃ. ૧૮૬)



એફિલ ટાવર, પૅરિસ (પૃ. ૧૯૭)

ગ્વાલિયરનો કિલ્લો, મધ્યપ્રદેશ (પૃ. ૧૫૩)







રાહોતેપ અને નેફરટીટી, ઇજિપ્ત
(પૃ. ૧૧૪)

યુનોનું બિલ્ડિંગ, ન્યૂયૉર્ક (પૃ. ૧૯૮)



પોન્ટ ડુ ગારનો પુલ, ફ્રાન્સ (પૃ. ૫૭)

રાણકપુરનું ચોમુખી મંદિર, રાજસ્થાન (પૃ. ૧૪૮)







લક્ષ્મણ મંદિર, ખજૂરાહો
(પૃ. ૧૪૬)

લક્ષ્મીવિલાસ મહેલ,
વડોદરા (પૃ. ૧૭૫)



અમદાવાદ
ટેક્સટાઇલ
મિલ ઑનર્સ
એસોસિયેશનનું
મકાન, અમદાવાદ
(પૃ. ૧૮૮)





આબુના મંદિરનો છતવૈભવ (કર્કોટક)
(પૃ. ૧૭૯)





રાણીની વાવ, પાટણ
(પૃ. ૧૭૨)



પીસાનું કેથીડ્રલ અને તેનો ઢળતો મિનારો, ઇટાલી (પૃ. ૮૩)





વેટિકનના ચિઆરા મોન્ટીના સંગ્રહનું
એક શિલ્પ (પૃ. ૫૦)

શ્વે-ડેગોન પેગોડા, મ્યાનમાર
(પૃ. ૧૬૩)



સેંટ પીટર્સ બસિલિકા
(પૃ. ૬૩)

# સંદર્ભગ્રંથો

1. Agrawal, V. S. : 'Indian Art'

2. Bazin, Germain : 'A Concise History of World Sculpture'

3. Christensen, Erwin O. : 'The History of Western Art'

4. Janson, H. W. : 'History of Art'

5. Tડ્mડ્ry Edith : 'A History of Fine Arts in India and West'

6. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ પ્રકાશન : 'ગુજરાત' (ત્રીજી આવૃત્તિ)

7. ભટ્ટ, માર્કંડ : 'રૂપપ્રદ કલા'

8. શેખ, ગુલામ મોહમ્મદ (સં.),
   પંચાલ, શિરીષ (સહ સં.) : 'લલિતકલાદર્શન-2 : દૃશ્ય કલા'